સાપ્તાહિક
# મુંબઈ સમાચાર
૨૦૩ વર્ષ
R.N.I. No. 1689/57
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૩ ■ Volume 67 ■ Issue 49
■ વિક્રમ સંવત ૨૦૮૧ ■ માર્ગશીર્ષ વદ-૭ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ REGD.No. MCS/121/2024-26
રવિવાર, ૨૨ ડિસેમ્બર, ૨૦૨૪, (૧૮ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦ | ઉત્સવ પૂર્તિ ૭ થી ૧૪ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

મહારાષ્ટ્રમાં આખરે ખાતાંની ફાળવણી

# મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ પાસે જ રહેશે ગૃહ ખાતું




## ‘મુંબઈ સમાચાર’ના અહેવાલ સાચા પડ્યાઃ અજિત પવાર પાસે નાણાં અને એકનાથ શિંદેને નગર વિકાસઃ બાવનકુળેને મહેસૂલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રની મહાયુતિ સરકારની રચના બાદ કેબિનેટનું વિસ્તરણ થયાના પૂરા એક અઠવાડિયા બાદ અને તે પણ શિયાળુ સત્ર પણ પૂરું થઈ ગયું. ત્યારબાદ આખરે શનિવારે મોડી રાતે રાજ્ય કેબિનેટની ખાતાંની ફાળવણીની જાહેરાત કરવામાં આવી હતી. જેમાં અપેક્ષા મુજબ જ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ગૃહ ખાતું પોતાની પાસે રાખ્યું હતું. નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેને નગર વિકાસ, ગૃહ નિર્માણ અને નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારને નાણાં ખાતું સોંપવામાં આવ્યું છે. ભાજપે ઊર્જા, મહેસૂલ, શિક્ષણ જેવા મહત્ત્વનાં ખાતાં પણ પોતાની પાસે જ રાખ્યાં હતાં. ‘મુંબઈ સમાચાર’ના છેલ્લા થોડા દિવસોમાં પ્રસિદ્ધ થયેલા અહેવાલોમાં ક્યાં ખાતાં કોને મળશે, એની વાત કરાઈ હતી અને એ સાચી પડી હતી.

**કોને કયું ખાતું મળ્યું?**

**દેવેન્દ્ર ફડણવીસઃ** ગૃહ ખાતું, ઊર્જા (રિન્યુએબલ એનર્જીને બાદ કરતાં), કાયદો અને ન્યાયતંત્ર, સામાન્ય વહીવટ, માહિતી અને પ્રસિદ્ધિ

**એકનાથ શિંદેઃ** નગર વિકાસ, ગૃહનિર્માણ, જાહેર બાંધકામ (જાહેર સંસ્થાન)

**અજિત પવારઃ** નાણાં અને આયોજન, આબકારી જકાત

**ચંદ્રશેખર બાવનકુળેઃ** મહેસૂલ

**રાધાકૃષ્ણ વિખે પાટીલઃ** જળ સંસાધન

(જુઓ પાનું ૨) ▸▸

# વીમા પરનો જીએસટી ઘટાડવાનું મોકૂફ




### ૧૪૮ ચીજોના ટૅક્સ રેટમાં હાલમાં ફેરફાર કોઈ નહિ

જૈસલમેરઃ જીએસટી કાઉન્સિલની શનિવારની બેઠકમાં આરોગ્ય અને જીવન વીમાના પ્રીમિયમ પરનો જીએસટી ઘટાડવાનો કે નાબૂદ કરવાનો નિર્ણય મુલતવી રખાયો હતો. આ ઉપરાંત, ૧૪૮ ચીજો પરના કરવેરાના દરમાં ફેરફાર કરવાની પ્રધાનોના ગ્રૂપની ભલામણ પણ કાઉન્સિલ સમક્ષ રજૂ નહોતી કરાઇ.

કેન્દ્રનાં નાણાં પ્રધાન નિર્મલા સીતારમણની અધ્યક્ષતા હેઠળની જીએસટી કાઉન્સિલના અમુક સભ્યો અને કેટલાક રાજ્યના નાણાપ્રધાનના મત મુજબ વીમાના પ્રીમિયમ પરના કરવેરા (ઘટાડવા કે નાબૂદ)ને મુદ્દે આખરી નિર્ણય લેતા પહેલાં તે અંગે થોડી વધુ ચર્ચાવિચારણા કરવાની જરૂર છે.

પ્રધાનોના ગ્રૂપની વીમાને લગતી

(જુઓ પાનું ૨) ▸▸

### પોપકોર્ન પર જીએસટીના ત્રણ દર

જૈસલમેરઃ જીએસટી કાઉન્સિલે શનિવારે સ્પષ્ટતા કરી હતી કે મીઠા (નમક) અને મસાલાવાળા પોપકોર્ન (મકાઇની ધાણી) છૂટા (પૅક નહિ કરેલા) વેચાતા હશે, તો તેના પર પાંચ ટકા, અગાઉથી પૅક કરીને લેબલ લગાડેલા મીઠા-મસાલાવાળા પોપકોર્ન પર ૧૨ ટકા અને ખાંડ કે ચાસણીવાળા (કૅરમેલવાળા) પોપકોર્ન પર ૧૮ ટકા જીએસટી લાગે. સેન્ટ્રલ બોર્ડ ઑફ ઇન્ડિરેક્ટ

(જુઓ પાનું ૨) ▸▸

### બૅન્કની લોન લેનારાને થતા દંડની રકમ પર જીએસટી નહિ

જૈસલમેરઃ કેન્દ્રનાં નાણાં પ્રધાન નિર્મલા સીતારમણે જાહેરાત કરી હતી કે બૅન્ક કે અન્ય નાણાકીય સંસ્થા પાસેથી કરજ લેનારા લોકોને થતા દંડની રકમ (પીનલ ચાર્જ) પર જીએસટી નહિ લાગે.

જીએસટી કાઉન્સિલની પંચાવનમી બેઠક બાદ જાહેર કરાયું હતું કે ‘જીન થેરપી’ને પણ જીએસટીમાંથી બાકાત રખાઈ છે.

ફોર્ટિફાઈડ રાઇસ કર્નેલ પરનો જીએસટીનો દર ઘટાડીને પાંચ ટકા કરાયો છે.

જીએસટી કાઉન્સિલે અગાઉથી પૅક કરાયેલી અને લેબલ લગાડેલી ચીજોને લગતી વ્યાખ્યામાં ફેરફાર કરવાની ભલામણ કરી હતી.

વિમાનોનું ઈંધણ એટલે કે એવિયેશન

(જુઓ પાનું ૨) ▸▸

## જર્મનીમાં ક્રિસમસ બજારમાં કાર ઘુસાડી દીધીઃ પાંચનાં મોત, ૨૦૦થી વધુ ઘાયલ



મૅગ્ડેબર્ગઃ પૂર્વ જર્મનીના મૅગ્ડેબર્ગ વિસ્તારમાં શુક્રવારે ક્રીસમસ બજારમાં બહાર કરવામાં આવેલા શંકાસ્પદ કાર હુમલામાં ઓછામાં ઓછા પાંચ જણનાં મોત થયા હોવા ઉપરાંત ૨૦૦થી વધુ જણ ઘાયલ થયા હતા. ઘાયલોમાંથી અનેકની હાલત ગંભીર હોવાને કારણે મરણાંક વધે તેવી શક્યતા છે એમ જણાવતાં ચાન્સેલર ઑલાફ સ્કૉલ્ઝે કહ્યું હતું કે મૃત્યુ પામનારાંઓમાં એક પુખ્તવયની વ્યક્તિ અને એક બાળકનો સમાવેશ થતો હતો.

ક્રિસમસ બજારના અતિ ભરચક વિસ્તારમાં આ ઘટના બની હતી. વીક ઍન્ડમાં લોકો શૉપિંગ કરવા ઊમટી પડ્યા હતા તે સમયે એટલે કે સાંજે સાત વાગ્યે આ ઘટના બની હતી.

ઘટનાને પગલે કારના ડ્રાઈવરની તાત્કાલિક

(જુઓ પાનું ૨) ▸▸

## રશિયા પર યુક્રેને ૯/૧૧ જેવો હુમલો કર્યો, ડ્રોનને અનેક ઈમારત સાથે અથડાવ્યા



કિવઃ ડ્રોન હુમલો કરીને યુક્રેન શનિવારે યુદ્ધને રશિયાના હાર્દ સમા વિસ્તાર સુધી લઈ ગયું હતું. યુક્રેને પોતાની સરહદથી અંદાજે ૧,૦૦૦ કિ.મીના અંતરે આવેલા રશિયાના કઝાન શહેરના ટાર્ટાસ્ટાનના રહેવાસી વિસ્તાર પર હુમલો કરી અનેક ઈમારતોને નુકશાન પહોંચાડ્યું હતું. ડ્રોન હુમલો અમેરિકા પર કરવામાં આવેલા ૯/૧૧ હુમલા જેવો હતો.

એક અહેવાલ મુજબ યુક્રેને આઠ ડ્રોનથી હુમલો કર્યો હતો અને તેમાંથી છ ડ્રોન રહેવાસી ઈમારત સાથે ટકરાયા હતા અને એક ઔદ્યોગિક વિસ્તાર પર પડ્યું હતું. એક ડ્રોનને નદીની ઊપર જ તોડી પાડવામાં આવ્યું હતું.

સ્થાનિક વહીવટકર્તાઓના જણાવ્યા અનુસાર આ હુમલામાં કોઈ જાનહાનિ નહોતી થઈ. કઝાન ઍરપોર્ટ પર વિમાનસેવા રદ કરી દેવામાં આવી હતી અને શનિવાર તેમ જ રવિવારના તમામ મેળાવડાઓ પણ રદ કરી દેવામાં આવ્યા હતા.

રશિયાએ પણ જવાબી કાર્યવાહી કરતાં શનિવારે યુક્રેન પર ૧૧૩ ડ્રોન વડે હુમલો કર્યો હતો. યુક્રેનના હવાઈ દળના જણાવ્યા અનુસાર ૫૭ ડ્રોનને તોડી પાડવામાં આવ્યા હતા અને ટેક્નિકલ ખામીને કારણે ૫૬ ડ્રોન ગુમ થયા હતા. (એજન્સી) ■

## વડા પ્રધાન નરેન્દ્ર મોદી કુવૈતની બે દિવસની મુલાકાતે

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદી કુવૈતની બે દિવસની મુલાકાતે ગયા છે. મોદીએ કહ્યું હતું કે અખાતના દેશોએ પશ્ચિમ એશિયામાં શાંતિ, સુરક્ષા અને સ્થિરતા સ્થાપવામાં રસ દેખાડ્યો છે. સિરિયામાં બશર અલ અસાદના શાસનનો અંત આવ્યાના બે અઠવાડિયા બાદ તેમ જ ઈઝરાયલ અને ગાઝાસ્થિત હમાસ આતંકવાદી સંગઠન વચ્ચે શસ્ત્રવિરામના કરાર થવાની શક્યતા વચ્ચે મોદી કુવૈતની મુલાકાતે ગયા છે. ૪૩ વર્ષના સમયગાળા બાદ કુવૈતની મુલાકાતે જનારાં મોદી પ્રથમ ભારતીય વડા પ્રધાન છે. છેલ્લે

(જુઓ પાનું ૨) ▸▸




## નાઈજીરિયામાં અનાજ વિતરણ સમયે ધક્કામુક્કીમાં ચાર બાળક સહિત દસનાં મોત

અબુજાઃ નાઈજીરિયામાં ક્રિસમસના તહેવારને ધ્યાનમાં રાખીને સ્થાનિક ચર્ચ દ્વારા અનાજ વિતરણ કરવામાં આવી રહ્યું હતું ત્યારે થયેલી ધક્કામુક્કીમાં ચાર બાળક સહિત દસનાં મોત થયાં હોવાનું પોલીસે શનિવારે કહ્યું હતું.

અબુજાના મૈતામામાં આવેલા ટ્રિનિટી

(જુઓ પાનું ૨) ▸▸

## શટડાઉન ટાળવા અમેરિકી કૉંગ્રેસે ગવર્નમેન્ટ ફંડિંગ બિલને આપી મંજૂરી

વૉશિંગ્ટનઃ શટડાઉનની સમયમર્યાદાનો સામનો કરી રહેલા સૅનેટે શનિવારે ગવર્નમેન્ટ ફંડિંગ બિલને આપી મંજૂરી આપી હતી. આ કારણે ફેડરલ ઑપરેશન અને કુદરતી આફતો માટેની સહાયને કામચલાઉ ભંડોળ આપી શકાશે.

જોકે, આ વરસે ડૅબ્ટ લિમિટ વધારવાની અમેરિકાના નવા જ ચૂંટાયેલા પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પની માગણી પડતી મુકવામાં આવી હતી.

સ્પિકર માઈક જૉન્સને કહ્યું હતું કે કૉંગ્રેસ અમારી માગણીઓ ધ્યાન પર લેશે અને ક્રિસમસના વેકેશન અગાઉ શટડાઉન નહીં થવા દે. ડૅબ્ટની લિમિટ વધારીને બમણી કરો અથવા અત્યારથી જ શટડાઉન શરૂ થવા દો એ પ્રકારની ટ્રમ્પે ભારપૂર્વક માગણી કર્યા બાદ અચોક્કસતા વધી હતી.

ટ્રમ્પની છેલ્લી ઘડીની માગણીને કારણે ભારે દબાણ ઊભું થયું હતું.

સૅનેટે જૉન્સનના નવા ખરડાને ૩૬૬ વિરુદ્ધ ૩૪ મતથી મંજૂરી આપી હતી અને શટડાઉનની તૈયારી બંધ કરી દીધી હતી, એમ વ્હાઈટ હાઉસ દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું.

મતદાન બાદ જૉન્સને કહ્યું હતું કે દેશ માટે આ સારું છે. ટ્રમ્પ સાથે પણ મેં આ અંગે વાત કરી હતી અને ચોક્કસપણે તેઓ પણ ખુશ હતા.

આ સંપૂર્ણ પ્રક્રિયામાં નજીવી ભૂમિકા ભજવનાર પ્રમુખ જો બાઈડન આ ખરડાને કાયદામાં પરિવર્તિત કરવા તેનાં પર સહી કરશે તેવી અપેક્ષા છે. (એજન્સી) ■




## કેનેડાની સરકારને ઊથલાવવા સાથી પક્ષ દરખાસ્ત લાવશે

ટોરન્ટોઃ કેનેડાના વડા પ્રધાન જસ્ટિન ટ્રુડોની લઘુમતીમાંની લિબરલ સરકારને ઊથલાવવા તેની વિરુદ્ધ દરખાસ્ત રજૂ કરવા સાથી પક્ષ - ન્યૂ ડેમોક્રેટિક પાર્ટી મક્કમ હોવાથી ટ્રુડોનું રાજકીય ભાવિ મુશ્કેલીમાં મુકાઇ ગયું છે.

ન્યૂ ડેમોક્રેટિક પાર્ટીના નેતા જગમિત સિંહે સોશિયલ મીડિયા પર મૂકેલા એક પત્રમાં લખ્યું હતું કે અમે ટ્રુડોના નેતૃત્વ હેઠળની લિબરલ સરકારમાંનો વિશ્વાસ ગુમાવ્યો હોવાની સત્તાવાર જાહેરાત નવા વર્ષે (જાન્યુઆરીમાં) કરીશું.

કેનેડાના અન્ય વિપક્ષો જો સરકાર સામેની અવિશ્વાસની દરખાસ્તને ટેકો આપશે, તો કેનેડામાં વહેલી ચૂંટણી યોજાશે.

કેનેડાની ચૂંટણી આગામી ઑક્ટોબર કે તેની પહેલાં યોજાવાની છે.

ન્યૂ ડેમોક્રેટિક પાર્ટી સહિત ત્રણ રાજકીય પક્ષે ટ્રુડોની સરકારનો સાથ છોડી દીધો હતો.પત્રમાં જણાવાયું હતું કે લિબરલ પાર્ટીને સરકાર ચલાવવાની વધુ તક આપી ન શકાય. ન્યૂ ડેમોક્રેટિક પાર્ટી કેનેડાની સરકાર સામે અવિશ્વાસની દરખાસ્ત લાવશે અને તેને સત્તા પરથી દૂર કરશે તેમ જ કેનેડાના લોકોને પોતાના માટે કામ કરતી સરકાર ચૂંટવાની તક આપશે. (એજન્સી)



LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## સાપ્તાહિક ભવિષ્ય - પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

### તા. ૨૨-૧૨-૨૦૨૪ થી તા. ૨૮-૧૨-૨૦૨૪

ગ્રહગોચરઃ સૂર્યનારાયણ સમગ્ર સપ્તાહમાં ધનુ રાશિમાં ભ્રમણ કરે છે. વક્રી મંગળ કર્ક રાશિમાં મંદ ગતિએ ભ્રમણ કરે છે. માર્ગી બુધ વૃશ્ચિકમાં મિશ્ર ગતિએ ભ્રમણ કરે છે. વક્રી ગુરુ વૃષભ રાશિમાં મંદ ગતિએ ભ્રમણ કરે છે. શુક્ર મકર રાશિમાં મધ્યમ ગતિએ ભ્રમણ કરે છે. સપ્તાહના અંતે તા. ૨૮મીએ કુંભ રાશિમાં પ્રવેશે છે. શનિ કુંભ રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. રાહુ મીન રાશિમાં ભ્રમણ કરે છે. ચંદ્ર પ્રારંભે કન્યા રાશિમાં તા. ૨૫મીએ તુલા રાશિમાં, તા. ૨૭મીએ વૃશ્ચિક રાશિમાં આવે છે.

મેષ (અ, લ, ઈ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં સમગ્ર સપ્તાહમાં દૈનિક સાપ્તાહિક તેજીના વેપારમાં સફળ કામકાજ જણાય છે. નોકરી માટે તા. ૨૩, ૨૪, ૨૬ શુભ જણાય છે. તા. ૨૬મીએ નવા કામકાજ, નવી નોકરીનો પ્રારંભ પણ થઈ શકે તેમ છે. નોકરીમાં ઉપરી અધિકારીનો સહયોગ પણ મેળવશો. કાર્યક્ષેત્રે મદદનીશ મેળવશો. સપ્તાહમાં અકારણ નાણાખર્ચ ઉપર સાવધાની દાખવવી જરૂરી છે. મહિલાઓને આ સપ્તાહમાં સહપરિવાર પ્રવાસ માટેની અનુકૂળ તકો પ્રાપ્ત થતી જણાશે. વિદ્યાર્થીઓનો શૈક્ષણિક પ્રવાસ સફળ થશે.

વૃષભ (બ, વ, ઉ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં લાંબા સમયના નાણારોકાણનો સ્વપ્રયત્ને નિર્ણય લઈ શકશો. તા. ૨૪, ૨૬, ૨૭ના નોકરીના કામકાજ પ્રગતિસૂચક જણાય છે. આ સપ્તાહમાં કારોબારની નાણાંની આવકની વૃદ્ધિ થશે. સાહસિકતાથી નવા કામકાજનો પ્રારંભ પણ થાય તેમ જણાય છે. સપ્તાહમાં વેપાર વધશે. મહિલાઓના કુટુંબના સભ્યો સાથેના પ્રાસંગિક જવાબદારીના કામકાજ સફળ બની રહેશે. વિદ્યાર્થીઓ અભ્યાસેત્તર પ્રવૃત્તિમાં યશ મેળવશે.

મિથુન (ક, છ, ઘ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારનાં જૂનાં રોકાણમાંથી નાણાં મેળવી શકશો તથા પોર્ટફોલિયોને વધુ સક્ષમ બનાવી શકશો. તા. ૨૬, ૨૭, ૨૮ના નોકરીના કામકાજ એકંદરે સાનુકૂળ બની રહેશે. અધિકારી તથા સહકાર્યકરો ઉપયોગી થશે. વેપારના કામકાજની આવક વધશે. મહિલાઓના નોકરીના કામકાજ સરળ બનતા જણાશે. મહિલાઓને આરોગ્ય જાળવણી માટેના પ્રયત્નોમાં સફળતા જણાશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં કુટુંબના વડીલોનો સહયોગ પ્રાપ્ત કરશે.

કર્ક (ડ, હ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારના નવા રોકાણ અને ટ્રેડિંગના અનુભવનો પૂર્ણ ઉપયોગ કરી શકશો. નોકરી માટે તા. ૨૩, ૨૪, ૨૭, ૨૮ શુભ જણાય છે. નોકરીમાં નવા કામકાજ અપેક્ષાનુસાર મેળવી શકશો. હસ્તગત કાર્યો સમયસર પૂર્ણ કરી શકશો. કાર્યક્ષેત્રે ભાગીદાર, મિત્રો ઉપયોગી થશે. કાર્યક્ષેત્રના જૂનાં ઉઘરાણીના કામકાજ પણ પૂર્ણ થઈ શકશે. મહિલાઓને કુટુંબના સદસ્યોનો સહયોગ પરિવારની જવાબદારી પૂર્ણ કરવા માટે પ્રાપ્ત થતો જણાશે. વિદ્યાર્થીઓના અભ્યાસના કાર્યક્રમ નિયમિતપણે જળવાઈ રહેશે.

સિંહ (મ, ટ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં લાંબા સમયના રોકાણના નિર્ણયનો અમલ થઈ શકશે. નોકરી માટે તા. ૨૪, ૨૫, ૨૮ શુભ જણાય છે. કુટુંબના કારોબારમાં પ્રગતિ થાય. ઉદ્યોગમાં નવું રોકાણ પણ શક્ય જણાય છે. કામકાજ માટે જરૂરી મદદનીશ મેળવશો. મહિલાઓના પડોશ મિત્રો સાથેના મતભેદોનો ઉકેલ આવશે. પરિવારના પ્રસંગો સુખદ પુરવાર થશે. વિદ્યાર્થીઓના સહઅધ્યાયીઓ સાથેના મતભેદોનો ઉકેલ આવશે. અભ્યાસમાં નિયમિતતા દાખવી શકશો.

કન્યા (પ, ઠ, ણ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં લે-વેંચના વેપાર તથા રોકાણના નિર્ણયો સુખદ બની રહેશે. તા. ૨૨, ૨૩, ૨૭, ૨૮ના નોકરીના નિર્ણયો શુભ બની રહેશે. કઠિન પ્રકારના કામકાજ ઉપરી અધિકારીનો સહયોગ પણ મેળવી શકશો. યશસ્વીપણે જાહેર જીવનના કામકાજ પૂર્ણ કરવામાં સફળ બની રહેશો. વેપાર વધશે. અર્થવ્યવસ્થા સક્ષમ પુરવાર થશે. મહિલાઓ નવી નોકરીનો પ્રારંભ કરી શકશે. વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસના નિર્ણયો લેવા માટે સરળતા જણાશે.

તુલા (ર, ત): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં ધાર્યા મુજબનું ટ્રેડિંગનું કામકાજ સફળ થતું જણાશે. નોકરી માટે તા. ૨૫, ૨૬, ૨૮ શુભ જણાય છે. નોકરીના અધિકારી તથા સહકાર્યકરોનો સહયોગ મેળવી શકશો. નવી નોકરીનો પ્રારંભ પણ શક્ય જણાય છે. સ્વતંત્ર કારોબારની નાણાઆવકની વૃદ્ધિ થશે. ગૃહિણીઓને સંતાનના શૈક્ષણિક જવાબદારીના કામકાજમાં સરળતા જણાશે. ગૃહિણીઓના પ્રાસંગિક જવાબદારી તથા તીર્થયાત્રાના નિર્ણયો શુભ બની રહેશે. વિદ્યાર્થીઓને નવા અભ્યાસ માટે સાનુકૂળ તકો પ્રાપ્ત થતી જણાશે.

વૃશ્ચિક (ન, ય): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં વધુ પડતો આત્મવિશ્વાસ ખોટો પડે તેમ છે. ગોચરફળ પરત્વે સાવધાની દાખવવી જરૂરી છે. નોકરીમાં આત્મવિશ્વાસ, આવડત તથા કાર્યક્ષમતાનો પૂર્ણ ઉપયોગ કરી શકશો. સ્વપ્રયત્ને નોકરીની જવાબદારી નિભાવી શકશો. નવા કારોબારનો પ્રારંભ આ સપ્તાહમાં જણાય છે. કારોબારના મિત્રોનો સહયોગ મેળવશો. મહિલાઓને ભાઈ-બહેનો સાથેના મતભેદોનો ઉકેલ પ્રાપ્ત થતો જણાશે. કુટુંબના પ્રસંગો સફળ બની રહેશે. મહત્ત્વના નિર્ણયો વડીલોના સહયોગથી સફળ બની રહેશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવીન અભ્યાસ માટે સરળ તકો પ્રાપ્ત થતી જણાશે.

ધનુ (ભ, ધ, ફ, ઢ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારના નવા રોકાણના નિર્ણયો શુભ પુરવાર થશે. નોકરી માટે આ સપ્તાહ શુભ જણાય છે. તા. ૨૩, ૨૪, ૨૭, ૨૮ના કામકાજ એકંદરે સફળ બની રહેશે. સ્વતંત્ર કારોબારના નાણાઆવકની વૃદ્ધિ થશે. વેપારની પ્રવૃત્તિઓ વધશે. નવા કામકાજનો પ્રારંભ પણ શક્ય જણાય છે. મહિલાઓના કુટુંબની જવાબદારીના કામકાજ સરળતાથી પૂર્ણ થતાં જણાશે. કિંમતી ચીજોની ખરીદી આ સપ્તાહમાં શક્ય જણાય છે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં જરૂરી શૈક્ષણિક સામગ્રી મેળવી શકશે.

મકર (ખ.જ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજાર માટે આ સપ્તાહના નિર્ણયો સકારાત્મક, ઉત્સાહપ્રેરક બની રહેશે. નોકરી માટે તા. ૨૫, ૨૬, ૨૭ શુભ જણાય છે. નોકરીના સહકાર્યકરોમાં સંપ જળવાઈ રહેશે. કઠિન કાર્યો પણ પૂર્ણ કરવામાં સફળ બની રહેશો. ભાગીદાર સાથેનો જૂનો મતભેદ ઉકેલાશે. રાજકારણ, સામાજિક જવાબદારીઓમાં સાવધાની રાખવી જરૂરી છે. મહિલાઓ માટે આ સપ્તાહ રચનાત્મક, હુન્નરલક્ષી પ્રવૃત્તિઓ પૂર્ણ કરવા માટે સફળ બની રહેશે. વિભાગીય પરીક્ષામાં વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં સફળતા જણાશે તથા કઠિન વિષયોમાં જરૂરી માર્ગદર્શન પણ મેળવી શકશો.

કુંભ (ગ, શ, સ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં અનુભવ, આવડત, કાર્યક્ષમતાનો પૂર્ણપણે ઉપયોગ કરી શકશો. નોકરીમાં પરિવર્તનો સફળ બની રહેશે. તા. ૨૪, ૨૬, ૨૭ના નોકરીના કામકાજ યશવૃદ્ધિ કરાવશે. નોકરીમાં ઉત્સાહ તથા પ્રોત્સાહન અનુભવશો. નવા કારોબારનો પ્રારંભ આ સપ્તાહમાં સફળતાથી શક્ય જણાય છે. સ્વતંત્ર કારોબારની નાણાઆવકની વૃદ્ધિ થશે. મહિલાઓને આ સપ્તાહમાં હુન્નર શીખવામાં સફળતા અને સરળતા જણાશે. સ્વાસ્થ્ય જળવાશે. વિદ્યાર્થીઓને વાંચન અભ્યાસ માટે અનુકૂળતાનો અનુભવ થશે.

મીન (દ, ચ, ઝ, થ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવું રોકાણ અને દૈનિક સાપ્તાહિક વેપાર શુભ પુરવાર થશે. તા. ૨૨, ૨૪, ૨૮ના નોકરીના કામકાજ સફળ જણાય છે. ઉપરી અધિકારીનો સહયોગ મેળવશો. સહકાર્યકરોમાં યશ મેળવશો. જૂનાં અધૂરા કામકાજ પૂર્ણ કરવા માટે સફળ રહેશો. સંતાન પરિવારના કારોબારમાં ઉપયોગી થશે. કારોબારની નાણાં ઊપજની વૃદ્ધિ થશે. પ્રગતિનો અનુભવ કરશો. મહિલાઓને નોકરીમાં યશસ્વી અનુભવ થાય. વિદ્યાર્થીઓના શૈક્ષણિક કાર્યક્રમો નિયમિતપણે જળવાઈ રહેશે.

## આજનું પંચાંગ

**ઉત્તરાયણ/સૌર શિશિર ઋતુ, રવિવાર, તા. ૨૨-૧૨-૨૦૨૪ નક્ષત્ર-વાૃદ્ધતિથિનો સૂર્ય પૂજાનો ભાનુ સપ્તમીનો શ્રેષ્ઠ યોગ**

ભારતીય દિનાંક ૧, માહે પૌષ, શકે ૧૯૪૬

વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, માર્ગશીર્ષ વદ – ૭

જૈન વીર સંવત ૨૫૫૧, માહે માર્ગશીર્ષ, તિથિ વદ-૭

પારસી શહેનશાહી રોજ ૧૦મો આવા, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૪

પારસી કદમી રોજ ૧૦મો આવા, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૪

પારસી ફસલી રોજ ૬ઠ્ઠો ખોરદાદ, માહે ૧૦મો દએ, સને ૧૩૯૩

મુસ્લિમ રોજ ૨૦મો, માહે ૬ઠ્ઠો જમાદીલ આખર, સને ૧૪૪૬

મીસરી રોજ ૨૧મો, માહે ૬ઠ્ઠો જમાદીલ આખર, સને ૧૪૪૬

નક્ષત્ર ઉત્તરાફાલ્ગુની.

ચંદ્ર સિંહમાં બપોરે ક. ૧૨-૫૫ સુધી, પછી કન્યામાં

ચંદ્ર રાશિ નામાક્ષરઃ સિંહ (મ, ટ), કન્યા (પ, ઠ, ણ)

સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ.૦૯ અમદાવાદ ક. ૦૭ મિ. ૧૮, સ્ટા. ટા.

સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૦૫, અમદાવાદ ક. ૧૭ મિ. ૫૮, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

ભરતી : સાંજે ક. ૧૭-૦૩, મધ્યરાત્રિ પછી ક. ૦૫-૦૭ (તા. ૨૩)

ઓટઃ સવારે ક. ૧૧-૦૫, રાત્રે ક. ૨૨-૨૪

વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, માર્ગશીર્ષ કૃષ્ણ - સપ્તમી. ભાનુ સપ્તમી, કાલાષ્ટમી, ભારતીય પૌષ માસારંભ.શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ.

મુહૂર્ત વિશેષઃનક્ષત્ર,તિથિ-વાર નો ભાનુસપ્તમીનો ભગવાન શ્રી સૂર્યનારાયણનો શ્રેષ્ઠ યોગ, અર્યમા પૂજન, શીવ પાર્વતી પૂજા, શ્રી વિષ્ણુ પૂજન, ગાયત્રી માતાનું પૂજન, જાપ, હવન, વિનાયક પૂજન, ધ્રુવદેવતાનું પૂજન, પીપળાનું પૂજન, ધજા, કળશ, પતાકા ચઢાવવી, રાજયાભિષેક, પાટ અભિષેક પૂજા, મુંડન કરાવવું નહી, પર્વ પૂજા નિમિત્તે નવાં વસ્ત્રો, આભૂષણ, મિત્રતા કરવી, નોકરી-વેપાર, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, બગીચો બનાવવો, બી વાવવું, ધાન્ય ભરવું, ગાય બળદની લેવડ-દેવડ.

આચમનઃ ચંદ્ર-હર્ષલ ત્રિકોણ મૌલિક વિચારના, ચંદ્ર-નેપ્ચૂન પ્રતિયુતિ સંયમહીન, ચંદ્ર-સૂર્ય ચતુષ્કોણ વડીલો સાથે વિવાદ થયા કરે, ચંદ્ર-રાહુ પ્રતિયુતિ મતલબી.

ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-હર્ષલ ત્રિકોણ, ચંદ્ર-નેપ્ચૂન પ્રતિયુતિ, ચંદ્ર-સૂર્ય ચતુષ્કોણ (તા. ૨૩), ચંદ્ર-રાહુ પ્રતિયુતિ (તા. ૨૩).

ગોચરગ્રહોઃ સૂર્ય-ધનુ. વક્રી મંગળ-કર્ક, માર્ગી બુધ-વૃશ્ચિક, વક્રી ગુરુ-વૃષભ, શુક્ર- મકર, માર્ગી શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, વક્રી હર્ષલ-મેષ. માર્ગી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર

## સાપ્તાહિક દૈનંદિની

### તા. ૨૨-૧૨-૨૦૨૪ થી તા. ૨૮-૧૨-૨૦૨૪

રવિવાર, માર્ગશીર્ષ વદ-૭, વિ. સં. ૨૦૮૧, તા. ૨૨મી ડિસેમ્બર, ઈ. સ. ૨૦૨૪. નક્ષત્ર ઉત્તરા ફાલ્ગુની. ચંદ્ર સિંહમાં બપોરે ક. ૧૨-૫૫ સુધી, પછી કન્યા રાશિ પર જન્માક્ષર. ભાનુ સપ્તમી, કાલાષ્ટમી, ભારતીય પૌષ માસારંભ, અયન કરીદિન. સામાન્ય દિવસ.ખાત મુહૂર્ત,વાસ્તુ કળશ

સોમવાર, માર્ગશીર્ષ વદ-૮, તા. ૨૩મી નક્ષત્ર ઉત્તરા ફાલ્ગુની ૦૯-૦૮ સુધી, પછી હસ્ત. ચંદ્ર કન્યા રાશિ પર જન્માક્ષર. - શુભ દિવસ.લગ્ન,ખાત મુહૂર્ત,

મંગળવાર, માર્ગશીર્ષ વદ-૯, તા. ૨૪મી, નક્ષત્ર હસ્ત બપોરે ક. ૧૨-૨૬ સુધી, પછી ચિત્રા. ચંદ્ર કન્યામાં રાત્રે ક. ૨૧-૫૦ સુધી, પછી તુલા રાશિ પર જન્માક્ષર. - સામાન્ય દિવસ.લગ્ન,વાસ્તુ કળશ

બુધવાર, માર્ગશીર્ષ વદ-૧૦, તા. ૨૫મી, નક્ષત્ર ચિત્રા બપોરે ક. ૧૫-૨૧ સુધી, પછી સ્વાતિ. ચંદ્ર તુલા રાશિ પર જન્માક્ષર. પૌષ દસમી, શ્રી પાર્શ્વનાથ જયંતી (જૈન), ખ્રિસ્તી નાતાલ પર્વ, વિષ્ટિ ક. ૦૯-૧૧ થી ૨૨-૨૯. શુભ દિવસ.

ગુરુવાર, માર્ગશીર્ષ વદ-૧૧, તા. ૨૬મી, નક્ષત્ર સ્વાતિ સાંજે ક. ૧૮-૦૯ સુધી, પછી વિશાખા. ચંદ્ર તુલા રાશિ પર જન્માક્ષર. સફલા એકાદશી. લવણદાન ક.૨૨.૨૦ સુધી,શુભ દિવસ.લગ્ન

શુક્રવાર, માર્ગશીર્ષ વદ-૧૨, તા. ૨૭મી, નક્ષત્ર વિશાખા રાત્રે ક. ૨૦-૦૮ સુધી, પછી અનુરાધા. ચંદ્ર તુલામાં બપોરે ક. ૧૩-૫૬ સુધી, પછી વૃશ્ચિક રાશિ પર જન્માક્ષર. અન્નપૂર્ણા વ્રત સમાપ્તિ, વિંછુડો પ્રારંભ ક. ૧૩-૫૬. સામાન્ય દિવસ.

શનિવાર, માર્ગશીર્ષ વદ-૧૩, તા. ૨૮મી, નક્ષત્ર અનુરાધા રાત્રે ક. ૨૨-૧૨ સુધી, પછી જયેષ્ઠા. ચંદ્ર વૃશ્ચિક રાશિ પર જન્માક્ષર. શનિ પ્રદોષ, સૂર્ય પૂર્વાષાઢામાં ક. ૨૪-૨૪, શુક્ર કુંભમાં ક. ૨૩-૪૦, વિષ્ટિ ક. ૨૭-૩૨. થી પ્રારંભ . શુભ દિવસ.

# દેશમાં હરિયાળી વધીઃ ગુજરાત અને મહારાષ્ટ્રમાં વનવિસ્તાર વધ્યો

નવી દિલ્હીઃ સરકારે તાજેતરમાં જાહેર કરેલા આંકડા મુજબ દેશમાં ૨૦૨૧થી ૨૦૨૩ સુધીના સમયગાળામાં વનવિસ્તાર અને વૃક્ષોથી છવાયેલા પ્રદેશમાં ૧,૪૪૫ ચોરસ કિલોમીટર જેટલો વધારો થયો હતો.

વન અને વૃક્ષોથી છવાયેલા વિસ્તારમાં મધ્ય પ્રદેશ પ્રથમ, અરુણાચલ પ્રદેશ બીજું અને મહારાષ્ટ્ર ત્રીજું છે, જ્યારે ગુજરાત, મિઝોરમ અને ઓડિશાના વનવિસ્તારમાં સૌથી વધુ વધારો થયો હતો.

'ઇન્ડિયા સ્ટેટ ઑફ ફોરેસ્ટ રિપોર્ટ ૨૦૨૩'ને શનિવારે જાહેર કરાયો હતો. તેમાં જણાવાયું હતું કે દેશમાં ૨૦૨૧માં વનવિસ્તાર ૭,૧૩,૭૮૯ ચોરસ કિલોમીટર હતો, તે વધીને ૨૦૨૩માં ૭,૧૫,૩૪૩ ચોરસ કિલોમીટર થયો હતો.

વૃક્ષોથી છવાયેલો વિસ્તાર આ સમયગાળા દરમિયાન ૧,૨૮૯ ચોરસ કિલોમીટર થયો હતો.

દેશમાં વનવિસ્તાર અને વૃક્ષોથી છવાયેલો પ્રદેશ ૮,૨૭,૩૬૭ ચોરસ કિસોમીટર એટલે કે કુલ ભૌગોલિક વિસ્તારના ૨૫.૧૭ ટકા થયો હતો.

ફોરેસ્ટ સર્વે ઑફ ઇન્ડિયાની 'વનવિસ્તાર'ની વ્યાખ્યામાં એક હેક્ટર કે તેથી વધુ વિસ્તારમાં વૃક્ષનો ઘેરાવો ૧૦ ટકાથી વધુ હોવો જરૂરી છે. તેમાં કુદરતી જંગલ, માનવો દ્વારા રોપેલા રોપામાંથી તૈયાર થયેલા વનવિસ્તાર અને વાડીનો સમાવેશ થાય છે. (એજન્સી)

# પાકિસ્તાનમાં આતંકવાદી હુમલામાં ૧૬ જવાન શહીદ

પેશાવરઃ વાયવ્ય પાકિસ્તાનના ખૈબર પખ્તુન્ખ્વા પ્રાન્તમાં શનિવારે આતંકવાદીઓએ સિક્યોરિટી ચેક પૉસ્ટ પર કરેલા હુમલામાં ૧૬ જવાન શહીદ થયા હોવા ઉપરાંત અન્ય આઠ ઘાયલ થયા હોવાનું સુરક્ષા અધિકારીઓએ કહ્યું હતું.

આતંકવાદીઓએ અફઘાન સરહદે આવેલા દક્ષિણ વઝિરિસ્તાન જિલ્લાના માકનસ્થિત લિટા સર ચેક પૉસ્ટ પર હુમલો કર્યો હતો. છેલ્લા કેટલાક મહિના દરમિયાન સુરક્ષા દળ પર કરવામાં આવેલા મોટા હુમલામાંનો આ એક હતો.

મળેલી બાતમીને આધારે પાકિસ્તાનના સુરક્ષા દળે કરેલી કાર્યવાહીમાં બે આતંકવાદી ઠાર મરાયાના ગણતરીના દિવસો બાદ આ હુમલો કરવામાં આવ્યો હતો.

દક્ષિણ વઝિરિસ્તાન જિલ્લાના સારારોઘા વિસ્તારમાં સુરક્ષા દળે હાથ ધરેલી કાર્યવાહી દરમિયાન બે આતંકવાદી ઠાર મરાયા હતા. (એજન્સી)

# ધ્યાનને જીવનનો હિસ્સો બનાવોઃ પીએમ મોદી

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે લોકોને ધ્યાનને તેમના જીવનનો એક ભાગ બનાવવાનું આહ્વાન કરતા કહ્યું કે તે વ્યક્તિના જીવનમાં શાંતિ અને સંવાદિતા લાવવાનો આ એક શક્તિશાળી માર્ગ છે.

વર્લ્ડ મેડિટેશન ડે (વિશ્વ ધ્યાન દિવસ) નિમિત્તે એક્સ પરની એક પોસ્ટમાં, તેમણે કહ્યું કે ટેક્નોલોજીના યુગમાં ધ્યાનને દૈનિક દિનચર્યામાં સામેલ કરવામાં મદદ કરવા માટે એપ્સ અને માર્ગદર્શિત વીડિયો મૂલ્યવાન સાધનો બની શકે છે.

આજે, વિશ્વ ધ્યાન દિવસ પર, હું દરેકને ધ્યાનને તેમના રોજિંદા જીવનનો એક ભાગ બનાવવા અને તેની પરિવર્તનીય ક્ષમતાનો અનુભવ કરવાનું આહ્વાન કરું છું. ધ્યાન એ વ્યક્તિના જીવનમાં તેમજ આપણા સમાજ અને ગ્રહ માટે શાંતિ અને સંવાદિતા લાવવાનો એક શક્તિશાળી માર્ગ છે.

મોદીએ કહ્યું કે ધ્યાન અને તેના ફાયદાઓ વિશે જાગૃતિ લાવવા માટે, સંયુક્ત રાષ્ટ્રસંઘની જનરલ એસેમ્બલીએ ૨૧ ડિસેમ્બરને વિશ્વ ધ્યાન દિવસ તરીકે જાહેર કર્યો છે, તેની વેબસાઇટ અનુસાર, શારીરિક અને માનસિક સ્વાસ્થ્યના સર્વોચ્ચ પ્રાપ્ય ધોરણનો આનંદ માણવાનો દરેકને અધિકાર છે. જનરલ એસેમ્બલીએ પણ યોગ અને ધ્યાન વચ્ચેના જોડાણને આરોગ્ય અને સુખાકારી માટે પૂરક અભિગમ તરીકે સ્વીકાર્યું હતું, એમ તેમણે ઉમેર્યું હતું.

# દિલ્હીના દલિત વિદ્યાર્થીઓને મફત વિદેશી શિક્ષણ માટે શિષ્યવૃત્તિની જાહેરાત

નવી દિલ્હીઃ દિલ્હીમાં વિધાનસભાની ચૂંટણીના અગાઉ અરવિંદ કેજરીવાલે શનિવારે શહેરના દલિત વિદ્યાર્થીઓ માટે મફત વિદેશી શિક્ષણ માટે આંબેડકર શિષ્યવૃત્તિની જાહેરાત કરી હતી.

કેજરીવાલે પત્રકારોને જણાવ્યું હતું કે, આંબેડકરે કહ્યું હતું કે શિક્ષણ એ આગળનો માર્ગ છે અને તમામ અવરોધો સામે યુ.એસ.માંથી પીએચડી મેળવ્યું હતું.

આ શિષ્યવૃત્તિ એ ભારતીય બંધારણના મુખ્ય આર્કિટેક્ટના ભાજપ દ્વારા અપમાનનો જવાબ છે.

''યોજના હેઠળ, દિલ્હીના કોઈપણ દલિત વિદ્યાર્થી વિદેશી યુનિવર્સિટીઓમાં શિક્ષણ મેળવી શકશે. જો તેઓ આવી કોઈપણ યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવે છે, તો દિલ્હી સરકાર તેમના શિક્ષણ, મુસાફરી અને રહેઠાણનો સંપૂર્ણ ખર્ચ ઉઠાવશે,'' એમ કેજરીવાલે જણાવ્યું હતું. શિષ્યવૃત્તિ કેવી રીતે અને ક્યારે આપવામાં આવશે તે અંગે વિસ્તૃત માહિતી આપ્યા વિના તેમણે ઉમેર્યું હતું કે, સરકારી કર્મચારીઓનાં બાળકો પણ આ યોજના માટે પાત્ર બનશે.

# મ.પ્ર.ના દેવાસમાં આગમાં એક પરિવારના ચારનાં મોત

દેવાસઃ મધ્ય પ્રદેશના દેવાસ જિલ્લામાં શનિવારે વહેલી સવારે એક દૂધ ડેરી-કમ-ઘરમાં લાગેલી આગમાં એક દંપતી અને તેમનાં બે બાળકોનાં મોત નીપજ્યાં હતાં. આગ નયાપુરા વિસ્તારમાં સવારે લગભગ ૪-૪૫ વાગ્યે લાગી હતી. આ માહિતી એક અધિકારીએ આપી હતી.

નાહર દરવાજા પોલીસ સ્ટેશનના ઇન્ચાર્જ મંજુ યાદવના જણાવ્યા અનુસાર અમને નયાપુરામાં એક દૂધની ડેરીમાં આગ લાગવાની માહિતી મળી હતી અને તે જ પરિસરમાં એક પરિવાર રહેતો હતો. મૃતક દંપતી અને તેમનાં બે બાળકોના ગૂંગળાવાથી અને દાઝી જવાથી મોત નીપજ્યાં હતાં. ફાયર વિભાગની એક ટીમે આગ પર કાબૂ મેળવી લીધો હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

પોલીસના જણાવ્યા અનુસાર દિનેશ કાર્પેન્ટર(૩૫), તેની પત્ની ગાયત્રી(૩૦), પુત્રી ઇશિકા(૧૦) અને પુત્ર ચિરાગ(૭)ના આગમાં મોત નીપજ્યાં હતાં. પોલીસ અધિક્ષક(એસપી) પુનિત ગેહલોતે જણાવ્યું કે દિનેશ બિલ્ડિંગના ગ્રાઉન્ડ ફ્લોર પર એક ડેરી ધરાવતો હતો અને બીજા માળે તેના પરિવાર સાથે રહેતો હતો. અધિકારીએ પત્રકારોને જણાવ્યું કે અમે આગનાં કારણોની તપાસ કરી રહ્યા છીએ. ડેરી ગ્રાઉન્ડ ફ્લોર પર હતી અને પરિવાર બીજા માળે રહેતો હતો.

પહેલા પાનાનું ચાલુ

### દેવેન્દ્ર ફડણવીસ

(ગોદાવરી અને કૃષ્ણા વેલી ડેવલપમેન્ટ કોર્પોરેશન)

**હસન મુશ્રીફઃ** તબીબી શિક્ષણ

**ચંદ્રકાંત પાટીલઃ** ઉચ્ચ અને તક્નિકી શિક્ષણ, સંસદીય બાબતો

**ગિરીશ મહાજનઃ** પાણી પુરવઠો (વિદર્ભ, તાપી, કોંકણ ડેવલપમેન્ટ કોર્પોરેશન)

**ગણેશ નાઈકઃ** વન વિભાગ

**ગુલાબરાવ પાટીલઃ** પાણી પુરવઠો અને સ્વચ્છતા

**દાદાજી ભૂસેઃ** શાળા શિક્ષણ

**સંજય રાઠોડઃ** જળસંચય

**ધનંજય મુંડેઃ** ખાદ્ય અને નાગરિક પુરવઠો

**મંગલ પ્રભાત લોઢાઃ** સ્કિલ ડેવલપમેન્ટ, રોજગાર, ઓન્ટ્રપ્રેન્યોરશિપ એન્ડ ઇનોવેશન

**ઉદય સામંતઃ** ઉદ્યોગ, મરાઠી ભાષા

**જયકુમાર રાવલઃ** માર્કેટિંગ, પ્રોટોકોલ,

**પંકજા મુંડેઃ** પર્યાવરણ, પશુપાલન

**અતુલ સાવેઃ** ઓબીસી કલ્યાણ, ડેરી ડેવલપમેન્ટ અને રિન્યુએબલ એનર્જી

**અશોક ઉઈકેઃ** આદિવાસી કલ્યાણ

**શંભુરાજ દેસાઈઃ** પ્રવાસન, ખાણ

**આશિષ શેલારઃ** આઈટી, સાંસ્કૃતિક બાબતો

**દત્તાત્રેય ભારણેઃ** રમતગમત અને યુવા બાબતો, લઘુમતી વિકાસ અને વક્ફ

**અદિતી તટકરેઃ** મહિલા અને બાળ કલ્યાણ

**શિવેન્દ્રસિંહ ભોસલેઃ** જાહેર બાંધકામ

**જયકુમાર ગોરેઃ** ગ્રામવિકાસ અને પંચાયતી રાજ

**નરહરી ઝિરવાળઃ** અન્ન અને ઔષધ વહીવટીતંત્ર, વિશેષ સહાય

**સંજય સાવકારેઃ** વસ્ત્રોદ્યોગ

**સંજય શિરસાટઃ** સામાજિક ન્યાય

**પ્રતાપ સરનાઈકઃ** પરિવહન

**ભરત ગોગાવલેઃ** રોજગાર ગેરન્ટી, બાગાયતી, મીઠાગરની જમીન વિકાસ

**મકરંદ જાધવઃ** રાહત અને પુનર્વસન

**નિતેશ રાણેઃ** મચ્છીમારી અને બંદરો

**આકાશ ફૂંડકરઃ** શ્રમ

**બાબાસાહેબ પાટીલઃ** સહકાર

**પ્રકાશ અબિટકરઃ** જાહેર આરોગ્ય અને પરિવાર કલ્યાણ

**રાજ્યકક્ષાના પ્રધાનો**

**આશિષ જયસ્વાલઃ** નાણાં અને આયોજન, કૃષિ, રાહત અને પુનર્વસન, કાયદો અને ન્યાયતંત્ર, શ્રમ

**માધુરી મિસાળઃ** નગર વિકાસ, પરિવહન, સામાજિક ન્યાય, તબીબી શિક્ષણ, લઘુમતી કલ્યાણ અને વક્ફ

**પંકજ ભોયરઃ** ગૃહ (ગ્રામીણ), ગૃહનિર્માણ, શાળા શિક્ષણ, સહકાર, ખાણ

**મેઘના બોરડીકરઃ** જાહેર આરોગ્ય અને પરિવાર કલ્યાણ, પાણી પુરવઠો અને સ્વચ્છતા, ઊર્જા, મહિલા અને બાળ કલ્યાણ, જાહેર બાંધકામ (જાહેર સંસ્થાન)

**ઈન્દ્રનીલ નાઈકઃ** ઉદ્યોગ, જાહેર બાંધકામ, ઉચ્ચ અને તક્નિકી શિક્ષણ, આદિવાસી વિકાસ, પ્રવાસન, સોઈલ એન્ડ વોટર કન્ઝર્વેશન

**યોગેશ કદમઃ** ગૃહ (શહેર), મહેસૂલ, ગ્રામવિકાસ અને પંચાયતી રાજ, અન્ન અને નાગરી પુરવઠો તેમ જ ગ્રાહક સંરક્ષણ, અન્ન અને ઔષધ વહીવટીતંત્ર

### નાઈજીરિયામાં

કેથલિક ચર્ચમાં વહેલી સવારે આ ઘટના બની હતી. પોલીસ પ્રવક્તા જૉસેફિન અદેએ કહ્યું હતું કે ઘટનાસ્થળેથી ૧,૦૦૦ કરતાં પણ વધુ લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હતા. દેશમાં ભયંકર આર્થિક કટોકટી ચાલી રહી હોવા વચ્ચે અનેક સ્થાનિક સંસ્થાઓ અને ચર્ચ દ્વારા ક્રિસમસ અગાઉ અનાજ વિતરણ શરૂ કરવામાં આવ્યાના એક જ અઠવાડિયામાં ધક્કામુક્કીની આ બીજી ઘટના હતી. (એજન્સી)

### વીમા પરનો

સમિતિનું નેતૃત્વ બિહારના નાયબ મુખ્ય પ્રધાન સમ્રાટ ચૌધરી કરી રહ્યા છે. તેમણે જણાવ્યું હતું કે વીમાની ગ્રૂપ, વ્યક્તિગત, વરિષ્ઠ નાગરિકોની પોલિસી પરના કરવેરા અંગે અંતિમ નિર્ણય લેતા પહેલાં વધુ એક બેઠકમાં આ મુદ્દે ચર્ચાવિચારણા કરવાની જરૂર છે.

સમ્રાટ ચૌધરીએ અહીં પત્રકારોને જણાવ્યું હતું કે કાઉન્સિલના કેટલાક સભ્યો આ મુદ્દે વધુ ચર્ચાવિચારણા જરૂરી હોવાનું માને છે. અમે (પ્રધાનોનું ગ્રૂપ) જાન્યુઆરીમાં ફરી મળીશું.

પ્રધાનોના ગ્રૂપે ૧૪૮ ચીજો પરના જીએસટીના દરમાં ફેરફાર કરવા કરેલી ભલામણ પણ કાઉન્સિલની સમક્ષ રજૂ નહોતી કરાઇ.

સમિતિના કન્વીનર ચૌધરીએ જણાવ્યું હતું કે અમે જીએસટીના દરમાં ફેરફાર કરવાની ભલામણ કરતો પ્રધાનોના ગ્રૂપનો અહેવાલ કાઉન્સિલની આગામી બેઠકમાં સુપરત કરીશું. વિમાનોના ઇંધણ - એવિયેશન ટર્બાઇન ફ્યુઅલને માલસામાન અને સેવા કર (ગુડ્સ ઍન્ડ સર્વિસીસ ટૅક્સ)ના માળખામાં લાવવા કાઉન્સિલની બેઠકમાં ચર્ચા થઇ હતી.

કેન્દ્ર અને રાજ્યોના જીએસટી વિભાગના અધિકારીઓનો સમાવેશ કરતી 'ફિટમેન્ટ કમિટી'ની અનેક ભલામણ અંગે કાઉન્સિલ દ્વારા ચર્ચાવિચારણા કરાઇ હતી. સમિતિની વિવિધ ભલામણમાં સ્વિગી અને ઝોમેટો જેવા ફૂડ ડિલિવરી પ્લેટફોર્મનો જીએસટી (ઇનપૂટ ટૅક્સ ક્રેડિટ સાથેના) હાલના ૧૮ ટકાથી (ઇનપૂટ ટૅક્સ ક્રેડિટ વિનાના) પાંચ ટકા કરવાની દરખાસ્તનો સમાવેશ થાય છે.

ઇલેક્ટ્રિક વેહિકલ તેમ જ પેટ્રોલ અને ડીઝલ પર ચાલતા નાના વાહનો પરનો જીએસટી ૧૨ ટકાથી વધારીને ૧૮ ટકા કરવાની દરખાસ્ત હોવાનું કહેવાય છે. જીએસટી કોમ્પેન્સેશન સેસ પરનું પ્રધાનોના ગ્રૂપની મુદત છ મહિના એટલે કે ૨૦૨૫ના જૂન સુધી લંબાવાય એવી આશા છે.વીમાને લગતા પ્રધાનોના ગ્રૂપે ટર્મ લાઇફ ઇન્સ્યોરન્સના પ્રીમિયમ પરનો જીએસટી દૂર કરવા ભલામણ કરી હતી.

આ ઉપરાંત, વરિષ્ઠ નાગરિકો સિવાયના વ્યક્તિગત રૂપિયા પાંચ લાખ સુધીના આરોગ્ય વીમાના પ્રીમિયમ પરનો જીએસટી નાબૂદ કરવાની ભલામણ પણ કરાઇ હતી. (એજન્સી)

### પોપકોર્ન પર

ટૅક્સીસ ઍન્ડ કસ્ટમ્સ પોપકોર્ન પરના જીએસટીના વિવિધ દર અંગે સ્પષ્ટતા કરતો પરિપત્ર બહાર પાડશે. છૂટક (પૅક નહિ કરાયેલી) મીઠા-મસાલાવાળી મકાઇની ધાણી (રેડી-ટૂ-ઇટ પોપકોર્ન)ને નમકીન ગણવામાં આવે છે અને તેના પર પાંચ ટકા જ જીએસટી લાગે છે, પરંતુ આ ધાણી જો પૅક કરાયેલી અને લેબલવાળી હોય, તો તેના પર ૧૨ ટકા જીએસટી લાગે છે. આમ છતાં, જો આ પોપકોર્ન ખાંડ કે ચાસણીવાળી એટલે કે કૅરમેલવાળી હોય, તો તેને ખાંડવાળી મીઠાઇ ગણીને તેના પર ૧૮ ટકા જીએસટી લગાડાય છે અને તેને એચએસ ૧૭૦૪ ૯૦ ૯૦ હેઠળના વર્ગમાં મુકાય છે. (એજન્સી)

### વડા પ્રધાન મોદી

વડાં પ્રધાન ઈંદિરા ગાંધીએ વર્ષ ૧૯૮૧માં કુવૈતની મુલાકાત લીધી હતી. ભારત અને કુવૈત વચ્ચે વિવિધ ક્ષેત્રે ભાગીદારીનો રોડમેપ તૈયાર કરવા કુવૈતની ટોચની નેતાગીરી સાથે ચર્ચા કરવાની આ તક હશે, એમ મોદીએ કહ્યું હતું.

કુવૈત સાથેના ઐતિહાસિક જોડાણની ભારત કદર કરે છે અને પેઢીઓથી તેની માવજત કરી રહ્યું છે.

બંને દેશ માત્ર વેપાર અને ઊર્જા ક્ષેત્રે જ ભાગીદાર નથી એમ જણાવતાં મોદીએ કહ્યું હતું કે પશ્ચિમ એશિયામાં શાંતિ, સુરક્ષા અને સ્થિરિતા જેવી બાબતોને મામલે બંને દેશ સમાન હિત ધરાવે છે. કુવૈતના એમિર શેખ મેશલ અલ અહમદ અલ જાબેર અલ સબાહના આમંત્રણને માન આપીને મોદી કુવૈતની મુલાકાતે ગયા છે. મને વિશ્વાસ છે કે આ મુલાકાત બંને દેશના સંબંધને વધુ મજબૂત બનાવશે અને બંને દેશના લોકોની એકમેક સાથેની મિત્રતા વધુ દૃઢ કરશે, એમ મોદીએ કહ્યું હતું. મોદી એમિર, પ્રિન્સ અને કુવૈતના વડા પ્રધાનની મુલાકાત લેશે અને ત્યાંના ભારતીય સમુદાયના લોકોને પણ મળશે. અરેબિયન ગલ્ફ કપના ઉદ્ઘાટન સમારોહમાં હાજર રહેવા માટેના આમંત્રણ બદલ મોદીએ કુવૈતની ટોચની નેતાગીરીનો આભાર માન્યો હતો.

ભારત કુવૈતના ટોચના વેપારી ભાગીદારોમાનું એક છે. વર્ષ ૨૦૨૩-૨૪માં બંને દેશ વચ્ચેનો દ્વિપક્ષી વેપાર ૧૦.૪૭ અબજ ડૉલરનો રહ્યો હતો. કુવૈત ભારતનો છઠ્ઠા ક્રમાંકનો ક્રૂડતેલનો સપ્લાયર દેશ છે અને તે ભારતની ઊર્જાની કુલ જરૂરિયાતનો ત્રણ ટકા પુરવઠો પૂરો પાડે છે. (એજન્સી)

### જર્મનીમાં ક્રિસમસ

ધરપકડ કરવામાં આવી હતી. ઘટનાને કારણે સંપૂર્ણ શહેર હતપ્રભ બની ગયું હતું અને આઘાતમાં સરી પડ્યું હતું.

કારના શંકાસ્પદ ડ્રાઈવરને ૫૦ વર્ષના સઉદી ડૉક્ટર તામરા ઝૅઈસચાન્ગ તરીકે ઓળખી કાઢવામાં આવ્યો હતો. ડૉક્ટર વર્ષ ૨૦૦૬માં જર્મની આવ્યો હતો.

બર્લિનની પશ્ચિમે ૨,૪૦,૦૦૦ની વસતી ધરાવતા શહેરમાં આ ઘટના બની હતી. આઠ વર્ષ અગાઉ ઈસ્લામિક આતંકવાદી ટ્રક લઈને ભરચક ક્રિસમસ બજારમાં ધસી ગયો હતો જેમાં ૧૩ જણનાં મોત થયાં હોવા ઉપરાંત અનેક જણ ઘાયલ થયા હતા. ઘટનાના દિવસો બાદ આ હુમલાખોરને ઈટલીમાં ઠાર મારવામાં આવ્યો હતો.

ક્રિસમસ બજાર જર્મન સંસ્કૃતિનો મોટો હિસ્સો છે અને મધ્યયુગથી પારંપારિક વાર્ષિક તહેવાર તરીકે તેની ઉજવણી કરવામાં આવે છે અને મોટાભાગના પશ્ચિમના દેશોમાં પણ તેની ઉજવણી કરવામાં આવે છે. એકલા બર્લિનમાં જ છેલ્લાં એક મહિનામાં ૧૦૦ કરતાં પણ વધુ ક્રિસમસ બજાર ખૂલ્યાં છે. જર્મનીના આંતરિક બાબતોના પ્રધાન નૅન્સી ફૅઝરે કહ્યું હતું કે આ વરસે ક્રિસમસ બજાર જોખમમાં આવે એવા કોઈ નક્કર સંકેત નહોતા, પરંતુ સજાગ રહેવું ડહાપણ ભરેલું છે.

### બૅન્કની લોન

ટર્બાઇન ફ્યુઅલને જીએસટી હેઠળ લાવવા માટે કાઉન્સિલની બેઠકમાં કોઈ સંમતિ નહોતી સધાઈ.

દેશનાં નાણાં પ્રધાને જણાવ્યું હતું કે વીમાના પ્રીમિયમ પરના જીએસટી અંગે હજી ઇન્સ્યૂરન્સ રેગ્યુલેટરી ઍન્ડ ડેવલપમેન્ટ ઑથોરિટી ઑફ ઇન્ડિયાની ભલામણની રાહ જોવાતી હોવાથી વીમા પરના જીએસટી અંગેનો નિર્ણય મુલતવી રખાયો છે.જીએસટીના વિવિધ દર અંગે ભલામણ કરવા માટેનું પ્રધાનોનું ગ્રૂપ હજી કરવેરાના દરને અંતિમ સ્વરૂપ આપી નથી શક્યું અને તેને લીધે સંબંધિત નિર્ણય મોકૂફ રખાયો છે. (એજન્સી

# મેટ્રો-થ્રીના રોજના પ્રવાસીઓની સંખ્યા છ લાખથી વધારીને ૧૧ લાખ કરવાનો હવે છે ટાર્ગેટ

મુંબઈ: દેશની ૧૦૦ ટકા તથા રાજ્યની સૌથી લાંબી મેટ્રો-થ્રી ૨૭ સ્ટેશનોની અંડરગ્રાઉન્ડ લાઇન મે, ૨૦૨૫ સુધી સંપૂર્ણ રીતે કાર્યાન્વિત થઇ જશે, એવો વિશ્વાસ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે વ્યક્ત કર્યો હતો. હાલમાં ૧૦ સ્ટેશનો દ્વારા છ લાખ પ્રવાસીઓ આ માર્ગનો ઉપયોગ કરી રહ્યા છે અને બાકીના ૧૭ સ્ટેશન પરની સેવા શરૂ થયા બાદ ૧૧ લાખ પ્રવાસીનો વધારો કરવાનું લક્ષ્ય પ્રશાસને રાખ્યું છે. મેટ્રો-થ્રી સંપૂર્ણ રીતે કાર્યરત થયા બાદ પ્રવાસીઓની સંખ્યા ૧૧ લાખ સુધી પહોંચાડવા માટે હાલ પ્રશાસન ભગીરથ પ્રયાસ કરી રહ્યા છે.

આરે કારશેડ આંદોલન, કોર્ટના કેસ વગેરે કારણોસર ચર્ચામાં રહેલી કોલાબા-બાન્દ્રા-સીપ્ઝ મેટ્રો-થ્રીના ખર્ચમાં પહેલાથી વધારો થયો છે. ત્યાર બાદ સાતમી ઓક્ટોબરે આરેથી બીકેસી વચ્ચેનો પ્રથમ તબક્કો શરૂ કરવામાં આવ્યો હતો. આ અંતર ૧૨.૬૯ કિલોમીટર છે જેમાં ૧૦ સ્ટેશન આવેલા છે. કુલ ૩૭,૨૭૫.૫૦ કરોડ રૂપિયાના ખર્ચમાંથી ૧૪,૨૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ પ્રથમ તબક્કા માટે કરવામાં આવ્યો હતો.

પ્રથમ તબક્કાના માર્ગ પર રોજના ચાર લાખ પ્રવાસીઓ પ્રવાસ કરશે એવો દાવો કરવામાં આવ્યો હતો, પરંતુ હાલમાં દરરોજ અંદાજે ૧૯,૬૩૧ લોકો પ્રવાસ કરી રહ્યા છે. સાતમી ઓક્ટોબરથી છઠ્ઠી ડિસેમ્બર સુધી બે મહિનામાં અંદાજે ૧૧.૯૩ લાખ લોકોએ પ્રવાસ કર્યો છે. પ્રથમ મહિનામાં ૬.૩૩ લાખ પ્રવાસીની સંખ્યા ઘટીને બીજા મહિનામાં ૫.૬૪ લાખ થઇ હતી. મુખ્ય પ્રધાને જે છ લાખનો આંકડો જાહેર કર્યો હતો તે એક મહિનાનો હાઇ એ પણ છ ડિસેમ્બર સુધી છ લાખથી પણ ઓછો છે. એવામાં સંપૂર્ણ મેટ્રો-થ્રીની લાઇન શરૂ થયા બાદ પ્રવાસીની સંખ્યા ૧૧ લાખ પર પહોંચશે એવું મુખ્ય પ્રધાનનું કહેવું છે, પણ એ આવનારો સમય જ જણાવશે. ■

### વિદ્યાર્થિનીઓની જાતીય સતામણી

# કલવાની મેડિકલ કૉલેજના પ્રોફેસરને ત્રણ વર્ષની કેદ

મુંબઈ: થાણેના કલવામાં આવેલી રાજીવ ગાંધી મેડિકલ કૉલેજમાં ભણતા એમબીબીએસ ટ્રેઇનીની જાતીય સતામણી કરવા બદલ એક પ્રોફેસરને ત્રણ વર્ષની ગંભીર જેલની સજા ફટકારવામાં આવી હતી.

૨૦૧૪માં આ ઘટના બની હતી ત્યારે ડૉ. શૈલેશ નટરાજન (૬૩) કૉલેજના સર્જરી ડિપાર્ટમેન્ટના વડા હતા. કલવા પોલીસ સ્ટેશનમાં નટરાજન સામે કેસ નોંધવામાં આવ્યો હતો. ઘણી વિદ્યાર્થિનીઓએ પોલીસ કમિશનરને પત્ર લખીને ડાયગ્નોસ્ટિક પ્રોસિજર દરમિયાન પ્રોફેસર દ્વારા અશ્લિલ રીતે અડકવામાં આવતા હોવાની ફરિયાદ કરી હતી. નટરાજનને ત્રણ વર્ષની કેદ અને ૫૦,૦૦૦ રૂપિયાનો દંડ ફટકારાયો હતા. (પીટીઆઇ) ■

### સંજય રાઉતના બંગલોની રૅકી

# ટેલિકોમ કંપનીના ચાર કર્મચારીને પૂછપરછ કરી જવા દેવાયા

મુંબઇ: શિવસેના (યુબીટી)ના સાંસદ સંજય રાઉતના ભાંડુપ વિસ્તારમાં આવેલા બંગલોની કથિત રૅકી કરવા પ્રકરણે પોલીસે ટેલિકોમ નેટવર્ક સર્વિસીસ કંપનીના ચાર કર્મચારીની પૂછપરછ કરી હતી અને ચકાસણી કર્યા બાદ તેને છોડી દીધા હતા.

ચારેય જણ ટેલિકોમ નેટવર્ક સર્વિસીસ કંપની ઇન્સ્ટા આઇસીટી સોલ્યુશનના કર્મચારી હતા અને તેઓ શુક્રવારે એ વિસ્તારમાં નેટવર્ક બરાબર છે કે નહીં તે તપાસી રહ્યા હતા.

પોલીસ અધિકારીના કહેવા મુજબ ચારેય કર્મચારીની પૂછપરછ કરવામાં આવી હતી અને કંપનીમાં તેમની ભૂમિકા અને હોદ્દો ચકાસ્યા બાદ તેમને છોડી દેવાયા હતા.

સંજય રાઉતના ભાંડુપમાં આવેલા બંગલો 'મૈત્રી'ની બહાર શુક્રવારે બે મોટરસાઇકલસવાર ઊભેલા નજરે પડ્યા હતા. બે શખસ શુક્રવારે સવારે મોટરસાઇકલ પર આવ્યા હતા અને રાઉતના બંગલોની બહાર તેમણે મોટરસાઇકલ થોભાવી. થોડો સમય બાદ તેઓ ત્યાંથી જતા રહ્યા હતા. આસપાસ રહેનારા લોકોને શંકા જતાં તેમણે રાઉતના નાના ભાઇ અને સ્થાનિક વિધાનસભ્ય સુનીલ રાઉતને આની જાણ કરી હતી. ત્યાર બાદ પોલીસને તેની માહિતી આપવામાં આવી. આથી કાંજુરમાર્ગ પૉલસ સ્ટેશનનો સ્ટાફ ઘટનાસ્થળે આવી પહોંચ્યો હતો. પોલીસે ઘટનાસ્થળ તેમ જ આસપાસના સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસતાં તેમાં શકમંદો નજરે પડ્યા હતા. ■









# મારકડવાડીની મુલાકાત લેશે ઉદ્ધવ ઠાકરે અને રાહુલ ગાંધી

નાગપુરઃ ઈવીએમના વિરોધમાં બેલટ પેપર પર ચૂંટણી લેવાના આંદોલનને કારણે આખા દેશમાં ચર્ચાનો વિષય બનેલા માળશિરસ તાલુકાના મારકડવાડી ગામની મુલાકાત શિવસેના (યુબીટી)ના નેતા ઉદ્ધવ ઠાકરે પાંચમી જાન્યુઆરીએ લેશે, જ્યારે લોકસભામાં વિપક્ષી નેતા રાહુલ ગાંધી આ ગામની મુલાકાતે દસમી જાન્યુઆરીએ આવશે એવી માહિતી એનસીપી (એસપી)ના વિધાનસભ્ય ઉત્તમ જાનકરે શનિવારે આપી હતી.

વિધાનસભાની ચૂંટણીમાં ઉત્તમ જાનકરને મારકડવાડીમાં અપેક્ષિત મતદાન થયું ન હોવાથી તેમણે ઈવીએમ સામે વિરોધ દર્શાવતાં બેલટ પેપર પર મતદાન કરાવવાની માગણી કરી હતી. ગામવાસીઓએ બેલટ પેપર પર ચૂંટણી લડવાની તૈયારી પણ કરી હતી, પરંતુ વહીવટીતંત્રે આમ કરવા દીધું નહોતું.

આ બધાને કારણે આ ગામ આખા દેશમાં ચર્ચામાં આવ્યું હતું. અહીં ઉલ્લેખનીય છે કે એનસીપી (એસપી)ના સર્વેસર્વા શરદ પવારે પણ ગામની મુલાકાત લીધી હતી. ■

# વડાલામાં કારે અડફેટમાં લેતાં સાડાત્રણ વર્ષના બાળકનું મૃત્યુ

મુંબઈઃ વડાલા વિસ્તારમાં રસ્તા પર રમી રહેલા સાડાત્રણ વર્ષના બાળકને કારે અડફેટમાં લેતાં તેનું ગંભીર ઇજાને કારણે મૃત્યુ થયું હતું.

પોલીસના જણાવ્યા મુજબ વડાલામાં આંબેડકર કોલેજ નજીક શનિવારે સાંજે આ અકસ્માત થયો હતો, જેમાં મૃત્યુ પામેલા બાળકની ઓળખ આરુષ તરીકે થઇ હતી.

બાળકના મૃતદેહને હૉસ્પિટલમાં મોકલવામાં આવ્યા બાદ આરએકે માર્ગ પોલીસે આ પ્રકરણે ગુનો દાખલ કરી કારચાલક ભૂષણ સંદીપ ગોલે (૧૯)ની ધરપકડ કરી હતી. ભૂષણ ગોલે દારૂના નશામાં નહોતો, એવું પ્રાથમિક તપાસમાં જણાવ્યું હતું.

વડાલામાં આંબેડકર કોલેજ નજીક પરિવાર સાથે રહેતો આરુષ શનિવારે સાંજે રસ્તા પર રમી રહ્યો હતો. દરમિયાન ભૂષણ ગોલે કાર રિવર્સ લઇ રહ્યો હતો ત્યારે બાળક તેની અડફેટમાં આવી ગયો હતો. અકસ્માત બાદ કારચાલક ઘટનાસ્થળેથી ફરાર થયો નહોતો. કારચાલક વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. ■

# કલ્યાણ કેસઃ અખિલેશ શુકલાની ખાનગી કાર જપ્ત

થાણેઃ થાણેના કલ્યાણ વિસ્તારમાં કથિત રીતે તેના મરાઠી ભાષી પડોશીઓ પર હુમલો કરવા અને સમુદાય આધારિત દુર્વ્યવહાર કરવા બદલ પકડાયેલ સરકારી કર્મચારીની ખાનગી કારને મહારાષ્ટ્ર પરિવહન સત્તાવાળાઓએ પીળા રંગની લાઇટ લગાવવા બદ્દલ જપ્ત કરી હતી, એમ એક અધિકારીએ જણાવ્યું હતું.

૧૮ ડિસેમ્બરના રોજ, મહારાષ્ટ્ર ટૂરિઝમ ડેવલપમેન્ટ કોર્પોરેશનના કર્મચારી અખિલેશ શુક્લા અને અન્ય કેટલાક લોકોએ તેમના રહેણાંક સંકુલમાં નજીવી દલીલ પર એક પરિવાર પર હુમલો કર્યો હતો. આ ઘટનાના વાયરલ વીડિયોને કારણે રાજ્યમાં મરાઠી ભાષી લોકોના અપમાનને લઈને મહારાષ્ટ્ર વિધાનસભામાં હોબાળો થયો હતો.

''શુક્લાને સત્તા વિના પીળા રંગની લાઇટનો ઉપયોગ કરવા બદલ રૂ. ૯,૫૦૦નો દંડ ફટકારવામાં આવ્યો હતો. તેમના વાહનમાં માન્ય વીમો અથવા પોલ્યુશન અંડર કંટ્રોલ (પીયુસી) પ્રમાણપત્ર પણ નહતું. તેના વાહન પર મહારાષ્ટ્ર સરકાર લખેલી પ્લેટ પણ હતી. મોટર વાહન નિરીક્ષકો રોહિત પવાર અને પ્રિયંકા ટેપલની બનેલી આરટીઓ ટીમ દ્વારા શુક્રવારે વાહન જપ્ત કરવામાં આવ્યું હતું, એમ નાયબ પ્રાદેશિક પરિવહન અધિકારી આશુતોષ બરકુલ જણાવ્યું હતું.

શુક્લા, તેના સહયોગીઓ સુમિત જાધવ અને રંગા ઉર્ફે દર્શન બોરાડેની શુક્રવારે ધરપકડ કરવામાં આવી હતી, જ્યારે અન્ય આઠને પોલીસ શોધી રહી છે. ■

# મહારાષ્ટ્ર સ્વાસ્થ્ય સંગઠનોના બેહાલ, દરેક સ્તરે સ્ટાફની અછતઃ કૅગ

નાગપુરઃ મહારાષ્ટ્રમાં આરોગ્ય વિભાગ હેઠળની આરોગ્ય સંભાળ સંસ્થાઓના દરેક સ્તરે માનવશક્તિની અછત અને માળખાગત સુવિધાઓ પર વધુ પડતો બોજ એ મુખ્ય ચિંતાઓ છે જે કૅગ દ્વારા તેના ઓડિટ રિપોર્ટમાં ઉઠાવવામાં આવી છે.

કમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલે (કૅગ) નોંધ્યું છે કે વિશાળ વસ્તીને પર્યાપ્ત અને ગુણવત્તાયુક્ત આરોગ્ય સેવાઓ પૂરી પાડવા માટે મજબૂત આરોગ્ય સંભાળ માળખા અને સેવાઓની જરૂર છે.

૨૦૨૩-૨૦૨૪ માટેનો ઓડિટ રિપોર્ટ શનિવારે વિધાનસભામાં રજૂ કરવામાં આવ્યો હતો.

રાજ્ય આરોગ્ય વિભાગ હેઠળનાં પ્રાથમિક અને માધ્યમિક આરોગ્ય કેન્દ્રોમાં ડોકટરો, નર્સો અને પેરામેડિકલ સ્ટાફની અછત અનુક્રમે ૨૨ ટકા, ૩૫ ટકા અને ૨૯ ટકા હતી.

મહિલા હોસ્પિટલો માટે પ્રાથમિક અને માધ્યમિક આરોગ્ય કેન્દ્રમાં ડોકટરો, નર્સો અને પેરામેડિકલ સ્ટાફની અછત અનુક્રમે ૨૩ ટકા, ૧૯ ટકા અને ૧૬ ટકા હતી. નિષ્ણાત ડોક્ટરોની કેડરમાં આ અછત ૪૨ ટકા છે.

કૅગે જણાવ્યું હતું કે આરોગ્ય વિભાગ અને તબીબી શિક્ષણ અને મેડિસિન વિભાગમાં ડોકટરો, નર્સો અને પેરામેડિક્સની એકંદર અછત અનુક્રમે ૨૭ ટકા, ૩૫ ટકા અને ૩૧ ટકા હતી.

ઓડિટમાં માનવશક્તિની ઉપલબ્ધતામાં પ્રાદેશિક અસમાનતા પણ જોવા મળી હતી.

તેવી જ રીતે, આરોગ્ય વિભાગ અને તબીબી શિક્ષણ અને મેડિસિન વિભાગ હેઠળના ટ્રોમા કેર સેન્ટરોમાં ખાલી જગ્યાઓ અનુક્રમે ૨૩ ટકા અને ૪૪ ટકા હતી.

કૅગએ જણાવ્યું હતું કે આયુષ કોલેજો અને હોસ્પિટલોમાં ડોકટરો, નર્સો અને પેરામેડિકલ સ્ટાફની ખાલી જગ્યાઓ અનુક્રમે ૨૧ ટકા, ૫૭ ટકા અને ૫૫ ટકા છે.

ભારતીય જાહેર આરોગ્ય ધોરણો (આઈપીએચએસ), ૨૦૧૨ મુજબ, આરોગ્ય વિભાગ હેઠળ ડોકટરોની મંજૂર સંખ્યા જરૂરિયાત કરતાં ૧૭ ટકા ઓછી હતી.

કૅગના અહેવાલમાં સરકારને આરોગ્ય ક્ષેત્રમાં ખાલી જગ્યાઓ સમયમર્યાદામાં ભરવાનું કહેવામાં આવ્યું હતું, જેથી લોકોને શ્રેષ્ઠ અને ગુણવત્તાયુક્ત આરોગ્ય સેવાઓ પૂરી પાડી શકાય. તેમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે સરકાર આઈપીએચએસની ભલામણને આધારે વિભાગ હેઠળ ડોકટરોની મંજૂર સંખ્યા પણ વધારી શકે છે.

કૅગએ જણાવ્યું હતું કે આઈપીએચએસમાં નિર્ધારિત ધોરણો કરતાં વધુ વસ્તીને પૂરી પાડતી આરોગ્યસંભાળ કેન્દ્રોની અછતને કારણે જાહેર આરોગ્ય માળખા પર વધુ પડતો બોજ આવી રહ્યો છે.

ઓડિટમાં નોંધાયું હતું કે માસ્ટર પ્લાન (જાન્યુઆરી ૨૦૧૩ અને જૂન ૨૦૧૪) મુજબ નવી આરોગ્યસંભાળ કેન્દ્રોના નિર્માણ માટે ૭૦ ટકા અને આરોગ્યસંભાળ કેન્દ્રોને અપગ્રેડ કરવા માટે ૯૦ ટકા કામ સપ્ટેમ્બર ૨૦૨૨ સુધીમાં પૂર્ણ થયું નથી.

તેમાં કહેવામાં આવ્યું છે કે જૂન, ૨૦૧૫માં ૩૧.૯૧ કરોડ રૂપિયાના ખર્ચે બાંધવામાં આવેલી સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ (ફેઝ-૨), અમરાવતી ત્રણ વર્ષથી વધુ સમય માટે બિનઉપયોગી રહી. વધુમાં, માસ્ટર પ્લાનમાં સમાવિષ્ટ ૪૩૩ કામો જમીનની ઉપલબ્ધતાને કારણે શરૂ થઈ શક્યા નથી.

કૅગએ જણાવ્યું હતું કે હોસ્પિટલોમાં આઉટ-પેશન્ટ ડિપાર્ટમેન્ટ (ઓપીડી) સેવાઓ અપૂરતી હતી, સાત પસંદ કરેલા જિલ્લાઓમાં ૯૩ ટકા ગ્રામીણ હોસ્પિટલોમાં ફક્ત એક જ નોંધણી કાઉન્ટર છે જ્યારે નિયમો મુજબ બે નોંધણી કાઉન્ટર જરૂરી છે.

તેમાં કહેવામાં આવ્યું છે કે ૨૬ ટકા ડોકટરો દર્દીઓની ન્યૂનતમ સંખ્યા કરતા બમણાથી વધુ દર્દીઓની સારવાર કરી રહ્યા છે.વધુમાં, ઘણી જિલ્લા હોસ્પિટલો, મહિલા હોસ્પિટલો અને મેડિકલ કોલેજો સાથે જોડાયેલી હોસ્પિટલોમાં ઘણી વિશેષજ્ઞ ઓપીડી સેવાઓ ઉપલબ્ધ નહોતી. ઓડિટમાં રેડિયોલોજી અને ઇમેર્જિંગ સેવાઓની ઉપલબ્ધતાનો અભાવ પણ જોવા મળ્યો.કૅગએ જણાવ્યું હતું કે કેન્દ્રીય ખરીદી (૨૦૧૬-૧૭ થી ૨૦૨૧-૨૨) સંબંધિત સાત પસંદ કરેલા જિલ્લાઓના ઇ-ઔષધિ ડેટાના પરીક્ષણ વિશ્લેષણમાં સિસ્ટમમાં દાખલ કરાયેલ દવાની વિગતોમાં ભૂલો જોવા મળી હતી. સરકાર સપ્લાય કરેલી વસ્તુઓ પર હાજર બાર કોડમાંથી દવાની વિગતો આપમેળે મેળવવાનું વિચારી શકે છે. ■

### ડ્રગ્સ પ્લાન્ટ કરવાનો કેસ

# વાકોલાના ચાર પોલીસ સામે ગુનો

મુંબઈઃ સાંતાક્રુઝ પૂર્વના કાલિના ખાતે એક નિર્દોષના ઘરમાં ડ્રગ્સ મૂકીને તેને ફસાવવાનો પ્રયાસ કરવાના ૩૦ ઑગસ્ટમાં બનેલા મામલામાં વાકોલા પોલીસે ચાર પોલીસ કર્મચારીઓ વિરુદ્ધ ગુરુવારે ગુનો દાખલ કર્યો હતો. આરોપીઓમાં પોલીસ સબ-ઇન્સ્પેક્ટર વિશ્વનાથ ઓંબળે અને કોન્સ્ટેબલ ઇમરાન શેખ, સાગર કાંબળે તથા શિંદેનો સમાવેશ છે.

એફઆઇઆર અનુસાર કાલિનાના રહેવાસી અને ફરિયાદી ડાયલેન ઇસ્ટબેરો (૩૧)ના ઘરમાં તેના બાળપણનો મિત્ર શાહબાઝ ખાન ૩૦ ઑગસ્ટે સાંજે સૂતો હતો, જ્યારે શાહબાઝના ઘરની પાછળ ડાયલેન સોફા પર બેઠો હતો.

એ સમયે ચાર જણ ત્યાં આવ્યા હતા અને ડાયલેનને કહ્યું હતું કે તેની પાસે ડ્રગ્સ છે. ચારેય જણે શાહબાઝ વિશે પણ પૂછપરછ કરી હતી. ત્યાર બાદ એક શખસે નાની થેલીમાં સફેદ પદાર્થ ચૂપચાપ ડાયલેનના પાછળના ખીસામાં મૂકી દીધું હતું. ડાયલેને જ્યારે પૂછ્યું કે તેના ખીસામાં શું મૂકવામાં આવ્યું છે, ત્યારે શખસ તેના પર એમડી ડ્રગ્સ રાખવાનો આરોપ કર્યો હતો અને તે ડ્રગ્સ ક્યાથી લાવ્યો એવું પૂછ્યું હતું.

ચારમાંથી એક જણે હાથકડી બતાવી ત્યારે ડાયલેનને સમજાઇ ગયું હતું કે એ ચારેય જણ પોલીસ કર્મચારી છે. ડાયલેનને બાદમાં ખાનગી વાહનમાં લઇ જવાયો હતો અને પ્રવાસ દરમિયાન બે જણે તેની મારપીટ કરી હતી. તેઓ ડાયલેનને ખારદાંડા ખાતેની પોલીસ ચોકીમાં લાવ્યા હતા, જ્યાં પણ પટ્ટા અને લાઠીથી તેની મારપીટ કરાઇ હતી અને શાહબાઝે તેને ડ્રગ્સ આપ્યું હતું એવું કબૂલ કરવા માટે દબાણ કર્યું હતું. જોકે ડાયલેને તેમની વાત માનવાનો ઇનકાર કર્યો હતો.

બાદમાં એક જણે ડાયલેનના પિતાને કૉલ કરીને પુત્રને લઇ જવા માટે કહ્યું હતું. ડાયલેન રિક્ષામાં રાતે આવ્યા બાદ શાહબાઝે તેને વાયરલ સીસીટીવી ફૂટેજ બતાવ્યું હતું, જેમાં પોલીસ કર્મચારી ડાયલેનના ખીસામાં ડ્રગ્સ મૂકતો નજરે પડે છે. દરમિયાન આ અંગે તપાસ કરાતાં ચારેય પોલીસ ખાર પોલીસ સ્ટેશનમાં કાર્યરત હોવાનું જણાયું હતું. આથી ડાયલેને વાકોલા પોલીસ સ્ટેશનમાં આ અંગે ફરિયાદ નોંધાવી હતી. ■

## પારસી મરણ

ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.

## હિન્દુ મરણ

**નાઘેર દશા શ્રીમાળી વણિક**

વાવરડા નિવાસી હાલ કાંદિવલી સ્વ. શશીકાન્ત મનોરદાસ સગાળીયા તથા ગં. સ્વ. ભારતી શશીકાન્ત સગાળીયાના પુત્ર મેહુલ (ઉં. વ. ૪૦) તા. ૨૦-૧૨-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. તે શૈલેશ મનોરદાસ સગાળીયાના ભત્રીજા. ગં. સ્વ. રમાબેન મનોરદાસ સગાળીયાના પૌત્ર. હીરેનના ભાઇ. નેહા દીનેશ સગાળીયાના જેઠ. જય, જીતના મોટા પપ્પા. તે કલ્પનાબેન, રક્ષાબેન, ચેતનાબેન, ગીતાબેનના ભત્રીજા. સ્વ. રોહીતભાઇ, સુધીરભાઇ, સંધ્યાબેન, નયનાબેનના ભાણેજ. પ્રાર્થનાસભા તા. ૨૨-૧૨-૨૪ના સાંજે ૪થી ૬. ઠે. લોહાણા મહાજનવાડી, શંકર મંદિરની પાસે, એસ.વી. રોડ, કાંદિવલી (વેસ્ટ).

**કપોળ**

ડેડાણવાળા હાલ દહીંસર સ્વ. મંગળાબેન મોહનલાલ મોદીના પુત્ર રમેશચંદ્ર મોદી (ઉં. વ. ૭૮) તા. ૨૧-૧૨-૨૪ના શનિવારના શ્રીજીચરણ પામેલ છે. તે હર્ષદાબેનના પતિ. સ્વ. વિરલ-પ્રણય-જયશ્રીના પિતાશ્રી. સ્વ. ભૂપેન્દ્રભાઇ, ભાનુબેન ધીરજલાલ ગોરડીયાના નાનાભાઇ. માહી, હમીદ ખાનના સસરા. કશીશના દાદા. સ્વ. છોટાલાલ વલ્લભદાસ મહેતાના જમાઇ. સર્વે લૌકિક પ્રથા બંધ રાખેલ છે. ઠે. ૧૦૭, વીરાણી ટાવર, એસ. વી. રોડ, દહીંસર (ઇસ્ટ).

**હાલાઇ લોહાણા**

થાણા દેવળીવાળા હાલ બોરીવલી જયંતીલાલ રાજા (ઉં. વ. ૮૩) તે સ્વ.પ્રભુદાસ કાનજીભાઈ રાજાના દીકરા. સ્વ.નલિનીબેનના પતિ. વિમલ, કલાવતી બિપીન પલણના પિતા. સ્વ.ઝવેરીલાલ (ભગતભાઈ), ગં. સ્વ. કુસુમબેન જયંતકુમાર દાવડા, સ્વ.વર્ષાબેન રમેશકુમાર કેશરીયાના ભાઈ. રમેશચંદ્ર તથા કૃષ્ણકાંત ચંદારાણાના બનેવી. ૨૦/૧૨/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા ૨૩/૧૨/૨૪ના ૪ થી ૫. મારવાડી ચાલ, રૂમ નં. ૭, દત્તપાડા ફાટક રોડ, બોરીવલી ઈસ્ટ.

**દશા સોરઠીયા વણિક**

ખોરસા નિવાસી હાલ કાંદિવલી સ્વ.પ્રાણલાલ પ્રભુદાસ સેલારકાના ધર્મપત્ની ગં.સ્વ.મંજુલાબેન સેલારકા (ઉં. વ. ૮૨) તે નયના, કૌશિક તથા મીનાના માતુશ્રી. જયેન્દ્ર કોઠારી, કવિતા ધર્મેશ શાહના સાસુ. સ્વ.જેન્તીભાઇ, સ્વ.ચંપાબેન રતિલાલ ધ્રુવ, સ્વ.કંચનબેન ગોરધનદાસ શાહના ભાઈના પત્ની. પિયરપક્ષે સ્વ.ચંપકભાઈ બેચરદાસ કાપડિયા, સ્વ.બાલુભાઇ, સ્વ.રમણીકભાઇ, સ્વ.કાંતિભાઈ, સ્વ.સૂર્યકાન્તભાઈ તથા સ્વ.વિનુભાઈ ખોરાસાવાળાના બહેન. શુક્રવાર ૨૦/૧૨/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી વૈષ્ણવ વણિક**

માંગરોળ નિવાસી હાલ અંધેરી ગં.સ્વ.દીનાબેન (ઉં. વ. ૮૨) ૧૯/૧૨/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. સ્વ.શરતકુમાર વરજીવનદાસ શાહના ધર્મપત્ની. અર્ચના જતીન મેસવાની, દીપ્તિ સંદીપભાઈ દેસાઈ, જીગરના માતુશ્રી. ક્રિષા, દિશા, ધ્રુવીના નાની. સ્વ.ગુણવંતીબેન મનસુખલાલ ભગતના દીકરી. દિલીપ, હરીશ, રાજીવ, સ્વ.પ્રજ્ઞા પારેખના બહેન. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**શિહોર સંપ્રદાય ઔદિચ્ય અગિયારશે બ્રાહ્મણ**

ગામ ઉસરડ નિવાસી હાલ મલાડના કિર્તીકુમાર જાની (ઉં. વ. ૭૯) તે સ્વ.શાંતાબેન પ્રભાશંકર જાનીના પુત્ર. સ્વ.ભુપતરાય માવજી બધેકાના જમાઈ. સ્વ.લીલાબેનના પતિ. સાગર, અમી ઘનશ્યામભાઈ ભટ્ટના પિતા. સ્વ.દયાશંકર, સ્વ.ચંદ્રકાંત, સ્વ.જીતેન્દ્રભાઈના ભાઈ. ૧૮/૧૨/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ છે.

## જૈન મરણ

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

તા. ૨૦-૧૨-૨૪ શુક્રવારના વિરલભાઇ દોશી તે સુશીલાબેન દિનેશભાઇ દોશીના સુપુત્ર (ઉં. વ. ૫૨) હાલ પાર્લા ખાતે અવસાન થયેલ છે. હેમાલીબેનના પતિ. વીધીનાં પિતા. મોનાલીબેન તથા સેજલબેનનાં ભાઇ. રંજનબેન સુરેશભાઇના જમાઇ. મોસાળ પક્ષે મહેન્દ્રભાઇ જેઠાલાલ રામાણી. પ્રાર્થનાસભા ઠે. શ્રી ખડાયતા ભુવન, ૩૨, હનુમાન રોડ, લેકમે શો રૂમની ઉપર, પાર્લે ટીળક સ્કૂલની બાજુમાં પાર્લે, (ઇસ્ટ). રવિવાર, તા. ૨૨-૧૨-૨૪, બપોરે ૩-૩૦થી ૫.

**દશા શ્રીમાળી જૈન**

સરધાર નિવાસી સ્વ. પદમાબેન ભૂપતરાય વોરાના દીકરા. નિપાણી નિવાસી સ્વ. રેખાબેન મણિલાલ મહેતાના જમાઇ. હાલ કાંદિવલી ડો. સ્મિતા પ્રકાશ વોરાના પતિ. ડો. પ્રકાશ ભૂપતરાય વોરા (ઉં. વ. ૭૩) પાર્થ વોરા અને સૌમ્ય વોરાના પિતા. સુજાતા અને પૂજાના સસરા. ત્રિશા, આર્યા અને આરોહીના દાદા. સ્વ. સરોજબેન બદાણી, ગીતાબેન નિરંજન શાહ, બ્રહ્માકુમારી મીરાબેન, બહ્માકુમારી યોગીનીબેન અને સંધ્યાબેનના ભાઇ તા. ૨૦-૧૨-૨૪ના અરિહંતશરણ પામ્યા છે. બન્ને પક્ષ તરફથી લૌકિક વ્યવહાર બંધ છે.

**ઝાલાવાડી વીશા શ્રીમાળી જૈન**

બોટાદ નિવાસી હાલ અમેરિકામાં રજનીકાંત મોતીલાલ દોશી (ઉં. વ. ૮૦) તે સુમિત્રાબેનના પતિ. તે કાજલ કેતનભાઈ કામદારના પિતાશ્રી. ચિ.અનુજના નાના. તે સુધાબેન હેમેન્દ્રકુમાર ધ્રુવ, બીનાબેન મહેશભાઈ કોઠારીના ભાઈ તથા કાંતિલાલ પ્રેમચંદ માથકીયાના જમાઈનું દેહપરિવર્તન તા.૧૨-૧૨-૨૦૨૪ના થયેલ છે. લૌકિક વ્યવહાર તેમજ પ્રાર્થનાસભા બંધ રાખેલ છે.

**કચ્છી ગુર્જર સમુદાય જૈન**

માંડવી નિવાસી હાલ વિલેપાર્લે મુંબઈ, કલાવતીબેન ગીરીશભાઈ મહેતા (ઉં. વ. ૭૮) સ્વ. ગિરીશભાઈ મગનલાલ મહેતાના પત્ની. સ્વ. જયાબેન અને સ્વ. ઝવેરલાલ શંભુલાલ સંઘવી (મેંગલોર)ના પુત્રી. તુષાર અને પરાગના માતા. લોપા અને સ્નેહાના સાસુ. પારમી, રૂષભ અને અમનના દાદી. ૧૯-૧૨-૨૦૨૪ ના રોજ અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા ઓસવાલ દેરાવાસી જૈન**

પાટણ - કોકાના પાડાના નિવાસી હાલ તારદેવ મુંબઈ સેન્ટ્રલ બાપુલાલ નાગરદાસના સુપુત્રી, વિદ્યાબેન પ્રવિણચન્દ્ર શાહ. (ઉં. વ. ૯૫) તા.૨૦/૧૨/૨૪ના શુક્રવાર દેવગત થયેલ છે. પ્રતિભાબેન, સંગીતાબેન, જયશ્રીબેન અને હિતેશભાઈના માતા. સ્વ.મહેશકુમાર, જિતેન્દ્રકુમાર, અશોકકુમાર અને મનીષાબેનના સાસુ. રાહુલ, પાયલના દાદી. લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

બોટાદ નિવાસી હાલ બોરીવલી સ્વ. કાંતિલાલ દામોદરદાસ ગાંધીના ધર્મપત્ની રંજનબેન (ઉં. વ. ૭૮) શનિવાર, તા. ૨૧-૧૨-૨૪ના અરિહંત શરણ પામેલ છે. તે વિપુલ-અલકા, પ્રશાંત-દિપ્તી, અપૂર્વ-અલ્પાના માતૃશ્રી. તે હસ્તી, વિધિ, વૃષ્ટિ, વિરાજ, ધ્રુવી, રાજ, રુષભના દાદી. તેઓ સ્વ. નંદલાલભાઈ, સ્વ. મનહરલાલભાઈ, સ્વ. નરેન્દ્રભાઈના ભાભી. તે ધાંગધ્રાનિવાસી શેઠશ્રી કપૂરચંદ મંગળજી કોઠારીના સુપુત્રી. તે પ્રવિણભાઈ, સ્વ. ચંપકભાઈ, ધીરુભાઈ, સ્વ. કનકબેન, રેખાબેનના બેન. બંને પક્ષની પ્રાર્થના સભા તા. ૨૨-૧૨-૨૪ ના રવિવારે, બપોરે ૩ થી ૫, શ્રી વર્ધમાન સ્થાનાકવાસી જૈન ઉપાશ્રય, એસ. વી. રોડ, કાંદિવલી વેસ્ટ ખાતે રાખેલ છે.

**બાલાસિનોર મોઢ વણિક સમાજ**

સૂર્યકાંતભાઈ શાહ (ઉં. વ. ૮૩) વનોડા નિવાસી હાલ મુંબઈ સ્વ.હીરાબેન તથા કાંતિલાલ શાહના સુપુત્ર. તે મનોરમાબેન વિઠ્ઠલદાસ શેઠના જમાઈ. ચંદ્રપ્રભાબેનના પતિ. કંચનભાઈ, બીપીનભાઈ, ઇન્દુબેન મુકુંદલાલ, અરુણાબેન કૌશિકભાઈ, સ્વ. લીલાબેન પ્રકાશભાઈના ભાઈ. રાજુલબેન અશ્વિનકુમાર, જેતલ આશિષકુમાર, દિનાબેન (દિવ્યા), ભાવિનના પિતા તા.૧૭/૧૨/૨૦૨૪નાં ન્યુ જર્સી (અમેરિકા) અવસાન પામ્યા છે.

# મહારાષ્ટ્ર સરકાર કામદારોની સલામતી માટે ઔદ્યોગિક રિએક્ટરનાં ધોરણો તૈયાર કરશે

નાગપુરઃ મહારાષ્ટ્ર ઔદ્યોગિક વિભાગ ઔદ્યોગિક રિએક્ટરની તપાસણી માટે ધોરણો અને સિસ્ટમ તૈયાર કરશે, એમ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે શનિવારે વિધાન પરિષદમાં જણાવ્યું હતું.

ફડણવીસે વિપક્ષી નેતા અંબાદાસ દાનવેની ઔદ્યોગિક કામદારોને લગતા વિસ્ફોટો અને અન્ય અકસ્માતોને રોકવા માટે બોઈલરની લાઇન પર રિએક્ટર માટે નીતિ બનાવવાની માગણીનો તેઓ જવાબ આપી રહ્યા હતા.

દાનવેએ છત્રપતિ સંભાજીનગર, મુંબઈ, નાસિક અને અન્ય ઔદ્યોગિક વિસ્તારોમાં આવા અકસ્માતોનો ઉલ્લેખ કર્યો હતો, રિએક્ટરનો ઉપયોગ કરતાં નાનાં એકમોમાં કાર્યરત કામદારોની સલામતી અંગે તેમણે ચિંતા વ્યક્ત કરી હતી.

તેમણે બોઈલરના ધોરણે રિએક્ટરના નિયમન માટે નિયમો અને નીતિઓ ઘડી કાઢવાની માગણી કરી હતી. ફડણવીસે કહ્યું કે રાજ્ય ઔદ્યોગિક વિભાગને તાત્કાલિક ધોરણો ઘડવા અને રિએક્ટરની તપાસણી માટે યંત્રણા સ્થાપિત કરવા માટેના નિર્દેશ કરશે.

ઔદ્યોગિક રિએક્ટર એ એક એવું સાધન છે જેનો ઉપયોગ રસાયણ, ફાર્માસ્યુટિકલ, ખોરાક અને સૌંદર્ય પ્રસાધનો સહિત વિવિધ ઉદ્યોગોમાં રાસાયણિક પ્રતિક્રિયાઓ માટે થાય છે. ■

# દહિસરના ડેબ્રિઝ પ્રોજેક્ટમાં અત્યાર સુધી ૧૬,000 મેટ્રિક ટન કાટમાળ પર પ્રક્રિયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકાએ બાન્દ્રાથી દહિસર સુધીના પશ્ચિમી ઉપનગરોને આવરી લેતા કોંકણી પાડા, દહિસરમાં સાયન્ટિફિક કન્સ્ટ્રક્શન ઍન્ડ ડિમોલિશન વેસ્ટ રિસાઈકિલંગ પ્લાન્ટ ચાલુ કર્યો છે. ૬૦૦ ટનની ડેબ્રિઝની પ્રક્રિયા દૈનિક કરવાની ક્ષમતા સાથે પ્લાન્ટનો હેતુ કાટમાળને ફરીથી વાપરી શકાય તેવી સામગ્રીમાં રિસાઈકલ કરવાનો છે. પાલિક ૫૦૦ કિલો સુધીનો કાટમાળ લઈ જવાની મફત સુવિધા આપે છે, જેમાં ઉપરના વધારાના ૫૦ કિલોગ્રામ દીઠ ૧૦ રૂપિયા ચૂકવવા પડે છે. પાલિકાને વિનંતી કરવાના ૪૮ કલાકની અંદર કાટમાળ ઉપાડવામાં આવે છે. પાલિકાના આ પ્લાન્ટમાં કાટમાળનો રિસાઈકલ કર્યા બાદ રેતીનો ઉપયોગ પેવર બ્લોક, બેન્ચ અને ડિવાઈડર બનાવવા તેમ જ બિન-માળખાકીય ઉપયોગ માટે થાય છે. બીએમસીએ દરરોજ ૬૦૦ ટન કાટમાળને રિસાઈકલ કરવા માટે બે પ્લાન્ટ સ્થાપ્યા છે.

ચાર નવેમ્બરથી કાર્યરત દહિસરના પ્લાન્ટમાં ૧૬,૦૦૦ ટન કાટમાળનું રિસાઈકલ કરવામાં આવ્યું છે.

પાલિકાના ડેપ્યુટી કમિશનર (સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ) એ નવી ચાલુ કરવામાં આવેલી 'ડેબ્રિઝ ઓન કોલ' સર્વિસ વિશે જણાવ્યુ હતું કે હાલમાં આ યોજના પ્રયોગિક તબક્કામાં છે. એક વખત કોલ આવે ત્યાર પછી જુનિયર સુપરવાઈઝર સાઈટનુ ઈન્સ્પેક્શન કરે છે અને અંદાજ મેળવે છે અને મોબાઈલ ઍપના માધ્યમથી રિકવેસ્ટને મંજૂર કરે છે અને તેના માટેના ચાર્જ ચાલુ કરે છે. તેમ જ નાગરિકોને ઍપ અને વોટ્સએપના માધ્યમથી તેમની રિકવેસ્ટને મંજૂર કરવામાં આવી હોવાનું જાણ કરવામાં આવે છે. પૈસા ભરવાના ૪૮ કલાકની અંદર કાટમાળને ઉપાડી લેવામાં આવે છે. નાગરિકો તરફથી આવતા પ્રતિસાદનો ઉપયોગ આ સર્વિસને સુધારવા માટે કરવામાં આવશે.

અન્ય ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ કાટમાળને વ્યવિસ્થિત રીતે ભેગો કરીને સુરક્ષિત રીતે ટ્રાન્સપોર્ટેશન કરીને દહિસરમાં સાઈટ સુધી લઈ જવામાં આવે છે. પર્યાવરણના તમામ નિયમોનું પાલન યોગ્ય રીતે કરીને કચરાને ભેગો કરવો, રિસાઈકલ કરવા તથા તેનો સુરક્ષિત રીતે નિકાલ કરવા તથા રિસાઈકલિંગ પ્લાન્ટમા અત્યાધુકિન પ્રોસેસિંગ સાધનનો ઉપયોગ કરવામાં આવે છે. ■

### સવા મહિનામાં ૨૨૦ કોલ

સુધરાઈના ૧૮૦૦-૨૧૦-૯૯૭૬ ટોલ ફ્રી નંબર પર અત્યાર સુધી ૨૨૦ કોલ આવી ગયા છે અને તેમાંથી લગભગ ૫૪ મેટ્રિક ટન કાટમાળ ભેગો કરવામાં આવ્યો છે. શહેર અને પૂર્વ ઉપનગર માટે ૮૦૦-૨૦૨-૬૩૬૪ અને પશ્ચિમ ઉપનગર માટે ૧૮૦૦-૨૧૦-૯૯૭૬ નંબર જાહેર કરવામાં આવ્યો છે. ટોલ ફ્રી પર આવેલા નંબર બાદ અત્યાર સુધી ૫૪ મેટ્રિક ટન કચરો જમા કરવામાં આવ્યો છે.

છેલ્લા પાનાનું ચાલુ

### વેસ્ટર્ન ઍરપોર્ટ

લાંબી લાઇનો જોવા મળી હતી અને કલાકો સુધી વાહનો એક જ જગ્યાએથી આગળ ખસ્યા પણ નહોતા. ટ્રાફિકમાં અટવાયેલા અનેક વાહનચાલકોએ પોતાની વ્યથા સોશિયલ મીડિયા પર વ્યક્ત કરી હતી. નેટિઝનોએ આ ટ્રાફિક જૅમનો મુદ્દો 'એક્સ' પર બહુ ગજાવ્યો હતો અને તેના ફોટા પણ શેર કર્યા હતા.

ટ્રાફિક પોલીસ કન્ટ્રોલ રૂમ તરફથી જણાવાયું હતું કે ભાજપના નેતા આશિષ શેલાર, જેઓ હાલમાં પ્રધાન બન્યા છે, તેઓ એરપોર્ટ પર આવ્યા હતા અને મોટી સંખ્યામાં તેમના સમર્થકો હોવાથી ભીડ જામી હતી, પરંતુ આ ટ્રાફિક જૅમ આ ભીડને કારણે થયો હોવાનું હજી સ્પષ્ટ થયું નથી.

બીજી તરફ ટ્રાફિક સહાર ડિવિઝનના પોલીસ ઇન્સ્પેન્ક્ટર તાંદળેએ જણાવ્યું હતું કે વેસ્ટર્ન એક્સપ્રેસ હાઇવે પર ટ્રાફિક જૅમની સમસ્યા સર્જાઇ છે એ અંગે અમને જાણ છે, પરંતુ આ ટ્રાફિક શા માટે સર્જાયો તેનું કારણ હજી જાણવા મળ્યું નથી. અમે આ વિશે તપાસ કરી રહ્યા છે અને ટ્રાફિક જૅમ દૂર કરવાના પણ પ્રયાસ કરાઇ રહ્યા છે. ■

### ટ્રેનો બંધ

કરવાનું કામ બે તબક્કામાં હાથ ધરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે, એમ રેલવે અધિકારીએ જણાવ્યું હતું.

પ્રથમ તબક્કામાં સ્લો-ફાસ્ટ અપ અને ડાઉન લાઇનના જૂના ૯.૫ મીટર લંબાઇના ગર્ડર દૂર કરવામાં આવષે. તેની જગ્યાએ ૨૪.૫ મીટરના નવા ગર્ડર બેસાડવામાં આવનાર છે. ત્યાર બાદ ગર્ડર નીચે સ્ક્રૂ પાયલિંગ તોડવામાં આવશે અને તેની જગ્યાએ આરસીસીનું બાંધકામ કરવામાં આવશે. ચોમાસા પહેલા એપ્રિલ-મે દરમિયાન બીજા તબક્કાનું કામ શરૂ કરવામાં આવશે. ■

### એમવીએમાં તિરાડ?

અંગે) વાતચીત ચાલી રહી છે. કાર્યકરો ઇચ્છે છે કે પાર્ટીએ સ્વબળે ચૂંટણી લડવી જોઈએ, એમ તેમણે કહ્યું હતું. અવિભાજિત શિવસેનાએ ૧૯૯૭થી ૨૦૨૨ સુધી સતત પચીસ વર્ષ સુધી સૌથી શ્રીમંત પાલિકા પર નિયંત્રણ રાખ્યું હતું. સુધરાઈના અગાઉના ચૂંટાયેલા પ્રતિનિધિઓનો કાર્યકાળ માર્ચ ૨૦૨૨ની શરૂઆતમાં સમાપ્ત થયો હતો, અને હવે લગભગ ત્રણ વર્ષ બાદ નવી ચૂંટણીઓ થવાની છે.

રાઉતે એવો દાવો કર્યો હતો કે, મુંબઈમાં પાર્ટીની સત્તા નિર્વિવાદ છે.

'જો અમને મુંબઈમાં (વિધાનસભા ચૂંટણી દરમિયાન) લડવા માટે વધુ બેઠકો મળી હોત, તો અમે જીતી શક્યા હોત,' એમ તેમણે કહ્યું હતું અને દાવો કર્યો હતો કે મુંબઈ જીતવું જરૂરી છે, નહીંતર શહેર મહારાષ્ટ્રથી અલગ થઈ ગયું હોત.

શિવસેનાએ મુંબઈમાં ૨૪ બેઠકો પર ચૂંટણી લડી હતી અને ૧૦ બેઠકો જીતી હતી, જ્યારે કોંગ્રેસે ૧૦ બેઠકો પર ઉમેદવારો ઉભા રાખ્યા હતા અને ચાર બેઠકો જીતી હતી, અને એનસીપી (એસપી) એ બે બેઠકો પર ચૂંટણી લડી પણ બેઠકો જીતવામાં અસફળ રહી હતી. 'જ્યારે (અવિભાજિત) શિવસેના ભાજપ સાથે (યુતિમાં) હતી, ત્યારે પણ અમે મુંબઈ સુધરાઈ અને અન્ય પાલિકાની ચૂંટણીઓ સ્વતંત્ર રીતે લડી હતી. અમે આવું જ કરવાના રસ્તાઓ શોધવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. એમવીએ પુણે, પિંપરી-ચિંચવડ અને નાસિક મનપામાં અસ્તિત્વમાં રહેશે, એમ તેમણે કહ્યું હતું. અહીં ઉલ્લેખનીય છે કે શિવસેનાના મહાયુતિમાં સામેલ જૂથના નેતા અને નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ ગયા અઠવાડિયે કહ્યું હતું કે શિવસેના શાસક મહાયુતિના ભાગ રૂપે, આવતા વર્ષે યોજાનારી બીએમસીની ચૂંટણીઓ લડશે. 'બીએમસી ચૂંટણીઓ તમામ ૨૨૭ વોર્ડમાં મહાયુતિ (ગઠબંધન) તરીકે લડવામાં આવશે,' એમ શિવસેનાના વડા શિંદેએ કહ્યું હતું. ભાજપ, શિવસેના અને એનસીપી મહાયુતિ ગઠબંધનનો ભાગ છે. ■

### ૪૬ કલાક

ગૃહમંત્રી અમિત શાહ દ્વારા આંબેડકર પર કરાયેલી ટિપ્પણીનો પણ સમાવેશ થાય છે. બંધારણની પ્રતિકૃતિના અપવિત્ર થવાથી પરભણી શહેરમાં તણાવ ઉભો થયો અને હિંસામાં પરિણમ્યો હતો. એક અલગ ઘટનામાં, બીડમાં એક સરપંચની હત્યા કરવામાં આવી, જેનાથી અશાંતિમાં વધારો થયો હતો. રાજ્યનું શિયાળુ સત્ર હવે પૂર્ણ થઈ ગયું છે જ્યારે બજેટસત્ર ત્રીજી માર્ચથી મુંબઈમાં થશે. વિધાનસભાના અધિકારીઓ દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર છ દિવસ કામ થયું તેમાં કુલ ૪૬ કલાક ૨૬ મિનિટનું કામ થયું હતું. રોજ સરેરાશ ૭.૪૪ કલાક વિધાનસભ્યોએ કામ કર્યું હતું. સરકારે આ અધિવેસનમાં કુલ ૧૫ ખરડા માંડ્યા હતા, જેમાંથી ૧૩ને મંજૂરી આપવામાં આવી હતી, જ્યારે એક સંયુક્ત સમિતિ પાસે મોકલવામાં આવ્યો હતો અને એક પેન્ડિંગ છે. વિધાન પરિષદમાં ચાર ખરડા મંજૂર કરવામાં આવ્યા હતા. વિધાનસભામાં સરેરાશ હાજરી ૭૨.૯૦ ટકા હતી. ■

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

## સંસ્થા સમાચાર

### રાજકોટમાં ધીરગુરુદેવનો ૨૫ ડિસે.ના બુધવારે મંગલપ્રવેશ સમારોહ



મુંબઈ: શ્રી ઈન્દ્રપ્રસ્થનગર સ્થાનકવાસી જૈન સંઘ - રાજકોટના ઉપક્રમે ગોંડલ સંપ્રદાયના પૂ. શ્રી ધીરગુરુદેવ અને પૂ. નયનાજી મહાસતીજી આદિ ઠાણા કોલકાતાનું યશસ્વી ચાતુર્માસ સંપન્ન કરી જમશેદપુર, રાયપુર, ઈન્દોર, અમદાવાદ થઈ તા. ૨૫-૧૨ને બુધવારના સવારે ૭.૩૦ કલાકે ગાર્ડન રેસ્ટોરન્ટવાળા રૂપાબેન માંડણભાઈ કરણાભાઈ માલધારીના ગૃહાંગણેથી સકલ સંઘ સહિત પંચવટી સોસાયટી મેઈન રોડ ખાતે જીતુભાઈ બેનાણીના રાજપથ બિલ્ડિંગના પટાંગણે પધાર્યા બાદ ૮.૦૦ થી ૯.૦૦ કલાકે અમેરિકાના મહેશભાઈ વાઘરના પ્રમુખપદે સ્વાગત સમારોહ યોજાશે.

અમદાવાદ - બોપલમાં ૨૧ કરોડના ખર્ચે નિર્માણાધીન ધર્મસંકુલમાં તા. ૧૯-૧૨ના પૂ. ગુરુદેવનું પદાર્પણ થતાં મેહુલભાઈ ધોળકીયાએ સ્વાગત કરેલ. જીવદયા કળશનો લાભ પ્રફુલ તલસાણીયા અને નિલેશ પાટડીવાળાએ લીધેલ. સાતાકારી પાટનો અનેક દાતાઓએ લાભ લઈને શય્યાદાન મહાદાનના સૂત્રને સાર્થક કરેલ.

શાસન પ્રગતિ - નિર્માણ અંકની લોકાર્પણ પ્રફુલભાઈ તલસાણીયા વગેરેના હસ્તે કરાયેલ.

આગામી ૨૨ જૂન, ૨૦૨૫ના ધર્મસંકુલની ઉદ્ઘાટનવિધિ અને પૂ. ધીરગુરુદેવનો ચાતુર્માસ પ્રવેશ ઘોષિત કરાતાં ઉમંગ છવાયો હતો.

### પેઈન્ટિંગ્સના પ્રદર્શન 'ફલક'નો આજે છેલ્લો દિવસ



મુંબઈ: આંખો ઘણી વાતો કહી જતી હોય છે. આનંદ સાથે વેદના પણ વ્યક્ત કરે છે. આવી જ લાગણીઓ વ્યક્ત કરે છે 'ફલક' પેઈન્ટિંગ પ્રદર્શન. આ પેઈન્ટિંગ પ્રદર્શનમાં તૃતિયપંથી સમુદાયના કલાકારોની ચિત્રો પ્રદર્શિત કરવામાં આવ્યા છે. શ્રીદેવી લોંઢે, એશુ જાધવ, ધનુ નેગી, શ્રૃતિ સિંહ, શબ્બો શેખ, સ્વરજ્ઞા, મોનિકા, નિધી મોરે, કાજલ કુર્વા જેવા ચિત્રકારોની પેઈન્ટિંગ્સ 'ફલક' પ્રદર્શનમાં પ્રદર્શિત કરવામાં આવશે. આ પ્રદર્શન શરૂ થઇ ગયું છે અને બાવીસમી ડિસેમ્બર સુધી એટલે કે આજ સુધી બ્રીચ કેન્ડી ખાતેના સિમરોઝા આર્ટ ગેલેરીમાં યોજાયો છે. આવા પ્રદર્શનની કલ્પના ૧૬ વર્ષીય વિદ્યાર્થિની રેના હજારીની છે. રેનાએ તેના ગુરુ સત્યેન્દ્ર રાણેના માર્ગદર્શન હેઠળ સહયોગ આર્ટ ફાઉન્ડેશનની મદદથી આ પ્રદર્શનનું આયોજન કર્યું છે. તૃતીયપંથીઓ સિવાય ઘણા જાણીતા કલાકારોના ચિત્રો પણ અહીં દર્શાવવામાં આવ્યા છે. આ પ્રદર્શનને કારણે તૃતીયપંથીઓ તરફ લોકોનો જોવાનો દૃષ્ટિકોણ બદલશે એવી આસા રેનાએ વ્યક્ત કરી છે.

### વૈકુંઠ દ્વાર દર્શન

ગિરગામ સ્થિત ફણસવાડીમાં આવેલા શ્રી વેંકટેશ દેવસ્થાનના પરિસરમાં ૧૦ જાન્યુઆરી ૨૦૨૫ શુક્રવારના રોજ વૈકુંઠ એકાદશી નિમિત્તે ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. સૃષ્ટિના અનંત અવતારના પ્રતીક વિશ્વરૂપના દર્શન એ દરમિયાન ભક્તોને કરવા મળશે. સવારે છ કલાકે નારાયણ શ્રી વેંકટેશ સાથે શ્રીદેવી અને ભૂદેવીની આકર્ષક રથયાત્રા કાઢવામાં આવશે. સાથે જ વૈદિક વિધિ મુજબ પોંગલ, અભિષેક, પૂજા અને આરતીનો લાભ ભાવિકો લઈ શકશે. સવારે છ કલાકે વૈકુંઠ દ્વાર દર્શનાર્થીઓ માટે ખોલવામાં આવશે. ■

## 'તુમ લડો મૈં બુકે દેકર ઘર જાતા હૂં...', એકનાથ શિંદેએ ઉદ્ધવ ઠાકરેની ઉડાવી મજાક

નાગપુર: વિધાનસભાના શિયાળુ સત્રમાં નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ અંતિમ સપ્તાહના પ્રસ્તાવ પર વિધાન પરિષદમાં જવાબ આપતાં શિવસેના યુબીટીના નેતા ઉદ્ધવ ઠાકરેની નામ લીધા વગર મજાક ઉડાવી હતી અને વિપક્ષી નેતા અંબાદાસ દાનવેને સંબોધીને કહ્યું હતું કે તમે સત્તાધારીઓ સાથે લડી રહ્યા છો અને તમારા નેતા બુકે આપીને જતા રહે છે.

મહાયુતિ દ્વારા લાવવામાં આવેલી કોઈપણ યોજના બંધ કરવામાં આવશે નહીં, એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે લોકોના કલ્યાણ માટે તેઓ નવી યોજનાઓ પણ લાવશે. અંબાદાસ દાનવેને જોઈને એકનાથ શિંદેએ કહ્યું, અંબાદાસ, પહેલાં તમે લડ્યા અને તમારાં કપડાં સાચવ્યા'. હવે 'તુમ લડો મેં બુકે દેકર ઘર જાતા હૂં...' આવી સ્થિતિ છે, એમ તેમણે કહ્યું હતું.

નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ ચર્ચાનો જવાબ આપતાં જોરદાર પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું કે, મહાયુતિની સરકારે અઢી વર્ષમાં રેકોર્ડબ્રેક કામો કર્યા છે. બંધ કરાયેલી તમામ યોજનાઓ શરૂ કરવામાં આવી છે. વિધાનસભાની ચૂંટણીમાં લોકોએ કામ કરનારાઓને ચૂંટ્યા છે. અમે પહેલા પણ કહેતા હતા કે અમે આરોપોનો જવાબ આરોપથી નહીં આપીએ. અમે અમારા કાર્ય દ્વારા જવાબ આપીશું. હવે પણ એ જ કરીશું.

એકનાથ શિંદે પરભણી અને બીડની ઘટનાનો ઉલ્લેખ કર્યો. તેમણે કહ્યું કે, મુખ્ય પ્રધાને શુક્રવારે પરભણી અને બીડને લઈને ગૃહમાં જવાબ આપ્યો છે. તે સ્થળે દોષિતો સામે કાર્યવાહી કરવામાં આવી છે. ■

## મહારાષ્ટ્ર વિધાનસભાનું સત્ર વેડફાયું, કારણ કે ખાતા વગરના પ્રધાનો ચૂપ રહ્યા: વિપક્ષ

નાગપુર: વિરોધ પક્ષોએ શનિવારે એવો આરોપ લગાવ્યો હતો કે મહારાષ્ટ્ર વિધાનસભાનું શિયાળુ સત્ર ફક્ત ઔપચારિકતા ખાતર યોજવામાં આવ્યું હતું કારણ કે ખાતા વગરના પ્રધાનો ખેડૂતો અને અન્ય લોકોના પ્રશ્નોનું નિરાકરણ લાવી શક્યા ન હતા.

નાગપુરમાં સત્રના છઠ્ઠા અને અંતિમ દિવસે એક પત્રકાર પરિષદને સંબોધતા, વિધાન પરિષદના વિપક્ષી નેતા અંબાદાસ દાનવેએ કહ્યું હતું કે સરકારે વિધાનસભામાં ફક્ત જૂની યોજનાઓ અને વચનોનું જ પુનરાવર્તન કર્યું હતું. 'મહાયુતિ સરકાર ૧૫ દિવસ પહેલા રચાઈ હતી અને પ્રધાનમંડળનો વિસ્તાર પણ કરવામાં આવ્યો હતો, છતાં છેક શનિવારે ખાતાઓની ફાળવણી કરવામાં આવી નથી. આ સત્રમાં પ્રધાનો મંત્રાલયો વિના વિધાનસભામાં બેઠા હતા. આ સત્ર માત્ર એક ઔપચારિકતા હતી, એમ પણ દાનવેએ ઉમેર્યું હતું.

તેમણે કહ્યું કે સરકાર ખેડૂતો, કામદારો અને ઉદ્યોગોને આશ્વાસન આપવામાં નિષ્ફળ ગઈ હતી.

પરભણી શહેરમાં બંધારણની પ્રતિકૃતિનું અપમાન, ન્યાયિક કસ્ટડીમાં આરોપીનું શંકાસ્પદ મૃત્યુ, બીડમાં સરપંચની હત્યા અને કલ્યાણમાં મરાઠી પરિવાર પર હુમલાના સંદર્ભમાં દાનવેએ કહ્યું હતું કે સરકાર કાયદો અને વ્યવસ્થા જાળવવામાં નિષ્ફળ ગઈ છે.

બીડની ઘટનાનો મુખ્ય આરોપી ફરાર છે, જ્યારે મહારાષ્ટ્રના લોકો જાણે છે કે તેને કોણ બચાવી રહ્યું છે, એમ દાનવેએ એનસીપીના એક પ્રધાન પ્રત્યે અંગુલિનિર્દેશ કરતાં કહ્યું હતું. તેમણે એવો આરોપ લગાવ્યો હતો કે સરકારે કપાસ, સોયાબીન અને ડાંગરના ખેડૂતોની દુર્દશા દૂર કરવા માટે કોઈ પગલાં જાહેર કર્યા નથી. ■

## ફેરી દુર્ઘટનામાં સાત વર્ષના બાળકનો મૃતદેહ ત્રણ દિવસ બાદ મળ્યો

મુંબઈ: ગેટવે ઓફ ઇન્ડિયાથી પ્રવાસીઓને એલિફન્ટા લઇ જનારી ફેરી સાથે નેવીની સ્પીડ બોટ અથડાતાં થયેલી દુર્ઘટના બાદ ગુમ સાત વર્ષના બાળકનો મૃતદેહ ત્રણ દિવસ બાદ મળી આવ્યો હતો, જેને પગલે હવે દુર્ઘટનાનો મરણાંક પંદર થયો છે.

બાળકની ઓળખ જોહાન મોહંમદ નિસાર અહમદ પઠાણ (૭) તરીકે થઇ હતી. જોહાન પઠાણના મૃતદેહને બાદમાં મુંબઈની જે. જે. હોસ્પિટલમાં મોકલવામાં આવ્યો હતો. જોહાન ગોવાના મ્હાપ્સાનો રહેવાસી હતો અને તે પરિવાર સાથે મુંબઈ ફરવા માટે આવ્યો હતો. ફેરી દુર્ઘટનામાં જોહાનની માતા શફીના પઠાણનું મૃત્યુ થયું હતું.

૧૮ ડિસેમ્બરે એલિફન્ટા જવા નીકળેલી ફેરી ઉરણ નજીક કારંજા ખાતે પહોંચી ત્યારે નેવીની સ્પીડ બોટ તેની સાથે ટકરાઇ હતી. આ દુર્ઘટના બાદ જોહાન અને હંસરાજ ભાટી ગુમ હતા અને નેવી તથા કોસ્ટ ગાર્ડની બોટથી તેમની શોધ ચલાવવામાં આવી હતી. ગુરુવારે રાતે અકસ્માગ્રસ્ત ફેરી નીચેથી હંસરાજ ભાટીનો મૃતદેહ મળી આવ્યો હતો.

જોહાનની છેલ્લા ત્રણ દિવસથી શોધ ચલાવાઇ હતી અને આખરે શનિવારે સવારે તેનો મૃતદેહ ગેટવે નજીકથી મળી આવ્યો હતો.

દરમિયાન મહારાષ્ટ્ર મેરિટાઇમ બોર્ડ (એમએમબી)ના રેકોર્ડ દર્શાવે છે કે ફેરીને ૮૪ પ્રવાસી અને છ ક્રૂ સભ્ય લઇ જવાની પરવાનગી હતી, પણ તે ઓવરલોડ હતી. ■

### સ્પીડ બોટનું હેન્ડલ લૉક થવાથી દુર્ઘટના સર્જાઇ

નેવીની સ્પીડ બોટનું હેન્ડલ લૉક થઇ જવાથી તે ફેરી સાથે અથડાઇ હતી, એવો દાવો નેવીનાં સૂત્રો દ્વારા કરવામાં આવ્યો છે. સ્પીડ બોટના એન્જિનનું ટ્રાયલ ચાલી રહ્યું હતું ત્યારે આ દુર્ઘટના સર્જાઇ હોવાથી તેની ઉપયોગિતા અને ગુણવત્તા બાબતે પ્રશ્ન નિર્માણ થયો છે. નેવીની સ્પીડ બોટનું હેન્ડલ લૉક થવાથી તેને બીજી તરફ વાળી શકાઇ નહોતી અને તે સીધી ફેરી સાથે અથડાઇ હતી, એમ સૂત્રોએ કહ્યું હતું. ■

### ૧૨ ક્ષમતાવાળી નૌકાએ બચાવ્યા ૫૭ના જીવ

જવાહરલાલ નહેરુ પોર્ટ ઓથોરિટીના પાયલટ કેપ્ટન અનમોલ શ્રીવાસ્તવે મુંબઈ દુર્ઘટના માટે મહત્ત્વની માહિતી આપી છે. અકસ્માત બાદ દરિયામાં પ્રવાસીઓની હાલત કેવી હતી એ વિશે પોતાનો અનુભવ જણાવ્યો હતો. કેપ્ટન અનમોલ શ્રીવાસ્તવે ફક્ત ૧૨ લોકોની ક્ષમતાની બોટનો ઉપયોગ કરીને ૫૭ લોકોનાં જીવ બચાવ્યા હતા. અકસ્માત થતા જ નૌકાદળને એલ એલર્ટ મળ્યો અને તાત્કાલિક બચાવ ટીમને ઘટનાસ્થળે મોકલાવી હતી. પાયલટ કેપ્ટન શ્રીવાસ્તવ અકસ્માતની કેટલીક મિનિટોમાં જ ઘટનાસ્થળે પહોંચી હતી. ■

## ચીલઝડપની રફતારે ભજવાતું નાટક 'ધ ગેમ ઇઝ ઓવર'



મુંબઈ: તારીખ ૮મી ડિસેમ્બરે ઉપેન્દ્ર ત્રિવેદી પ્રોડકશનનું કૌસ્તુભ ત્રિવેદી પ્રસ્તુત આશિષ ત્રિવેદી નિર્મિત 'ધ ગેમ ઇઝ ઓવર' નાટકના પ્રીમિયર શોથી જ થ્રીલર નાટક ચાહકો માટે એક સારું થ્રીલર નાટક જોયાના સંતોષનો અનુભવ થાય છે. જગમોહન દેસાઈ નામના પ્રખ્યાત ફિલ્મ પ્રોડ્યુસરની એકની એક દીકરીને વિક્રમ દલાલ નામનો નિષ્ફળ લેખક એની પ્રેમ જાળમાં ફસાવી એની સાથે લગ્ન કરે છે. વિક્રમને જ્યારે ખબર પડશે કે એની પત્ની રીમાનું એક ફિઝિકલ ટ્રેનર સાથે લફરું છે ત્યારે એ એની લખેલી મર્ડર મિસ્ટ્રીના પ્લોટ પ્રમાણે ખૂન કરવાનું પ્લાનિંગ કરે છે. પણ અહીં બધા જ એક બીજા સાથે ગેમ રમતા હોય છે. રીમાના પાત્રમાં તુષારીક રાજગુરુનો અભિનય હૃદયસ્પર્શી છે અને વિક્રમ દલાલના પાત્રમાં કલ્પેશ ચૌહાણ પણ ઊંડી છાપ છોડી જાય છે. આટલા ગંભીર વિષયમાં પણ પ્રણવ ત્રિપાઠી ઇન્સ્પેક્ટરના પાત્રમાં હસાવવામાં સફળ થાય છે. સાથે જ રવિ કપૂરની ભૂમિકામાં વિસ્તાપ ગોટલા પૂર્ણ ન્યાય આપે છે. ફિરોઝ ભગતે અત્યંત માર્મિકતાથી આનું દિગ્દર્શન કર્યું છે અને પ્રેક્ષકો સતત વિચારતા રહે છે કે આગળ શું થશે? પ્રણવ ત્રિપાઠીના લખાણમાં તાજગી અને ચતુરાઈ બંને દેખાય છે. ધ ગેમ ઇઝ ઓવર જોવું અનિવાર્ય છે. આગામી પ્રયોગ રવિવાર તારીખ ૨૨ ડિસેમ્બરે ૭.૩૦ વાગે નહેરુ સેન્ટર ઑડિટોરિયમ ખાતે ભજવાશે. ■

## એક રાજ્ય, એક યુનિફોર્મ: ગણવેશની જવાબદારી હવે સ્કૂલ મેનેજમેન્ટ કમિટીની

મુંબઈ: વ્યાપક ટીકાને પગલે રાજ્ય સરકારે 'એક રાજ્ય, એક યુનિફોર્મ' નીતિના અમલમાં સુધારો કરવાનો નિર્ણય લીધો છે. યુનિફોર્મ સિલાઇ અને વિતરણ માટે કેન્દ્રીય પ્રણાલીને બદલે, રાજ્યે હવે સ્કૂલ મેનેજમેન્ટ કમિટીઓ (એસએમસી)ને સ્થાનિક સ્તરે પ્રક્રિયાનું સંચાલન કરવાની જવાબદારી સોંપી છે. મહારાષ્ટ્ર શાળા શિક્ષણ વિભાગ દ્વારા શુક્રવારે જારી કરાયેલા સરકારી ઠરાવ દ્વારા આ ફેરફારની જાહેરાત કરવામાં આવી હતી. સુધારેલી યોજના મુજબ, સ્કૂલ મેનેજમેન્ટ કમિટી વિદ્યાર્થીદીઠ યુનિફોર્મના બે સેટની સિલાઇ અને વિતરણ માટે જવાબદાર રહેશે. યુનિફોર્મમાં ક્લાસને આધારે છોકરાઓ માટે ડાર્ક બ્લૂ હાફ પેન્ટ અથવા પેન્ટ સાથે લાઇટ બ્લૂ શર્ટ અને છોકરીઓ માટે, ડાર્ક બ્લૂ સ્કર્ટ અથવા સલવાર સાથે લાઇટ બ્લૂ શર્ટ અથવા કમીઝનો સમાવેશ થશે. ઠરાવમાં વધુમાં જણાવાયું છે કે, વ્યક્તિગત કમિટીઓ પાસે સ્થાનિક પસંદગીઓના આધારે છોકરીઓ માટે ચોક્કસ યુનિફોર્મ સ્ટાઇલ નક્કી કરવાની સુગમતા હશે, પછી ભલે તે શર્ટ અને સ્કર્ટ હોય, શર્ટ અને ફ્રોક હોય કે સલવાર-કમીઝ હોય. મહારાષ્ટ્ર પ્રાથમિક શિક્ષણ પરિષદ (એમપીએસપી) યુનિફોર્મની સિલાઇ અને વિતરણ પ્રક્રિયા માટે ભંડોળ પૂરું પાડશે. ■

## હત્યાના પ્રયાસ કેસના આરોપીએ જજ તરફ ચંપલ ફેંક્યું

મુંબઈ: કલ્યાણ ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં હત્યા કેસના આરોપીએ જજ તરફ ચંપલ ફેંકવાની ઘટના શનિવારે બની હતી. કલ્યાણ પશ્ચિમના અજમેરા હાઇ પ્રોફાઇલ સોસાયટીમાં એક મરાઠી યુવક પર થયેલા હુમલા પ્રકરણે મુખ્ય આરોપી અખિલેશ શુકલા સહિત છ જણને કોર્ટમાં રજૂ કરવામાં આવનાર હતા. આ મુદ્દો મરાઠી વિરુદ્ધ ઉત્તર ભારતીયનો હોઇ કોર્ટમાં કોઇ અનિચ્છનિય ઘટના ન બને તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. છતાંય આ ઘટના બની હતી. કોર્ટમાં સુનાવણી શરૂ થયા બાદ આરોપી કિરણ ભરમે જજ તરફ ચપ્પલ ફેંક્યું હતું. ભરમ છેલ્લા ચાર વર્ષથી આધારવાડી જેલમાં બંધ છે. તેના વિરોધમાં ખડકપાડા પોલીસ સ્ટેશનની હદમાં હત્યાના પ્રયાસનો ગુનો નોંધાયો છે. ચાર વર્ષ પહેલા તેની પોલીસે ધરપકડ કરી હતી. કોર્ટે તેને કસ્ટડી ફટકારી ત્યારથી તે જેલમાં જ છે અને તેને જામીન પણ મળ્યા નથી. શનિવારે ભરમને કોર્ટમાં હાજર કરવામાં આવ્યો હતો ત્યારે કોર્ટે સુનાવણી માટે આગામી તારીખ આપી હતી. ત્યારે ભરમે 'મારો કેસ પૂરો કરો, મને આઝાદ કરો' એમ કહેતા જજ તરફ ચપ્પલ ફેંક્યું હતું. ■

## સ્કૂલ બસનો ડ્રાઇવર નશામાં પોલીસની સમયસૂચકતાને લીધે અકસ્માત ટળ્યો

થાણે: શાળાના વિદ્યાર્થીઓને ફૂટબોલ ટૂર્નામેન્ટ માટે બસમાં લઇ જઇ રહેલો ડ્રાઇવર દારૂના નશામાં હોવાની ઘટના પ્રકાશમાં આવી હતી. કલ્યાણ ટ્રાફિક પોલીસની સતર્કતાને કારણે ડ્રાઇવર પકડાઇ જતાં વિદ્યાર્થીઓના જીવ જોખમમાં મુકાતાં રહી ગયા હતા.

શુક્રવારે શાળાના ૨૬ વિદ્યાર્થીઓને લઇ બસ ઉલ્હાસનગરથી પાલઘર જિલ્લાના વિરાર ખાતે જઇ રહી હતી ત્યારે સુભાષ ચોક ખાતે આ ઘટના બની હતી.

કોન્સ્ટેબલ સુરેશ પાટીલે જોયું કે રસ્તો ખાલી હોવા છતાં બસ સીધી સીધી નથી જઇ રહી. બીજી તરફ ડ્રાઇવર સંપૂર્ણ નિયંત્રણમાં ન હોવાનું પાટીલને લાગ્યું હતું.

આથી તેણે બસને થોભાવી હતી અને ડ્રાઇવર સુરેન્દ્ર ગૌતમનો બ્રેથએનલાઇઝર ટેસ્ટ કરાવ્યો હતો, જે પોઝિટિવ આવ્યો હતો, એમ કલ્યાણ ટ્રાફિક પોલીસના સિનિયર ઇન્સ્પેક્ટર રાજેશ શિરસાટે જણાવ્યું હતું.

જો પાટીલે ઝડપથી કાર્યવાહી ન કરી હોત તો બસને અકસ્માત નડ્યો હોત. ડ્રાઇવરને આ માટે દંડ ફટકારવામાં આવ્યો છે અને તેને આગળની કાર્યવાહીનો સામનો કરવો પડશે. બસને હાલ જપ્ત કરાઇ છે અને તેના માલિકની આની જાણ કરવામાં આવી છે. અમે વિદ્યાર્થીઓને ફૂટબોલ ટૂર્નામેન્ટ માટે વિરાર પહોંચવા બીજી બસની વ્યવસ્થા કરી હતી, એમ તેમણે કહ્યું હતું.

ઉલ્લેખનીય છે કે સાકીનાકાની યોગીરાજ શ્રીકૃષ્ણ વિદ્યાલયના વિદ્યાર્થીઓને મંગળવારની સવારે ગોરાઇથી પિકનિક પર લઇ જવામાં આવી રહ્યા હતા. બસમાં ૫૦ વિદ્યાર્થી અને શિક્ષક હતા. બસ અંધેરીના ટૅબ જંકશન નજીક પહોંચી ત્યારે ટ્રાફિક પોલીસને જોઇ ડ્રાઇવર થોડો હલબલી ગયો હતો. પોલીસે બસને રોકાવી હતી અને તપાસ કરતાં ડ્રાઇવર અને તેનો સહાયક દારૂના નશામાં હોવાનું જાણવા મળ્યું હતું. ■







## ઘાટકોપરમાં પાણીની ટાંકીમાં પડી જતાં બાળકનું મૃત્યુ

મુંબઈ: ઘાટકોપર પૂર્વના પંતનગર વિસ્તારમાં રમતી વખતે પાણીની ટાંકીમાં પડી જવાથી આઠ વર્ષના બાળકનું મૃત્યુ થયું હતું. પોલીસના જણાવ્યા અનુસાર શુક્રવારે સાંજના છ વાગ્યાની આસપાસ આ ઘટના બની હતી, જેમાં મૃત્યુ પામેલા બાળકની ઓળખ સચિન જનબહાદુર વર્મા તરીકે થઇ હતી. પંતનગરમાં આવેલી શાંતિનગર સોસાયટીમાં સચિન સાંજે રમી રહ્યો હતો ત્યારે અચાનક પાણીની ટાંકીમાં તે પડી ગયો હતો. સચિનને ટાંકીમાંથી બહાર કાઢવામાં આવ્યો હતો અને બેભાન અવસ્થામાં તેને તેના પિતા તથા ત્યાંના રહેવાસીઓ રાજાવાડી હોસ્પિટલમાં લઇ ગયા હતા, જ્યાં ડોક્ટરોએ તપાસીને સચિનને મૃત જાહેર કર્યો હતો. દરમિયાન બનાવની જાણ થતાં પોલીસ ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી અને તપાસ આદરી હતી. ■
















## નાટ્ય દર્પણ

### ટીકુ પીકુ ચીકુ

સ્પર્શ પ્રોડક્શનનું ચિત્રક શાહ-કિરણ માલવણકર પ્રસ્તુત રિદ્ધિ ઉમેશ શુકલ-સૌમ્ય જોષી-ચેતન ગાંધી નિર્મિત પાર્થ સુનિતા દેસાઇ દિગ્દર્શિત પ્રતાપ સચદેવ અભિનીત 'ટીકુ પીકુ ચીકુ' કલાકારો: યતીન પરમાર, પ્રીતા પંડયા, કપિલ ભુતા, ભાવેશ પાટીલ, વિશાલ દલાલ, રિધમ કનાડિય, દેવાંગ ભટ્ટ, દર્શન કેરલેકર, કરણ ધુરી છે. આ રવિવાર તા. ૨૨ ડિસેમ્બર સાંજે ૭.૩૦ ક. ભારતીય વિદ્યાભવન ઓડિટોરિયમ, ચોપાટી ખાતે ભજવાશે.

### કાકા ૨૪ કેરેટના

રંગમંચ પ્રોડકશન પ્રસ્તુત આસિફ પટેલ નિર્મિત આશિષ ભટ્ટ દિગ્દર્શિત- અભિનીત 'કાકા ૨૪ કેરેટના' કલાકારો: ધ્રુવ બારોટ, મહેક ભટ્ટ, હેમ જોષી, દત્તા શુકલા, કમલેશ પરમાર અને પ્રથમ ભટ્ટ છે. આ રવિવાર તા. ૨૨ ડિસેમ્બર બપોરે ૩.૩૦ ક. તેજપાલ ઓડિટોરિયમ, ગોવાલિયા ટેન્ક ખાતે ભજવાશે.

### એકલવ્ય

અમરદિપ સર્જન વિશાલ ગોરડિયા પ્રસ્તુત ભરત નારાયણદાસ ઠક્કર નિર્મિત વિપુલ મહેતા લિખિત-દિગ્દર્શિત કૃત્તિકા દેસાઇ-મેહુલ બુચ અભિનીત 'એકલવ્ય' કલાકારો: સ્મિત ગણાત્રા, શ્યામ મખેચા, સુહાની વ્યાસ, કેવિન ઉમારીયા, હિતાર્થ જોષી, દુર્ગેશ મિશ્રા, કેતન જોષી. આ રવિવાર તા. ૨૨ ડિસેમ્બર સાંજે ૭.૩૦ ક. સોફિયા ઓડિટોરિયમ, બ્રીચકેન્ડી ખાતે અને રવિવાર તા. ૨૯ ડિસેમ્બર રાત્રે ૯.૦૦ ક. અસ્પી ઓડિટોરિયમ, મલાડ (વેસ્ટ), ખાતે અને રવિ: ૫ જાન્યુઆરી રાત્રે ૯ ઝવેરબેન ઓડિટોરિયમ, ઘાટકોપર ખાતે ભજવાશે.

### ધ ગેમ ઈઝ ઓવર

ઉપેન્દ્ર ત્રિવેદી પ્રોડક્શન્સ કૌસ્તુભ ત્રિવેદી પ્રસ્તુત આશિષ ત્રિવેદી નિર્મિત ફિરોઝ ભગત દિગ્દર્શિત 'ધ ગેમ ઇઝ ઓવર' કલાકારો: કલ્પેશ ચૌહાણ, તુષારિકા રાજગુરુ, વિસતાસ્પ ગોટલા, પ્રણવ ત્રિપાઠી છે. આ રવિવાર: તા. ૨૨ ડિસેમ્બર સાંજે ૭.૩૦ ક. નહેરુ ઓડિટોરિયમ, વર્લી ખાતે ભજવાશે.

### ધ જેમી લિવર શો

શો પિપલ પ્રસ્તુત કૌસ્તુભ ત્રિવેદી અને હર્ષકુમાર બધેકા નિર્મિત કોમેડીના અનોખા અવલોકનો અને અનેક નવીન નકલો માટે જેમી લિવર શો સાથે અણનમ હાસ્યના હુલ્લડ માટે થઇ જાવ તૈયાર. આ રવિવાર તા. ૨૨ ડિસેમ્બર રાત્રે ૯.૦૦ ક. પ્રબોધન ઠાકરે ઓડિટોરિયમ, બોરીવલી ખાતે ભજવાશે. ■

### સિહોર સંપ્રદાય ઔદીચ્ય બ્રાહ્મણ



દુ:ખ સાથે જણાવવાનું કે ભાવનગર નિવાસી- હાલ જુહુ સ્કીમ વિલે પારલા લક્ષ્મીશંકર જટાશંકર ત્રિવેદી અને ઈચ્છાબેનના સુપુત્ર

**અનિલભાઈ ત્રિવેદી** ઉ. વ. 80,

તે ગીતાબેન ત્રિવેદીના પતિ, સુચિતા નિગમભાઈ પટેલ અને ફાલ્ગુની ના પિતાશ્રી, રમેશભાઈ ત્રિવેદી, દેવીબેન ( શોભા બહેન ) ના નાના ભાઈ, માધવજી જીવરાજ રવેશીયા ના જમાઈ, મીરાબેન દિલીપભાઈ મહેતા ના બનેવી, ગુરૂવાર તા. 19.12.2024 ના રોજ વૈકુંઠવાસી થયેલ છે.

**પ્રાર્થના સભા**

સોમવાર તારીખ 23 ડિસેમ્બર 2024
સાંજે : 5.00 થી 7.00 રાખેલ છે
**સ્થળ:** રોટરી સર્વિસ સેન્ટર, રોટરી ચોક, જુહુ તારા રોડ, સાન્તાક્રુઝ ( વેસ્ટ ) મુંબઈ 400049

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ગુજરાતમાં ભરશિયાળે અષાઢી માહોલ સર્જાશેઃ હવામાન વિભાગની માવઠાંની આગાહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ આગામી સપ્તાહ દરમિયાન ગુજરાતના હવામાનમાં ફેરફાર થઈ શકે છે. અમદાવાદ હવામાન વિભાગના વૈજ્ઞાનિક અભિમન્યુ ચૌહાણે ગુજરાતના હવામાન અંગે માહિતી આપી હતી. જેમાં તેમણે આગામી સપ્તાહ દરમિયાન ગુજરાતમાં માવઠા અંગે આગાહી કરી હતી. આ સાથે જ રાજ્યના ક્યા-ક્યા વિસ્તારોમાં કઇ-કઇ તારીખો દરમિયાન વરસાદ પડી શકે છે, તે અંગે પણ તેમણે જણાવ્યું હતું. અભિમન્યુ ચૌહાણે જણાવ્યું હતું કે, આગામી સપ્તાહના પાંચ દિવસ દરમિયાન હવામાન શુષ્ક રહેશે. જ્યારે સપ્તાહના અંતમાં ગુજરાતના કેટલાક ભાગોમાં વરસાદની સંભાવના જોવા મળશે. ઉત્તર ગુજરાત ઉપરાંત કચ્છ-સૌરાષ્ટ્રના ઉત્તરના ભાગોમાં આગામી ૨૭મીએ માવઠું થઈ શકે છે. દરિયાકાંઠાના વિસ્તારના દ્વારકા, પોરબંદર, ભાવનગર, મોરબીમાં કમોસમી વરસાદ થઈ શકે છે. ૨૮મીએ ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર ઉપરાંત દક્ષિણ ગુજરાતના મધ્ય પ્રદેશ સરહદને અડીને આવેલા જિલ્લાઓ છોટાઉદેપુર, નર્મદા, તાપી, ડાંગ, નવસારી, વલસાડ, દમણ, દાદરાનગર હવેલીમાં હળવો વરસાદ થવાની સંભાવના છે. અત્રે ઉલ્લેખનીય છે કે, છેલ્લા ૨૪ કલાકમાં ૩ જગ્યાએ કોલ્ડવેવની સ્થિતિ જોવા મળી હતી. જેમાં નલિયામાં ૫.૮, પોરબંદરમાં ૧૦.૫ અને રાજકોટમાં ૯.૪ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. આગામી ત્રણ દિવસ તાપમાનમાં કોઇ ફેરફાર જોવા મળશે નહીં. તે બાદ તાપમાન વધશે. તાપમાનમાં ૨-૩ ડિગ્રીનો વધારો જોવા મળશે. વરસાદ પહેલા ભેજ આવવાને કારણે તાપમાનમાં વધારો જોવા મળશે. ■

# બીઝેડ ગ્રૂપના ફરાર આરોપી ભૂપેન્દ્રસિંહ ઝાલાનાં ચાર કંપનીનાં, ૧૬ બેન્ક એકાઉન્ટનાં ૩૬૦ કરોડનાં ટ્રાન્જેક્શન મળ્યાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સાબરકાંઠા અને અરવલ્લીમાં સરકારી વ્યાજદર કરતાં વધુ વ્યાજ આપવાની લાલચ આપીને બીઝેડ પોન્જી સ્કિમ દ્વારા લોકો સાથે ઠગાઈ આચરનારા મહાઠગ ભૂપેન્દ્રસિંહ એન્ડ કંપની વિરુદ્ધ સીઆઈડી ક્રાઈમે તપાસ લંબાવીને ભૂપેન્દ્રસિંહ ઝાલાની બેંક એકાઉન્ટની વિગતો મેળવવાનું શરૂ કર્યું છે. જેમાં કેટલીક ચોંકાવનારી વિગતો બહાર આવી હતી, ભાગેડુ ભૂપેન્દ્રસિંહ ઝાલાની કુલ ૦૪ કંપનીઓમાં ૧૬ બેંક એકાઉન્ટની ઝીણવટપૂર્વક તપાસ કરતા રોકાણકારોના રૂ. ૩૬૦ કરોડના ટ્રાન્જેકશન મળી આવ્યા હતા. ભૂપેન્દ્રસિંહ ઝાલા લોકોના રુપિયાને બિટકોઈન અને ક્રિપ્ટો કરન્સીમાં રોકાણ કરીને કરોડો રૂપિયાનું ફુલેકું ફેરવીને હાલ ભૂગર્ભ ઉતરી જતા પોલીસ ભૂપેન્દ્રસિંહ ઝાલાને શોધવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

મૂળ સાબરકાંઠાનો વતની ભૂપેન્દ્રસિંહ ઝાલા વિરુદ્ધ સીઆઈડી ક્રાઈમે ગત નવેમ્બર મહિનામાં ઠગાઈની તથા જીપીઆઈડી એક્ટ મુજબ ફરિયાદ નોંધીને અત્યાર સુધીમાં કુલ સાત આરોપીઓને જેલ હવાલે કરી દીધા છે. અલગ અલગ ૦૪ ટીમો બનાવીને સીઆઈડી ક્રાઈમે તપાસનો ધમધમાટ શરૂ કરી દીધો છે. પરંતુ મુખ્ય આરોપી ભૂપેન્દ્રસિંહ ઝાલા છેલ્લા એક મહિનાથી ફરાર છે. તપાસ એજન્સીએ ૩૬૦ ડિગ્રી તપાસ શરૂ કરતાની સાથે જ ભૂપેન્દ્રસિંહ ઝાલાની એક જ બ્રાન્ચમાંથી રૂપિયા ૫૨ કરોડના વ્યવહારો સામે આવી ચૂક્યા છે. તદુપરાંત રુ. ૧૦૦ કરોડની વસાવેલી ૧૮ મિલકતો ભૂપેન્દ્રસિંહ ઝાલાએ શરૂ કરેલી પોન્ઝી સ્કીમ હેઠળ વસાવી છે. તે તમામને હાલ સીઝ કરી દેવામાં આવી છે.

આ ઉપરાંત આરોપીની ૦૯ કરોડની મોંઘીદાટ ફોર વ્હીલર પણ કબજે કરવામાં આવી ચૂકી છે. વધુમાં તપાસ એજન્સીએ ભૂપેન્દ્રસિંહ ઝાલાની તમામ પ્રોપર્ટી કોઈને વેચી શકે અથવા તો ટ્રાન્સફર કરી શકે નહીં તે પ્રકારની કાર્યવાહી કરવામાં આવી છે. બીજી તરફ પોલીસે ભૂપેન્દ્રસિંહ ઝાલાની બેનામી મિલકતો અંગેની પણ તપાસ શરૂ કરી દીધી છે. આગામી સમયમાં ભૂપેન્દ્રસિંહ ઝાલાની વધુ બેનામી પ્રોપર્ટી પણ બહાર આવશે તેવી સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે. ■

# પોલીસ વિભાગની ૧૧૨ કચેરીમાં ફોરેન્સિક ક્રાઈમ સીન મૅનેજરની નિમણૂક કરવા ઐતિહાસિક પહેલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સમગ્ર દેશમાં ભારતીય ન્યાય સંહિતા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા તેમજ ભારતીય સાક્ષ્ય અધિનિયમ તા.૧લી જુલાઇ-૨૦૨૪થી અમલમાં મૂકવામાં આવ્યો છે. આ ત્રણેય નવા કાયદાઓમાં તપાસની પ્રક્રિયામાં વૈજ્ઞાનિક પુરાવા એકત્રિત કરવા ઉપર વિશેષ ભાર મૂકી ફોરેન્સિક સાયન્સનો મહત્તમ ઉપયોગ થાય તે બાબતે જોગવાઇ કરવામાં આવી છે. જેને ધ્યાને લઇ રાજ્યની તમામ ૧૧૨ પેટા વિભાગીય પોલીસ અધિકારી તથા મદદનીશ પોલીસ કમિશનરની કચેરીમાં 'ફોરેન્સિક ક્રાઇમ સીન મેનેજર'ની નિમણૂક કરવા અંગે મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે.

રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયએ જણાવ્યું હતું કે, ગુજરાત પોલીસ અને ડિરેક્ટરેટ ઑફ ફોરેન્સિક સાયન્સના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવેલી આ પહેલ ખૂબ મહત્ત્વપૂર્ણ છે, ભવિષ્યમાં તેના ઐતિહાસિક પરિણામ ચોકકસ જોવા મળશે. છેલ્લા કેટલાક સમયથી ગુજરાત રાજ્યમાં કન્વીકશન રેટ વધારવા માટે અલગ-અલગ પ્રકારના પગલાઓ લેવામાં આવ્યા છે અને કન્વિકશન રેટ ઇમ્પ્રુવમેન્ટ પ્રોજેક્ટ હાલ અમલમાં છે. એ જ પ્રયાસના ભાગરૂપે તમામ પેટા વિભાગીય પોલીસ અધિકારી તથા મદદનીશ પોલીસ કમિશનરની કચેરીમાં 'ક્રાઇમ સીન મેનેજર'ની નિમણૂક કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

રાજ્યમાં બનતા તમામ પ્રકારના ગંભીર ગુનાઓની તપાસના સુપરવિઝનની જવાબદારી જિલ્લાઓમાં એસડીપીઓ અને શહેરોમાં એસીપીની હોય છે. એક વરિષ્ઠ પોલીસ અધિકારી તરીકે એસડીપીઓ અને એસીપી જ્યારે ગંભીર પ્રકારના ગુનાનું સુપરવિઝન કરતા હોય ત્યારે તેઓ ગુનાવાળી જગ્યાની વિઝિટ કરતા હોય છે અને તપાસ કરનાર અમલદારને વૈજ્ઞાનિક પુરાવા એકત્રિત કરવા માટે માર્ગદર્શન પૂરું પાડતા હોય છે.

તેમની આ જવાબદારીનું યોગ્ય રીતે નિર્વહન થાય તે માટે ફોરેન્સિક સાયન્સ વિષય નિષ્ણાત અને તાલીમબદ્ધ હોય તેવા ફોરેન્સિક ક્રાઇમ સીન મેનેજર તેઓને મદદરૂપ થાય તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. જ્યારે કોઇપણ ગુનો બને ત્યારે ફોરેન્સિક ક્રાઇમ સીન મેનેજરની મદદથી વૈજ્ઞાનિક પુરાવા એકત્રિત કરી કેસને સુદ્રઢ બનાવવા અને આરોપીઓને સજા થાય તથા પિડીતોને ન્યાય મળે તે હેતુથી આ નિર્ણય લેવામાં આવ્યો છે. ભવિષ્યમાં આ પહેલના કારણે ગંભીર પ્રકારના ગુનાઓના કન્વિકશન રેટમાં ચોક્કસપણે વધારો થશે.

ડિરેક્ટરેટ ઑફ ફોરેન્સિક સાયન્સના નિષ્ણાતો દ્વારા આ તમામ ૧૧૨ 'ફોરેન્સિક ક્રાઇમ સીન મેનેજર'ને ગાંધીનગર, સુરત અને રાજકોટ ખાતેની ફોરેન્સિક સાયન્સ લેબ ખાતે ખાસ તાલીમ આપવા આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ક્રાઇમ સીન મેનેજમેન્ટ, ભૌતિક પુરાવા અને ચેઇન ઑફ કસ્ટડીનું મહત્ત્વ, ગુના સ્થળની તપાસ પ્રક્રિયા, વિશિષ્ટ પ્રકારના નમૂનાઓ માટે દિશાનિર્દેશ, ઇ-સાક્ષ્યનો ઉપયોગ અને ડિજિટલ પુરાવાઓ સહિતના વિવિધ ક્રાઇમ સીન સંબંધિત વિષયોને આવરી લેવામાં આવશે. ■

# રાજ્યમાં વર્ષ ૨૦૨૨થી નવેમ્બર ૨૦૨૪ સુધીમાં રેકોર્ડ બ્રેક ૮૮ કરોડ આધાર ઑથેન્ટિકેશન નોંધાયાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પ્રવર્તમાન સમયમાં અદ્યતન ઈન્ટરનેટ અને ટેકનોલોજીના ઉપયોગના પરિણામે આજે તમામ પ્રકારની માહિતી ઈન્ટરનેટ જગતના માધ્યમથી નાગરિકોના આંગળીના ટેરવે ઉપલબ્ધ છે. રાજ્ય સરકારના વિજ્ઞાન અને પ્રોદ્યોગિક વિભાગ દ્વારા નાણાકીય વર્ષ ૨૦૨૨થી નવેમ્બર- ૨૦૨૪ સુધીમાં અંદાજે ૮૮ કરોડ આધાર ઓથેન્ટિકેશન નોંધાયા છે.

જ્યારે વિવિધ વિભાગોમાંથી સરેરાશ માસિક ૦૫ કરોડ અને દરરોજ સરેરાશ ૨૨ લાખ જેટલી આધાર ઓથેન્ટિકેશનની અરજી પર સફળતાપૂર્વક પ્રક્રિયા કરવામાં આવે છે. જે અંતર્ગત વર્ષ ૨૦૨૨-૨૩માં ૧૮ કરોડ, વર્ષ ૨૦૨૩-૨૪માં ૨૨ કરોડ તેમજ નવેમ્બર ૨૦૨૪ સુધીમાં ૪૮ કરોડ, એમ કુલ ૮૮ કરોડ આધાર ઓથેન્ટિકેશન' રાજ્યભરમાં નોંધાયા છે. ગુજરાતના વિવિધ વિભાગો દ્વારા લાભાર્થીઓને ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર માધ્યમથી સહાય ચૂકવવાના ઉમદા આશયથી વર્ષ ૨૦૨૨થી ૨૪ સુધીમાં રાજ્યની ૦૯ વિભાગોની ૨૦૦થી વધુ યોજનાઓની નોંધણી કરવામાં આવી છે.

ઓથેન્ટિકેશનના વેરિફિકેશનને વધુ સચોટ બનાવવાના ઉમદા હેતુથી ફેસ ઓથેન્ટિકેશન એપ્લિકેશન બનાવવામાં આવી હતી. જેના પરિણામે રાજ્યમાં નાણાકીય વર્ષ ૨૦૨૨થી નવેમ્બર ૨૦૨૪ સુધીમાં ફેસ ઓથેન્ટિકેશનની એપ્લિકેશનના માધ્યમથી ૬૦ લાખથી વધુ નાગરિકોની આધાર નોંધણી થઈ છે. રાજ્યના નાગરિકો બહુવિધ સરકારી સેવાઓ અને યોજનાઓનો લાભ ઓનલાઈન ઘરે બેઠા લઇ શકે તે માટે સિંગલ સાઈન ઓન એપ્લિકેશન બનાવવામાં આવી છે.

નાગરિકોની ડિજિટલ ઓળખ સ્થાપિત કરવા સિટીઝન સ્ટેટ સિંગલ સાઈન- ઓન સિસ્ટમ વિકસાવવામાં આવી છે. આ સિસ્ટમ આધાર, પાન, વિદ્યાર્થી આઈ.ડી., રેશન કાર્ડ, ડ્રાઇવિંગ લાયસન્સ જેવી મુખ્ય સેવાઓને સંકલિત કરી આગવી ઓળખ બનાવે છે. જે સરકારી સેવાનો લાભ લેવા આંતર વિભાગો સાથે સુરક્ષિત ડેટા કેપ્ચર- શેયર કરશે. આ સિસ્ટમ થકી રાજ્યની સરકારી સેવાઓ-યોજનાઓનો લાભ નાગરિકોને આંગળીના ટેરવે મળી રહ્યો છે. સાથે જ આ પેપરલેસ વર્કના માધ્યમથી સમય અને ખર્ચમાં પણ નોંધપાત્ર ઘટાડો થયો છે. ■

# નવા વર્ષે જાન્યુઆરીમાં બઢતીની મોસમઃ એક ડઝન આઈએએસને પ્રમોશન મળશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં છેલ્લા ઘણા સમયથી પ્રમોશનની રાહ જોઈ રહેલા આઈએએસ અને આઈપીએસ અધિકારીઓને નવા વર્ષના જાન્યુઆરી મહિનામાં પ્રમોશન મળશે તે નિશ્ચિત મનાય છે. આ વખતે ૨૦૨૫ ના જાન્યુઆરી માસમાં રાજ્યના ૧૨ જેટલા આઈએએસ અધિકારીઓને સેક્રેટરીનું પ્રમોશન મળશે, આ માટેની ડાયરેક્ટ પ્રમોશન કમિટીની બેઠક ચાલુ માસના અંતમાં મળશે અને આ લોકોના નામને લીલી ઝંડી આપવામાં આવશે ત્યારબાદ પ્રમોશનના ઓર્ડરો જાન્યુઆરી માસમાં થવાની પૂરી સંભાવના છે.

જાન્યુઆરી માસમાં પ્રમોશન મેળવનાર અધિકારીઓ ૨૦૦૯ની બેચના આઈએએસ અધિકારીઓ છે જેમાં અમદાવાદના કલેક્ટર સહિત બે થી ત્રણ જિલ્લાના કલેક્ટરનો પણ સમાવેશ થાય છે આમ પ્રમોશન સાથે બદલીના પણ ઓર્ડરો નીકળશે અને કેટલાક કલેક્ટરોની પણ બદલી થઈ શકે છે. આ વખતે પણ જાન્યુઆરી મહિનામાં રાજ્ય સરકાર એક ડઝન જેટલા આઈએએસ અધિકારીઓને બઢતી આપશે. કેટલાક આઈએએસ અધિકારીઓ નિવૃત્ત થઈ ગયા છે જેના હિસાબે ૧૨ ઓફિસરને જ પ્રમોશનની તક મળશે આ પ્રમોશન યાદીમાં અમદાવાદ કલેક્ટર સહિત બે થી ત્રણ જિલ્લાના કલેક્ટર પણ પ્રમોશન લઈને બદલાશે જેના કારણે કલેકટર, ડીડીઓમાં પણ બદલીના હુકમો થશે એવું મનાય છે. ■

# અમદાવાદમાં હાઈ કોર્ટના ક્લાર્કના ઘરે પાર્સલ મોકલીને બ્લાસ્ટ કરાયોઃ બે લોકો ઈજાગ્રસ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં થોડા સમય પહેલાં સાબરકાંઠા જિલ્લાના વેડા ગામમાં એક પરિવારના ઘરે આવેલું પાર્સલ ખોલતાંની સાથે જ બ્લાસ્ટ થયો હતો, જેમાં પિતા અને પુત્રીનું મોત નિપજ્યું હતું. હવે આ પ્રકારનો બનાવ અમદાવાદના સાબરમતી વિસ્તારમાં બન્યો હતો. હાઈ કોર્ટમાં ક્લાર્ક તરીકે ફરજ બજાવતા વ્યકિતના ઘરે પાર્સલ મોકલી તેને ઉડાવી દેવાનો પ્રયાસ કરાતાં ચકચાર મચી ગઈ હતી. પાર્સલ ખોલતાં જ બ્લાસ્ટ થતાં પાર્સલ લઈને આવેલા સહિત બે લોકો ઈજાગ્રસ્ત થયા હતાં. આ ઘટનાની જાણ થતાં જ પોલીસના ઉચ્ચ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતાં અને પાર્સલ આપનારી વ્યક્તિને ઝડપી વધુ તપાસ હાથ ધરી હતી. પ્રાપ્ત વિગતો પ્રમાણે અમદાવાદના સાબરમતી વિસ્તારમાં રહેતા બળદેવભાઈ સુખડિયાના ઘરે આવેલા પાર્સલમાં બ્લાસ્ટ થયો હતો. આ અંગે બળદેવભાઈએ કહ્યું હતું કે, અમે કોઈ પાર્સલ મગાવ્યું નહોતું પણ સવારે પાર્સલ લઈને એક વ્યક્તિ આવી હતી. પાર્સલ લઈ આવનાર વ્યક્તિએ કહ્યું હતું કે, મને સુરેશભાઈએ મોકલ્યો છે. પાર્સલ ખોલતાં આગ શરૂ થઈ હતી અને જબરદસ્ત બ્લાસ્ટ થયો હતો. આ ઘટનામાં મારા ભાઈને ઈજા થઈ હતી અને પાર્સલ લઈને આવનાર વ્યક્તિના હાથ પણ ફાટી ગયા હતાં. બળદેવભાઈએ વધુમાં કહ્યું હતું કે, હું હાઈકોર્ટમાં ક્લાર્ક તરીકે ફરજ બજાવું છું. મેં રૂપેણ નામના વ્યક્તિનું કામ ના કર્યું એટલે તેણે આવું કર્યું હોવાની મને શંકા છે.

સેક્ટર-૧ જેસીપી નીરજ બડગુજરે જણાવ્યું હતું કે સવારે શિવમ રો હાઉસમાં બળદેવભાઈ ઘરે ગૌરવ ગઢવી પાર્સલ લઈને આવ્યો હતો જેમાં બ્લાસ્ટ થયો હતો. બ્લાસ્ટ થતાં બળદેવભાઈના ભાઈને ઇજા પહોંચી છે જેથી તેમને સારવાર માટે ખસેડવામાં આવ્યા છે. બનાવની જાણ થતાં પોલીસ સ્થળ પર પહોંચી હતી. પોલીસે પાર્સલ લઈને આવનાર ગૌરવ ગઢવીની ધરપકડ કરી છે. આ બ્લાસ્ટમાં દારૂખાનાનો ઉપયોગ કર્યો હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે. પોલીસે આ અંગે હત્યાના પ્રયાસનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. પોલીસ પાસે બ્લાસ્ટ કરાવનારી વ્યક્તિઓનાં નામ આવી ચૂક્યાં છે જેને લઈને તપાસ ચાલી રહી છે. ■

# હર્ષ સંઘવી પર ધારાસભ્ય ચૈતર વસાવાના પ્રહાર

## ગુજરાતમાં આ વર્ષે દુષ્કર્મની ૬૪૮ ઘટના બની, ગૃહ રાજ્યમંત્રી રાજીનામું આપે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગાંધીના ગુજરાતમાં હત્યા, લૂંટ, દુષ્કર્મ, મારામારી સહિતની ઘટનાઓ વધી છે, ભરૂચના ઝઘડિયામાં ૧૦ વર્ષની બાળકી પર દુષ્કર્મની ઘટનાને લઈને ડેડિયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવા વડોદરાની સયાજી હોસ્પિટલમાં પીડિતા-પરિવારની મુલાકાતે પહોંચ્યા હતા. આ દરમિયાન તેમણે જણાવ્યું હતું કે, ચાલુ વર્ષમાં નાબાલિક બાળકીઓ સાથે દુષ્કર્મની ૬૪૮ ઘટના બની છે. આ પ્રકારની ઘટના ફરી ન સર્જાય તે માટે નરાધમોને ફાંસીની સજા આપવી જોઈએ.

ભરૂચ જિલ્લાના ઝઘડિયામાં ૧૦ વર્ષની બાળકી પર દુષ્કર્મ પીડિતાની વડોદરાની સયાજી હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. બાળકીની હાલત નાજુક છે, આ દરમિયાન ડેડિયાપાડાના આપના ધારાસભ્ય ચૈતર વસાવા હોસ્પિટલ પહોંચીને પીડિતાના પરિવાર અને ડોક્ટરો સાથે મુલાકાત કરી હતી.

ધારાસભ્યએ વધુમાં જણાવ્યું કે, 'આ ઘટનામાં સંડોવાયેલા નરાધમો સામે સરકારે શું કાર્યવાહી કરી તેનો સરકાર જવાબ આપે, ગૃહમંત્રી શેખી મારવાના બદલે રાજીનામું આપે. ગુજરાતમાં મહિલા સલામતી, બેટી બચાવો-બેટી પઢાવોની વાતો થાય છે, પરંતુ ગુજરાત જ સુરક્ષિત નથી. ■

# મહુધાના પૂર્વ ધારાસભ્ય ઇન્દ્રજિત સિંહે ભાજપ સાથે છેડો ફાડી કૉંગ્રેસમાં ઘરવાપસી કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ખેડા જિલ્લાની મહુધા વિધાનસભાની બેઠકના પૂર્વ ધારાસભ્ય ઇન્દ્રજિતસિંહ પરમારે ભાજપ સાથેનો છેડો ફાડી ફરી કોંગ્રેસમાં જોડાતા સ્થાનિક રાજકારણ ગરમાયું હતું, ઇન્દ્રજિતસિંહ પરમારનો એક વર્ષમાં જ ભાજપ પ્રત્યે મોહભંગ થયો છે. રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ નજીક આવી રહી છે, ત્યારે ઇન્દ્રજિતસિંહ પરમારે ભાજપને અલવિદા કરી પુનઃ કોંગ્રેસમાં જોડાતા ભાજપને મોટો ઝટકો લાગ્યો છે. પૂર્વ ધારાસભ્યની ઘરવાપસી બાદ હજુ ઘણાં દિગ્ગજ નેતાઓ ભાજપને બાય બાય કહે તેવી સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, લોકસભાની ચૂંટણી વખતે કોંગ્રેસના કેટલાંય નેતાઓની સાથે-સાથે મહુધાના પૂર્વ ધારાસભ્ય ઇન્દ્રજીતસિંહ પરમારે પણ સમર્થકો સાથે કેસરિયો ખેસ ધારણ કર્યો હતો. જો કે, ઘણાં ટૂંકા સમયમાં જ ઇન્દ્રજિતસિંહ પરમારનો ભાજપ પ્રત્યેનો મોહભંગ થયો હતો. મહુધા-ડાકોર રોડ પર મિર્ઝાપુર ખાતે કોંગ્રેસનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં સહપ્રભારી રામકિશન ઓઝા ઉપરાંત વિધાનસભા વિપક્ષના નેતા અમિત ચાવડાએ ઇન્દ્રજિતસિંહ પરમારને ખેસ પહેરાવી કોંગ્રેસમાં આવકાર્યા હતા. ઇન્દ્રજીતસિંહ પરમારે જાહેરમાં એ વાતની કબૂલાત કરી હતી કે, ભાજપ દ્વારા ધમકી આપવામાં આવી હતી, જેના કારણે તે કેસરિયો ખેસ ધારણ કર્યો હતો. એટલું જ નહીં, તેમણે એમ કહ્યું હતું કે, ભાજપમાં અમે મૂંઝવણ અનુભવી રહ્યા હતા. એક વર્ષના સમયગાળા દરમિયાન હું ભાજપ કે સરકારી કાર્યક્રમમાં ગયો નથી. ■

# ગુજરાત સરકારે નવાં ૨૪ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને સૈદ્ધાંતિક મંજૂરી આપી

અમદાવાદ : આરોગ્ય પ્રધાન ઋષિકેશ પટેલની અધ્યક્ષતામાં તાજેતરમાં મળેલી એક બેઠકમાં તેમણે રાજ્યમાં વિવિધ જિલ્લાઓમાં કુલ ૨૪ જેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ને સૈદ્ધાંતિક મંજૂરી આપી હતી. રાજ્યના ગ્રામ્ય આરોગ્ય માળખાને વધુ સુદ્રઢ અને લોકઉપયોગી બનાવવા આ કેન્દ્રો મહત્ત્વના બની રહેશે.

આરોગ્ય પ્રધાન ઋષિકેશ પટેલે જણાવ્યું હતુ કે, હાલમાં રાજ્યમાં ભારત સરકારના ગ્રામ્ય વસ્તીના ધારાધોરણો મુજબ આરોગ્ય કેન્દ્રો મંજૂર કરવામાં આવે છે. જે મુજબ સામાન્ય વિસ્તારમાં ૩૦,૦૦૦ અને આદિજાતિ વિસ્તારમાં ૨૦,૦૦૦ની ગ્રામ્ય વસ્તીએ એક પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મંજુર કરવામાં આવે છે. હાલ રાજ્યમાં ૨૦૧૧ની ગ્રામ્ય વસ્તીના ધારાધોરણો મુજબ કુલ ૧૪૯૯ પ્રા.આ.કેન્દ્રો પુરતા પ્રમાણમાં મંજૂર અને કાર્યરત છે.

આ પ્રાથમિક કેન્દ્રોની મંજૂરીમાં ભૌગોલિક પરિસ્થિતિને આધારે ઉક્ત વસ્તીના ધારાધોરણો ધ્યાને ન લેતા જીઓ સ્પેશિયલ એનાલિસિસના આધારે આરોગ્ય કેન્દ્રો વચ્ચેના અંતરને ધ્યાને લઈ કુલ ૨૪ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મંજૂર કરવામાં આવેલ છે. જેથી આવા અંતરિયાળ અને દુર્ગમ વિસ્તારમાં આરોગ્ય સેવાઓ સુચારુ રૂપે પુરી પાડી શકાશે.

એક પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં મેડિકલ ઓફિસર , લેબોરેટરી ટેકનીશીયન, જુનિયર ફાર્માસિસ્ટ સિનિયર ક્લાર્ક સહિતના અન્ય સ્ટાફની નિમણૂક કરાય છે. હાલ જે જગ્યાઓએ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની ઘટ છે ત્યાં પ્રાથમિક આરોગ્ય સેવાઓ પહોંચતી કરવામાં સ્થાનિક જનો માટે આ કેન્દ્રો આશીર્વાદરૂપ સાબિત થશે. ■

# ગુજરાતમાં રમતગમતના કાયમી કોચની ૮૦ જગ્યાઓ ખાલી

## સરકારે એક દાયકાથી ભરતી જ નથી કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ખેલ મહાકુંભની શરૂઆત પણ થઇ ગઇ છે. ગુજરાત સરકાર દ્વારા છેલ્લા ૧૦ વર્ષથી વિવિધ રમતો માટેના કોચની ભરતી કરવામાં આવી નથી. વડોદરામાં ૧૪ કોચ સહિત સમગ્ર ગુજરાતમાં ૧૩૨ કાયમી કોચ અને ૧૪૦ કોચ કોન્ટ્રાક્ટ હેઠળ છે. ખેલ મહાકુંભની શરૂઆત પહેલાં જ રાજ્યના ખેલાડીઓ ઓલિમ્પિક માટે કેવી રીતે તૈયાર થશે એવી ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે.

પ્રાપ્ત માહિતી પ્રમાણે ગુજરાત સરકાર દ્વારા ખેલ મહાકુંભ, ખેલો ઇન્ડિયા જેવી સ્પર્ધાઓની શરૂઆત કર્યા બાદ વર્ષ-૨૦૧૬-૧૭માં એક હજાર કોચની ભરતી કરવાનો ઠરાવ કરવામાં આવ્યો હતો. પરંતુ, સરકાર દ્વારા આજદિન સુધી આ ઠરાવનો અમલ કરવામાં આવ્યો નથી. ૧૩૨ માંથી ૪૫ કોચના પ્રમોશન જિલ્લા રમત વિકાસ અધિકારી તરીકેના ડયૂ છે. એટલે ૧૩૨ માંથી એ ૪૫ની જગ્યા પણ આવનાર સમયમાં ખાલી પડશે.

વડોદરામાં ૧૪ કોચમા ૩ હોકી, ટેબલ ટેનિસ, ૨ કોચ સ્વિમિંગ, બાસ્કેટબોલ, એથ્લૅટિક, શૂટિંગ, કબડ્ડી, બેડમિન્ટન, ૨ કોચ જિમ્નાસ્ટિક, ટેનિસ અને આર્ચરી સહિત ૧૪ કોચ મળી સમગ્ર ગુજરાતમાં ૧૩૨ કોચ છે. ૧૩૨ કોચ પૈકી ૧૯ કોચને ભરતી થવા માટે હાઇ કોર્ટમાં લાંબી લડત આપવી પડી હતી. હાલના કોચને સરકાર દ્વારા મળવાપાત્ર લાભો જેવા કે પી.એફ., મેડિકલ, એલટીસી, ઉચ્ચતર પગાર, સાતમુ પગાર પંચ તેમજ વીમા જેવા લાભોથી વંચિત છે. આ કોચ દ્વારા તૈયાર કરવામાં આવેલા ગુજરાતના ખેલાડીઓ ઉત્તરોત્તર પ્રગતિ કરી રહ્યા છે. પાછલા ૧૦ વર્ષમાં ૪૭૩ ખેલાડીઓએ નેશનલમાં ગોલ્ડ, સિલ્વર અને બ્રોન્ઝ મેડલ મેળવ્યા છે.

આ અંગે સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતના ડાયરેક્ટર જનરલ આર. એસ. નિનામાએ એક મીડિયાને જણાવ્યું હતું કે, હાલમાં ગુજરાતમાં ૧૩૨ કાયમી કોચ છે અને આઉટ સોર્સિંગ દ્વારા લેવામાં આવેલા ૧૪૦ કોચ છે. દરેક જિલ્લા સ્કૂલમાં ૧ કોચ અને ૧ ટ્રેનર મૂકવામાં આવેલા છે. હાલમાં ૮૦ કોચની જગ્યા ખાલી છે. જે આગામી દિવસોમાં સીધી ભરતી કરાશે અને બાકીના કોચ અને ટ્રેનરની આઉટ સોર્સિંગથી ભરતી કરાશે. ■

# અમદાવાદ આરટીઓનો સપાટોઃ એક મહિનામાં ૧,૩૬૦થી વધુ લાઈસન્સ સસ્પેન્ડ, ૧.૨૨ કરોડનો દંડ વસૂલાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં ટ્રાફિક નિયમોનું પાલન કરાવવા માટે પોલીસ કડક કાર્યવાહી કરી રહી છે, પોલીસ દ્વારા સ્પેશિયલ ડ્રાઈવ કરીને નિયમ ભંગ કરનાર સામે કાર્યવાહી કરી મેમો આપવામાં આવ્યા હતા. તે જ પ્રકારે વારંવાર ટ્રાફિકના નિયમોનો ભંગ કરનારનું લિસ્ટ બનાવીને અમદાવાદ આરટીઓને આપવામાં આવ્યું હતું. ટ્રાફિક પોલીસની દરખાસ્ત બાદ અમદાવાદ આરટીઓ દ્વારા વારંવાર નિયમ ભંગ કરનારને નોટિસ આપી હતી અને ત્યાર બાદ લાયસન્સ સસ્પેન્ડ કરવાની કાર્યવાહી કરવામાં આવી હતી.

અમદાવાદ આરટીઓએ જણાવ્યું હતું કે, આરટીઓ દ્વારા નિયમો ભંગ કરવા બદલ છેલ્લા એક મહિનામાં ૧૩૬૦થી વધુ લાયસન્સ ૩ મહિના માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. જેમાં હેલમેન્ટના કેસ સૌથી વધુ છે અને એક વર્ષમાં ૨૨૦૦થી વધુ લાયસન્સ સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. ફેટલમાં ૨૨૦ લાયસન્સ છે. જ્યારે રોંગ સાઈડ ડ્રાઈવિંગ કરનાર ૪૫૦ કેસ છે. તેમજ છેલ્લા એક મહિનામાં ૩૯૦૦ ચલન ડિટેઈન ઈશ્યુ થયા છે. જેમાં ૧ કરોડ ૨૨ લાખનો દંડ વસૂલ કરવામાં આવ્યો છે. સૌથી પ્રથમ ઘટના છે જેમાં એક મહિનામાં ૧૩૬૦થી વધુ લાયસન્સ સસ્પેન્ડ થયા છે. ■

# હિંમતનગરના વ્યાજખોરોએ સગીરાને ત્રણ લાખમાં વેચીઃ ત્રણ આરોપી સામે ગુનો દાખલ

અમદાવાદઃ ગુજરાતમાં બાળકોની તસ્કરી અને તેમના વેચાણના કિસ્સા વધી રહ્યા છે. પાટણ જિલ્લા બાદ સાબરકાંઠા જિલ્લામાં પણ બાળ તસ્કરીનો કિસ્સો બહાર આવતા ખળભળાટ મચી ગયો હતો. હિંમતનગરમાં રહેતા એક પરિવાર પાસે વ્યાજના રૂપિયાની ઉઘરાણી કરી મારામારી પછી બે શખ્સો સહિત એક મહિલાએ બળજબરીપૂર્વક ૭ વર્ષની સગીરાને ઉઠાવી રાજસ્થાનમાં રૂપિયા ૩ લાખમાં વેચી દીધાની ફરિયાદ નોંધાઇ હતી. સાબરકાંઠાના હિંમતનગરમાં સાબરડેરી વિસ્તારમાં સમર્થ કોલેજ કેમ્પસની બાજુમાંથી પસાર થતી કેનાલ નજીક છાપરામાં વસવાટ કરતા એક પરિવારે મોડાસાના હજીરા વિસ્તારમાં રહેતા અર્જુન વિજયભાઈ નટ પાસેથી રૂપિયા ૬૦,૦૦૦ વ્યાજે લીધા હતા. જેમાં નિયમ મુજબ વ્યાજ ચૂકવી દીધું હોવા છતાં અર્જુન નટ અને સરીફાબેન નટે તેમની રીતે હિસાબ કરી રૂ.૩ થી ૪ લાખ લેવાના નીકળતા હોવાનું જણાવી હિંમતનગર તેમના ઘરે આવ્યા હતા. ત્યારબાદ મારામારી કરી કોરા કાગળમાં અંગૂઠા કરાવ્યા પછી તેમની દીકરીને પૈસાના બદલામાં બળજબરીપૂર્વક ઉઠાવી ગયા હતા અને તેનો રૂ. ૩ લાખમાં સોદો કરી રાજસ્થાનના જયપુરની આસપાસ વેચી દીધી હતી. ■

# મહારાષ્ટ્રમાં ભાજપની સરકાર છે કે સિરિયલ?!

**રાજ્ય વિધાનસભાની ચૂંટણીનાં પરિણામને આજે એક મહિનો થયો. મુખ્ય પ્રધાન માંડ માંડ નક્કી થયા. પ્રધાનોની વરણીમાંય ડખા થયા ને એ કામ માંડ પૂરું થયું તો હવે એમને કયાં ખાતાં આપવાં એનું કમઠાણ એવું શરૂ થયું કે વિધાનસભાનું એક આખું સત્ર પ્રધાનોને ખાતાંની ફાળવણી વિના પૂરું થઈ ગયા પછી પ્રધાનોને મંત્રાલયો અપાયાં ...આ કદાચ ભારતીય રાજકારણનો એક આગવો વિક્રમ છે!**

કવર સ્ટોરી
વિજય વ્યાસ
feedback@bombaysamachar.com



**મહારાષ્ટ્રમાં** વિધાનસભાની ચૂંટણીનું પરિણામ ૨૩ નવેમ્બર, ૨૦૨૪ના દિવસે આવ્યું હતું ને ગઈ કાલે શનિવારે લગભગ એક મહિનો પૂરો થઈ ગયો, ત્યારે છેક પ્રધાનોને ખાતાંની ફાળવણી થઈ.

ભાજપે જે રીતે મુખ્ય પ્રધાનની પસંદગીથી માંડીને પ્રધાનોને ખાતાંની ફાળવણી સુધીનાં કામ કટકે કટકે કર્યાં એ જોતાં સત્તા પર આવેલો પક્ષસમૂહ સરકાર ચલાવી રહ્યો છે કે ધારાવાહિક સિરિયલ ચલાવી રહ્યો છે એ જ ખબર પડતી નથી!

પહેલાં ભાજપ, એકનાથ શિંદેની શિવસેના અને અજિત પવારની એનસીપી વચ્ચે મુખ્ય પ્રધાનપદને મામલે બરાબરની ખેંચતાણ દિવસો સુધી ચાલી ને માંડ માંડ એ કોકડું ઉકેલાયું. ભારે રિસામણાં-મનામણાં પછી બરાબર ૧૨ દિવસના અંતે દેવેન્દ્ર ફડણવીસની મુખ્ય પ્રધાન તરીકે શપથવિધિ થઈ ને તેમાં પણ છેક છેલ્લી ઘડી સુધી એકનાથ શિંદે નાયબ મુખ્ય પ્રધાનપદના શપથ લેશે કે નહીં તેનું જબરું સસ્પેન્સ ચાલ્યું.

શિંદેને માંડ માંડ સમજાવ્યા - મનાવ્યા - પટાવ્યા પછી મંત્રીમંડળમાં કોને લેવા તેની માથાકૂટ શરૂ થઈ. આ માથાકૂટમાં બીજા ૧૧ દિવસ નીકળી ગયા ને ૧૬ ડિસેમ્બરે ભાજપના ૧૯, શિવસેનાના ૧૧ ને એનસીપીના ૯ ધારાસભ્યે શપથ લીધા. એ વખતે લાગતું હતું કે, હવે ભાજપની આ 'ભવાઈ' પૂરી થશે, પણ એ ભવાઈ હજુ પતી નથી. ફડણવીસ સરકારના પ્રધાનોએ શપથ લીધાને સાત દિવસ થઈ ગયા પછી પ્રધાનોને ખાતાંની ફાળવણી થઈ. ભાજપ-શિવસેના ને એનસીપીના અમુક વિધાનસભ્યો પ્રધાન તો બની ગયા, પણ કોઈને પોતે શું કામ કરવાનું છે તેની છેક ગઈ કાલ રાત સુધી ખબર નહોતી. ખાતાં વિનાના પ્રધાન તરીકે બધા મંત્રાલયના આંટાફેરા કરી રહ્યા હતા.

આ બધાની વચ્ચે, આઘાતની વાત એ છે કે દેવેન્દ્ર ફડણવીસની સરકારે વિધાનસભાનું એક આખું સત્ર પ્રધાનોને ખાતાંની ફાળવણી વિના કાઢી નાખ્યું. વિધાનસભાનું શિયાળુ સત્ર પણ સમાપ્ત થઈ ગયું છે, પછી ખાતાંની ફાળવણી થઈ. આ પણ ભારતના રાજકારણમાં એક જાતનો વિક્રમ જ ગણાય!

પ્રધાનોએ વિધાનસભામાં પોતપોતાનાં ખાતાંને લગતા સવાલોના જવાબ આપવાના હોય છે, પણ ખાતાંની ફાળવણી જ નહોતી થઈ તેથી કોઈ જ પ્રકારના સવાલ-જવાબ વિના જ શિયાળુ સત્ર પતી ગયું.

આ ભાંજગડમાં વધારે આઘાતની વાત પાછી એ છે કે, ખાતાંની ફાળવણી મુદ્દે દેવેન્દ્ર ફડણવીસ કે બે નાયબ મુખ્ય પ્રધાન તેનો જવાબ પણ આપતા નથી. પ્રજાએ ધારાસભ્યોને ચૂંટણી વહીવટ કરવા મોકલ્યા છે તેથી મતદારો -પ્રજાને સરકારમાં કોણ શું ભૂમિકા ભજવશે, કોની પાસે ક્યું મંત્રાલય હશે એ જાણવાનો પૂરો અધિકાર છે, પણ સામે બાજુએ ભાજપ-શિવસેના-એનસીપીના નેતા લોકોને જવાબ આપવાની એમની ફરજ જ ના હોય એ રીતે વર્તી રહ્યા છે. મહારાષ્ટ્રની પ્રજા સાવ નગણ્ય હોય ને દિલ્હીમાં બેઠેલા તેમના માઈ-બાપ જ સર્વસ્વ હોય એમ આ ત્રિપુટી વર્તી રહી છે. આ લોકોએ લોકશાહીને સાવ ફારસરૂપ બનાવી દીધી છે.

ફડણવીસ સરકારમાં ખાતાંની ફાળવણીમાં વિલંબ માટે મીડિયામાં જુદાં જુદાં કારણો અપાયાં. એકનાથ શિંદે ફરી આડા ફાટ્યા હોવાની પણ એક વાત હતી. પહેલાં પણ એકનાથ શિંદે પોતાને જ મુખ્ય પ્રધાન બનાવવાની વાત પર અડી જતાં ભાજપ ભીંસમાં આવી ગયેલો ને નાયબ મુખ્ય પ્રધાનપદને મુદ્દે પણ શિંદેભાઉએ ત્રાગડો કરેલો. એવું કહેવાય છે કે અત્યારે પણ એમને ગૃહ મંત્રાલય જોઈતું હતું તેમાં બધું લટક્યું હતું. કોઈ વળી એમ કહેતું હતું કે, ભાજપમાં જ મંત્રી બનાવવામાં ન આવ્યા હોય એવા અનેક 'અતૃપ્ત આત્મા'ઓ (ધારાસભ્યો) ધૂંધવાયેલા છે. એમનો ધૂંધવાટ બહાર ના આવી જાય એટલે બધાને શાંત પાડવાની ક્વાયત ચાલી રહી હતી તેમાં પ્રધાનોનાં ખાતાંનાં વિતરણમાં મોડું થયું.

સો વાતનીએ એક વાત, મહારાષ્ટ્રમાં સરકાર ભલે રચાઈ ગઈ, પણ અંદરખાને બધું હજુ સખળડખળ જ છે. એકનાથ શિંદે ભલે ભાજપના મનાવવાથી નાયબ મુખ્ય પ્રધાનપદ સ્વીકારીને બેસી ગયા હોય, પણ મનમાં હજુય કચવાટ છે. મુખ્ય પ્રધાનપદે રહ્યા પછી નાયબ મુખ્ય પ્રધાનપદે બેસવું પડે એ સ્થિતિ બહુ સારી ના કહેવાય ને શિંદે માટે એ રાજકીય પછડાટ જ છે. શિંદે આ પછડાટનું સાટુ વાળવા માટે ગૃહ મંત્રાલય જેવું મહત્ત્વનું ખાતું લેવા માગતા હતા. ભાજપ એકનાથ શિંદેને સાવ કોરાણે મૂકી શકે તેમ નથી, કેમ કે કેન્દ્રમાં ભાજપ સરકાર પાસે સ્પષ્ટ બહુમતી નથી તેથી સાથી પક્ષોને સાચવવા જરૂરી છે. શિંદે આડા ફાટે ને સાવ અલગ થાય તો ભાજપને નુકસાન કરી શકે એ ડર પણ છે.

આ ઘટનાક્રમે ભાજપમાં રાજ્ય કક્ષાના નેતાઓની કોઈ કિંમત જ નથી અને મુખ્ય પ્રધાન સુધ્ધાં શોભાના ગાંઠિયાથી વધારે કંઈ નથી એ સાબિત કર્યું છે. કોર્પોરેટ લેંગ્વેજમાં કહીઓ તો આ બધા મોડીફાઈડ ક્લાર્ક છે, જેમનું કામ દિલ્હીથી આવતા ઑર્ડરોનો અમલ કરવાનું છે અને દેવેન્દ્ર ફડણવીસ અત્યારે 'મોડિફાઈડ ક્લાર્ક' તરીકે જ વર્તી રહ્યા છે, જે એક રાજ્યના મુખ્ય પ્રધાન માટે આ શોભાસ્પદ ના કહેવાય, પણ ફડણવીસ પોતે જ પોતાનું ગૌરવ અને મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન તરીકેની ગરિમા ગુમાવીને વર્તી રહ્યા છે એમાં બીજા શું કહે ?

ફડણવીસ દેશના બીજા નંબરના સૌથી મોટા રાજ્યના મુખ્ય પ્રધાન છે, પણ પહેલાં એમને પોતાના પ્રધાનમંડળમાં કેટલા પ્રધાનોનો સમાવેશ કરવો ને કોને કોને સમાવવા એ નક્કી કરવાની છૂટ નહોતી ને હવે પ્રધાનમંડળ બની ગયું તો પોતાના પ્રધાનોને જ ખાતાંની ફાળવણીનો અધિકાર નહોતો. મુખ્ય પ્રધાન રાજ્યમાં સર્વોપરિ ગણાય ને રાજ્યની પ્રજાનો પ્રતિનિધિ કહેવાય. પોતાનું પ્રધાનમંડળ નક્કી કરવાનો અને પ્રધાનોને ખાતાંની ફાળવણી કરવાનો અધિકાર આ દેશના બંધારણે એમને આપ્યો છે, પણ ફડણવીસનો એ અધિકાર દિલ્હીમાં બેઠેલા ભાજપના કહેવાતા હાઈકમાન્ડે છીનવી લીધો છે ને ફડણવીસ બે હાથ જોડીને બેસી રહ્યા છે.

ભાજપના નેતાઓ કૉંગ્રેસ પર એક પરિવારના શાસનની ટીકા કરે છે, એક પરિવારના લોકો કહે તેમ જ કૉંગ્રેસીઓએ વર્તવું પડે છે એવું કહે છે, પણ મહારાષ્ટ્રનો ભવાડો જોયા પછી ફરી એક વાર કહેવું પડે કે, ભાજપ અને કૉંગ્રેસમાં કોઈ ફરક નથી. ભાજપનું પણ સંપૂર્ણપણે કૉંગ્રેસીકરણ થઈ જ ગયું છે. કૉંગ્રેસમાં એક પરિવાર છે તો ભાજપમાં કર્તાહર્તા બે વ્યક્તિ છે! ■

# ઝાકિર હુસૈનઃ એક ઉસ્તાદની કેટલીક અજાણી વાત...

સ્મૃતિ વિશેષ
રિન્કુ હીના શાહ
feedback@bombaysamachar.com



**તબલાંના** તાલ-થપાટના પર્યાય બની રહેલા આ વિશ્વવિખ્યાત તબલાંવાદક ઉસ્તાદ ઝાકિર હુસૈને ગયા સપ્તાહે કરોડો સંગીતરસિકોને આંચકો આપતાં કાયમી અલવિદા કહી દીધી.

બહુ ઓછા રસિકોને ખ્યાલ હશે કે ઝાકિરને જગવિખ્યાત બનાવવામાં એનાં કલા-કૌશલ્ય ઉપરાંત એક હિન્દુ સાધુના આશીર્વાદ નિમિત્ત બન્યા હતા. ૧૯૫૧માં ઝાકિર જન્મ્યો ત્યારે એનાં અબ્બા-અમ્મીજાન મુંબઈના માહિમ વિસ્તારમાં આવેલી સૂફી સંત મખદૂમ બાબાની દરગાહ પાસે એક ઓરડીમાં રહેતાં હતાં. ઉસ્તાદ અલ્લારખ્ખા હિન્દી ફિલ્મ ઉદ્યોગમાં સંગીતકાર તરીકેનું સ્થાન બનાવવા સંઘર્ષ કરતા હતા. ઝાકિર જન્મ્યો ત્યારે વારંવાર બીમાર પડી જતો.

એક વાર એના ઘર પાસેથી એક ભગવાધારી સાધુ નીકળ્યો. એણે ઉસ્તાદના ઘર પાસે જઈને ઝાકિરની માતાનું નામ લઈને બૂમ પાડી. કોઈ હિન્દુ સાધુને પોતાનું નામ લેતાં જોઈને પહેલાં તો બાવી બેગમ થોડાં અકળાયાં. ઘરના ઊંબરે આવ્યાં ત્યારે પેલા સાધુએ કહ્યુંઃ 'જો, તારો દીકરો વારેવારે માંદો પડી જાય છે ને, પહેલાં ચાર વરસ એને સાચવી લે. પછી એ દુનિયામાં તમારું નામ રોશન કરશે અને જો, એના નામ સાથે હજરત ઇમામ હુસૈનનું નામ જોડી દેજે....' બસ, આટલું કહીને એ સાધુ ચાલતા થયા. ઇમામ હુસૈન હજરત મુહમ્મદ પયંગબર સાહેબ (સ.અ.વ.)ના દોહિત્ર થાય.

મજા જુઓ. ઉસ્તાદ અલ્લારખ્ખાની અટક કુરૈશી છે. ઝાકિરના બીજા બંને ભાઈ કુરૈશી અટક વાપરે છે- તૌફિક કુરૈશી અને ફઝલ કુરૈશી. એકમાત્ર ઝાકિરના નામ સાથે હુસૈન લાગેલું છે. ઝાકિર મુંબઈમાં હતા ત્યારે દર વરસે એમની માતા એમને એક ઝોળી આપતી અને ઘરે ઘરે જઈને ભિક્ષા માગવા મોકલતી. ઝોળીમાં જે કંઈ મળે એ મખદૂમ બાબાની દરગાહ પાસે બેઠેલા ગરીબોમાં વહેંચી દેવાનું.

હજુ એક અજાણી, છતાં આ રસપ્રદ વાત પણ જાણો, જે ઝાકિરે પોતે એક વિદેશી ટીવી ચેનલને કહી છેઃ

'મારી માતા કહેતી કે તું આઠ-નવ માસનો હતો ત્યારથી ઘોડિયામાં તારી ટચૂકડી આંગળીઓ થીરક્યા કરતી, જાણે તું મારી કૂખમાં રહીને તારા અબ્બાની કલા સાંભળીને આત્મસાત ન કરી આવ્યો હોય. અમ્મીના આવા શબ્દો સાંભળીને અબ્બાજી મીઠું મલકતા. છ-સાત વર્ષની વયે અન્ય બાળકો રમતાં હોય ત્યારે ઝાકિર ફિલ્મ સંગીતકારોનાં ગીતોમાં તબલાં વગાડતો થઈ ગયેલો. ઉપરાંત પિતાની સાથે પંડિત રવિશંકર અને ઉસ્તાદ અલી અકબર ખાન સાથે સંગત કરવા જતો થઈ ગયેલો.

આમ સાવ કુમળી વયથી આમ ઝાકિર પરફોર્મિંગ આર્ટિસ્ટ થઈ ગયેલો.


ઝાકિર વિશે સંતુર સમ્રાટ પંડિત શિવકુમાર શર્માના શબ્દો વિચારવા જેવા છે. એક મુલાકાતમાં શિવજીએ કહેલુંઃ વો અંતર્યામી જૈસા હૈ, યા ફિર ટેલિપથી ઉસ કી રગોં મેં હૈ. કૌન સા કલાકાર કબ ક્યા બજાયેગા વો ઝાકિર પહચાન જાતા હૈ ઔર સામનેવાલે કો ભી સરપ્રાઇઝ દેતા હૈ...'

એ વિશે ખુદ ઝાકિરને પૂછવામાં આવ્યું ત્યારે એણે રહસ્યસ્ફોટ કરી દીધોઃ એમાં વાત એવી છે કે મારે જે કલાકાર સાથે વગાડવાનું હોય એની સીડી કે કેસેટ જે મળે તે હું આગલી સાંજે હેડફોન લગાડીને એકાગ્રતાથી સાંભળી લઉં છું એટલે મને એ કલાકારનાં રસરુચિ, એની શૈલી અને તબલાંવાદકને હંફાવવા એ કેવી ટ્રીક વાપરે છે એનો અણસાર આવી જાય છે. આ રીતે હું માનસિક રીતે તૈયાર હોઉં છું. સોલો હોય કે સંગત, સહકલાકારને આનંદ આપે અને ઑડિયન્સને પણ રીઝવે એ રીતે હું સાથ આપું છું!'

યસ, આ વાત પણ મહત્ત્વની છે. દેશમાં હજારો તબલાંવાદકો છે, પણ ઝાકિરની લોકપ્રિયતા અજોડ હતી. એનું કારણ એ કે ઝાકિર શાસ્ત્રીય સંગીતના રસિકો ઉપરાંત સંગીત ન જાણતા હોય એવા આમ આદમીને પણ તબલાંવાદન સાંભળવાનો આનંદ આપે એ રીતે તબલાં વગાડતો. એણે ધુરંધર કલાકાર ઉપરાંત કૉમનમેનને મઝા પડે એ રીતે પોતાનાં તબલાંનો ઉપયોગ કરેલો. દૂરથી આવી રહેલી ટ્રેનનો ધ્વનિ, નજીક આવી ગયેલી ટ્રેનનો ધડધડાટ, પસાર થઈ જતી ટ્રેનનો ખડખડાટ ઉપરાંત ભગવાન શંકરનું ડમરુ કે ચોમાસામાં થતો વીજળીનો ગડગડાટ, વગેરે ધ્વનિ એ હસતા મોઢે રજૂ કરીને શ્રોતાઓને ચકિત કે ખુશ કરી દેતો. ઘણા યુવાન તબલાંવાદકો ઝાકિર જેવી હેરસ્ટાઇલ રાખીને ઝાકિરની અદાથી ગરદનને ઝટકો આપતા થઈ ગયેલા.

એક વ્યક્તિ તરીકે એ અત્યંત નમ્ર હતો. પંડિત હરિપ્રસાદ ચૌરસિયાએ એક ઘટના કહેલીઃ

અમે એક વિદેશના ઍરપૉર્ટ પરથી બહાર નીકળી રહ્યા હતા ત્યારે એક ચાહકે ઝાકિરના નામની બૂમ પાડી અને રિક્વેસ્ટ કરી કે મારે તમારી સાથે ફોટો પડાવવો છે. ઝાકિરે જરાય અહં વચ્ચે લાવ્યા વિના મારી સામે જોયું, જાણે મારી પરવાનગી લેતો હોય. પછી પેલાને એના મોબાઈલ પર જેવો ફોટો લેવો હોય તેવો લેવા દીધો. આ એની નમ્રતાનો જીવંત પુરાવો હતો. છેલ્લાં ચાળીસ પિસ્તાળીસ વરસથી વિદેશમાં રહ્યો હોવા છતાં એનામાં ગર્વનો છાંટોય નહોતો. દુનિયાભરના લય વાદ્યવાદકોના વહાલા ઝાકિર હુસૈનની વિદાયથી બેશક, એક અદ્ભુત યુગનો અંત આવ્યો છે. એ જરૂર જન્નત અને દેવલોકમાં પણ પોતાની કલા દ્વારા દેવલોકોને રીઝવતો હશે. ■




**ઉસ્તાદની મોજ-મસ્તી**

ઝાકિર હુસૈનનો એક દુર્લભ ફોટો... આમાં એ રિક્ષા ચલાવી રહ્યાં છે અને એમની પાછળ બેઠેલાં બિરજુ મહારાજ ઉસ્તાદની પીઠ પર તબલાં વગાડી રહ્યાં છે. રિક્ષામાં એક પેસેન્જર સંજુક્તા પાણીગ્રહી પણ છે તો સંતૂરવાદક શિવકુમાર શર્મા અને વાંસળીવાદક હરિપ્રસાદ ચૌરસિયા રિક્ષાને ધક્કો મારી રહ્યાં છે.


સૉલ ઓફ ટૂર

# ચાલો માણીએ ક્રોએશિયા અને સ્લોવેનિયાના વૈવિધ્યસભર પ્રવાસ

**ફરવા જવાનું તાત્પર્ય માત્ર એક્સ્પ્લોરેશન જ નહીં, પણ એક સારા વાતાવરણમાં ઉત્તમ શાંતતાભર્યો અનુભવ** મળે અને તન-મન બન્ને રિલૅક્સ થાય એ હોય છે. આજે વાત કરીએ એવાં જ સ્થળોની જ્યાંનું આર્કિટેક્ચર, લોકલ ફૂડ અને નયનરમ્ય કુદરતી સુંદરતા તમને જીવનભરની યાદો બનવામાં મદદરૂપ થશે. ચાલો, ઔરોરા ટૂર્સના મૅનેજિંગ ડિરેક્ટર ધવલ જાંગલા પાસેથી જાણીએ આ સ્થળો વિશે.



ઔરોરા ટ્રાવેલ ટૂર્સ પ્રાઇવેટ લિમિટેડના ચૅરમૅન ધવલ જાંગલા

**ધવલભાઈ, આજે ક્યાં નવાં સ્થળોની સફર પર લઈ જવાના છો?**

ધવલભાઈ કહે છે, 'આજે જઈએ ક્રોએશિયા અને સ્લોવેનિયા. જ્યાંની ૧૧ દિવસની યાત્રા પ્રત્યેક પ્રકારના પ્રવાસીઓને આકર્ષે છે. પછી તમે કુદરતપ્રેમી હો, ઈતિહાસપ્રેમી કે પછી ખાવાના શોખીન, આ સ્થળ દરેકને અનોખો અને યાદગાર અનુભવ આપે છે. તો કરી લો બૅગ પૅક અને એક લાઈફ ટાઈમ એક્સ્પીરિયન્સ લેવા માટે તૈયાર થઈ જાઓ. ક્રોએશિયા અને સ્લોવેનિયાની સફરની શરૂઆત થાય છે અદ્ભુત લૅન્ડસ્કેપ, ત્યાંનો સમૃદ્ધ સાંસ્કૃતિક વારસો અને આકર્ષક આર્કિટેક્ચર સાથે. અહીંનાં બધાં જ આકર્ષણો એકબીજા સાથે જોડાયેલાં છે અને તમને પ્રકૃતિની સુંદરતા અને ભૂતકાળની કલાત્મકતાને એક્સ્પ્લોર કરવાનું આમંત્રણ આપે છે.

★ **બ્લેડ - સ્લોવેનિયાનું અલ્પાઈન પૅરૅડાઈઝ**

યાત્રાની શરૂઆત કરીશું સ્લોવેનિયાના મનોહર શહેર બ્લેડથી. અહીંનું સ્થળ આકર્ષક કુદરતી સૌંદર્ય અને સુખદ આબોહવા માટે જાણીતું છે, જે આ પ્રદેશના ટોચના અલ્પાઈન રિસૉર્ટ્સમાંનું એક બનાવે છે. આ વિસ્તાર અહીંના સૌંદર્યમાં વધારો કરે છે. તળાવ પર બ્લેડ કિલ્લો છે જે દેશની સૌથી જૂની કિલ્લેબંધીમાંનો એક છે અને એ એક હજાર વર્ષથી વધુનો ઈતિહાસ ધરાવે છે.

★ **લ્યુબ્લજાના : સ્લોવેનિયાનું સાંસ્કૃતિક હૃદય**

લ્યુબ્લજાના એ સ્લોવેનિયાની એક વાઈબ્રન્ટ રાજધાની છે તેમ જ સંસ્કૃતિ અને ઈતિહાસનું આ શહેર કેન્દ્ર છે. લ્યુબ્લજાનિકા નદીના જમણા કિનારે આવેલું મોહક ઓલ્ડ ટાઉન મસ્ટ વિઝિટ છે; અહીંથી મેસ્ટની ટ્રગ, સ્ટારી ટ્રગ અને ગૉર્નજી ટ્રગ જેવી આ સુંદર ગલીઓનાં દર્શન થાય છે. ટ્રિપલ બ્રિજ, પ્રેશરેન સ્ક્વેર અને લ્યુબ્લજાના કૅથીડ્રલ જેવા આઈકૉનિક લૅન્ડમાર્ક્સ અહીંના આકર્ષણમાં વધારો કરે છે.

★ **ઝાગ્રેબ - ઈતિહાસમાં ગરકાવ કરતું શહેર**

ક્રોએશિયાની વાઈબ્રન્ટ રાજધાની ઝાગ્રેબ બે નાની ટેકરીઓ વચ્ચે આવેલું છે અને પુરાતન-યુગની દીવાલોથી ઘેરાયેલું છે, જે અદ્ભુત દૃશ્યો અને સમૃદ્ધ ઐતિહાસિક વાતાવરણ પ્રદાન કરે છે. અહીં પ્રવેશતાંની સાથે જ, મુલાકાતીઓ મોહક ઓલ્ડ ટાઉનની સફર કરી શકે છે, જે શહેરનાં મુખ્ય આકર્ષણોનું ઘર છે.

મુખ્ય આકર્ષણોમાં ઝાગ્રેબ કૅથીડ્રલ છે જે એના ૧૦૮ મીટરની ઊંચાઈ ધરાવતા પ્રભાવશાળી ટ્વિન બેલ ટાવર્સ માટે જાણીતું છે. આ ટાવર્સની ઊંચાઈ એને ક્રોએશિયાની સૌથી ઊંચી ઈમારત બનાવે છે. નિયો-ગોથિક શૈલીમાં બનેલા આ સ્મારક સંરચનાને ઘણી વાર 'મધર ઑફ ઑલ ક્રોએશિયન ચર્ચ' તરીકે ઓળખવામાં આવે છે, જે ઝાગ્રેબ અને ક્રોએશિયાના સાંસ્કૃતિક વારસાનું પ્રતીક છે.

★ **પ્લિટવાઈસ લેક્સ નૅશનલ પાર્ક**

પ્લિટવાઈસ લેક્સ નૅશનલ પાર્ક એ ક્રોએશિયાનું પહેલું, સૌથી જૂનું અને સૌથી મોટું નૅશનલ પાર્ક છે જે એના અદ્ભુત કુદરતી સૌંદર્ય માટે પ્રખ્યાત છે.



આ નૅશનલ પાર્ક યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઈટ છે જેમાં છલકાતાં તળાવો અને લીલાંછમ જંગલો છે, જે એને પ્રકૃતિપ્રેમીઓ અને આઉટડોર એક્સપ્લોરેશનના ઉત્સાહીઓ માટે સ્વર્ગ બનાવે છે. અહીંનાં આકર્ષક લૅન્ડસ્કેપ્સ વિશ્વભરના મુલાકાતીઓને મોહિત કરતાં આવ્યાં છે.

★ **રોમાંચક બ્લુ કેવની સફર**

બિશેવો ટાપુ ઉપરની વાદળી રંગની ગુફા એ એક આકર્ષક કુદરતી અજાયબી છે, જ્યાં સૂર્યપ્રકાશ ગુફાના પાણીની અંદર પ્રવેશીને ગુફાને મંત્રમુગ્ધ વાદળી રંગમાં પ્રકાશિત કરે છે. આ અદ્ભુત ઘટના, વાદળી પાણી અને પાણીમાં પડતા પ્રતિબિંબનો ચળકતો પ્રકાશ આ સ્થળને આકર્ષક બનાવે છે. ઍડ્વેન્ચર ઈચ્છતા સાહસિક મુલાકાતીઓ લક્ઝરી સ્પીડબોટ પર રોમાંચક સવારીનો આનંદ માણી શકે છે. બ્લુ કેવની ટૂર એક અવિસ્મરણીય અનુભવ આપે છે.

★ **ડુબ્રોવનિક - પર્લ ઑફ એડ્રિયાટિક**

'પર્લ ઑફ એડ્રિયાટિક' તરીકે ઓળખાતું આ સ્થળ ડુબ્રોવનિક તરીકે ઓળખાય છે. આ સ્થળ એના સમૃદ્ધ ઈતિહાસ, અદ્ભુત આર્કિટેક્ચર અને આકર્ષક લૅન્ડસ્કેપ્સ સાથે અહીં આવનાર મુલાકાતીઓને મનમોહિત કરે છે. શહેરનું ઓલ્ડ ટાઉન યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ સાઈટ છે જે ઐતિહાસિક સીમાચિહ્નોથી ભરપૂર છે, જેમાં ડુબ્રોવનિકની આઈકૉનિક દીવાલો અને રેક્ટર મહેલનો સમાવેશ થાય છે. મોહક વાતાવરણ અને સંસ્કૃતિમાં ડૂબેલું ડુબ્રોવનિક, એડ્રિયાટિક બીચ એક્સ્પ્લોર કરવા આવતા પ્રવાસીઓ માટે મુલાકાત લેવાનું આવશ્યક સ્થળ છે.

★ **સંસ્કૃતિ અને સ્થાનિક સ્વાદ**

ક્રોએશિયાનું ઑલિવ ઑઈલ જે ત્યાંના ક્વિઝીનમાં મુખ્ય છે એ ખાસ ટ્રાય કરવા જેવું છે. ખાસ કરીને ઈસ્ટ્રિયન પ્રદેશમાં જ્યાં ઑલિવ ઊગે છે. ક્રોએશિયાના વાઈન પ્રદેશો, જેમ કે ડાલમેટિયા અને ઈસ્ટ્રિયા, ઉત્તમ વાઈટ અને રેડ વાઈન, કોઈ પણ પ્રકારના ભોજન સાથે ભળી જઈને બેસ્ટ સ્વાદ આપે છે.

સ્લોવેનિયાના ફૂડમાં મધ્ય યુરોપિયન અને મીડિયાટ્રિયની રાંધણકળાનું મિશ્રિત છે. અહીંના લોકલ સૂપ્સમાં ગામડાનો ટચ છે. સ્લોવેનિયનો તેમની વાઈનનો આનંદ માણે છે, ખાસ કરીને પ્રિમોર્સ્કા પ્રદેશના વાઈટ વાઈનનો.

ક્રોએશિયા અને સ્લોવેનિયા પાડોશી દેશો હોવા છતાં જુદા-જુદા અને પૂરક અનુભવ આપે છે. ક્રોએશિયાને એની પ્રાચીન બીચ સિટીઝ ને મીડિયાટ્રિયન આકર્ષણ દ્વારા વ્યાખ્યાયિત કરવામાં આવે છે. જ્યારે સ્લોવેનિયાની અલ્પાઈન સુંદરતા અને પર્યાવરણ-પૂરક આબોહવા એક શાંત વિપરીતતા પ્રદાન કરે છે. એકસાથે તેઓ સાંસ્કૃતિક સમૃદ્ધિ, પ્રાકૃતિક વૈભવ અને પ્રેમાળ સ્થાનિક લોકોની એક એવી રંગાળી રજૂ કરે છે જે અહીં આવનાર દરેક પ્રવાસીઓને ખરેખર અવિસ્મરણીય પળો આપે છે. તો બૅગ પૅક કરો અને નીકળી પડો ૧૧ દિવસના લાઈફ ટાઈમ એક્સ્પીરિયન્સ માટે.

Aurora Travel Tours Pvt Ltd : Office No. 702, 7th Floor, Mahalaxmi Chambers, Bhulabhai Desai Marg, Opposite Tirupati Apartments, Mumbai 400026.
Contact Nos.: +91 222 3519710 / 11 / 12 / 14, 98219 21920. E-mail :- info@auroratravels.com

મોર્નિંગ મ્યૂસિંગ
રાજ ગોસ્વામી
feedback@bombaysamachar.com

## સ્ક્રીન વિરુદ્ધ પેપરઃ
# ઑનલાઈન વાંચન કેમ છીછરું લાગે છે?

**ધારો** કે તમારે ભારતની હાલની વસતિ કેટલી છે તે જાણવું છે તો તમે શું કરશો?

તમે ઇન્ટરનેટ પર જશો ને ગૂગલમાં સર્ચ કરશો. તમને સટીક સંખ્યા મળી જશે, પરંતુ તમારે ભારતને સમજવું હોય તો તમને ગૂગલ કામ નહીં લાગે. તમારે ભારત વિશે લખાયેલાં પુસ્તકો વાંચવા પડશે. એવું નથી કે ગૂગલમાં ભારતને સમજવા માટેની માહિતી નથી. કદાચ, ગૂગલમાં ભારતને લાગતાં, એક લાઈબ્રેરીમાં હોય તેના કરતાં પણ વધુ પુસ્તકો ઉપલબ્ધ છે.

તેમ છતાં, તમે ફિઝિકલ પુસ્તક વાંચીને ભારતને જેટલું સમજી શકશો તેટલું સ્ક્રીન પર એ વાંચીને નહીં સમજી શકો. આમાં ‘જાણવા’ અને ‘સમજવા’નો જેટલો ફરક છે તેટલો જ ફરક કાગળ પર લખાયેલા અને સ્ક્રીન પર લખાયેલા શબ્દનો છે.

એક નવું સંશોધન કહે છે આપણે જ્યારે સ્ક્રીન પર કશું વાંચીએ છીએ અને એ જ વસ્તુ કાગળ પર વાંચીએ છીએ ત્યારે આપણું મન જુદી રીતે તેને આત્મસાત કરે છે અર્થાત્ સ્ક્રીન પર ભારત અંગેની માહિતી (જેમ કે વસતિની સંખ્યા) તો આપણને બરાબર યાદ રહી જાય છે, પરંતુ સ્ક્રીન પર ભારત અંગેની સમજણ કેળવાતી નથી. તેના માટે ખોળામાં પુસ્તક રાખીને વાંચવું પડે. આ માહિતી અને સમજણનો ફરક છે અને તેના માટે માધ્યમ જવાબદાર છે.


સ્પેનના સંશોધકોએ ડિજિટલ અને પ્રિન્ટના કુલ ૧૭૧,૦૦૦ વાચકોને સમાવતા જુદા જુદા અભ્યાસ પરથી તારણ કાઢ્યું છે કે લોકો કાગળ પર કશું વાંચે ત્યારે (સ્ક્રીનની તુલનામાં) વધુ સારી રીતે સમજી શકે છે.

કામના કલાકો હોય કે ફુરસદના, આપણા જીવનમાં જ્યાં સ્ક્રીન સર્વવ્યાપી થઈ ગયો છે ત્યારે વાંચનની આપણી પેટર્ન પણ બદલાય તે અનિવાર્ય છે. આજે આપણે સોશિયલ મીડિયાની ટૂંકી પોસ્ટ્સ અને સબ-ટાઈટલ્સવાળા વીડિયોથી લઈને ઈ-બુક્સ, રિપોર્ટ્સ અને શૈક્ષણિક દસ્તાવેજો જેવા લાંબા કન્ટેન્ટ-માહિતીને ડિજિટલ સ્વરૂપમાં વાંચતા થયા છીએ, જેના માટે સતત ફોકસ અને તીવ્ર સમજણની જરૂર પડે છે.

લેખિત શબ્દને જોવાની અને તેનું અર્થઘટન કરવાની મૂળભૂત પ્રક્રિયા સમાન રહે છે, પરંતુ સ્ક્રીન પર શબ્દને વાંચવો તે કાગળ પરના ‘સ્થિર’ વાંચનથી અલગ છે. વિદ્યાર્થીઓને ઘણી વાર એવું લાગતું હોય છે કે ઑનલાઈન વાંચીને એ વધુ શીખે છે, પરંતુ ટેસ્ટમાં એવું તારણ નીકળે છે કે પ્રિન્ટમાં વાંચવાની તુલનામાં એ ખરેખર ઓછું શીખ્યા હોય છે.

પ્રશ્ન એ છે કે આવું શા માટે? આની પાછળનું વિજ્ઞાન સમજવા જેવું છે.

માનવ ઉત્ક્રાંતિમાં, વાંચનની ક્રિયા બહુ પાછળથી આવી છે. આપણે બોલતાં અને સાંભળતાં તો હજારો વર્ષ પહેલાં શીખ્યા હતા, પરંતુ વાંચવાનું વધુમાં વધુ ૫,૫૦૦ વર્ષ પહેલાં આવ્યું હતું. આપણે આજુબાજુના લોકોને સાંભળીને બોલવાનું શીખ્યા



હતા. એ ઑટોમેટિક હતું, પરંતુ વાંચવાનું શીખવા માટે આપણને બહુ મહેનત કરવી પડી હતી, કારણ કે વાંચવું પ્રાકૃતિક નથી. પ્રાણીઓ આજે પણ એકબીજાને સાંભળે છે અને બોલે છે, પણ તે વાંચી શકતાં નથી.

વાંચવા માટે મગજમાં અલગ નેટવર્ક નથી. તેણે બીજા નેટવર્કનો સહારો લેવો પડે છે. દાખલા તરીકે, માણસો એકબીજાને ચહેરાથી ઓળખે છે અને યાદ રાખે છે. હજારો વર્ષ પહેલાં મગજનો વિકાસ થયો ત્યારે આ ક્ષમતા આવી હતી, કારણ કે સંગઠિત રહેવા માટે એકબીજાને ઓળખવા અને યાદ રાખવા અનિવાર્ય હતા. પાછળથી જ્યારે વાંચવાનું આવ્યું ત્યારે આ ‘જોઈને સમજવા’નું આ નેટવર્ક તેમાં પણ કામ આવ્યું. શબ્દોને ઓળખવા તે માણસોના ચહેરા ઓળખવા જેવું જ કામ હતું, પરંતુ એ તેનું પ્રાથમિક કામ નહોતું. આ એક કામ માટે બનેલી ટેકનોલૉજીનો બીજા કામ માટે ઉપયોગ કરવા જેવું હતું. વાંચતી વખતે એવું જ થાય છે.

એ હકીકત પણ સુંદર છે કે આપણું મગજ સ્થિતિસ્થાપક છે. તેના કારણે જ આપણે ઘણી બધી નવી વસ્તુઓ શીખી શકીએ છીએ. પૃથ્વી પર મનુષ્ય પ્રજાતિ તરીકે આપણે જે તોતિંગ વિકાસ કર્યો છે તેનું પૂરું શ્રેય આપણા મગજની આ વિશેષતાને જાય છે, પરંતુ વિવિધ પ્રકારનાં લખાણ વાંચવાની વાત આવે છે ત્યારે તે સ્થિતિસ્થાપકતા એક સમસ્યા બની જાય છે.

આપણે સ્ક્રીન પર કશું વાંચીએ છીએ ત્યારે મગજ કાગળ પર વાંચવા માટે ઉપયોગમાં લેવાતા કોષો વચ્ચે નવેસરથી કનેક્શન બનાવે છે. એનો અર્થ એ થયો કે મગજ તેના નેટવર્કને એક નવા કામ માટે વાપરી રહ્યું છે. અહીં એ યાદ રાખવા જેવું છે કે આસપાસના અન્ય મનુષ્યો માટે ‘જોઈને સમજવા’નું નેટવર્ક મગજે વિકસાવ્યું હતું. એ જ નેટવર્ક પર પાછળથી એક વધારાની જવાબદારી આવી પડી; કાગળ પરના શબ્દોને ઓળખવાની. હવે એમાં ત્રીજું કામ ઉમેરાયુંઃ સ્ક્રીન પર દેખાતા શબ્દો વાંચવાનું.

પરિણામે, જ્યારે આપણે સ્ક્રીન પર વાંચીએ છીએ ત્યારે મગજ ‘સ્કિમ મોડ’ (સતહી અવસ્થા)માં સરકી શકે છે અને તે જ્યારે કાગળ પર વાંચે છે ત્યારે તે ‘ડીપ મોડ’ (ઊંડી અવસ્થા)માં જતું રહે છે. આનું કારણ છે. સ્ક્રીન પર વાંચતી વખતે મગજની ગતિ તેજ હોય છે (એટલા માટે ટૂંકા મેસેજ અને ટૂંકી પોસ્ટ વધુ લોકપ્રિય છે), પણ મગજ જ્યારે કાગળ પર વાંચે છે ત્યારે ધીમેથી શબ્દોને સ્કેન કરે છે.

આ કારણથી કાગળ પર વાંચેલું વધુ યાદ રહે છે. આજે પણ એવા કરોડો લોકો છે જે કહે છે કે એમને ઑનલાઈન કરતાં હાથમાં પુસ્તક વાંચવાનું વધુ ગમે છે. તેમાં કાગળના સ્પર્શની અને આંગળીઓ વડે પાનાં ફેરવવાની અલગ જ મજા છે. ■

હેં... ખરેખર?!
પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

# ઉત્તરાખંડના ચોપતામાં દુનિયાનું સૌથી ઊંચાઈ પરનું શિવ મંદિર

**વિરાટ** હિમાલયના ખોળામાં આવેલો ગઢવાલ વિસ્તાર એટલે આશ્ચર્ય જ આશ્ચર્ય. અહીં વાત કરવી છે કે ઉત્તરાખંડ જિલ્લાના ગઢવાલમાં આવેલા રુદ્રપ્રયાગ જિલ્લામાં આવેલા ચોપતા ગામની. આ ગામ તુંગનાથના ભવ્ય પહાડોમાં વસેલું છે. અહીં ૩૬૮૦ મીટરની પર બનેલું શિવ મંદિર દુનિયામાં સૌથી વધુ ઊંચાઈ પરનું શિવ મંદિર છે.

ભારતમાં ભગવાન ભોળાનાથને સમર્પિત અગણિત મંદિર છે પણ તુંગનાથ મંદિર અનેક કારણોસર અપ્રતિમ છે. સૌથી વધુ ઊંચાઈ પર આવેલું હોવા સાથે આ મંદિર પાંચ કેદારમાનું એક છે. બાકીના ચાર છે કેદારનાથ, રુદ્રનાથ, કલ્પેશ્વર અને માધમહેશ્વર. લગભગ એકાદ હજાર વર્ષ પ્રાચીન મનાતા આ મંદિર વિશે ઘણું જાણવા અને આશ્ચર્યચકિત થવા જેવું છે.

તુંગનાથના પર્વતો વચ્ચે આવેલ આ મંદિરના નિર્માણ અંગે અનેક લોકવાયકા પ્રચલિત છે. પહેલી વાત એ કે માતા પાર્વતીએ ભોળાનાથને પતિ તરીકે પ્રાપ્ત કરવા માટે અહીં તપસ્યા કરી હતી. કહેવાય છે કે અહીં નંદીના રૂપમાં ભોળેનાથ ભગવાનના હાથ દેખાય છે. ત્યાર બાદ પાંડવોએ અહીં ભગવાન શંકરને પ્રસન્ન કરવા માટે મંદિર બંધાવ્યું હતું. આ મંદિરના નામમાં ‘તુંગ’ એટલે ‘હાથ’ અને ‘નાથ’ એટલે ભગવાન શંકર.

આ મંદિર અંગે વધુ એક કથા જાણીતી છે. લંકાપતિ રાવણે ભગવાન શંકરને ખુશ કરવા માટે અહીં જ તપસ્યા કરી હતી. કુરુક્ષેત્રમાં થયેલા ભયંકર નરસંહારથી નારાજ થયેલા ભગવાન શંકરને મનાવવા માટે પાંડવોએ તપસ્યા કરી હતી. એટલું જ નહીં રાવણના વધ બાદ ભગવાન રામે પણ બ્રાહ્મણ હત્યાના પાપમાંથી મુક્તિ માટે અહીં ભગવાન શંકરની તપસ્યા કરી હતી.

એક મંદિર સાથે કેટકેટલી લોકવાયકા જોડાયેલી હોય છે એના સરસ ઉદાહરણ સમાન તુંગનાથ મંદિર વરસમાં અમુક મહિના જ ખુલ્લું રહે છે. મોટે ભાગે ઉનાળામાં ખુલ્લું રહે અને દર્શનાર્થીઓની ભીડ ઊમટતી રહે છે. લગભગ ઑક્ટોબર મહિનાના અંત સુધીમાં મંદિર બંધ કરી દેવાય છે.

ધાર્મિક કારણો સિવાય પણ ચોપતા ગામના ઘણાં આકર્ષણ છે. ચોમેર જંગલ અને અદ્‌ભુત કુદરતી સૌંદર્યથી ઘેરાયેલું આ ગામ અનન્ય શાંતિ અને શાતા અર્પનારું છે. શહેરી જીવનની દોડધામ, ભીડભાડ, પ્રદૂષણ અને તાણથી છુટકારો મેળવવા માટે ચોપતા એકદમ આદર્શ સ્થળ છે.


તો ચોપતા કે તુંગનાથ જવું કેવી રીતે? વિમાનમાં જવું હોય તો દેહરાદૂનના જોલી ગ્રૉટ એરપોર્ટ જવું. એ સૌથી નિકટતમ એટલે કે ચોપતાથી ૧૮૮ કિલોમીટર દૂર છે. દેહરાદૂનથી ચોપતા જવા માટે આરામથી ટેક્સી, ખાનગી વાહન કે બસ મળી જાય છે.

અને વિમાન આપની પસંદ ન હોય તો? ટ્રેનમાં ઋષિકેશ રેલવે સ્ટેશન પહોંચી જવાનું. ત્યાંથી ચોપતા ૧૪૦ કિલોમીટર દૂર છે. ત્યાં પહોંચવા માટે ય ખાનગી કાર મળી જાય અથવા ઋષિકેશ સ્ટેશનથી બસમાં ગોપેશ્વર અથવા ઉખીમઠ જવાનું. અહીંથી બસમાં ચોપતા જવાય. અંતર માંડ ૪૦ કિલોમીટરનું કાપવાનું રહે.

અને બાય રોડ જવાનું મન હોય તો દેહરાદૂન, ઋષિકેશ, દિલ્હી અને હરિદ્વાર જેવા મુખ્ય મથકોથી મોટર સડસડાટ દોડાવી શકાય. એ સિવાય ખાનગી વાહન અને બસ પણ નિયમિત રીતે મળતી રહે છે. અને ઋષિકેશ કે હરિદ્વારથી ૧૪૦ કિલોમીટરનું અંતર કાપવામાં પાંચ-છ કલાક લાગે.

અને ચોપતા જવાનો હાલ આદર્શ સમય ચાલે છે. ડિસેમ્બરથી ફેબ્રુઆરી કે એપ્રિલથી જૂન વચ્ચે પહોંચી જાઓ તો જલસો જ જલસો. ગરમીના બળબળતા દિવસોમાં ચોમેરની હરિયાળી આંખને ખૂબ ટાઢક આપે. હા, જુલાઈથી સપ્ટેમ્બર વચ્ચે જવું તકલીફદાયક





બની શકે. ક્યારેક ભારે વરસાદ થાય તો ભુ-સ્ખલનનું પૂરેપૂરું જોખમ હોય છે.

ચોપતા જઈએ તો તુંગનાથ મંદિર ઉપરાંત ચંદ્રશિલા ટ્રેક છે અને એ દોઢેક કિલોમીટર જ દૂર છે અહીં ટોચ પરથી નંદાદેવી, ત્રિશુલા, ચૌખમ્બા અને પંચમૂખી પર્વતમાળાઓ ૩૬૦ ડિગ્રીએ મંત્રમુગ્ધ કરતો નયનરમ્ય સિનારિયો બતાવે છે, જે અનુભવ આજીવન નહીં ભૂલાય. આ સિવાય દેવરિયાતાલ તળાવ પાસે ચોપતાનાં શિખરોના અદ્‌ભુત પ્રતિબિંબ વચ્ચે કિનારે કેમ્પિંગની મજા લઈ શકાય છે. ચોમેર લીલીછમ હરિયાળી વચ્ચે ઉખીમઠ શહેર ખૂબ વિશેષ છે. સદીઓથી શિયાળામાં એ દેવતાઓનું નિવાસસ્થાન ગણાય છે. અહીં ઉખીમઠ અને મધ્યમહેશ્વર સહિતનાં પ્રાચીન મંદિરો છે.

અને ચોપતાથી અંદાજે ૧૧૫ કિલોમીટરના અંતેર ઔલીમાં બરફની ચાદરથી તન-મન સમૃદ્ધ ખુશખુશાલ કરી મૂકે છે.

એ વધુ એક બોનસ. અહીં હિમાલયન મોનાલ, ગોલ્ડન ઇગલ, બ્લેક ફે ફ્રેન્કલીન જેવા ૨૦૦ જેટલા હિમાલયી પક્ષીઓ પણ જોવા મળે. પક્ષી-પ્રેમી અને વાઇલ્ડ લાઈફ ફોટોગ્રાફર માટે અહીં અદ્‌ભુત તક છે.

ચોપતાના આસપાસના ગામના રહેવાસીઓની જીવનશૈલી અને સંસ્કૃતિ પણ અચંબિત કર્યા વગર નહીં રહે.

આટઆટલું કોઈ એક જગ્યામાં મળે તો એના વિશે વિચાર-આયોજન કરવા જ જોઈએ કે નહીં? ■

ઈકો-સ્પેશિયલ
જયેશ ચિતલિયા
feedback@bombaysamachar.com

# સેબીએ SME કંપનીઓ સામેનાં ધોરણ કેમ વધુ સઘન બનાવવાં પડ્યાં?

**છેલ્લા કેટલાક સમયથી રોકાણકારોનો રસ એસએમઈ કંપનીઓના આઈપીઓમાં વધી રહ્યો છે, જેણે આ સેગમેન્ટ માટે કેટલીક ગરબડની શંકા-ચર્ચા પણ જગાવી હતી, જેથી ‘સેબી’એ તાજેતરમાં એને લગતાં નવાં નિયમ-ધોરણો જાહેર કર્યાં છે, જેથી આ સેગમેન્ટ વધુ શિસ્તબદ્ધ બનશે સાથે રોકાણકારોની રક્ષા વધે એવી આશા રાખવી અસ્થાને નથી**




**SME** એટલે ‘સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઈસિસ’ અર્થાત્ નાની-મધ્યમ કદની કંપનીઓનો મોટો જમાનો શરૂ થઈ ગયો છે. જ્યારથી સ્ટોક એક્સચેંજ પર એસએમઈ મંચ વધુ કાર્યરત બન્યું છે ત્યારથી એસએમઈ કંપનીઓ માટે આઈપીઓ માર્ગે મૂડી ઊભી કરવાનો સરળ-સસ્તો માર્ગ બની ગયો છે. આનો સદુપયોગની સાથે દુરુપયોગ પણ વધી રહ્યો છે.

આમ પણ આ કંપનીઓ નાની અને જાણીતી નહીં હોવાથી તેમના વિશે લોકોમાં બહુ જાણકારી કે માહિતી હોતી નથી, જેને કારણે રોકાણકારો તેમાં ઓછી માહિતી સાથે રોકાણ કરે તો એ જોખમમાં ન અટવાઈ જાય એના માટે નિયમન તંત્ર ‘સેબી’એ પહેલેથી તેમાં લઘુતમ રોકાણની મર્યાદા વધુ રાખી હતી, તેમ છતાં આવી કંપનીઓના આઈપીઓએ કતાર લગાડી દીધી છે અને જબરી સફળતા પણ મેળવી છે. નાના રોકાણકારો તેમાં સક્રિય રસ લેતા થયા છે.

## ‘સેબી’ના પગલાનું મહત્ત્વ સમજો

એસએમઈ કંપનીના આઈપીઓને છલકાવવા માટે અને તેમાં પ્રાઈસ રિગિંગ કે પ્રાઈસ મેનિપ્યુલેશન (ભાવ ઉછાળવાની કે ગોલમાલ કરવા)ની પ્રવૃત્તિ કરવાની શકયતાને ડામવા ‘સેબી’એ આઈપીઓના મર્ચન્ટ બૅન્કર્સ અને કસ્ટોડિયન પર પણ ચોક્કસ અંકુશ મૂકયા છે. આ બંને વર્ગની નેટવર્થ જરૂરિયાત વધારી દેવામાં આવી છે, જેથી લેભાગુ કે નબળા વર્ગ તેમાં પ્રવેશે નહીં. એસએમઈ કંપનીના પ્રમોટર્સ પણ આઈપીઓ માર્ગે ગેરલાભ ન લઈ શકે તે માટે ‘સેબી’એ તાજેતરમાં બહાર પાડેલા નવા નિયમોમાં કેટલીક મહત્ત્વની કહી શકાય એવી જોગવાઈ કરી છે, જે અનુસાર કોઈ પણ એસએમઈ કંપનીને તેના પ્રમોટર્સ કે પ્રમોટર્સ ગ્રુપની લોન પરત ચૂકવવા માટે ભંડોળ ઊભું કરવા દેવાશે નહીં એટલે આવા ઉદ્દેશવાળી કોઈ એસએમઈ કંપની આઈપીઓ લાવી શકશે નહી. વધુમાં ઑફર ફોર સેલ (ઓએફએસ) માટેની મર્યાદામાં પણ ફેરફાર કરીને ‘સેબી’એ એવું ઠરાવ્યું છે કે આવી કંપનીઓના આઈપીઓમાં ઓએફએસનો હિસ્સો ૨૦ ટકાથી વધુ રહી શકશે નહીં. આ જ રીતે ‘સેબી’એ કંપનીઓ પર એવી પણ શરત મૂકી છે કે એસએમઈ કંપની જ્યારે પણ આઈપીઓ માટે દસ્તાવેજો ફાઈલ કરે તેના આગલા ત્રણ વરસમાંથી કોઈ પણ બે વરસમાં તેનો ઓપરેટિંગ નફો કમસે કમ રૂા. એક કરોડનો હોવો જોઈએ. આ હશે તો જ તે આઈપીઓ લાવી શકશે.

## એસએમઈ વિશે બે ભિન્ન મત

‘સેબી’એ આ સેગમેન્ટ માટેનાં ધોરણ વધુ કડક કરવાનો ઉદ્દેશ એ છે કે નાના-રિટેલ રોકાણકારો તેનાથી વિશેષ સજાગ રહે. આમાંની મોટા ભાગની કંપનીઓ બૅન્ક ધિરાણ મેળવવામાં મુશ્કેલીનો સામનો કરતી હોય છે, તેમને ધિરાણ આપતાં બૅન્કો ખચકાય છે. ઉપરાંત આવી કંપનીઓને બૅન્ક વ્યાજ પણ ભારે પડતાં હોય છે, જ્યારે કે આઈપીઓના માર્ગે ભંડોળ ઊભું કરવાનું તેમની માટે સરળ બન્યું છે, જે હાલના સમયમાં સતત વધતી રહી છે.

આમાં ખાસ ધ્યાનાકર્ષક વાત એ છે કે આ કંપનીના આઈપીઓમાં હવે લાખોની સંખ્યામાં અરજીઓ થવા લાગી છે એટલું જ નહીં, તે અનેકગણા છલકાવા પણ લાગ્યા, તેને લીધે આ સ્ટોકસમાં ભાવોની ગોલમાલ કે ગેરરીતિની રમતના આક્ષેપો પણ થવા લાગ્યા છે.


જોકે એસએમઈ કંપનીઓ વિશે એવો મત પણ વ્યકત થાય છે કે લોકો સમજ્યા વિના એસએમઈ સમાન સારા સેગમેન્ટને બદનામ કરી રહ્યા છે. ખરેખર તો એસએમઈ સેગમેન્ટનો ઉદ્દેશ છે કે આ કંપનીઓને મૂડીબજારમાંથી નાણાં ભંડોળ મેળવવાનું સરળ બને અને તે કંપનીઓ વિકાસ કરી શકે - વિસ્તરણ કરી શકે જેમ દરેક મોટી કંપનીને પણ આ માર્ગ ઉપલબ્ધ છે. આ કંપનીઓના શેર્સ હાઈ નેટવર્થ ઈન્વેસ્ટર્સ માટે કહેવાય, કારણ કે એ રિસ્ક ટેકર્સ અને ઈન્ફોર્મ્ડ ઈન્વેસ્ટર્સ ગણાય છે. એસએમઈ સામે આક્ષેપો એસએમઈ આઈપીઓના કેટલાક કિસ્સામાં પ્રમોટર્સ પોતે જ ભાવ વધારવાની રમત ગોઠવે છે અને માર્કેટમાં ભાવ ખેંચાવી પોતે ઊંચા ભાવે નીકળી જાય છે અને સામાન્ય રોકાણકારો તેમાં ભેરવાઈ જાય છે. આ કંપનીઓની કામગીરીનું કૃત્રિમ ગુલાબી ચિત્ર બતાવવામાં આવતું હોવાનો પણ આરોપ છે. આ વરસે લિસ્ટેડ થયેલા સંખ્યાબંધ આઈપીઓમાં ઈસ્યુ પ્રાઈસ કરતાં ૯૦ ટકાથી ૪૦૦ ટકા વધુ ભાવ લિસ્ટિંગમાં ખૂલ્યા હોવાનું નોંધાયું છે. માર્કેટ એકસપર્ટસ વર્ગ પણ રોકાણકારોને આઈપીઓ વિશે સતત ચેતવણી આપતા કહે છે કે કેટલાક સ્ટોકસમાં ઓવરવેલ્યુએશન થવા લાગ્યાં છે તેમ જ ફંડના દુરુપયોગની શંકા પણ વ્યકત થાય છે. આવી નાની-મધ્યમ કદની કંપનીઓના ભાવિ વિશે સંદેહ રહ્યા કરે છે. તેમની નેટવર્થ ઓછી હોવાથી પણ નાણાકીય જોખમ જણાય છે. છેલ્લાં પાંચેક વરસમાં લિસ્ટેડ થયેલી એસએમઈ કંપનીઓના સ્ટોકસના ભાવ હાલ નીચા રહ્યા છે અથવા તેમાં નફો ભૂંસાઈ ગયો છે. ભલે બધી કંપનીઓ નબળી ન હોય, પણ આ સેગમેન્ટમાં લેભાગુ કંપનીઓ પ્રવેશતી જઈને રોકાણકારોને લૂંટતી કે છેતરતી ન રહે એ માટે નિયમન તંત્રએ તેનાં નીતિ-નિયમો-ધોરણોમાં ચોક્કસ સુધારા કર્યા છે, જે એસએમઈ સેગમેન્ટની તંદુરસ્તી અને વિકાસ માટે આવશ્યક છે.

બીજી તરફ, એસએમઈ કંપનીઓની ઘણી સકસેસ સ્ટોરી પણ છે, જેમાં એ કંપનીઓનાં ટર્નઓવર, પ્રોફિટ, કામકાજ વધુ બહતેર થયાં છે. તેમનાં ફંડામેન્ટલ્સ વધુ મજબૂત બન્યાં છે. અમુક કંપની એસએમઈ સેગમેન્ટ પરથી વિકાસ કરીને એકસચેંજના મેન બોર્ડ પર પણ શિફ્ટ થઈ છે.

આમ છતાં, દરેક કંપનીનો વ્યવસ્થિત અભ્યાસ કર્યા બાદ રોકાણનો નિર્ણય લેવો જોઈએ. ■

સર્જકના સથવારે

રમેશ પુરોહિત
feedback@bombaysamachar.com



# ગઝલ ગુલશનનો રંગીન શાયર બદરી કાચવાલા

ગઝલને લોકો સુધી પહોંચાડીને સ્થાપિત અને પ્રસ્થાપિત કરનારા શાયરોમાં એક નામ બદરી કાચવાલાનું છે. મરીઝ, ઘાયલ, બેફામ, શૂન્ય, સૈફ અને ગનીભાઈના સમકાલીન બદરી કાચવાલા મુખ્યત્વે તો પત્રકાર અને ગઝલના આરાધક. બદરી કાચવાલાનું સોહામણું વ્યક્તિત્વ અને જીવન જીવવાની જાહોજલાલી આકર્ષક હતી. શાયર તરીકેની ખુમારી પણ તંતોતંત હતી એટલે એક શેરમાં કહે છે કે:

**હૃદયના દ્વાર સુધી, છળકપટ ને પ્યાર સુધી**
***છું કાચવાળો હું જોઉં છુ આરપાર સુધી.***

મૂળ નામ બદ્રુદ્દીન શમ્સુદ્દીન કાચવાલા અને તખલ્લુસ 'બદરી' રાખ્યું હતું. એમનો જન્મ વડોદરામાં ૯-૯-૧૯૦૫માં. અમદાવાદમાં પત્રકાર તરીકેની કારકિર્દી શરૂ કરી. ૧૯૨૮માં 'ઘનચક્કર' નામનું દૈનિક શરૂ કર્યું હતું. જલન માતરીએ નોંધ્યું છે કે બદરીભાઈ ૧૯૨૭થી ૧૯૩૨ સુધી 'કુમાર' કાર્યાલયમાં દર બુધવારે યોજાતી કાવ્યસભામાં અવારનવાર હાજરી આપતા. ૧૯૩૫માં અમદાવાદ છોડી ફમુંબઈ આવ્યા. ઈ. સ. ૧૯૪૧માં 'વેણી' સાપ્તાહિક શરૂ કર્યું. પછીથી એમણે 'પારસ' ગુજરાતીમાં, 'શ્રેયસ' હિન્દીમાં અને ફિલ્મ કેસરી મરાઠીમાં એમ ત્રણ ફિલ્મી સાપ્તાહિકો શરૂ કર્યા હતા. કવિ બદરીભાઈ સારા નવલકથાકાર પણ હતા. 'તરડાયેલા ઝરૂખા' અને 'છપ્પન ઘાટ' એમ બે લોકપ્રિય નવલકથાઓ પણ એમણે આપી છે.

એક નિવડેલા ફિલ્મી પત્રકાર હતા. 'પારસ'માં ફિલ્મી જગતની અંતરંગ ઘટનાઓ ચટાકેદાર ધારદાર શૈલીમાં રજૂ કરતા. એમની લોકપ્રિય કટાર 'ખૂન ટપકેગા તો જમ જાયેગા...'નું અનેરું આકર્ષણ હતું. ફિલ્મ જગતમાં એ વખતના નામવંત કલાકારો સાથે અંગત સંબંધોને લીધે એ જે કંઈ લખતા તેમાં મૌલિકતા રહેતી. પ્લેબેક સિંગર અમીરબાઈ કર્ણાટકી સાથે લગ્ન કર્યા હતા અને છૂટાછેડા પણ થયા હતા.

હરીન્દ્ર દવેએ ગુજરાતી ગઝલનો પ્રતિનિધિ સંગ્રહ 'મધુવન' ૧૯૬૦માં પ્રગટ કર્યો તેમાં બદરી કાચવાલાની ગઝલ લીધી હતી જે આ પ્રમાણે છે:

**સંતાઈ રહેશે ક્યાં સુધી તું હવે તારા વાસમાં?**
**તુજને હું જોવા ચાહું છું, તારા અસલી લિબાસમાં**
**ધર્મને કર્મજાળમાં મુજને હવે ફસાવ ના**
**મુજમાં તું ઓતપ્રોત છે, હું તારા શ્વાસેશ્વાસમાં!**
**દર્શનની લાલસા મને, ભક્તિની લાલસા તને**
**બોલ હવે છે ક્યાં ફરક, તુજમાં ને તારા દાસમાં**
**તું તો પ્રકાશપુંજ છે, મુજને તો કંઈ પ્રકાશ દે**
**ભટકું છું હું તિમિરમહીં, લઈ જા મને ઉજાસમાં**
**મારો જગત નિવાસ છે, તારો નિવાસ મુજ હૃદય**
***હું તારા વાસમાં દુઃખી, તું સુખી મારા વાસમાં?***

આ ગઝલ ઈશ્વરને સંબોધીને લખાયેલી છે. ઈશ્વર સામેની પ્રેમી ભક્તની બગાવત છે એટલે કહે છે કે તું અસલી લિબાસમાં કેવો લાગે છે તે મારે જોવું છે. પરમાત્માથી છૂટા પડેલા આત્માની ફરીથી એક થઈ જવાની આરત દેખાય છે. પ્રભુને પણ ભક્તિની લાલસા છે. બદરીભાઈ જલનમાતરીની જેમ ઈશ્વર સાથે સંવાદ સાધે છે અને કહે છે ઈશ્વર તારા જેવી હવસ અમારામાં નથી. કેટલાક શેર જોઈએ:

**અમને તો ત્યાગમાંયે પ્રભુ રસ પડ્યો**
**તારા સમી અમારા જીવનમાં હવસ નથી.**

***

**જાવું તું નર્કમાં અને જન્નત મને મળી**
**તોયે ફરિશ્તો દૂરથી ધમકાવતો રહ્યો**

***

**અમારી જિંદગી છે જીવવા માટે, મરણ માટે**
**અમારો પ્યાર છે ઈશ્વર ફક્ત તારા શરણ માટે**

***

**દુઆઓનુંય ભાષાંતર જરૂરી છે પ્રભુ માટે**
**છે એના કોરાના પાનાઓ પણ શુધ્ધીકરણ માટે**

***

**આ સ્વર્ગ-નર્ક બદરી બધા તર્ક ધર્મના**
***મારો ખુદા મળે, મને અવકાશમાં મળે***

બદરીભાઈએ જીવનને નજદીકથી જોયું અને જાણ્યું હતું તેથી એમની ગઝલોમાં અનેક વિષયો વણી લેવાયા છે. પ્રેમ, પ્રેમિકાના સૌન્દર્યનું વર્ણન, વિરહ વેદના, સાંસારિક વ્યથાઓ, મદીલી આંખોના કામણ અને કહેવાતા સંત અને દરવેશોના પાખંડની વાતો સાથે સાથે કુદરતની કરામતની દાસ્તાન એમની ગઝલોમાં જોવા મળે છે. પ્રણયનાં સ્પંદનો ઝીલતી ગઝલો મળી છે. થોડાક શેર જોઈએ:

**છે નયનમાં તેજ એવું કે વસે છે વીજળી**
**કેવાં ભોળા છો અને કેવા ભૂલકણા છો તમે**

***

**ઝાકળનો સ્પર્શ ભીંજવી દિલને જશે જરૂર**
**ઉષ્માને માટે રોજ કિરણ શોધવાં રહ્યાં**

***

**નિજની શરાબી આંખને કહેતા નથી કંઈ**
**કેવળ હરામ કહે છે અમારી શરાબને**

***

**પ્રીતિમાં પરાજય તણું લાવણ્ય છે 'બદરી'**
**રાખું છું હંમેશાં હું વિજય આપના માટે**

***

પાંપણો ઝૂકતી ગઈ પ્યારનો બોજો લઈને
*આંખ સામે એ હતાં આંખ ઉઠાવી ન શક્યો*

જીવનમાં ઘણી વખત મૌનનો સહારો કામ આવે છે. ક્યારેક આંખ બંધ કરીને બેસી રહેવું પડે છે. કવિ જે અનુભવે છે અને વ્યક્ત કરે છે તે વાત બધાનો આમ અનુભવ બની જતી હોય છે. મૌનની માગણી અને મૌન છોડવાની વાત બન્ને કેવી રીતે આવી છે તે જોઈએ:

પક્ષીઓના કલરવ તો છે મીઠાં ને મધુરા
પણ મૌનના પડઘા હવે સંભળાય તો સારું

***

ભીંતો જો તજે મૌન તો પ્રગટે નવી વાચા
ઈચ્છાઓ હવે આપની બદલાય તો સારું

જીવનમાં ક્યારે ચૂપ રહીને જોયા કરવું પડે છે. મૌન જ કામ આવતું હોય છે. એમની એક આખી ગઝલ ચૂપ રહેવા વિશે છે,

***

***જીવીને ડૂબ્યો છું, ડૂબીને જીવ્યો છું***
***ઘણીવાર જીવનમાં ચૂપ હું રહ્યો છું***
***તમન્નાઓનું રક્ત સીંચીને હરદમ***
***પ્રફુલ્લિત કર્યા છે હૃદયનાં મેં ઝખ્મો***
***ઘણાંયે ઘરને આબાદ થતાં જોયાં***
***ફરી એજ વસ્તી ઉજડતી મેં જોઈ***
***હૃદય પકડીને ત્યારે બેસી ગયો છું***
***ઘણી વાર જીવનમાં ચૂપ હું રહ્યો છું.*** ■

સુખનો પાસવર્ડ

આશુ પટેલ
feedback@bombaysamachar.com

# પ્રતિભા હોય તો અવરોધોને અવગણીને આગળ વધો

એક યુવાન ફિલ્મલેખકે કહ્યું: 'મને કોઈ તક આપતું નથી અને ઘણા તો મને દબાવવાની કોશિશ કરે છે. ફલાણા પ્રોડક્શન હાઉસમાં મારી સ્ટોરી ફાઇનલ થવાની જ હતી ત્યાં એક જાણીતા ગાયકે ડિરેક્ટરને વણમાગી સલાહ આપી કે આ સ્ટોરીમાં દમ નથી. એને કારણે ડિરેક્ટરે મને ના પાડી દીધી...'

એ યુવાને ઘણી હૈયાવરાળ ઠાલવી. મેં એને શાંતિથી સાંભળ્યા પછી સલાહ આપી કે 'તું પહેલો લેખક નથી કે જેને આવો અનુભવ થયો હોય, પણ તારે આ ક્ષેત્રે આગળ વધવું હોય તો હિંમત હાર્યા વિના કોશિશ ચાલુ રાખવી જોઈએ. તારામાં પ્રતિભા સાથે ધીરજ હશે તો કોઈ તને અટકાવી નહીં શકે. અને જે ડિરેક્ટર પોતે નિર્ણય ન લઈ શકતો હોય અને બીજાની સલાહના આધારે કામ કરતો હોય તો એની સાથે કામ કરવાનો મતલબ નથી.'


એ પછી મેં એને ગઈ સદીના વિખ્યાત ગીતકાર નીરજના જીવનનો એક કિસ્સો કહ્યો.

છ દાયકા અગાઉ નીરજ ગીતકાર તરીકે જાણીતા બની ચૂક્યા હતા એ પછીની આ વાત છે. એ સમયમાં પૃથ્વીરાજ કપૂર સાથે એમને ગાઢ દોસ્તી થઈ ગઈ હતી.

એક દિવસ નીરજે સામેથી પૃથ્વીરાજ કપૂરને કહ્યું: 'તમે તમારા દીકરા રાજ કપૂરને મારી ભલામણ કરો ને કે તે તેની કોઈ ફિલ્મ માટે મારી પાસે ગીત લખવાની તક આપે.'

એ વાતને પછી થોડા મહિનાઓ વીતી ગયા. એક મધરાતે નીરજના ઘરનો દરવાજો કોઈએ ખખડાવ્યો. નીરજ આંખો ચોળતા ઊભા થયા. ઘડિયાળમાં જોયું તો રાતના બે વાગ્યા હતા : 'અત્યારે વળી કોણ હશે?' એમ વિચારીને દરવાજો ખોલ્યો તો બહાર પૃથ્વીરાજ કપૂર ઊભા હતા! એમણે કહ્યું : 'તમને રાજે એની નવી ફિલ્મનું ગીત લખવા માટે બોલાવ્યા છે.'

રાજ કપૂરને મળવા નીરજ ગયા. રાજ કપૂરે કહ્યું, 'મેરા નામ જોકર' ફિલ્મ માટે મને જોકર પર એક ગીત જોઈએ છે.'



એ પછી નીરજે ગીત લખ્યું: 'કહેતા હૈ જોકર સારા જમાના, આધી હકીકત આધા ફસાના. ચશ્મા ઉતારો ફીર દેખો યારોં, દુનિયા નઇ હૈ ચહેરા પુરાના...'

નીરજે એ ગીત સંભળાવ્યું તો રાજ કપૂર ખુશ થઈ ગયા : 'મારે આવું જ ગીત જોઈતું હતું.'

જોકે, એ વખતે રાજ કપૂરને વહાલા થવા માગતા કેટલાક નમૂનાઓએ કહ્યું: 'આ ગીતમાં તો દમ નથી.'

નીરજે કહ્યું, 'આ સિચ્યુએશન માટે આ ગીતથી સારું ગીત કોઈ લખી આપે તો હું લખવાનું છોડી દઈશ.'

રાજ કપૂરે કહ્યું: 'ના, મારે આ જ ગીત જોઈએ છે.'

એ ગીત લખ્યા પછી નીરજ અલીગઢ (ઉત્તર પ્રદેશ) ચાલ્યા ગયા હતા. વળી એક દિવસ રાજ કપૂરે એમને કોલ કર્યો અને કહ્યું: 'નીરજજી, મને જોકર અને સરકસ પર હજુ એક ગીત જોઈએ છે... મળવા આવી જાઓ.'

નીરજ મુંબઈ આવ્યા. રાજ કપૂરે સિચ્યુએશન સમજાવી કે 'સરકસ પર એક ગીત લખવાનું છે. જોકર એ ગીત ગાઈ રહ્યો છે...' ફિલ્મની સિચ્યુએશન સમજીને નીરજ વિચારવા લાગ્યા કે જોકર શું ગાશે. એમણે કહ્યું: 'આ ગીત લખવાનું કામ અઘરું છે. જોકર ન તો કોઈ ગીત ગાઈ શકે, ન ગઝલ કે ન તો ભજન ગાઈ શકે. એ કેવી રીતે ગાશે એ વિચારવું પડશે.'



ગીતકાર નીરજ

રાજ કપૂરે કહ્યું: 'એ તમે વિચારો.'

એ પછી રાજ કપૂર એમને પોતાના પૂનાના ઘરે લઈ ગયા. રસ્તામાં કારમાં પણ બંને વચ્ચે એ ગીત વિષે વાત થતી રહી.

નીરજે કહ્યું, 'આ સિચ્યુએશન પર એક જ પ્રકારનું ગીત લખી શકાય, જેનો કોઈ પ્રકાર જ ન હોય! આ ગીતમાં વાતો હશે. જોકર એ રીતે ગીત ગાશે જાણે વાતો કરતો હોય. એવું લાગશે કે કોઈ માણસ બીજા સાથે વાત કરી રહ્યો છે અને એને જ ગીત બનાવી દીધું છે.'

એ પછી નીરજે લખ્યું: 'એ ભાઈ, જરા દેખ કે ચલો. આગે હી નહીં પીછે ભી, દાયે ભી નહીં બાયે ભી, ઉપર હી નહીં નીચે ભી'

એમણે એ વિચાર્યું કે આ સરકસ છે. જેવી રીતે એ ફિલ્મનો સૂર છે કે જિંદગી ત્રણ કલાકનો શો છે. બાળપણ-જવાની અને ત્રીજા તબક્કામાં વૃદ્ધત્વ. એમણે એ ગીત એવી રીતે લખ્યું કે એમાં સરકસ અને માણસની જિંદગીને જોડી દીધી.

રાજ કપૂરને એ ગીત પણ ગમી ગયું. એને સંગીતબદ્ધ કરવા માટે શંકર-જયકિશનને આપ્યું ત્યારે તકલીફ ઊભી થઈ. એમણે એ ગીતની ધૂન બનાવવાની કોશિશ કરી, પરંતુ ઘણા પ્રયત્નો પછી ય એ ગીતની ધૂન ન બની શકી. બહુ માથાકૂટ કર્યા પછી પણ ધૂન ન બની શકી એટલે શંકર-જયકિશન અકળાઈ ઊઠ્યા. એમણે નીરજજીને કહ્યું: 'આ ગીત તદ્દન વાહિયાત છે. આ ગીતની ધૂન બની જ નહીં બની શકે. રાજ કપૂરને મૂર્ખ બનાવી રહ્યા છો તમે! નવું ગીત લખી આપો. આ તો ગીત છે જ નહીં!'

નીરજે કહી દીધું: 'હા, હું તમારી વાત સાથે સહમત છું. આ ગીત છે જ નહીં!'

રાજ કપૂર વચ્ચે પડ્યા. બધાને શાંત પાડ્યા અને નીરજજીને કહ્યું: 'મારે આ જ ગીત જોઈએ છે. તમે આ ગીતની ધૂન બનાવવાની કોશિશ કરો.' એ પછી નીરજે એ ગીતની થોડી ધૂન બનાવી. શંકર-જયકિશને એ ધૂન આગળ વધારી અને છેવટે એ ધૂન ફાઇનલ થઈ અને આજે પણ લોકો એ ગીતને યાદ કરે છે.

સાર એ છે કે પોતાનામાં પ્રતિભા હોય તો ધીરજ સાથે જે-તે ક્ષેત્રમાં આગળ વધવા માટે કોશિશ ચાલુ રાખવી જોઈએ. ■

મિજાજ મસ્તી

સંજય છેલ
feedback@bombaysamachar.com

# અરે, પ્રેમીઓનું આ કેવું જીવન?

## લાંબી જુદાઈ... ઓછું મિલન

**ટાઈટલ:**
**સુખદ 'લવ-સ્ટોરી'માં 'સ્ટોરી' નથી હોતી (છેલવાણી)**
'પ્રેમ એ દરેક માણસનું અંગત કૌભાંડ છે.'

***

'પ્રેમમાં હોવું' જ વ્યક્તિનું સાચું સ્વરૂપ દેખાડે છે, જેવું એણે જીવનમાં ખરેખર હોવું જોઈએ. 'પ્રેમમય હોવા'માં આપણે જે લાગણીઓ અનુભવીએ છીએ એ જ આપણી નોર્મલ કે આદર્શ સ્થિતિને દર્શાવે છે.

***

'પ્રેમ' વિશે આવું પ્રેમાળ લખનાર જગવિખ્યાત રશિયન કથાકાર ચેખોવની પોતાની એક અધૂરી પ્રેમકથા હતી. સામાન્ય રીતે પ્રેમકહાણીઓમાં રોમાન્સ હોય, સેક્સ હોય, થોડાં રિસામણાં-મનામણાં હોય, પણ એન્તોન ચેખોવ અને લીડિયાની લવસ્ટોરીમાં આવું કશું જ નહોતું. અગરબત્તીની અદૃશ્ય મહેક જેવો એકાકી ઈશ્ક હતો. ચેખોવથી ૪ વર્ષ નાની લીડિયા પણ 'ફ્લોરા'ના ઉપનામે લખતી. ચેખોવ એનો પ્રિય લેખક હતો, કારણ કે ચેખોવ તો વાર્તાકાર-નાટ્યલેખક તરીકે નાની ઉંમરથી જ મશહૂર હતા. ધીમે ધીમે લીડિયા લેખક ચેખોવ ઉપરાંત 'માણસ ચેખોવ'ની દીવાની બની ગઈ. ચેખોવને મળવાની તીવ્ર ઝંખના લીડિયાને થતી, પણ મળાતું ન હતું, કારણ કે બેઉ પરણેલાં હતાં. બેઉ અલગ અલગ શહેરમાં રહેતાં અને લીડિયા તો ૩ બાળકની મા પણ હતી!

જોકે, ૧૮૮૯માં ૨૪મે વરસે લીડિયા, પહેલી વાર પોતાની બહેન નાદિયાની મદદથી ચેખોવના એક નાટકના શો દરમિયાન પીટર્સબર્ગ શહેરમાં મળી. પછી છેક ૩ વરસે બેઉ બીજી વાર મળ્યાં. કૌટુંબિક જવાબદારીઓ, ઈર્ષાળુ પતિને લીધે લીડિયાનો ચેખોવ સાથે એકજાતનો સંબંધ હતો ને નહોતો પણ! બંને વચ્ચે પ્રણય છે, પણ એ પ્રણયકથામાં નરી વેદના છે. તૂટતા વાયોલિનના સૂર જેવો વિષાદ છે. બંને મળે છે- છૂટા પડે છે- એકમેકને યાદ કરે રાખે છે બસ!


આ લવસ્ટોરીમાં વહાલ કરતાં વેદના વિશેષ છે. ક્રીડા કરતાં પીડા વિશેષ છે. કહેવાય છે કે લીડિયા-ચેખોવના ૧૦ વર્ષના સંબંધમાં એકબીજાને માત્ર ૮ જ વાર મળેલાં. આ અધૂરા પ્રેમની પ્રણયઘટનાઓ જ ચેખોવના લેખનનું કેન્દ્રબિંદુ હતું. ચેખોવના નાટક 'ધ સી-ગર્લ'માં હીરોઈન એક સંવાદ બોલે છે:

'તને જ્યારે મારા જીવનની જરૂર પડે ત્યારે તું આવજે ને મને લઈ જજે.' આ વાક્ય લીડિયાએ ઘડિયાળની સાંકળના પેન્ડન્ટ પર કોતરાવીને ચેખોવને ભેટ આપેલું.

**ઇન્ટરવલ:**
**તમે પ્રેમની વાતો કરજો,**
**અમે કરીશું પ્રેમ... (સુરેશ દલાલ)**

લીડિયાએ 'ચેખોવ: ઈન માય લાઇફ' નામના પુસ્તકમાં ચેખોવ સાથેનાં મિલન-વિરહ વિશે લખ્યું છે, જાણે એક દિલનો દસ્તાવેજ! એ પુસ્તકમાં બેઉ વચ્ચેનો રોમેંટિક પત્રવ્યવહાર પણ છે. લીડિયા વાર્તાકાર હતી એટલે 'એક વાર્તામાં શું હોવું અનિવાર્ય છે' અને 'શું અનિવાર્ય નથી'- એવી ચર્ચાઓ પણ પત્રોમાં છે. ચેખોવ તોપત્રોમાં પોતાના લેખનજીવનની યાદો નીચોવી નાખતા.







એ પુસ્તકમાં એક દિલકશ કિસ્સો છે. ચેખોવ એકવાર લીડિયાને તાર કરીને મોસ્કો આવીને મળવા કહે છે. લીડિયા જાય છે, પણ ચેખોવે જે હોટલ અને રૂમ નંબર આપેલા ત્યાં કોઈ જ નથી હોતું! લીડિયા સુન્ન થઈને પાછી ફરે છે. એનું એક લીડિયાનું મન કહે છે કે ચેખોવ આવું તો ન જ કરે, પણ આવું થયું એય હકીકત છે! ૩-૪ દિવસ પછી એને ચેખોવનો સંદેશો મળે છે:

'જે દિવસે તું મને મળવા આવી હતી એ રાતે મને અતિશય ખાંસી ઊપડેલી ને મને મોમાંથી લોહી નીકળ્યું એટલે મારે તરત હોટેલમાંથી જવું પડ્યું.'

એ પછી લીડિયા ટીબીથી પીડાતા ચેખોવને મળવા હૉસ્પિટલ પર જાય છે. ત્યાં મળવાની મનાઈ હોય છે, પણ લીડિયાએ બહુ આજીજી કરી ત્યારે માત્ર ૩ જ મિનિટ મળવાની મંજૂરી મળી. લીડિયા, ત્યાં ચેખોવ માટે ફૂલો લાવે છે, પણ નર્સ કહે છે કે, ચેખોવની તબિયત જરાય સારી નથી. રાતથી સૂતા જ નથી. થૂંકમાં વધારેપડતું લોહી પડે છે. આવા પેશન્ટ પાસે ફૂલો ન લઈ જવાં જોઈએ.' તોય છેવટે લીડિયાને ફૂલો લઈ જવાની પરવાનગી મળે છે. ચેખોવ કાંપતે હાથે ફૂલોને લઈને એમાં ખુદનો ચહેરો છુપાવી દે છે અને પછી કહે છે: 'આ તો મારાં ગમતાં ગુલાબ છે, કેટલાં સુંદર!'

નર્સ બોલી: 'ફૂલોને રૂમમાં ન રખાય. ડૉક્ટર વઢશે.'

ચેખોવ કહે છે: 'હું પણ વ્યવસાયે ડૉક્ટર છું, એને અહીં જ રાખવાનાં છે, પાણીમાં સાચવવાનાં છે છેક સુધી!'

પછી લીડિયાનો હાથ થામીને ચેખોવ કહે છે: 'તું બહુ મોડી આવી.'

'મોડી ક્યાં? મને કહેલું કે ૨ વાગ્યા પહેલાં નહીં આવવાનું!'

'પણ અત્યારે તો ૨ વાગીને છેક ૭ મિનિટ થઈ! હું ક્યારનો તારી રાહ જોઉં છું.' ચેખોવે ડૂબતી આંખે કહ્યું. એક પ્રેમીને ફક્ત ૭ મિનિટનો ઇંતેજાર પણ ભારી લાગ્યો!

એ પછી ચેખોવે હળવેકથી પૂછ્યું: 'લીડિયા, તું આજે રાતે જ પાછી જઇશ?'

'હા' લીડિયાએ ભીના અવાજે કહ્યું.

આખરે, લીડિયા વિદાય લે છે. એ મુલાકાત પછી લીડિયા અને ચેખોવ ફક્ત પત્રો દ્વારા જ મળ્યાં. પત્રમાંય ટૂંકી વાર્તાઓ વિશેની વાતો વધુ. જોકે એ વાતો તો નિમિત્ત હતું. એ વાતોમાંથીય ક્યાંક ક્યાંક વીજળીની જેમ રોમાંસ ઝબકી જાય છે. ચેખોવ ઘણી વાર પ્રેમના રહસ્યને ઢાંકે પણ છે. કદાચ એટલે કે એમને એ રહસ્ય જ રાખવું હોય? અથવા તો 'આ પ્રેમ એટલો પવિત્ર છે કે એને ન પ્રગટ કરીએ તો જ એની પવિત્રતા અકબંધ રહે' એવુંય ચેખોવ માનતા હોય?

માત્ર ૮ જ વાર મળેલાં પ્રેમીઓને કઈ તાકાત બાંધી રાખતી હશે? કેવી રીતે છાનાંમાનાં બે હૈયાં ઝૂરતાં હશે? કેટલી શાલીનતાથી માત્ર પત્રો ને પત્રો દ્વારા જ માઈલો દૂર બે મન મળતાં રહ્યાં? શું આને જ દુનિયા આત્મિક- આદર્શવાદી-પ્લેટોનિક પ્રેમ કહેતી હશે? ૨ બંધ પરબીડિયાં અને ૪ બંધ હોઠોમાં જ એક લવ-સ્ટોરી છુપાઈને- સચવાઈને-ખામોશીમાં ખતમ થઈ હશે?

**એન્ડ-ટાઇટલ્સ:**
**આદમ: મને ભૂલી નહીં જાયને?**
**ઈવ: હોય કંઈ, 'આઝમ'?** ■

ઝબાન સંભાલ કે

હેન્રી શાસ્ત્રી
feedback@bombaysamachar.com



# સુરસિંહજી તખ્તસિંહજી ગોહિલને જાણો છો?

ગુજરાતી સાહિત્યમાં રુચિ ધરાવતા અનેક લોકોને કૃતિ ખબર હોય, પણ એના સર્જકનું નામ ખબર ન હોય અથવા ભુલાઈ ગયું હોય એની બહુ નવાઈ ન લાગવી જોઈએ. આવી પરિસ્થિતિમાં સર્જકનું તખલ્લુસ (સર્જકનું ઉપનામ કે ટોચણ નામ. આ પ્રથા ફારસી, અરબી અને ઉર્દૂ કવિઓએ શરૂ કરી હોવાની માન્યતા છે) ખબર હોય એવી અપેક્ષા રખાય? જોકે, ગુજરાતી સાહિત્યના કેટલાક સર્જકોનાં તખલ્લુસ એટલાં લોકપ્રિય છે કે એમનું મૂળ નામ ખબર જ ન હોય કે યાદ જ ન આવે - ભુલાઈ ગયું હોય એવા ઉદાહરણ છે ખરાં. વાત ચોંકાવનારી છે, પણ એટલી જ સાચી છે. ઉદાહરણથી જાણીએ. 'રે પંખીડાં સુખથી ચણજો ગીત વા કાંઈ ગાજો' કે પછી 'રસહીન થઈ છે ધરા અને દયાહીન થયો છે નૃપ' પંક્તિઓ તમે અનેક વાર ગણગણી હશે. એનું રટણ થતાંની સાથે જ તમને લાઠીના કવિ કલાપીનું સ્મરણ તરત થઈ આવે, પણ જો એવો પ્રશ્ન કરવામાં આવે કે તમે સુરસિંહજી તખ્તસિંહજી ગોહિલ નામના કવિને ઓળખો છો? તો તમે તરત જ માથું ખંજવાળશો અને યાદશક્તિને ઢંઢોળી થોડી વાર પછી કહેશો કે ના, એ કોણ હતા? તો જાણી લ્યો કે 'કલાપી' સુરસિંહજી તખ્તસિંહજી ગોહિલનું તખલ્લુસ છે. તેમનો દળદાર કવિતા સંગ્રહ 'કલાપીનો કેકારવ' નામથી પ્રસિદ્ધ થયો હતો.

તખલ્લુસની મજેદાર દુનિયામાં વિલક્ષણ પ્રતિભા ધરાવતા સર્જક રામનારાયણ વિશ્વનાથ પાઠક (રા. વિ. પાઠક) અનોખી સિદ્ધિ ધરાવે છે. વકીલાતનું ભણી એલએલ.બી. ડિગ્રી મેળવ્યા બાદ અધ્યાપન અને સાહિત્ય સર્જન તરફ વળી ગયેલા પાઠક સાહેબે ગુજરાતી સાહિત્યના ત્રણ વિભાગમાં ખેડાણ કર્યું છે - કવિતા, વાર્તા અને નિબંધ. 'વૈશાખનો બપોર' જેવું અદ્ભુત અને અવિસ્મરણીય કાવ્ય આપનારા રા. વિ. પાઠકે કાવ્યલેખન માટે 'શેષ' તખલ્લુસ રાખ્યું હતું. 'શેષનાં કાવ્યો તેમનો કવિતા સંગ્રહ છે. તેમણે મુક્તક, સોનેટ અને ખંડકાવ્યો પણ લખ્યાં. 'મુકુન્દરાય' અને 'રજનું ગજ' પાઠક સાહેબની જાણીતી વાર્તાઓ છે. 'ખેમી' નામની વાર્તાએ તો સર્જક તરીકે તેમને અલગ તારવી દીધા હતા. રામનારાયણ વિશ્વનાથ પાઠકે વાર્તાલેખન 'દ્વિરેફ' તખલ્લુસ સાથે કર્યું હતું. દ્વિરેફની વાતો ભાગ ૧ - ૨ - ૩ પ્રસિદ્ધ થયા છે. સર્જકે નિબંધલેખન પણ કર્યું છે. મજાની વાત એ છે કે તેમણે ગંભીર નિબંધોના સંગ્રહની સાથે આપણને હળવા નિબંધોનો આસ્વાદ પણ કરાવ્યો છે. રા. વિ. પાઠકે નિબંધોનું સર્જન 'સ્વૈરવિહારી' તખલ્લુસ હેઠળ કર્યું હતું. પાઠક સાહેબના સર્જનનું મૂલ્ય એટલું ઊંચું ગણાયું છે કે 'શેષ'નાં કાવ્યો, 'દ્વિરેફ'ની વાર્તા અને 'સ્વૈરવિહારી'ના નિબંધો પોતપોતાના વિભાગમાં મહત્ત્વ ધરાવે છે.

## સગ્ગી બહિણ — ટોપણનાવ

મરાઠી સાહિત્ય જગતમાં પણ અન્ય ભાષાની જેમ અનેક સર્જકો તખલ્લુસ ધરાવે છે. મરાઠીમાં તખલ્લુસ માટે 'ટોપણનાવ' શબ્દ પ્રચલિત છે. મરાઠી ભાષાવિશ્વના નભોમંડળમાં અનેક તારલા ઝગમગ ઝગમગ થાય છે. એમાંથી અમુકનો પ્રકાશ, એનો પ્રભાવ અમાસને પૂનમમાં બદલવાની તાકાત ધરાવે છે. એવું એક નામ છે વિષ્ણુ વામન શિરવાડકર - વિ. વા. શિરવાડકર. બહુઆયામી વ્યક્તિત્વ ધરાવતા શિરવાડકર મરાઠી ભાષાના આદરણીય અગ્રગણ્ય કવિ, લેખક, નાટકકાર, વાર્તાકાર, નવલકથાકાર, કવિ અને વિવેચક તરીકે ખ્યાતિ ધરાવે છે. ૧૯૮૭માં જ્ઞાનપીઠ પુરસ્કાર મેળવનારા શિરવાડકરનો જન્મદિવસ (૨૭ ફેબ્રુઆરી) 'મરાઠી રાજભાષા દિન' તરીકે મનાવવામાં આવે છે.

**कुसुमाग्रज हे वि. वा. शिरवाडकर यांचा टोपणनाव आहे. हे टोपणनाव इतकं प्रसिद्ध आहे की अनेक लोक त्यांचा उल्लेख नावाने नाहीं, पण टोपणनावांने करतात.** વિષ્ણુ વામન શિરવાડકાર - વિ. વા. શિરવાડકર તેમના ટોપણનાવ 'કુસુમાગ્રજ' તરીકે વધુ ખ્યાતિ ધરાવે છે. અનેક લોકો તેમનો ઉલ્લેખ મૂળ નામને બદલે 'કુસુમાગ્રજ' તરીકે જ કરતા અને હજી કરે છે. અભૂતપૂર્વ સફળતા, લોકપ્રિયતા અને સન્માન મેળવનારા તેમના નાટક 'નટસમ્રાટ' માટે તેમને જ્ઞાનપીઠ પુરસ્કાર મળ્યો હતો. આ નાટક પરથી મરાઠી તેમ જ ગુજરાતીમાં ફિલ્મ પણ બની છે. શિરવાડકર કેમ 'કુસુમાગ્રજ' તરીકે ઓળખાયા એનું કારણ રસપ્રદ છે. વિષ્ણુ શિરવાડકરને કુસુમ નામની એક નાની બહેન હતી અને પરિવારમાં સૌની લાડકી હતી. વિષ્ણુ દાદાએ (મરાઠીમાં મોટાભાઈ દાદા કહેવાય છે) કુસુમના અગ્રજ - કુસુમાગ્રજ ટોપણનાવ (તખલ્લુસ) ધારણ કર્યું. અગ્રજ એટલે જ્યેષ્ઠ બંધુ, મોટા ભાઈ, વડીલબંધુ અને અનુજ એટલે લઘુબંધુ, નાનો ભાઈ. કેવી ઉત્કટ ભાવના. તખલ્લુસનું આવું બીજું અનોખું અને પ્રેમાળ ઉદાહરણ હશે?

## ENગ્લિશ વિંGLISH — PSEUDONYMS




અંગ્રેજીમાં તખલ્લુસ માટે બે શબ્દ વપરાય છે - Pseudonym or Pen Name. Pseudo means which is not real and nym comes from a Greek word which means name. Pen name means any name used while using a pen, that is for writing. તમને જો અંગ્રેજી સાહિત્ય વાંચવાનો શોખ હશે તો મનુષ્ય સામે બળવો કરતાં પ્રાણીઓનો ચિતાર રજૂ કરતી Animal Farm નવલકથા વાંચી હશે અથવા એના વિશે જાણતા જરૂર હશો. હવે તમને જો કહેવામાં આવે કે આ નવલકથા Eric Arthur Blair નામના બ્રિટિશ લેખકે લખી છે તો તમે કહેવાના કે ના રે ના, એના લેખક તો George Orwell છે. હકીકત એ છે કે બંને નામ સાચાં છે, કારણ કે George Orwell is pseudonym or pen name of Eric Arthur Blair. જ્યોર્જ ઓરવેલ તખલ્લુસ છે. મિસ્ટર એરિક બ્લેરનું. નામરૂપ જૂજવાં... અંગ્રેજી સાહિત્યની કેટલીક કૃતિઓ વિશ્વવિખ્યાત બની છે એમાં એક છે Silas Marner. ચોરીનું ખોટું આળ મૂકવામાં આવતાં એક વણકરનું જીવન કેવું બદલાઈ જાય છે અને તેણે દત્તક લીધેલી દીકરીને કારણે એની ખોવાયેલી પ્રતિષ્ઠા પાછી મળે છે એ કથાનો તંતુ છે. આ કૃતિના સર્જક તરીકે George Eliot નામ લેવામાં આવે છે. જોકે, આ તખલ્લુસ છે - પેન નેમ છે. લેખકનું મૂળ નામ Mary Ann Evans હતું, પણ પેન નેમ લોકપ્રિય છે, મૂળ નામ ભાગ્યે જ કોઈ જાણે છે. ભાષાનો આ વૈભવ છે. હવે એક એવી મહિલા લેખિકાની વાત કરીએ જેની નવલકથાની ૧૦ કરોડથી વધુ નકલો વેચાઈ છે અને એમની નવલકથાનો અનુવાદ ૧૦૦થી વધુ ભાષાઓમાં થયો છે. એમની અનેક કૃતિઓ પરથી ટીવી સિરીઝ અને ફિલ્મો બની છે. ડિટેક્ટિવ નોવેલ, શોર્ટ સ્ટોરી અને નાટક આપનારાં લેખિકાનું નામ છે Agatha Christie. The Murder on the Orient Express and The Mousetrap એમની જગવિખ્યાત કૃતિ છે અને એના ફિલ્મ તેમ જ નાટકના મંચનને અપાર સફળતા મળી છે. રસપ્રદ વાત એ છે કે આગાથા ક્રિસ્ટીએ છ રોમેન્સ નવલકથા Mary Westmacott નામથી લખી છે. કાલ્પનિક વિજ્ઞાન કથા - સાયન્સ ફિક્શનમાં આઈઝેક એસિમોવ એક ગગનચુંબી નામ છે. The Foundation Series and The Robot Series are his famous works of Isaac Asimov. અઢળક પુસ્તક લખનારા એસિમોવને ટેલિવિઝન સિરીઝ માટે કાલ્પનિક વિજ્ઞાનકથા લખવાનું કહેવામાં આવ્યું ત્યારે ટીવી સિરીઝમાં પોતાની કથાને અન્યાય થશે એ ચિંતા તેમને સતાવતી હતી. So he wrote the series under the pseudonym Paul French. કોઈ કારણસર ટીવી સિરીઝ ન બની, પણ એસિમોવએ પેન નેમથી એ સિરીઝનાં છ પુસ્તક લખ્યાં.

## રાષ્ટ્ર ભાષા — छद्मनाम

હિન્દી સાહિત્ય જગતમાં અનેક સર્જકો સાથે તખલ્લુસ જોડાયેલાં જોવા મળે છે. હિન્દીમાં તખલ્લુસ માટે 'છદ્મનામ' શબ્દ છે. તમને હિન્દી ભાષામાં રચિત સાહિત્ય કૃતિમાં રસ હોય અને એનું સમયાંતરે વાંચન કરતા હો તો જો તમને કોઈ પૂછે કે **क्या आपने धनपत राय श्रीवास्तव के उपन्यास पढ़े हैं?** આ સવાલ સાંભળી તમારા ચહેરા પર મોટું પ્રશ્નાર્થ ચિહ્ન ઊભું થઈ જાય કે 'એ વળી કોણ? ના, મેં એમની વાર્તા - નવલકથા કે બીજું કશું નથી વાંચ્યું. એમનું નામ પણ નથી જાણતો. આજે પહેલી વાર સાંભળ્યું.' તમે કહેશો. તમારી સાહિત્ય પ્રીતિ અને રુચિ જાણતા પ્રશ્નકર્તાને પણ નવાઈ લાગે અને ફરી સવાલ કરે કે **क्या कहते हो वाकई आपने प्रेमचंद की कृति का पठन नहीं किया?** અને તમારા દિમાગમાં બત્તી થાય છે. ઓત્તારી! ધનપત રાય શ્રીવાસ્તવ એ જ મુનશી પ્રેમચંદ અને તરત તમને 'ગોદાન' અને 'ગબન' યાદ આવી જાય. રાજ કુમારની 'ગોદાન' ફિલ્મનું પણ સ્મરણ થાય. એક સંવેદનશીલ લેખક તરીકે પ્રેમચંદજીને લોકપ્રિયતા અને આદર મળ્યાં હતાં. શરૂઆતમાં તેઓ મૂળ નામ ધનપત રાય શ્રીવાસ્તવના નામથી જ લેખનકાર્ય કરતા હતા. ૧૯૧૦માં 'સોજે વતન' નામક રચના માટે જનતાને ભડકાવવાનો આરોપ મૂકી બધી પ્રત જપ્ત કરી નષ્ટ કરવામાં આવી હતી. કલમને મ્યાનમાં મૂકી દેવા જણાવી લખશે તો જેલમાં પૂરી દેવાની ચેતવણી આપવામાં આવી. નિકટના એક મિત્રએ સલાહ આપી કે લખવાનું ચાલુ રાખવું જોઈએ અને ધનપત રાયનું લખાણ 'પ્રેમચંદ' છદ્મનામથી પ્રકાશિત થવા લાગ્યું. શરદબાબુ - શરદચંદ્ર ચટ્ટોપાધ્યાયે તેમને 'ઉપન્યાસ સમ્રાટ'નું બિરુદ આપ્યું હતું. ■

વલો કચ્છ

ડૉ. પૂર્વી ગોસ્વામી
feedback@bombaysamachar.com

# કચ્છની અટલ સ્મૃતિ



૨૫ ડિસેમ્બર આવે એટલે નાતાલ સાથે યાદ આવે અટલ બિહારી વાજપેયીની જન્મ જયંતી.

*ભારત કોઈ ભૂમિ કા ટુકડા નહિ*
*યે તો જીતા જાગતા રાષ્ટ્ર પુરુષ હૈ*
*ઈસકે કંકર કંકર મેં શંકર હૈ*
*ઈસકી બુંદ બુંદ મેં ગંગા હૈ*
*યે વંદન કી ભૂમિ હૈ*
*યે અભિનંદન કી ભૂમિ હૈ.*

'અટલ' યુગપુરુષનું પુણ્ય સ્મરણ કરતાં કચ્છ પ્રદેશની વાત કરવાનું મન થાય. આ ભૂમિની અલૌકિક સુંદરતા અને અહીંના ખુમારીથી જીવન વ્યતીત કરતા લોકોની સફળ કહાણી છે જેની ચાહક અનેક વિચક્ષણ બુદ્ધિપ્રતિભાઓ રહી ચૂકી છે. તેનો ઈતિહાસ, રાજકારણ, સમાજ અને અર્થકારણ તેની જીવનશૈલી અને વિનાશમાંથી નિર્માણની આગવી પરંપરાને જે કોઈ પણ માણે તે કહે છે; - 'કચ્છ નહિ દેખા તો કુછ નહિ દેખા.' સ્વપ્નદ્રષ્ટા અને આપણા વડા પ્રધાન મોદીસાહેબને પણ તો સૌથી પ્રિય છે આ કચ્છ! 'નયા ભારત બનાયેંગે'નું સપનું જેમણે સેવ્યું એવા અટલજીએ ઉપરોક્ત શબ્દો; કચ્છની પાવન ભૂમિ પરથી ઉચ્ચાર્યા હતા. જે ભારતનો ટુકડો (કચ્છનો ભૂભાગ) પાકિસ્તાને પચાવી પાડ્યો હતો તેના વિરોધમાં થયેલ સત્યાગ્રહ (કચ્છ સત્યાગ્રહ: ૧૯૬૮) સમયે અટલજીએ ભાવના સેવી હતી કે કચ્છ એ ભારતનો અજોડ-અદ્ભુત ભૂપ્રદેશ છે, રતિભર ભૂભાગ કોઈ છીનવી જાય તે સાંખી શકાય નહિ.

બચપણથી જ ઘરમાં રાષ્ટ્રભક્તિના સંસ્કાર મળ્યા. કિશોરવયમાં પહેલાં આર્યસમાજના સંપર્કમાં આવ્યા અને પછી રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘમાં જોડાણ. એ બધું ભળીને પરિણામ બની પ્રખર રાષ્ટ્રભક્તિનો સ્વર ઉચ્ચારતી તેમની રચનાઓ. જેમ કે ભારત-વિભાજનથી પીડિત થઈને 'સ્વાતંત્ર્ય-દિવસ કી પુકાર' લખ્યું. 'ઉનકી યાદ કરે'માં સ્વાતંત્ર્યજંગના હુતાત્માઓની પુણ્યસ્મૃતિ તો 'અમર આગ' અને 'હિન્દુ-પરિચય' દેશગૌરવની લાગણી પ્રસ્તુત કરે છે.

આમ તો અટલજીનો કચ્છ સાથે પ્રથમ સંબંધ તે આ સત્યાગ્રહ, પણ ૨૦૦૧ના મહાવિનાશક ભૂકંપ વખતે એ સહાનુભૂતિની અપાર લાગણીમાં પલટાઈ ગયો હતો. કેન્દ્રમાં ભાજપની મોરચા સરકાર અને ગુજરાતમાં પણ ભાજપ. રાજ્યે માગી તે મદદ કેન્દ્રએ આપી. મુખ્ય તે ટૅક્સ હોલીડે અને ભુજની સિવિલ હૉસ્પિટલ. ટૅક્સ હોલીડેથી કચ્છે ઉદ્યોગોને આકર્ષ્યા અને ભૂકંપપ્રૂફ ડિઝાઇન સાથેની નવી અદ્યતન ઇમારતે કચ્છને આરોગ્ય સુવિધાની નોંધપાત્ર ભેટ અર્પી, પરંતુ તોય કચ્છ ક્ષેત્રે આ બાબતે અન્યાય થયો છે એવું આદરણીય શ્રી કીર્તિ ખત્રીની વ્યક્ત વેદનાથી આપણને સમજાય, કારણ કે ભૂકંપગ્રસ્ત કચ્છની સીમાચિહ્ન સમી આરોગ્ય સેવા પૂરી પાડવાના કેન્દ્ર સરકારના ઇરાદાની મજબૂતાઇની પ્રતીતિ અટલજી સાથે થયેલી વાતોમાં એમણે અનુભવેલી કે નવી બંધાયેલી સિવિલ હૉસ્પિટલ અને એની સાથે મૅડિકલ કૉલેજની ભેટ, કદાચ કૉલેજનું સંચાલન દિલ્હીસ્થિત ઑલ ઇન્ડિયા ઇન્સ્ટિટ્યૂટ ઑફ મૅડિકલ સાયન્સ (એઇમ્સ)ને સોંપાયું હોત, પરંતુ રાજકીય દાવપેચ અને નિરુત્સાહને પગલે અટલજીએ મોં સુધી પહોંચાડેલો કોળિયો છીનવાઇ ગયો. કેન્દ્રમાં સત્તાપલટો થયો અને દેશનાં બધાં રાજ્યોમાં 'એઈમ્સ'ની સેવાઓ શરૂ કરવાનો પ્રોજેક્ટ બીજી સરકારે સાઈડ પર જ મૂકી દીધો. અટલજીની લાગણી અને દૃષ્ટિનો પૂરેપૂરો લાભ કચ્છને ન મળ્યો.■

ઊડતી વાત

ભરત વૈષ્ણવ
feedback@bombaysamachar.com

# એને દંડ થાય તે માટે હું જબરું લશ્કર લઈને એના પર ચડાઈ કરીશ...!

## બર્ગરમાંથી નીકળેલી ઇયળનો એક્સક્લ્યુસિવ ઇન્ટરવ્યૂ

'અભિનંદન.. કૉંગ્રેટસ.. અભિનંદન' અમે અભિનંદન પાઠવ્યાં.

'ભૈ, તમે શું બોલો છો એ મને સમજાતું નથી. તમારો યાર, ઇન્ટ્રો- બિન્ટ્રો આપો.' સામેથી મોઢું બગાડીને અમને કહેવામાં આવ્યું.

પત્રકારનો સવાલ ન સમજે તેવી વિરાટ પ્રતિભા બહુરત્ના વસુંધરામાં અસ્તિત્વ ધરાવે છે એને કેવી અને કેટલામી અજાયબી ગણવી તે મને ન સમજાયું:

'ઇયળબેન, હું 'બખડજંતર ચેનલ'નો એક માત્ર ચીફ એડિટર ગિરધરલાલ ગરબડિયા અને આ છે અમારો કૅમેરામેન કમ ઑલ ઇન વન રાજુ રદી. ...અમે તમારો ડેડ કમ લાઇવ ઇન્ટરવ્યુ લેવા માટે અહીં લાંબા થયા છીએ.' મેં ઇયળને અમારા પરિચય સાથે અમારો હેતુ જણાવ્યો.

'શું બોલ્યા, રિપોર્ટર સાહેબ?' ઇયળે ભાલાની જેમ ભવાં ઊંચાં કરી ક્રુદ્ધ સ્વરે કડકાઈથી પૂછયું.

'મેં તમને ઇયળબેન જે કહ્યું એમાં તમને ગાળ કે અપશબ્દ કહ્યા નથી. તમે કેમ ઓવર રિએક્ટ કરો છો? બી કામ...જરા શાંતિ રાખો.' મેં ઇયળને ધૈર્ય રાખવા કહ્યું.

'ગિરધરલાલ સાહેબ, તમે બે મોટી ગાળ ચોપડાવો તોપણ હું કોઈ વાંધો નહીં લઉં. હલકું લોહી રિપોર્ટરનું એ ન્યાયે તમને કમને માફ કરી દઉં, પરંતુ મને બેનનું સંબોધન કરીને મારું હડહડતું અપમાન ન કરી શકો. તમે મને બેન કહીને સ્વિટ સિક્સટીન એટલે સોલા બરસની બાલી ઉંમરનું, સોળ સાલના સૌંદર્યનું સૌંદર્યિક અપમાન કર્યું છે. યુ નો, હું બ્યુટી પાર્લરમાં જઇ નેલ ફાઇલિંગ - આઇ બ્રો - ફેશિયલ ને હેર કલર કરાવું છું... ટૂંકમાં બધી જ જાતની બ્યુટી ટ્રિટમેન્ટ કરાવું છું એટલે મારો ફેસ ગ્લો કરે છે એમાં તમે મને બેન કહીને મારા મધરનું મેરેજ કરી નાખ્યું. આમ કહી ઇયળ મારો પ્રતિભાવ જોવા અટકી. હવે ખબર પડી કે ઇયળને જોડો કયાં ડંખે છે!

'સોરી, મિસ ઇયળ' કહીને અમે દિલગીરી દર્શાવી.

'ઇટસ ઓકે ડયુડ. હવે બોલો...'

'કૉન્ગ્રેટસ, તમે મીડિયામાં ચમકયાં એ માટે ખૂબ જ અભિનંદન.' આટલું કહી અમે ઇયળને એક જમરૂખ ભેટ આપ્યું. ઇયળ સાથે ઇન્ટરવ્યુ કરવો હોય તો જમરૂખ વ્યવહાર કરવો પડે.



'તમને પેપરમાં ચમકવાની ઇન્સ્પિરેશન કયાંથી મળી?' અમે અગત્યનો સવાલ કર્યો.

'અમે પણ પેપર વાંચીએ છીએ. તમારા નેતા રોજ રોજ એકમેકને ગાળો બોલે છે, એકમેક પર કાદવ ઉછાળે છે. પક્ષની ઈજ્જત ખરડે છે... પણ સાહેબ એટલે સાહેબ ...!' ઇયળે પેટછૂટી વાત કરી.

'તમારા ઇયળ વર્લ્ડમાં સાહેબ ફેમસ છે ખરું ને?' અમે સાહેબને પોલ્સન લગાવ્યું. શકય છે કે સાહેબ 'બખડજંતર ચેનલ' જોતા હોય અને અમને પ્રેસ કાઉન્સિલના ચૅરમૅન બનાવી દે! (છાપામાં ચોરમેન ન છપાય, પ્લીઇઇઇઝ એડિટર સર)

'હોંવે. દિયોર...!'

'સાહેબ તો સમજયા, પણ બીજા પ્રેરણાસ્રોત કયાં?' અમે પૂછયું.

'ઢોસામાં વંદા નીકળે છે. દાળમાં ઉંદર નીકળે છે. પિત્ઝામાં ગરોળી નીકળે છે. મીઠાઈમાં કીડા-મંકોડા નીકળે છે. સુપમાં ચાઇલ્ડ સાપ નીકળે છે. એ લોકો છાપે ચડે છે તો હમ કિસીસે કમ હૈ, ભીડું? હમે પૂરા હૈ વિશ્વાસ કે હમ પેપર કે ફ્રન્ટ મેં ચમકેં! અમારું નસીબ જોર કરતું હશે કે અમે બર્ગરમાં પેઠા અને છાપે ચડી ગયા... થેંક ગોડ કે લાઇફ મિશન એચિવ્ડ.' ઇયળના મુખારવિંદ પર પરિતોષનો ધોધ છલકાયો.

'તમે તમારી આ બર્ગર યાત્રા વિશે જણાવશો?'

'શું બર્ગર તમારે એકલાએ જ ખાવાનું? અમારે બગાસાં ખાવાનાં? અમને બર્ગર ખાવાનું મન ન થાય? અમે બર્ગરમાં ઘૂસ્યા કે જ્વાળામુખી ફાટયો હોય તેવી ગરમી અમારા પર કરો છો અમને બર્ગર સાથે ડીશમાં ટોમેટો કેચ અપ સાથે કસ્ટમરને સર્વ કરવામાં આવ્યા ત્યાં કોઈની અમારા પર નજર પડી અને નાહકનો હાહાકાર મચાવાયો.' ઇયળે વિગતે વાત કરી.

'તમને જોઈને ગ્રાહક કેમ ભડકયા?' અમે સવાલ પૂછ્યો

'એ ગ્રાહક ન હતો. એ ગ્રાહકની પત્ની હતી. બાથરૂમમાં વંદો જુએ કે હમાસે ઇઝરાયેલ પર હુમલો કર્યો હોય તેમ ભડકે છે. તમે ગ્રાહક તરીકે બર્ગરના પૈસા ચૂકવ્યા છે. અમારા માટે નયો પૈસો ચૂકવ્યો નથી. કાણી પાઇ ચૂકવ્યા વગર અમે તમને મળીએ છીએ. અમે વેલ્યુએડેડ સર્વિસ છીએ. પછી આવો હોબાળો શેનો? ચામાં માખી પડે તો તમે ચા ફેંકી દેતા નથી. માખી પકડીને ચાના કપમાં નિચોવો છો. પછી માખી ફેંકી દો છો. ત્યાર બાદ ચા ગટગટાવી જાવ છો. તમે આ રીતે અમને ઉપાડીને બર્ગર ખાઈ લો. ઈસમેં હંગામા કયું?' શાયર મહેફિલમાં ગઝલ લલકારે તેવા શાયરાના અંદાજથી ઇયળે બચાવનામું પેશ કર્યું.

'મિસ ઇયળ, તમે બર્ગર જ કેમ પસંદ કર્યું?' અમે સવાલ કર્યો.

'જસ્ટ ફોર ફન. જસ્ટ ફોર ચેઇન્જ.' વાળની આગળની લટ સાથે હીરોઇનની જેમ રમત કરતાં ઇયળે કહ્યું.

'તમને ફળ, અનાજ જેવું રાંધ્યું ન હોય તેવું ભક્ષ્ય પસંદ આવે કે રાંધેલું?' અમે તોફાની સવાલ કર્યો. જુઓ ભાઈ, લાલ કે સફેદ જમરૂખ આરોગવાની મજા અલગ છે. ઘઉં, બાજરી, ચણામાં જઈ ઑર્ગેનિક પદાર્થનું પ્રાશન કરવાનો આનંદ અલગ છે. બોરમાં પંકચર કરી, બોરમાં સડો ફેલાવી બોરની મીઠાશ માણવાની મજા ન્યારી છે.... દોસ્ત! જોકે, પાપડી જોડે બફાઇ જવાની સજાનો ભય સદાનો હોય છે ત્યારે બર્ગર, પિત્ઝા, સમોસામાં ઘૂસ મારવાની મજા પણ નોખી-અનોખી હોય છે.'

'તમે બર્ગરમાં નીકળ્યા તે રેસ્ટોરાંને દસ હજાર રૂપિયાનો ફાઈન થયો. બીજા રેસ્ટોરાંમાં વંદો નીકળ્યો તો તેને પંદર હજાર રૂપિયાનો ફાઇન.... મીઠાઈમાંથી કીડી નીકળી તો દુકાનદારને એક લાખ પચાસ હજાર રૂપિયાનો દંડ.... આ ભેદભાવ વિશે તમે શું કહેશો?' અમે ઇયળને છંછેડતો સવાલ કર્યો.

'હું આ પ્રકારના ભેદભાવની સખત વિરોધી છું. તેને કોઈ પણ સંજોગોમાં ચલાવી ન શકાય. હું વેપારીને મહત્તમ દંડ થાય તે માટે ઇયળની લાંબી-પહોળી સેના લઈને વાનગી પર ચડાઇ કરીશ. તમે હવે ફૂટો!.'

આમ કહી ઇયળે છણકા સાથે અમને જવાનો ઇશારો કર્યો અને મેં અને રાજુ રદીએ રેસ્ટોરામાંથી જખ મારી વિદાય લેવી પડી..■

ફોકસ પ્લસ

નિધિ શુક્લ
feedback@bombaysamachar.com

# દેશનો પ્રથમ ઓક્સી રીડિંગ ઝોન

છત્તીસગઢ રાજ્યમાં ડિસ્ટ્રિક્ટ મિનરલ ટ્રસ્ટ, એન્વાયરમેન્ટ પ્રોટેક્શન બોર્ડ અને રાયપુર સ્માર્ટ સિટી લિમિટેડ દ્વારા વિશ્વસ્તરીય પુસ્તકાલયનું નિર્માણ કરવામાં આવ્યું છે, જેમાં માત્ર પુસ્તકો છે પરંતુ આ પુસ્તકાલયમાં વિશ્વની તમામ સુવિધાઓ ઉપલબ્ધ છે. આ પુસ્તકાલયને નાલંદા પરિસર નામ આપવામાં આવ્યું છે.

પુસ્તકો માણસના આત્મવિશ્વાસનું શ્રેષ્ઠ માધ્યમ છે. મહાન દેશભક્ત અને વિદ્વાન લાલા લજપત રાયે પુસ્તકોના મહત્ત્વના સંદર્ભમાં કહ્યું હતું: હું નરકમાં પણ પુસ્તકોનું સ્વાગત કરીશ. તેમની પાસે નરકને પણ સ્વર્ગમાં ફેરવવાની શક્તિ છે. દેશના લગભગ તમામ નાનાં અને મોટાં શહેરોમાં અનેક પ્રકારના પુસ્તકાલયો ઉપલબ્ધ છે. કેટલાંક શહેરો અને ગ્રામીણ વિસ્તારોમાં મોબાઈલ લાઈબ્રેરીની પણ વ્યવસ્થા છે જેના દ્વારા લોકો સાપ્તાહિક ધોરણે આ સુવિધાનો લાભ લઈ શકે છે.

બૌદ્ધ સમયગાળા દરમિયાન, તક્ષશિલા અને નાલંદા જેવાં શૈક્ષણિક કેન્દ્રોનો વિકાસ થયો જેમાં ખૂબ સારા પુસ્તકાલયો હતા. તક્ષશિલાના પુસ્તકાલયમાં વેદ, આયુર્વેદ, ધનુર્વેદ, જ્યોતિષ, ચિત્રકામ, કૃષિ, પશુપાલન વગેરે જેવા અનેક વિષયો પરના ગ્રંથોનો સંગ્રહ કરવામાં આવ્યો હતો. ખ્રિસ્તના લગભગ ૫૦૦ વર્ષ પહેલાં નાલંદાના વિશાળ પુસ્તકાલયનું વર્ણન છે. નાલંદા વિશ્વવિદ્યાલયમાં ત્રણ મહાન પુસ્તકાલયો હતાં - રત્નોદધિ, રત્નસાગર, રતરંજક. પ્રાચીન નાલંદા વિશ્વવિદ્યાલયમાં વિશ્વભરના ૧૦,૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ અભ્યાસ કર્યો હતો, ભારતના આ બિન-શક્તિશાળી ઇતિહાસને ધ્યાનમાં રાખીને, આ પુસ્તકાલયનું નામ નાલંદા પરિસર રાખવામાં આવ્યું છે.

આ ઓક્સી રીડિંગ ઝોન કેમ્પસ ૬ એકરમાં ફેલાયેલું છે, આ લાઇબ્રેરી ચારે બાજુ લીલાછમ, છાંયડાવાળાં વૃક્ષો વચ્ચે બનાવવામાં આવી છે, તેથી તેને ઓક્સી રીડિંગ ઝોન પણ કહેવામાં આવે છે. આ વિદ્યાર્થીઓના અભ્યાસ અને સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારીમાં એક નવું પરિમાણ ઉમેરશે.

નાલંદા કેમ્પસમાં વિદ્યાર્થીઓના શિક્ષણ માટે તમામ પ્રકારની હાઇટેક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. ગ્રાઉન્ડ ફ્લોરની સાથે, ત્રણ માળના નાલંદા કેમ્પસમાં યુથ ટાવર, ઇ-લાઇબ્રેરી, રીડિંગ ઝોન, મલ્ટીમીડિયા, બુક હાઉસ તેમજ ડિબેટ વિંગની પણ સુવિધા છે. એટલું જ નહીં, વિદ્યાર્થીઓ અને સ્પર્ધકો પ્રકૃતિ સાથે સુમેળમાં રહી શકે તે માટે પીપળા અને લીમડાના ઝાડ નીચે વિદ્યાર્થીઓ કુદરતી વાતાવરણમાં બેસીને અભ્યાસ કરી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે.

ચારેબાજુ લીલાંછમ વૃક્ષોની સાથે આ લાઈબ્રેરીમાં વિશ્વની તમામ ટેક્નોલોજીઓથી સજ્જ ૧૨૫ નવાં કોમ્પ્યુટર લગાવવામાં આવ્યાં છે. અહીં ૨૪ કલાક વીજળી હોવાથી વિદ્યાર્થીઓ ગમે ત્યારે એક લાખથી વધુ પુસ્તકો ઓનલાઈન જોઈ અને વાંચી શકાય છે. રાજ્યના કોઈપણ જિલ્લામાં આ પ્રકારની ઓનલાઈન લાઈબ્રેરી અસ્તિત્વમાં નથી. છ એકર જમીનમાં બનેલા નાલંદા કેમ્પસમાં ઇન્ડોર અને આઉટડોર રીડિંગની સાથે યુવાનો માટે ઈ-લાઈબ્રેરી પણ બનાવવામાં આવી છે. ■

# ‘કોરી આંખો અને ભીનાં હૈયાં’થી નવી રંગભૂમિ પર એન્ટ્રી

સ્પોટ લાઈટ
મહેશ્વરી
feedback@bombaysamachar.com

ફૂલોથી મઘમઘતા બાગમાં આપણે ગયા હોઈએ અને ત્યાં લટાર મારી પાછા બહાર નીકળ્યા પછી કેટલોક સમય એ ફૂલોના રંગ અને ગંધથી આપણે એવા તરબતર થઈ ગયા હોઈએ કે દિલ અને દિમાગ બાગ બાગ થઈ જાય. એ વાતાવરણ, એ મઘમઘાટ આપણને પ્રસન્નચિત્ત કરી દે, તરબતર થઈ જવાય. કાંતિ મડિયા સાથે ફોન કર્યા પછી હું એવી જ મનોદશામાં મુકાઈ ગઈ હતી. મડિયાને મળવાના સ્થળ, તારીખ અને સમય જાણી લીધા પછી મેં રિસીવર ક્રેડલ પર એવી રીતે મૂક્યું જાણે કોઈ સ્ત્રી પોતાનું આભૂષણ શરીર પરથી ઉતારી પાછું જ્વેલરી બોક્સમાં મૂકતી હોય. સરસ મજાનું ફૂલ મહોર્યું હોય એવો ખીલેલો મારો ચહેરો જોઈ રૂપકમલ બહેનની પુત્રવધૂ પન્નાની બહેન બોલી, ‘શું વાત છે? તમારો ચહેરો તો મલક મલક થાય છે.’ હું હસી પડી. ખડખડાટ હસી. એનો હાથ હાથમાં લઈ કહ્યું કે ‘કાંતિ મડિયાએ મળવા બોલાવી છે.’ પ્રવીણ જોશી, કાંતિ મડિયા, શૈલેષ દવે જેવા દિગ્ગજ નાટ્યકાર મળવા બોલાવે એ કોઈ પણ કલાકાર માટે આનંદનો જ નહીં ગર્વનો પણ અવસર ગણાતો. એવો હતો રંગભૂમિનો દબદબો.

કાંતિ ભાઈની અનેક લાક્ષણિકતાઓ હતી અને તેમનાં નાટકોના નામ મને બહુ ગમતા. ‘આતમને ઓઝલમાં રાખ મા’, ‘નોખી માટી ને નોખાં માનવી’, ‘હવે પાંપણોમાં અદાલત ભરાશે’, ‘મૂઠી ઊંચેરો માનવી’, ‘અમે બરફનાં પંખી’, ‘કોઈ ભીંતેથી આયના ઉતારો’, ‘ચીતરેલા મોરનો ટહુકો’, ‘કાચી નીંદર, કાચાં સપનાં’, ‘ઝાકળભીનાં પારિજાત’, ‘મૃગજળ સીંચીને અમે ઉછેરી વેલ’ – કેવાં કાવ્યાત્મક નામ રહેતાં. નાટકનું નામ આપવા માટે પણ ગજબની ચીવટ રાખતા એ મેં સાંભળ્યું હતું અને કામ બાબતે એકદમ સ્ટ્રિક્ટ છે એ પણ હું જાણતી હતી. નાટકોના નામ નક્કી કરવામાં એમની ગજબની કલ્પના શક્તિ જોવા મળી. નક્કી કરેલા દિવસે અને નક્કી કરેલા સ્થળે કાંતિ મડિયાને મળવા ગઈ. ઔપચારિક વાતચીત પછી હું કેટલી વ્યસ્ત છું અને કયા નાટકો કરી રહી છું એ તેમણે જાણી લીધું. કાંતિભાઈ એ સમયે ‘કોરી આંખો અને ભીના હૈયાં’ નામનું નાટક તૈયાર કરી રહ્યા હતા. નાટકમાં મારે લીડ રોલ કરવાનો હતો. એ સમયે રંગભૂમિની હું પ્રસ્થાપિત અભિનેત્રી હતી. એટલે સાઈડ રોલ માટે તો મારો કોઈ સંપર્ક કરે જ નહીં. મડિયા જેમ પોતાના આગ્રહો માટે જાણીતા હતા એમ સામી વ્યક્તિનો મરતબો પણ જાળવી રાખતા. મને કહ્યું કે ‘મહેશ્વરી, તારે મારા નાટકમાં મેઈન રોલ કરવાનો છે.’ જોકે, ‘કોરી આંખો અને ભીના હૈયાં’ કાંતિભાઈનું નિર્માણ નહોતું. ‘નાટ્યસંપદા’ના નેજા હેઠળ તૈયાર નહોતું કરવાનું. કાંતિભાઈ ડિરેક્ટર હતા. આ નાટક મૌલિક નહોતું. મરાઠી ભાષાના દિગ્ગજ સાહિત્યકાર અને નાટ્યકાર રત્નાકર મતકરી લિખિત નાટક ‘માઝં કાય ચૂકલં’



(મારી શું ભૂલ થઈ) પર આધારિત હતું. શ્રી મતકરીની એક નવલકથા પરથી લખાયેલું નાટક મરાઠીમાં ભજવાયું ત્યારે ખાસ્સું ગાજ્યું હતું. આ બધું હું જાણતી હતી એટલે હું તો બહુ ઉત્સાહમાં આવી ગઈ. ડિરેક્ટર મડિયા અને નાટક મૂળ મતકરીનું એ તો મારા માટે સોનામાં સુગંધ ભળવા જેવી વાત હતી. નાટકમાં મારા ઉપરાંત મુકેશ રાવલ, ભૈરવી વૈદ્ય (ગયા વર્ષે જ કેન્સરથી એમનું મૃત્યુ થયું હતું)ની મહત્ત્વની ભૂમિકા હતી અને હા, ગુજરાતી તખ્તા અને ચિત્રપટના મહારથી હની છાયા પણ હતા. એક સરસ નાટક તૈયાર થશે એવી આશા હૈયે બંધાઈ હતી.

કાંતિભાઈએ રિહર્સલ ક્યારથી શરૂ થવાના છે અને એનો ટાઈમ વગેરે વિગતો સમજાવી દીધી. મડિયા સમય પાલનના કડક આગ્રહી હતા. બધી વાત પાકે પાયે થઈ અને હું અમારા નવા બોરીવલીના યોગી નગરના ઘરે જવા ટ્રેનમાં બેઠી ત્યારે મારું મન ચકરાવે ચડી ગયું. મને એટલો તો ખ્યાલ આવી રહ્યો હતો કે હું અંગત જીવનના તેમજ મારી નાટ્ય સફરના એક મહત્ત્વના વળાંક પર આવીને ઊભી છું. એક બદલાવ આવી રહ્યો હોવાનું હું મહેસૂસ કરી રહી હતી. વિચારોમાં એવી ખોવાઈ ગઈ કે બોરીવલી ક્યારે આવી ગયું એનું ધ્યાન જ ન રહ્યું. બાજુમાં બેઠેલા એક બહેન બોલ્યાં કે ‘તમારે ક્યાં ઊતરવું છે? બોરીવલી તો આવી ગયું. હવે આ ટ્રેન પાછી ચર્ચગેટ જશે.’ હું ઝબકીને જાગી અને એમની સામે સ્મિત કરી બોરીવલી સ્ટેશન પર ઊતરી ગઈ.

ઘરે પહોંચી મારા માટે ફોનની વ્યવસ્થા કરનારા બહેનને સારા સમાચાર આપ્યા. એમને પણ આનંદ થયો અને મને અભિનંદન આપ્યા. ઘરે છોકરીઓને પણ વાત કરી અને એ પણ રાજી રાજી થઈ ગઈ એ સ્વાભાવિક હતું. સવારે બધી રસોઈ કરી બંને દીકરીઓના ટિફિન ભરી દેતી. દીકરીઓ પણ પોતાના કામમાં વ્યસ્ત થઈ ગઈ હતી અને એમના ચહેરા કહી રહ્યા હતા કે એમને પોતાના કામમાં આનંદ આવી રહ્યો છે. દીકરો પણ મોટો થઈ ગયો હતો અને બોરીવલીથી એકલો અંધેરીની એ સમયની ખ્યાતનામ પબ્લિક સ્કૂલ ‘હંસરાજ મોરારજી’માં ભણવા જતો હતો. એકંદરે લાઈફ એકદમ સેટ થઈ રહી હતી. નાટકના રિહર્સલમાં હું બરાબર ગૂંથાઈ ગઈ હતી. પ્રવીણ જોશી સાથે કામ કરવાના મારા અરમાન અધૂરા રહી ગયા હતા, પણ કાંતિ મડિયાના નાટકમાં કામ કરવાનો મોકો મળ્યો એ મારા માટે ગર્વની વાત હતી. સૌથી મહત્ત્વની વાત એ હતી કે મડિયાના આ નાટક ‘કોરી આંખો અને ભીના હૈયાં’થી નવી રંગભૂમિ પર મારી એન્ટ્રી થઈ. ‘મહેશ્વરી તો જૂની રંગભૂમિની હિરોઈન’ છે એ લેબલમાંથી મને મુક્તિ મળી. નવી રંગભૂમિ પર મારું પદાર્પણ મડિયાના કારણે થયું એટલે હું તેમને મારા ગુરુ માનું છું. આવા સિદ્ધહસ્ત નાટ્યકાર સાથે શરૂઆત થઈ એ બદલ મેં ઈશ્વરનો અને રંગદેવતાનો આભાર માન્યો.

ભરત મુનિએ ‘નાટ્યશાસ્ત્ર’માં કહ્યું છે કે એકેય એવું શાસ્ત્ર નથી, એવું શિલ્પ નથી, એવી વિદ્યા નથી, એવી કળા નથી જે નાટકમાં ન દેખાય. જૂની રંગભૂમિના દિવસો દરમિયાન પ્રાગજી ડોસાએ મને આ વાત સમજાવેલી. બીજી તરફ વિલિયમ શેક્સપિયર કહી ગયા છે કે સમગ્ર વિશ્વ જ એક રંગમંચ છે અને વિશ્વ પર વસતા પ્રત્યેક સ્ત્રી અને પુરુષ ખેલૈયા છે. તેમની એન્ટ્રી અને એક્ઝિટ નિશ્ચિત હોય છે. એક જ વ્યક્તિ જીવનકાળમાં અનેક પાઠ ભજવતી હોય છે. મને મારું જીવન ભરત મુનિ અને શેક્સપિયરે કરેલી વ્યાખ્યાઓના સરવાળા જેવું લાગી રહ્યું હતું. ■

### પ્રવીણ જોશી - સંજીવ કુમાર

ગુજરાતી રંગભૂમિ નાટ્ય ભજવણી પ્રત્યે ખાસ્સી પ્રયોગશીલ રહી છે. જૂની રંગભૂમિ પર શેક્સપિયર, ઈબ્સન, પ્રિસ્ટલી કે ચેખોનાં નાટકો રૂપાંતર કરી ભજવાયાં છે. આ બધા વિદેશી નાટ્યકારોમાં એક મૂઠી ઊંચેરું નામ છે અમેરિકન નાટ્ય લેખક આર્થર મિલરનું. રસપ્રદ વાત એ છે કે જે ચાર નાટકો (‘ઓલ માય સન્સ’, ‘ડેથ ઓફ અ સેલ્સમેન’, ‘ધ ક્રુસિબલ’ અને ‘અ વ્યૂ ફ્રોમ ધ બ્રિજ’)એ મિલરના દુનિયામાં ડંકા વગાડ્યા એમાંનાં બે નાટકની ભજવણી આપણી રંગભૂમિ પર થઈ હતી જે આપણું સદભાગ્ય ગણાય. એ બે નાટક હતાં ‘ઓલ માય સન્સ’ અને ‘ડેથ ઓફ અ સેલ્સમેન’. મિલરના પ્રથમ નાટક ‘ધ મેન હુ હેડ ઓલ ધ લક’નો માત્ર ચાર શો પછી વીંટો વળી ગયા બાદ ‘ઓલ માય સન્સ’ ભજવાયું અને લોકપ્રિયતાને વર્યું. ઈન્ડિયન નેશનલ થિયેટર – આઈ.એન.ટી.ના નેજા હેઠળ પ્રવીણ જોશીના કુશળ દિગ્દર્શનના કસબથી આ નાટક ‘કોઈનો લાડકવાયો’ નામથી ભજવાયું હતું. એમાં અરવિંદ જોશી અને તરલા મહેતા સાથે સંજીવ કુમારે કામ કર્યું હતું. ફિલ્મ દુનિયામાં એન્ટ્રી લીધી એ પહેલા સંજીવ કુમારે જે કેટલાંક નાટક કર્યા એમાંનું એક આ હતું. આર્થર મિલરના સૌથી પ્રખ્યાત નાટક ‘ડેથ ઓફ અ સેલ્સમેન’ (બ્રોડવે પર ૭૦૦થી વધુ શો થયા હતા)પરથી કાંતિ મડિયાએ ‘નાટ્યસંપદા’ના નેજા હેઠળ ‘કાચી નીંદર, કાચાં સપનાં’ નામનું નાટક ભજવ્યું હતું. દિગ્દર્શક હતા કાંતિ મડિયા અને મુખ્ય ભૂમિકા ગિરેશ દેસાઈએ કરી હતી. (સંકલિત)

# હવે પતિ સશક્તીકરણનો યુગ લાવવો પડશે?

કેન્વાસ
અભિમન્યુ મોદી
feedback@bombaysamachar.com

ઑર્ગેનિક હ્યુમર લખી શકતા ને પડદા ઉપર મૌલિક રમૂજ સર્જી શકતા પટકથા લેખક – દિગ્દર્શક – ચિત્રકાર સંજય છેલની ‘ખૂબસૂરત’ નામની એક ફિલ્મ આવી હતી. જૂની નહીં, પણ નવી ‘ખૂબસૂરત’. જેનું ‘એ શિવાની…’ ગીત હિટ થયેલું. આ ફિલ્મમાં સંજય દત્ત બનાવટી નામે એક કુટુંબમાં રહે છે. ચોરોની ટોળકીએ એને એ ઘરમાં ખાતર પાડવા મોકલ્યો હોય છે. એ ઘરના બધા સભ્યો સાથે એ એટલો હળીમળીને રહેવા લાગે છે કે કોઈનું પણ કામ સંજુ વિના અટકી પડે. ચોરોની ટોળકીના રિંગમાસ્ટરને સંજુનો કોઈ અતોપતો મળતો નથી એટલે ફિલ્મના અંતમાં એ સાથે બંદૂક ને બીજા ગુંડાઓને લઈને સીધો પેલા ઘરે આવી જાય છે. સંજુ એને વીનવે છે કે આ નિર્દોષ કુટુંબને છોડી દે – બીજેથી કમાઈ લઈશું, પણ દગો થવાથી તે કુટુંબના અમુક સભ્યને પણ સંજુ ઉપર ડાઉટ ગયો છે.. સંજુ જે થેલો લઈને નીકળતો હતો તેને ઝૂંટીને આંચકી લેવામાં આવે છે. તે થેલામાં ઘરનો કીમતી સામાન હશે એવું બધાને લાગતું હતું. થેલાનો સામાન નીચે પડ્યો તો બધાની આંખો ફાટી રહી ગઈ. સાચે જ કીમતી સામાન હતો. ઢીંગલી, રાખડી, રમકડાંની બંદૂક, ફોટોગ્રાફ્સ, ભગવદ્ગીતા વગેરે. આઠાના, ચારાના, પાંત્રીસ પૈસાની વસ્તુઓ.

વિલન પરેશ રાવલ ત્યારે એક નક્કર ડાયલોગ બોલે છે: ‘અબે હીરો હોન્ડા, ઈસ ઘર કે દરવાજે સે લેફ્ટ લેગા તો એક દુનિયા શુરૂ હોતી હૈ, જહાં ઇન ચીજો કે રદ્દી કે દામ ભી નહીં મિલતે…!’

સનાતન સત્ય! ૯૯૯ પ્યોરિટી ધરાવતા ગોલ્ડ જેવી તે કઠોર હકીકત છે. એ જ હકીકત સાથે છોકરાઓને મોટા કરવામાં આવે છે. એ હકીકત કહેવા માટે કોઈ વિલન નથી આવતો, મા-બાપ જ દીકરાઓની જુવાનીના આગમનની પહેલાં વિલન બની જાય છે. ‘દીકરી તો સાસરે ચાલી જશે, પણ તું તો છોકરો છો. ભણીશ નહીં તો કરીશ શું? કેળાંની રેકડી કાઢીશ?’ – દરેક મધ્યમવર્ગીય પરિવારની આ બેઠી સ્ક્રિપ્ટ છે. પેઢી દર પેઢી પુરુષ પ્રજાતિના ડીએનએમાં ઉમેરવામાં આવતું આ સંસ્કરણ છે. દીકરીના જન્મ વખતે જલેબી ને દીકરાના જન્મ વખતે પેંડા વેંચતો આ દંભી સમાજ જો છોકરાને સહેજ વધુ લાડ લડાવતો હશે તો એની ઉપર પ્રેશર પણ વધુ નાખે છે. આમ પણ હવે એ સમય ગયો. દીકરા કરતાં દીકરીને જ લાડકોડ વધુ મળે છે. દીકરાને શું મળે છે? પુરુષને મળે ઠેંગો.

દીકરાને મળે છે ટાર્ગેટ. પર્ફોર્મ કરવાનું પ્રેશર. સ્કૂલમાં નંબર લઈ આવવાનું પ્રેશર, સ્પોર્ટ્સ- ડેના દિવસે ફિનિશિંગ લાઈન ઉપર પહેલા પહોંચવાનું પ્રેશર, એન્યુઅલ ફંક્શનમાં બેસ્ટ વેશભૂષાની ટ્રોફી જીતવાનું પ્રેશર, હાઈ સ્કૂલમાં બોર્ડમાં નંબર લઈને છાપામાં તેજસ્વી તારલાની યાદીમાં ચમકવાનું પ્રેશર, મા-બાપને ઓછી ફીઝ ભરવી પડે એવી કૉલેજમાં એડમિશન મળે એનું પ્રેશર અને કૉલેજના કેમ્પસમાંથી સારી



નોકરી લેવાનું પ્રેશર, સારી નોકરી મળે તો સારી છોકરી મળશે એ પ્રેશરનું પ્રેશર, સારી છોકરી મળી તો વાઈફ અને મા વચ્ચે ચાલુ થઈ જતા ગજગ્રાહમાં પિસાઈ જઈને સેન્ડવીચ થવાનું પ્રેશર, નોકરીમાં બોસ ગાળો આપે અને બાજુમાં બેસતો કલિગ ત્રણ-ત્રણ લફરાં કરીને આબાદ છટકી જતો હોય એ જોઈને જીવ બાળવાનું પ્રેશર, વાઈફને મનાલીને બદલે મોરેશિયસ ટ્રીપ પર લઈ જવાનું પ્રેશર, અઠવાડિયાના ત્રણ દિવસ વાઈફ (કે જીએફને) બેસ્ટ પ્લેઝર આપવાનું પરફોર્મન્સ પ્રેશર.

પ્રેશર કૂકર શોધનાર એક પુરુષ હતો, પણ એને પણ ખબર નહીં હોય કે એ બંધ વાસણની અંદર સર્જાતાં દબાણ કરતાં અનેકગણું વધુ દબાણ પુરુષજાતિ વેઠવાની છે.

હજુ પણ, એકવીસમી સદી એના પચ્ચીસમાં વર્ષમાં ટકોરા મારે છે ત્યારે પણ છોકરી કંઈ નહીં કમાય તો ચાલશે, પણ છોકરાને સમયસર કમાઈ લેવું પડશે, નહીંતર ‘મા-બાપને માથે પડેલો અને ઘરે બેસીને રોટલા તોડતો’ ગણાય અને બીજી એક બનાવેલી મુદ્દત કરતાં એક વર્ષ સુધી ન પરણે તો એની ઉપર ‘વાંઢા’નું લેબલ લાગે. જો સમયસર નોકરી કે છોકરી ન મળી હોય તો પોતાના જ સગાંવહાલાઓથી ભાગતું રહેવું પડે છે. સ્ત્રીઓની ઘૂંઘટ પ્રથા બંધ થઈ ગઈ, પણ આ યુવાન છોકરાઓ ક્યાંક પોતાની લાજ સાચવવા એ પુરુષોમાં એ પ્રથા શરૂ ન કરે! ઔદ્યોગિક ક્રાંતિ અને કમ્પ્યુટર યુગ પછી દુનિયાની રચના એવી થઈ છે કે પુરુષોનું શોષણ થવા લાગ્યું અને આની કોઈને હજુ સુધી પણ કાનોકાન ખબર નથી પડી.

‘પુરુષોનું શોષણ’… આ શબ્દો જો વધુપડતા લાગ્યા હોય તો શાંતચિત્તે વિચારજો અને વિચારમાંથી જવાબ ન મળે તો છેલ્લાં અઢીસો વર્ષની તવારીખ પર એક નજર કરજો..

વાચકો મિત્રો, બેંગલુરુના અતુલ સુભાષ નામના આઈટીના યુવાન પુરુષે આપઘાત કરવો પડ્યો અને આખું ‘ઈન્સ્ટાગ્રામ’ તેના સમાચારથી ઊભરાઈ ગયું તે પહેલો કેસ નથી. સ્ત્રીઓ માટે બનેલા કાયદાઓનો સ્ત્રીઓ દ્વારા ગેરઉપયોગ થવાની માત્રા દિનપ્રતિદિન વધતી જાય છે. (હમણાં કોર્ટે પણ એની સખ્ત શબ્દોમાં ટીકા કરી છે.) પેલા હતભાગી માણસના એંશી મિનિટના વીડિયોની ક્લિપ્સ જોઈએ એટલે ખબર પડે કે મેટ્રો સિટીના પુરુષ ઉપર શું શું વીતી શકે છે. કોઈ પણ પુરુષને સોશિયલ મીડિયામાં કે ઑફલાઈન જાહેરમાં બદનામ કરવા માટેનું એક બ્રહ્માસ્ત્ર છે – એના ચરિત્ર પર આંગળીઓ ચીંધવી. એક નાનકડી અફવા એક પુરુષના કેરેક્ટરને ફાડી નાખે છે. એક જૂઠાણું પુરુષની આવકને અસર કરી જાય છે. એક શંકા પુરુષને એનાં વર્તુળોથી કાયમ માટે અળગો કરી નાખે છે, કારણ કે પુરુષની આગળ ‘અબળા’ વિશેષણ લાગતું નથી ને..

આ બધી વાતનો અર્થ એ હરગિઝ નથી કે પુરુષજાત દૂધે ધોયેલી છે. ના, આ જ પુરુષ જાતમાંથી બળાત્કારીઓ, ખૂનીઓ, હિંસક તત્ત્વો, વિકૃત લોકો આવ્યા છે – હજુ આવે છે. સ્ત્રીઓને કચડવામાં પુરુષોએ કંઈ બાકી રાખ્યું નથી એટલે ગુનો આચરનારા અને સ્ત્રીનું સહેજથી લઈને અંતિમ સુધીનું અપમાન કરનારા પુરુષ સજાને પાત્ર છે જ (અને અમુક કેસમાં ફાંસીને પણ!), પરંતુ અહીં વાત જનરલાઇઝેશનના વિરોધીઓની છે. પેલી દીદીઓને એ કહેવું છે કે તમને ચાર બોયફ્રેન્ડે ચીટ કર્યું તો ‘ઑલ મેન આર ડોગ્સ’ નથી થઈ જતું, બહેન. ફેક ફેમિનિસ્ટ લોબી સ્ત્રીઓને નુક્સાન કરી રહી છે. નોકરીમાં કે કુટુંબમાં, રાજકારણમાં કે વ્યવસાયમાં – આગળ વધવા માટે અનેક સ્ત્રીએ પોતાના સ્ત્રી હોવાનો નાનો કે મોટો લાભ એ પણ ખોટા રસ્તે અપનાવ્યો છે એ બધા જાણે છે. ‘સાબરમતી રિપોર્ટ્સ’ – ફિલ્મમાં એનું ઉદાહરણ જોવા મળશે. સ્ત્રી ઉપર અત્યાચાર થાય ત્યારે કેન્ડલ માર્ચ થાય છે અને થવી જ જોઈએ, પણ પુરુષનું સામૂહિક શોષણ થઈ રહ્યું છે ત્યારે એ નિર્દોષ પુરુષો માટે સમાજના કેટલા સભ્યો અવાજ ઉઠાવવા આગળ આવે છે? વિચારો. ■

# મહાકુંભ : મહામાર્કેટિંગ માટે મહાતક

બ્રાન્ડ બનશે બિઝનેસ વધશે
સમીર જોશી
feedback@bombaysamachar.com


બ્રાન્ડ માટે ઉત્સવો અને ક્રિકેટની મોટી ઇવેન્ટ જેવી કે IPL અને વર્લ્ડ કપ મોટી તક તરીકે જોવામાં આવે છે તેમ પાછલાં અમુક વર્ષોથી ધાર્મિક ઉત્સવ મહાકુંભનો પણ આમાં સમાવેશ થયો છે. મહાકુંભ ભારતમાં ચાર સ્થળે યોજાય છે: પ્રયાગરાજ - હરિદ્વાર - નાસિક અને ઉજ્જૈન. પ્રયાગરાજમાં દર ૧૨ વર્ષે યોજાતો મહાકુંભ ૧૩ જાન્યુઆરી, ૨૦૨૫થી શરૂ થશે, લાખો ભક્તો પવિત્ર ડૂબકી મારવા માટે ગંગા – યમુના – સરસ્વતી નદીના સંગમ પર ૪૫ દિવસથી વધુ સમય સુધી ભેગા થશે અને અનેક વિભિન્ન બ્રાન્ડ્સ આ તકનો મહત્તમ ઉપયોગ કરવા માટે તૈયારી કરી રહી છે.

એક અહેવાલ મુજબ, આ ઇવેન્ટ દરમિયાન ૪૦-૪૫ કરોડ આસ્થાળુ સહભાગી થશે, જે માલદીવ, સેશેલ્સ, બાર્બાડોસ, માલ્ટા વગેરે જેવા કેટલાક દેશોની વસતિ કરતાં મોટો આંક છે અને બ્રાન્ડિંગ અને માર્કેટિંગ પર ઓછામાં ઓછા રૂા. ૩,૦૦૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે. આટલી મોટી સંખ્યામાં લોકો સુધી પહોંચવાનો મોકો મળતો હોય તો કઈ બ્રાન્ડ પાછળ રહે!

એવી એક માન્યતા હતી કે આમાં ફક્ત સાધુઓ અને નીચલા મધ્યમ વર્ગના લોકો જ આવે, પરંતુ થોડા સમયથી ઉચ્ચ મધ્યમ વર્ગના લોકોને પણ મહાકુંભ આકર્ષે છે. આ પરિવર્તનનો શ્રેય ડિજિટલ મીડિયા અને સરકારની આગેવાની હેઠળના કેમ્પેઈનને આપી શકાય.

નવી હોટલ્સ અને બહેતર ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સટીક આયોજનને કારણે કુંભમેળાની આસપાસના પ્રવાસનનો પણ વિકાસ થયો છે. એક સમયે કેવળ ખર્ચનું કેન્દ્ર હતું તે હવે આવક પેદા કરવાની તક બની ગયું છે એ હવે સમગ્ર ભારત અને વિશ્વના મુલાકાતીઓને આકર્ષે છે. બીજો ફાયદો એ છે કે મહાકુંભ થકી તેની આજુબાજુના વિસ્તારો વિકસિત થાય છે અને રોજગારની તકો વધે છે.

હવે પ્રશ્ન થશે કે બ્રાન્ડસ આટલા મોટા મેળામાં વેચાણ કરવા બેસશે? મોટી બ્રાન્ડ્સવાળા ફક્ત આજના વેચાણ પર ધ્યાન કેન્દ્રિત નથી કરતા. એ હંમેશા લાંબો વિચાર કરે છે-એ ભવિષ્યલક્ષી હોય છે. આ ઇવેન્ટ એમને પ્રેક્ષકો સાથે જોડાવાની દુર્લભ તક પૂરી પાડે છે, જેના વળતર રૂપે એઓ લાંબા ગાળાના ગ્રાહકનો વિશ્વાસ મેળવે છે. આ ઇવેન્ટમાં મૂલ્યવર્ધિત સેવાઓ જેમ કે મોબાઈલ ચાર્જિંગ પોઈન્ટ લગાવવા અથવા રહેઠાણની વ્યવસ્થા કરવી અને આ સેવાઓ પહોંચાડવા માટે સરકાર સાથે સહયોગ કરવાથી બ્રાન્ડને વિશ્વસનીય ભાગીદાર અને સામાજિક રીતે જવાબદાર





બ્રાન્ડ તરીકે ગ્રાહક જુએ છે.

આવા સિનારિયોમાં હવે બ્રાન્ડ માટે મહત્ત્વનું છે કે લોકોનું ધ્યાન આકર્ષવા યુનિક ક્રિએટિવ આઈડિયા લઈ આવે. કોઈ પણ બ્રાન્ડ માટે આ સૌથી મહત્ત્વનું પાસું છે, કારણ કે અહીં આવનારા યાત્રીઓ ઘણી બધી બ્રાન્ડસના સંપર્કમાં આવશે ત્યારે યુનિક આઈડિયા એમને યાદ રહેશે.

એક વાર આઈડિયા તૈયાર થઈ જાય તે પછી લોકો સુધી પહોંચવા માટે ડિજિટલ માધ્યમનો સહારો લો. આકર્ષક વીડિયો અથવા પ્રભાવક સામગ્રીને ઑનલાઈન શેર કરીને કુંભમેળામાં હાજરી આપનારા શ્રદ્ધાળુ અથવા તેનાથી જોડાયેલા લોકોને લક્ષ્ય બનાવી બ્રાન્ડને અસરકારક રીતે પેશ કરી ભાવિ ગ્રાહકને આકર્ષી શકાય. બ્રાન્ડ માટે જરૂરી છે કે તેનો આઈડિયા અને કેમ્પેઇન સ્થાનિક ભાષામાં હોય, જેથી ત્યાં આવનારા એને બરાબર સમજી શકે અને બ્રાન્ડ સાથે ભાવનાત્મકતાથી જોડાય.

આ બધી પ્રવૃતિ સાથે કુંભ સંબંધિત ઈતિહાસ અને ધાર્મિક સંવેદનાઓને સમજવી પણ મહત્ત્વપૂર્ણ છે. બ્રાન્ડે તેમના મેસેજિંગ બનાવવામાં કાળજી રાખવી, જેથી અજાણતામાં ધાર્મિક લાગણીઓને ઠેસ ના પહોંચે અથવા ખોટી રીતે રજૂઆત ના થાય.

અહીં મજાની વાત એ છે કે આમાં નાની અને મોટી બંને બ્રાન્ડ સહભાગી થઈ શકે છે. નાની બ્રાન્ડ સ્વચ્છતા કિટ, ડિહાઈડ્રેશન ઓછું કરવા ORS પેકેટ, નકશા અથવા સ્વચ્છતા કામદારો માટે ગણવેશને સ્પોન્સર કરવા જેવી વાત પર ધ્યાન આપી શકે. આ પહેલ બ્રાન્ડની વિઝિબિલિટી વધારવામાં મદદ કરશે- લોકોની નજરે વહેલી ચઢશે. બીજી તરફ, મોટી બ્રાન્ડ વધુ નોંધપાત્ર ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સમાં રોકાણ કરીને પોતાની હાજરી વધારી શકે છે. આમાં બ્રશિંગ અને હેન્ડવોશ ઝોનની સ્થાપના, આયુર્વેદિક આરોગ્ય શિબિરોનું આયોજન, મોબાઈલ ચાર્જિંગ સ્ટેશનની ગોઠવણ કે વૃદ્ધો માટે બેટરી સંચાલિત વાહનોને પ્રાયોજિત કરવાનો સમાવેશ થઈ શકે છે. વધુમાં, બ્રાન્ડ સ્વચ્છતા કામદારો અથવા ઇકો-ફ્રેન્ડલી મહિલા ચેન્જિંગ રૂમ માટે રિફ્રેશમેન્ટ અને રિક્રિએશન ઝોન માટે પણ ભંડોળ પૂરું પાડી શકે છે.

લોકો તીર્થયાત્રા પર જાય છે ત્યારે એ વધુ હળવા અને અલગ માનસિકતામાં હોય છે તેથી, કુંભમેળા જેવી ઇવેન્ટમાં સહભાગી થવું કોઈ પણ બ્રાન્ડ માટે જરૂરી થઈ જાય છે. કુંભમેળામાં ભાગ લેતી બ્રાન્ડને પોતાના રોકાણ પર દ્વિ-સ્તરીય વળતર (ROI) મળે છે. એક અભ્યાસ દ્વારા જાણવા મળ્યું છે કે ભૂતકાળમાં જે બ્રાન્ડસ કુંભમેળામાં સહભાગી થઈ એમને માટે ગ્રામીણ ક્ષેત્રના દરવાજા ખૂલી ગયા.

આમ મહાકુંભમેળો માત્ર એક આધ્યાત્મિક મેળાવડો નથી- વિવિધ લોકો સાથે બ્રાન્ડ માટે જોડાણ કરવા માટે એક વિશાળ પ્લૅટફૉર્મ છે. સર્જનાત્મકતા, વ્યૂહાત્મક આયોજન અને સાંસ્કૃતિક સંવેદનશીલતાના યોગ્ય મિશ્રણ સાથે આ અપ્રતિમ ઇવેન્ટના સહારે પોતાની બ્રાન્ડને નેશનલ બ્રાન્ડ બનાવી શકે છે. ■

# સરિતાનું સતત, અવિરત વહેવું

આજે આટલું જ
શોભિત દેસાઈ
feedback@bombaysamachar.com

એક તો અમિતાભ બચ્ચન દ્વારા કેબીસીમાં ૨૦૦ નોટ આઉટના નામે કયું સમાચારપત્ર ઓળખાય છે એ સવાલ, જવાબ ‘મુંબઈ સમાચાર’, એ મુંબઈ સમાચાર દ્વારા ચાર મહાનુભાવોનું સલક્ષ્મીયોગ સન્માન અને મુકેશ પટેલ ઑડિટોરિયમનું પ્રેક્ષકોથી છલકાઈ જવું. એમાં ચમત્કાર એ થયો સરિતા જોશી અને અન્ય કલાકારોનાં અભિવાદન ઉત્સવની ઉજવણી વેળાએ કે સરિતા જોશી નામના જાદુગરની જોગણીએ વય વટાવી એવી રજૂઆત કરી, ખાવિંદ મહાનતમ પ્રવીણ જોશીને ગોપિત છતાં ખુલ્લાછમ્મ એવા સુંદર યાદ કર્યા, ગુજરાતી ભાષા ઘરમાં સંતાનો સાથે રોજ અડધો કલાક બોલવાની એવી કમનીય ભલામણ કરી, ૮૦ પ્લસની ઉમ્મરનાં છોતરાં ફાડીને અંગ-હોઠ અને આરોહ-અવરોહના મરોડ દ્વારા નટરાજને એવા સાક્ષાત રજૂ કર્યા અને આ સમગ્ર દરમ્યાન છલકાતી આંતરિક પ્રસન્નતાને એમ કાબૂમાં રાખી કે જાણે ડેવિડ કોપરફિલ્ડનો કોઈક શો ન જોતાં હોઈએ આપણે લાસ વેગાસમાં!!!

અને ક્યાં ક્યાંથી એમની જીવનસફરે વળાંક લીધા છે! સરિતા, પછી સરિતા ખટાઉ, પછી સરિતા જોશી, પછી પાછાં સરિતાબેન, વચ્ચે ખટાઉ અને જોશી દરમ્યાન સરિતા માવડી તો ખરાં જ અને અત્યારનાં સરિતા જોશીની અદ્ભુત સ્ક્રીન પ્રેઝન્સ અને એક પણ જગ્યાએ એમની કોશિશમાં એક ટકાની ઊણપ પકડી આપો તો મારે આવતી ક્ષણથી ગઝલ કાયમની હરામ.

વાત સાચી ન માનતા હો તો જોઈ આવજો બારહવી પાસ. દાદી સરિતા જોશી ગયા બાદ થોડું ઘણું ઠીકઠાક મુવી લગભગ એક્સપેક્ટેડ અથવા ડલ અથવા ટાઢુંબોળ બની જાય છે.

કુમારની અગાશી, સપનાના વાવેતર, સંતુ રંગીલી, સખા સહિયારા, દો દીવાને શહર મેં, થેન્ક યુ કોકિલા, એકબીજાને ગમતાં રહીએ અને બીજાં કેટલાંય આટાપાટાભર્યાં આભનાં અજવાળાં આ અભિનવ અભિનેત્રીને લીધે ગુજરાતીઓને આત્મસાત થયાં !!!



પાછું આટલા વળાંકો અને પુલ અને વનવગડેથી ગુજરાતી ટ્રેનની સફર સાવ સીધી લાગે એવું અભિનય સામર્થ્ય! સાવ વિશેષણબાજ ન બની જઉંનું ભાન રાખીને સરિતાબેનને પૂરતું માન-સન્માન ધરવાનું ધ્યાન મારે રાખવાનું છે, માટે આજે છેલ્લે સરિતા પ્રવીણ જોશી તરફથી સાત કરોડ ગુજરાતીઓને આ ટહેલ...

*नदी बोली समन्दर से, मैं तेरे पास आई हूँ।*
*मुझे भी गा मेरे शायर, मैं तेरी ही रुबाई हूँ ।।*

*मुझे ऊंचाइयों का वह अकेलापन नहीं भाया;*
*लहर होते हुये भी तो मेरा आँचल न लहराया;*
*मुझे बाँधे रही ठंडे बरफ की रेशमी काया ।*
*बडी मुश्किल से बन निर्झर, उतर आई मैं धरती पर,*
*छुपा कर रख मुझे सागर, पसीने की कमाई हूँ ।।*

*मुझे पत्थर कभी इन घाटियों के प्यार ने रोका;*
*कभी कलियों कभी फूलों भरे त्यौहार ने रोका;*
*मुझे कर्तव्य से ज्यादा किसी अधिकार ने रोका ।*
*मगर मैं रुक नहीं पाई, मैं तेरे घर चली आई;*
*मैं घडकन हूँ मैं अँगडाई, तेरे दिल में समाई हूँ ।।*

*पहन कर चाँद की नथनी, सितारों से भरा आँचल;*
*नये जल की नई बूँदे, नये घुँघरु नई पायल;*
*नया झूमर नई टिकुली, नई बिंदिया नया काजल।*
*पहन आई मैं हर गहना कि तेरे साथ ही रहना;*
*लहर की चूड़ियाँ पहना, मैं पानी की कलाई हूँ ।*

*– डो. कुंवर बेचैन*


આજે આટલું જ ■


# ભારતનાં નૈસર્ગિક વિશ્વમાં સર્જાતાં અદ્‌ભુત દશ્ય સ્મૃતિપટ

ટ્રાવેલ પ્લસ
કૌશિક ઘેલાણી
feedback@bombaysamachar.com

**હિમાચલ પ્રદેશનો** કિન્નોર પ્રદેશ કુદરતનો ખૂબ લાડકો છે, અહીં કુદરતની ન્યારી લીલા રોજબરોજ દેખાય છે. રીકંગ પીઓ પાસે સાંગલા વેલીમાં હિમાલયનાં ઉન્નત શિખરો પરથી પૂર્ણિમાનો ચંદ્ર એ રીતે ખીલ્યો જાણે સ્વયં શિવ મસ્તકે પૂર્ણ ચંદ્રને ધારણ કરીને અવધૂત અવસ્થામાં ધ્યાનમગ્ન બેઠા હોય. આવો નજારો સામાન્ય રીતે આપણે સ્ક્રીનનાં વૉલપેપર પર સહજ રીતે મૂકતા હોઈએ કેમ કે આવાં દશ્યો સીધાં જ મનને સ્પર્શી જતાં હોય છે, તો વાસ્તવિક રીતે આંખ સામે ભજવાતાં આ દશ્યોની આભા મારા મન સુધી કેટલે ઊંડાણ સુધી સ્પર્શી હશે? મારી પાસે તો એ અનુભવને વર્ણવવા માટે શબ્દો નથી અથવા તો કહી શકું કે મારું કોઈ સામર્થ્ય જ નથી કુદરતને શબ્દોમાં ઢાળવાનું.

કુદરત બધે જ સરખું વહાલ વરસાવે છે, જો એ જે રીતે આપે છે એ જ રીતે એને સ્વીકારવાની આદત રાખો તો જ્યાં જ્યાં માનવીય હસ્તક્ષેપ ઓછો છે ત્યાં કુદરત એના અદ્દલ રૂપમાં જ દેખા દે છે.





## બાતાલની આકાશગંગા

વૃશ્ચિકની પૂંછડીએથી અગણિત સિતારાઓના ગુચ્છ રૂપે નીકળતી તેજસ્વી ધનુને નરી આંખે જે નિહાળે એ ભલે અહંકારી હોય, આસ્તિક હોય કે મહાપાપી જીવ હોય, પણ કુદરતની દિવ્ય ચેતના એના અંધકારમય જીવનને પ્રકાશિત કર્યા વિના નથી રહેતી. અહંકારના ચૂરેચૂરા થઈને પોતાની જાતને શૂન્ય થતો જોઈ શકે છે... હિમાચલપ્રદેશના બાતાલમાં મધરાતે આ દિવ્ય અનુભૂતિ અનુભવી ત્યારે મારી જાત સાથે પણ સરખી રીતે વાત કરી શકું એવી સ્થિતિ નહોતી રહી. આશરે ૧૩૦૦૦ ફૂટ ઊંચાઈ પર ચંદ્રા નદીના વહેતા પ્રવાહના નાદ સાથે હું સમયનાં વહેણમાં બસ વહેતો જ ચાલ્યો અને ક્યારે સવાર પડી એ ખ્યાલ જ ન રહ્યો. અતિશય ઠંડીએ નેટવર્ક રહિત ફોન અને કેમેરાની બેટરી માત્ર દસ જ ફોટોમાં ઉતારી મૂકી, પણ હું કઈ પણ ઓઢ્યાં વિના ખાલી ટેન્ટમાં ત્યાં કઈ રીતે સવાર સુધી રહી શક્યો એનો જવાબ મારી પાસે પણ નથી.

હું મારા અનુભવોને માનું તો મહાભારતમાં ભરી સભામાં અને કુરુક્ષેત્રમાં શ્રી કૃષ્ણએ બતાવેલું વિરાટ રૂપ કદાચ આ જ હશે... આથી વિશેષ શબ્દો મારી પાસે નથી કે ના તો લખી શકવાનું મારું સામર્થ્ય છે.

## તોષની અદ્‌ભુત સવાર

હિમાલયમાં હોઈએ અને આવું કોઈ નાનું ગામડું મળી જાય જ્યાં પથ્થરનું ઘર હોય અને નિયત સમયે સવાર ઊઘડે કે આપણે કંઈ કામ હોય કે ન હોય, પહાડમાં મહાલવા નીકળી જ પડીએ, એટલે જ હિમાલયના નાના એવા ગામડાઓમાં મને વધારે માફક આવી જાય. હિમાચલના સાવ અંતરિયાળ વિસ્તારમાં ખીરગંગા તરફ આંટો મારતાં આ જગ્યાએ પહોંચ્યો.

અહીંનાં બાળકોની કેળવણી નિસર્ગ જાતે જ કરે છે અને એટલે જ તેઓ સોનાનું નસીબ લઈને જ જન્મ્યાં છે. કુદરત એ જ આપણું ભવિષ્ય છે, જેઓ કુદરતની સોડમાં રહે છે તેઓ જ ધનવાન છે દોસ્ત...

Not all stories can be found on google...

Some stories can be seen, lived, and made in mountains.



દિવાળી, ક્રિસ્મસ કે પછી કોઈ પણ વાર તહેવારને આપણે બહાનું બનાવી દેતાં હોઈએ છીએ કે આપણે ઘરથી દૂર ક્યાંક જઈએ, પણ સારા સૂર્યોદય કે સૂર્યાસ્તના કોઈ વાર-તહેવાર નથી હોતા, તેઓ તો નિયત સમયે ઊગે અને આથમે જ છે. કુદરત ક્યારેય એમનો સમય ચૂક્યો નથી. હું સમય જોયા વિના કુદરતને ઘૂંટડા ભરીને પીઉં છું અને અઢળક વાર્તાઓને જીવું છું અને સતત જીવતો રહીશ. હિમાચલના બરશેની ગામની એક ઘાટીમાં શિયાળાની સવારની રોનક જાણે લટાર મારવા નીકળી હોય એમ મને હાઈ હેલ્લો કરવા નીકળી પડીને મને પૂછે છે જાણે, ક્યાં હતો હમણાં સુધી?

મારે પહાડોની ટોચ પર ચઢીને ચિલ્લાઈને કુદરતને કહેવું છે, ‘લવ યુ યાર’ ■

# નાનપણમાં સારો દેખાવ કરનારા ક્રિકેટરો જરૂરી નથી કે મોટા થઈને પણ કમાલ કરે

ફોકસ પ્લસ
શાશા શર્મા
feedback@bombaysamachar.com

છેલ્લા બે દાયકામાં, જ્યારે પણ આપણે કોઈ યુવા ખેલાડીને કમાલ કરતા જોયા છે, ત્યારે આપણા મોંમાંથી પહેલું વાક્ય નીકળે છે કે ‘મળી ગયો બીજો સચિન તેંડુલકર’. પરંતુ તાજેતરનાં વર્ષોમાં, આપણે આવા ઘણા સચિન તેંડુલકરને ટાઇ ટાઇ ફુસ થતાં પણ જોયા છે.

ઉન્મુક્ત ચંદ હોય, અંડર-૧૯માં શાનદાર બેટિંગ કરનાર વિજય જોલ હોય કે ડોમેસ્ટિક ક્રિકેટમાં રનોનો ઢગલો કરનાર અને ઈન્ટરનેશનલ મેચોમાં ક્યારેક હિટ અને ક્યારેક ફલોપ રહેનાર સરફરાઝ ખાન અને પૃથ્વી શો હોય જેઓ હજુ પણ રમી રહ્યા છે અને હજુ પણ લિટલ માસ્ટરની જેમ વિસ્ફોટક થવાની અપેક્ષા છે. પરંતુ એવું નથી કે જેઓ બાળપણમાં ધમાકેદાર રહ્યા હતા તેઓ મોટા થઈને ફૂલઝરી બની ગયા છે. એવા ઘણા ખેલાડીઓ છે જેમની એથ્લેટિક કૌશલ્ય તેમના બાળપણમાં જોવા મળી હતી અને પછીથી તે આશાસ્પદ સાબિત થયા. ઉદાહરણ તરીકે, વિરાટ કોહલી, રોહિત શર્મા, ઋષભ પંત અને સચિન તેંડુલકર પોતે, જેમણે કિશોરાવસ્થાથી જ ધમાલ કર્યો હતો.

વિરાટ કોહલી ડોમેસ્ટિક મેચમાં જબરદસ્ત દેખાવ કરીને અંડર-૧૯ વર્લ્ડ કપમાં ભારતનો કેપ્ટન બન્યો હતો અને જ્યારે તે કપ જીતીને પાછો ફર્યો ત્યારે બધાને તેનામાં એક સ્ટાર બેટ્સમેન દેખાતો હતો અને બાદમાં તેણે તે અપેક્ષાઓ અને આગાહીઓને પૂર્ણપણે સાચી સાબિત કરી. વિરાટ કોહલી આજે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સચિન તેંડુલકરના તમામ રેકોર્ડ તોડવાની સૌથી નજીક છે. જો તે આગામી ત્રણ વર્ષ સુધી આ જ રીતે ક્રિકેટ રમશે, જે રીતે અત્યાર સુધી રમી રહ્યો છે, તો વિરાટ જ્યારે નિવૃત્ત થશે ત્યારે તેની સદીઓ અને તેના વ્યક્તિગત રેકોર્ડનું વજન સચિન કરતાં વધુ હશે.

રોહિત શર્મા અને ઋષભ પંત પણ બેટિંગમાં અને જસપ્રિત બુમરાહ બોલિંગમાં મોટી આશા આપી રહ્યા છે કે બાળપણમાં તેમનામાં જે તેજસ્વી ચિનગારી જોવા મળી હતી તે જોરદાર રીતે આગળ વધી રહી છે. રોહિત શર્માએ પણ તેના કિશોરાવસ્થામાં મુંબઈ માટે સારું પ્રદર્શન કર્યું હતું અને આજે તે વન-ડે અને ટી-૨૦માં પણ રેકોર્ડબ્રેક આંતરરાષ્ટ્રીય ઇનિંગ્સ માટે પ્રખ્યાત છે. તે વન ડેમાં ત્રણ બેવડી સદી ફટકારનાર વિશ્વનો એકમાત્ર ખેલાડી છે. ઋષભ પંત પણ આ જ લાઇનમાં છે. ઋષભે પણ ડોમેસ્ટિક ક્રિકેટમાં વિસ્ફોટક બેટિંગ કરી હતી અને તાજેતરનાં વર્ષોમાં તેણે ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડ સામે ઘણી યાદગાર ઈનિંગ્સ રમી છે, જે તેને નાની ઉંમરે મોટો ખેલાડી સાબિત કરે છે.

વેલ સચિન તેંડુલકર તો આ વિષયની ‘સબ્જેક્ટ મેટર’ જ છે. તેને જોઈને લોકો હવે દરેક ટેલેન્ટેડ ટીનેજરમાં ભાવિ સચિન જોવા લાગ્યા છે. જો આપણે બેટિંગ સિવાય બોલિંગના દ્રષ્ટિકોણથી આ જ વસ્તુને જોઈએ તો, જસપ્રિત બુમરાહ પણ એ જ માર્ગ પર ચાલી રહ્યો છે, જે માર્ગ પર બેટ્સમેન વિરાટ કોહલી ચાલી રહ્યો છે, પરંતુ સવાલ એ છે કે જે ખેલાડીઓએ શરૂઆતમાં મોટી અપેક્ષાઓ રાખી હતી અને બાદમાં ટાઇ ટાઇ ફુસ થયા તેની પાછળનું કારણ શું હોઈ શકે? આ સમજવું એ કોઈ રોકેટ સાયન્સ નથી. દેખીતી રીતે, આંતરરાષ્ટ્રીય સ્તરે જે પ્રકારનું માનસિક દબાણ હોય છે, આ ખેલાડીઓ તે સહન કરી શકતા નથી. ફિટનેસ અને ઇજાઓને કારણે, તેમના પર મૂકવામાં આવેલી અપેક્ષાઓ નિરાશામાં ફેરવાઈ ગઈ, તો ઘણા ખેલાડીઓ એ કારણથી સ્વપ્નને પૂર્ણ ન કરી શક્યા, કારણ કે તેમનામાં કંઇક તકનીકી ખામીઓ હતી, જેને તેમણે રાષ્ટ્રીય અથવા સ્થાનિક લેવલ પર તો મેનેજ કરી લીધી, પરંતુ આંતરરાષ્ટ્રીય સ્તરે તે સંભવ ન થઇ શક્યું. કારણ કે તેમનામાં ટેકનિકલ ખામીઓ ઘણી વધારે હતી અને આંતરરાષ્ટ્રીય સ્તરે તેને નજરઅંદાજ કરવું સરળ નહોતું. ■

# શિપિંગ ટેક્નોલૉજીઃ ટનનું વજન ધરાવતા જહાજની ઑટોમેશન ટેકનિક

ટેક વ્યૂહ
વિરલ રાઠોડ
feedback@bombaysamachar.com



એર કનેક્ટિવિટી મજબૂત બન્યા બાદ શિંપિગ પરનો લોડ ઘટી ગયો છે એવું માનતા હોવ તો એ ભૂલ ભરેલું છે. શિપિંગની દુનિયામાં આવેલી એક જબરી ક્રાંતિ પર નજર કરવા જેવી છે.

ટનનું વજન ધરાવતા કન્ટેનરમાં લાખો કિલોનો સમાન કોઈ જ આંચકા વગર હેરફેર થાય એની પાછળ એક વિજ્ઞાન કામ તો કરે જ છે. આ સાથે શિપનું મેનેજમેન્ટ પણ હવે મશીન ટેકનોલોજીને આભારી છે. અફાટ દરિયામાં ન કરે નારાયણને કોઈ કન્ટેનર પડે તો પણ ડૂબતું નથી એની પાછળ પણ એક સાયન્સ છે. આજે ચાલો, આવી આધુનિક ટેકનોલોજીના દરિયામાં ડૂબકી મારીએ...

શરૂઆત કરીએ શિપને સમજવાની. લગેજ એટલે કે ભરખમ માત્રામાં સામાન લઈને જતી શીપમાં સામાન્ય રીતે કોઈ પ્રવાસીઓ હોતા નથી. એમાં પ્રવાસીઓ બેસી કે રોકાઈ શકે એવી જગ્યા પણ હોતી નથી. માત્ર લગેજ. એ પણ કન્ટેનરમાં વ્યવસ્થિત પેક કરીને. માલવાહક જહાજને કાર્ગોશિપ કહેવાય છે. જ્યારે આવા મહાકાય જહાજ દરિયામાં પ્રવેશે ત્યારે એને એક ચોક્કસ એનર્જી સાથે દરિયાના પાણીમાં ધક્કો મારવામાં આવે છે. જ્યારે શિપની નીચેના આખા સર્ફેસ પર ઑક્સિજનના બાટલા આકારના અતિ શક્તિશાળી રબરના બલૂન્સ મૂકી એને રોલ કરવામાં આવે છે. હવે વાત કરીએ કાર્ગો શિપના લિફ્ટિંગની એટલે કે આખી શિપને ઉઠાવવાની. યસ, ચોંકાવનારૂં પણ સત્ય છે. જેની પાછળ કામ કરે છે મશીન લેવલ ઈન્ટેલિજન્સ.

આ સમગ્ર સિસ્ટમને શિશિપ એલિવેટર મશીન’ કહે છે. આ સિસ્ટમ જેવી માનો છો એવી સરળ નથી, પણ આ સિસ્ટમ સસ્તી હોવાને કારણે શિપિંગ કંપનીઓને એ પરવડે છે. શિપને એક શેરીમાં લાવવામાં આવે છે. આ શેરી એટલે રસ્તો નહીં, પણ વચ્ચે પાણી હોય છે. એટલું પાણી કે શિપ આડી થઈ જાય તો પણ ડૂબે નહીં. આને ‘ડોકયાર્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર’ કહે છે. આવું ડોકયાર્ડ પણ એવી જગ્યાએ તૈયાર કરવામાં આવે છે જ્યાં વિપુલ માત્રામાં પાણી મળી રહે. જ્યારે શિપને અહીં લાવવાની હોય ત્યારે પોલગેટ ખોલવામાં આવે છે. અંદર એલિવેટરમાં સેટ થયા બાદ જ દરવાજો બંધ થાય છે. આ સમગ્ર સિસ્ટમ ઓટોમેટિક થાય છે. પછી સાંકળ જે તે શિપના હૂકમાં ભરાવી, નીચેના સરફેસ સાથે શિપને ઉપરની બાજું ઉઠાવવામાં આવે છે. ઓછા કિલોવોટ વીજળીની મદદથી આ સમગ્ર કામ થાય છે.

શિપ એલિવેટરની દુનિયામાં જર્મન ટેકનોલોજીનો દબદબો છે, કારણ કે, સમગ્ર સિસ્ટમ બટન અને પુશપાવર સિસ્ટમ પર આધારિત છે. પ્રાથમિક જરૂરિયાત એ છે કે, યાર્ડમાં યોગ્ય આંતરમાળખું હોવું અનિવાર્ય છે. એલિવેટર એન્જિનિયર આન મ્યુનિક્સ કહે છે કે, સૌથી પહેલાં તો કાર્ગો વેસલ્સની જરૂરિયાતને સમજવી પડે, કારણ કે, અહીંયાનું પ્રત્યેક મશીન કરોડોની કિંમત ધરાવે છે. એના એક એક રોપવ્હિલ (લોઢાના વાયર જે પૈડાંની ઉપર બાંધવામાં આવે તે) સો-સવાસો કરોડના આવે છે. જો કાર્ગોની સર્વિસ, ક્લિનિંગ અને કસ્ટમાઈઝ કરવાનું હોય તો આ સિસ્ટમની જરૂર પડે છે. અગાઉના સમયમાં આ કામ માણસો દ્વારા- મેન્યુઅલી થતું, જેમાં મહિનાઓ લાગી જતા. બીજો મોટો પડકાર એ હતો કે, શિપની પોતાની ઈલેક્ટ્રિક કે જનરેટર સિસ્ટમ હોય છે, જેનું કંટ્રોલિંગ પહેલા જાણવું પડતું.

હવે એવું એટલા માટે નથી કારણ કે, અહીં ટેસ્ટ અને સ્વિચ મોડ હવે સરળ છે, જેમ કે,૩ કલાક જનરેટર ચાલુ રાખીને આખા ફ્લોરનું ક્લિનિંગ કરી શકાય છે. જળમાર્ગમાં ખારાશ એ પાયાનો ગુણધર્મ છે. ઘણી વખત કલરપેઈન્ટ અને ચૂનો પણ જવાબ દઈ દે છે. એના કારણે ફ્લોરિંગ બગડે છે. તેથી શિપને આ સિસ્ટમ અંતર્ગત લાવવામાં આવે છે. પાણીના સ્તર અને સુરક્ષાની વાત કરવામાં આવે તો આ સમગ્ર ડિવાઈસ સિસ્ટમ છે જેની ઊંચાઈ ૮ માળની ઈમારત જેટલી હોય છે. જે રીતે નહેરનો આકાર હોય છે એવા ઈન્ફ્રા. પર આ સિસ્ટમ સેટ થાય છે. એના દરવાજા એટલા પાવરફૂલ હોય છે કે, એક વખત બંધ કર્યા બાદ પાણીનું એક ટીપું પણ અંદર આવતું નથી. જ્યારે આ દરવાજા કોઈ વોટ સિસ્ટમ સાથે ખોલવામાં આવે ત્યારે જે ગતિથી ધોધ પડે એ ગતિથી પાણી છૂટે છે, જે શિપ માટે સામાન્ય ગણાય. આ ઈલેક્ટ્રિકની દ્રષ્ટિએ સસ્તું છે પણ આંતરમાળખાની નજરે મોંઘું છે.

અહીં સૌથી ખાસ વાત એ છે કે, માત્ર ૫ વ્યક્તિથી સમગ્ર સિસ્ટમ ઓપરેટ થાય છે. બીજું કે, અહીંયા કોઈએ ફ્લોર સુધી જવાની જરૂર જ નથી પડતી એટલે ઉપરથી પડી જવાનો કોઈ ડર નથી. આપણે ત્યાં વિશાખાપટ્ટનમ યાર્ડમાં આવી ટેકનોલોજી અમુક અંશે કાર્યરત છે. ■

**આઉટ ઑફ ધ બોક્સ**

*ચીન ભલે આત્મનિર્ભર હોવાના દાવા કરે પણ શિપિંગ ટેકનોલોજીની દુનિયામાં જર્મનીનો જોડ જડે એમ નથી.*

સન્ડે ધારાવાહિક

અનિલ રાવલ
feedback@bombaysamachar.com




બસ્તા શેઠનું નામ પડતા જ મોતીબાબુના મોતિયા મરી ગયા. મોતીબાબુ બસ્તા શેઠના નામથી પરિચિત હતો. ચંદનનું બસ્તા શેઠ સાથેનું કનેક્શન આટલું જબરજસ્ત હતું કે એણે ચંદનને લોન આપવાની ભલામણ કરી. ચંદને એના નામનો ક્યારેય ઉલ્લેખ કર્યો નહતો. લોન કઇ રીતે મળી....ચંદને એ દિવસે આ સવાલનો ઉડાઉ જવાબ આપેલો અને એટલે જ મોતીબાબુને એમાં રહસ્ય લાગ્યું હતું. બૅંકમાં લોન માટે ભલામણ કરનારો બસ્તા શેઠ ચંદનના મોતના સમાચાર જાણ્યા પછી ન તો પોલીસ સ્ટેશનમાં દેખાયો ન તો સ્મશાનમાં આવ્યો. મોતીબાબુની શંકા વધુ ઘેરી બની. એની તપાસનું પગેરું બસ્તા શેઠ સુધી લઇ જતું લાગ્યું. બસ્તા શેઠનું નામ સાંભળીને એ થથરી ઊઠ્યો હતો. તપાસ છોડી દેવી કે આગળ વધવું. મોતીબાબુ ચાર રસ્તે ઊભો હતો. કયો રસ્તો પકડવો. દિમાગ લાલ સિગ્નલ બતાવતું હતું અને દિલ લીલું. મોતીબાબુ દિલે બતાવેલું ગ્રીન સિગ્નલ જોઇને આગળ વધ્યો.

***

અભિને પિન્ટોએ ચેકને બદલે રોકડા પચ્ચીસ હજારની વ્યવસ્થા કરી આપી, પણ બૅંક અકાઉન્ટની સમસ્યા તો ઊભી જ હતી. પિન્ટોએ એને રૂપિયા ભરેલું કવર આપ્યું ત્યારે રોકડાના ભારથી એના પેન્ટનું ખિસ્સું લચી પડ્યું હતું. ઉપસેલા ખિસ્સા પર હાથ મૂકીને એણે સાંજે પ્રિયાને પાર્ટી આપવાની વાત કરી ત્યારે પ્રિયાએ કહ્યું: ‘મારે પાર્ટી નથી જોઇતી. પહેલાં તું આ રૂપિયાથી લિવ એન્ડ લાયસન્સ પર જગ્યા લઇ લે. એ એડ્રેસ પર બૅંક અકાઉન્ટ ખુલી શકશે. બાકીના પૈસા બૅંકમાં રાખ.’ અભિ પ્રિયાએ શોધી આપેલા ફ્લેટમાં રહેવા ગયો. આખો મહિનો ફિલ્મનું શૂટિંગ ચાલ્યું અને રવિવારે નાટકનો શો. આ બંનેમાંથી એકેય રૂપિયો નહીં...મળવાનો પણ નહતો. મોડે સુધી ચાલતા શૂટિંગને લીધે સાંજે એડ એજન્સીનું કોપી રાઇટિંગનું કામ પણ જતું કરવું પડ્યું....ત્યારે પહેલી એડમાંથી મળેલાં રૂપિયા જ કામ આવ્યા. ચૌબેજીના નાટકના વધુ શો ન થયા, પણ અભિના અભિનયની પ્રશંસા થઇ. નાટકના શો પછી લોકો એને ઘેરી વળતા. ભરપેટ વખાણ કરતા. કેટલાક નિર્માતાઓએ ફિલ્મમાં કામ આપવાની વાતો પણ કરી. અભિ ખુશ હતો. ગુલાટીની ફિલ્મનું શૂટિંગ પૂરું થવાની તૈયારીમાં હતું ત્યાં જ અભિને બીજી એક એડ ફિલ્મની ઓફર મળી, પણ ફિલ્મનું શૂટિંગ ચાલતું હોવાથી એણે માત્ર રવિવારે એડ ફિલ્મનું શૂટિંગ રાખવાની વિનંતી કરી. અભિએ રવિવારે આખો દિવસ શૂટિંગ કરીને એડ ફિલ્મ કરી. અને પછી એડ ફિલ્મોની ઓફરો આવવા લાગી. અભિ એક કે દોઢ દિવસમાં એડ ફિલ્મનું શૂટિંગ પતાવીને નાણાં કમાવા લાગ્યો. એને એડ ફિલ્મમાં કામ કરવાની મજા પડી ગઇ. ફટાફટ કામ અને ઝટપટ પૈસા. અભિ એડ ફિલ્મ મેકર્સમાં...એડ એજન્સીઓમાં જાણીતું નામ બની ગયો. અભિના નસીબ આડેથી પાંદડું સહેજ ખસ્યું. જે અભિ પાસે બૅંક અકાઉન્ટ ખોલવવા માટે કાયમી સરનામું નહતું.....એના ખાતામાં તગડું બૅંક બેસેન્સ બોલવા લાગ્યું....બૅંકના ઇજ્જતદાર ખાતેદારોમાં એનું નામ લખાઇ ગયું....ને પાક્કું સરનામું થઇ ગયું. ફ્લેટની બહાર મૂકેલી પિત્તળની તક્તી પર નામ ચમકવા લાગ્યું. અભિનય. ઘરે આવતા-જતા અભિ બોલતો: બહુ જલ્દી પિત્તળની જગ્યાએ સોનાની નેમપ્લેટ મૂકીશ.

***

ગુલાટીની ફિલ્મ એક ટુકડા આકાશનું શૂટિંગ પણ પૂરું થયું.

ગુલાટીએ પ્રીમિયર પહેલા રાખેલી નાનકડી પાર્ટીમાં અશોક ટંડન, મહિન્દર મોહન, ચૌબેજી, અકબર પીઆર સહિતની ખ્યાતનામ હસ્તીઓ હળવા સંગીતની મોજ અને દારુની મસ્તી માણી રહ્યા હતા. ગુલાટી મહેમાનોને મળીને ગપ્પા મારી રહ્યો હતો. લગભગ એકાદ કલાક પછી પિન્ટો અને પ્રિયાએ એન્ટ્રી કરી. પ્રિયાની નજર અભિને શોધી રહી હતી.

‘હીરો કહાં હૈ ગુલાટી સાહબ.?’ એણે પૂછ્યું.

‘હીરો કી એન્ટ્રી હંમેશા લેટ હોતી હૈ.’ ગુલાટીએ કહ્યું.

‘મૈં ભી મેરે હીરો ઔર હિરોઇન કી રાહ દેખ રહા હું.’ ચૌબેજી બોલ્યા અને સંગીત લાઉડ થયું. લાઇટનું ફોકસ એન્ટ્રન્સ પર કરવામાં આવ્યું. અભિ અને શીલા એકમેકના હાથમાં હાથ નાખીને પ્રવેશ્યાં. બોલ રૂમ ચિયર્સ અને વ્હીસલોથી ગૂંજી ઊઠ્યો. પ્રિયાએ સ્ત્રીસહજ દ્રષ્ટિએ શીલાને જોઇ.

‘અરે વાહ સ્ટ્રગલર, પહેલી જ ફિલ્મમાં હિરોઇનના હાથમાં હાથ નાખીને એન્ટ્રી મારી.’ પ્રિયાએ આંખ મિંચકારતા કહ્યું.

છવાઇ જવાનો કીમિયો.’ અભિ બોલ્યો.

‘ચાલ લેટ્સ સેલિબ્રેટ.’ શીલા પાસેથી અભિને ખેંચીને બાર કાઉન્ટર લઇ જઇને બોલી: ‘વાઇન ઔર રમ?’

> ‘છાને ખૂણે પનપતું પ્રિયાનું સપનું સિનેમાસ્કોપ બની રહ્યું હતું. પ્રિયા મનોમન માનતી કે અભિની પડદા પાછળની હિરોઇન હું છું.’

‘ના...ના....એક વાઇન ઔર એક....સ્કોચ.’ પ્રિયા અભિને જોતી રહી ગઇ.

‘સ્ટ્રગલર રમ પીએગા...’ પ્રિયા સાથે પહેલીવાર પબમાં ગયો ત્યારે અભિએ આંખો અને માથું ઝુકાવતી અદામાં કહેલી વાત એને યાદ આવી ગઇ.

‘અભિ, રમ એ તારો તાજેતરનો ભૂતકાળ છે....તારી સંઘર્ષનો પરસેવો હજી સુકાયો નથી. ભૂતકાળને ભૂલવો ન જોઇએ.’ પ્રિયા બોલી.

‘હે પ્રિયે, રમ, સ્કોચ ઔર સૌચ સમય કે હિસાબ સે બદલના ચાહિયે. ભૂતકાળને ગળે વળગાળીને બેસી ન રહેવાય.’

સાંભળીને પ્રિયાએ માથું ધૂણાવીને વિચારોને ખંખેરી નાખ્યા. થોડી ક્ષણોમાં બંનેના પોતપોતાના વિચારો ડ્રિંકમાંના આઇસની જેમ પીગળી ગયા. એક ખૂણામાં બંનેની ખટ્ટમિટ્ઠી વાતો ખણકતી રહી. અલબત્ત કોઇને કોઇ અભિનંદન આપવા આવનાર એમની વાતોમાં ખલેલ પાડતું. પાર્ટીમાં અભિ ચર્ચાના કેન્દ્રમાં હતો. પ્રિયા બેહદ ખુશ હતી. છાને ખૂણે પનપતું પ્રિયાનું સપનું સિનેમાસ્કોપ બની રહ્યું હતું. પ્રિયા મનોમન માનતી કે અભિની પડદા પાછળની હિરોઇન હું છું.

‘અભિ કો હીરો મૈને બનાયા....પહલા એડ ફિલ્મ હમ દિયા.’ પિન્ટોએ કહ્યું.

‘બમ્બઇ મેં આને કા બાદ સબ સે પહેલા વો મુઝે મિલા.....એક રાત મેરી ઓફિસ મેં સોયા.’ અશોક ટંડન બોલ્યો.

મૈંને ઉનકો મેરે નાટક ‘અંતહીન અંત’ મેં હીરો કા રોલ દિયા’ ચૌબેજીએ ગર્વ લેતા કહ્યું.

‘અરે ચૌબેજી આપ ભૂલ ગયે...હમને હીરો કો ભોપાલ મેં હી પહેચાન લિયા થા....અવોર્ડ દિયા થા.’ ટંડને કહ્યું.

બધા નશાની હલકી હલકી અસરમાં અભિને લોન્ચ કરવાનું શ્રેય લેવામાં વ્યસ્ત હતા ત્યારે આ શ્રેયનો ખરો હકદાર અકબર પીઆર ફિલ્મલાઇનની તાસીરને માણી રહ્યો હતો. અભિ અને પ્રિયા એક ખુણામાં બેસીને મસ્તીભરી વાતોએ વળગ્યા હતાં. શીલા ફિલ્મના સિનેમેટોગ્રાફર નબેન્દુને મસ્કા મારતી હતી ને નબેન્દુ એને ખૂબ સુંદર અને ફોટોજેનિક કહીને પટાવતો હતો. અભિ વચ્ચે વચ્ચે શીલાને જોઇ લેતો હતો. અચાનક વેઇટરે પ્રિયા પાસે જઇને કંઇક કહ્યું. પ્રિયા એની પાછળ ગઇ. થોડીવારમાં પાછી આવીને અભિને કહ્યું: ‘અભિ, મા બીમાર છે ઘરે જાઉં છું.’

‘વેઇટ, હું આવું છું તારી સાથે..’ અભિએ કહ્યું.

‘ના, જરૂર હશે તો તને ફોન કરીશ.’ એ ઉતાવળે નીકળી ગઇ.

અભિએ નબેન્દુ પાસે જઇને ચિયર્સ કર્યું. પછી આંખ મારતા બોલ્યો.

‘યે મેરી હીરોઇન હૈ....અબ થોડી દેર મૈં લે જાઉં..?’

‘મૈં હીરો કો કેસે ના કહે સકતા હું..?’ નબેન્દુ બોલે તે પહેલા અભિ શીલાનો હાથ ખેંચીને લઇ ગયો.

‘અચ્છા હુઆ તુમ આયે....કબ સે બોર કર રહા થા.’ અભિ પહોંચ્યો ત્યાં સુધી નબેન્દુની ખુશામતખોરીથી પોરસાઇ રહેલી શીલાએ ઘૂંટ મારતા કહ્યું.

બંને વચ્ચે ગૂટરગૂ ચાલતી રહી. ગુલાટીએ માઇક હાથમાં લઇને બધાનું ધ્યાન ખેંચીને અભિ, શીલા તથા અન્ય કલાકારોની ઓળખ કરાવી. બીજા દિવસે યોજાનારા પ્રીમિયરમાં હાજર રહેવાનું આમંત્રણ આપ્યું. સૌએ ગ્લાસ ઉઠાવીને ટોસ્ટ કર્યું ને હબીબ અને આદિલ ખાને એન્ટ્રી કરી.....અને એની સાથે અન્ય એક મહેમાન હતો....બસ્તા શેઠ.

‘ગુલાટી, ઇન સે મિલો. બસ્તા શેઠ મેરા દોસ્ત.’ ગુલાટીએ બસ્તા શેઠ સાથે હાથ મિલાવ્યા. બાજુમાં ઊભેલા વેઇટરની ટ્રેમાંથી દારૂના ગ્લાસ ઉપાડીને બસ્તા શેઠને આપતા ગુલાટીએ કહ્યું: ‘બડી ખુશી હુઇ આપસે મિલ કર.’

‘અરે ભાઇ, આપકા નયા હીરો કહાં હૈ.?’ આદિલ ખાને પૂછ્યું.

‘અભિ ઔર શીલા તો નીકલ ગયે.’ નબેન્દુએ કહ્યું.

***

અભિ શીલાને લઇને ફ્લેટમાં પ્રવેશ્યો. શીલા ફ્લેટ જોઇને: ‘વાહ...ફ્લેટ તો બઢિયા હૈ’

અભિએ બે પેગ બનાવતા કહ્યું: ‘ચિયર્સ ફોર અવર ફર્સ્ટ ફિલ્મ એક ટુકડા આકાશ. આઓ તુમ્હે ફલેટ દિખાતા હું.’

‘યે.....જહાં હમ ખડે હૈ ડ્રોઇંગ રૂમ....ઔર યે હૈ અટેચ્ડ ટેરેસ....ઇલેવન્થ ફ્લોર કી બ્યુટી.’ શીલા સૌથી ઉપરના માળેથી દેખાતો મુંબઈનો ઝગમગાટ જોવા લાગી. આકાશમાં જોતા બોલી: ‘એક ટુકડા આકાશ. અભિ, તુમ્હારે હિસ્સે કા આકાશ.’

‘મેરે હિસ્સે કા આકાશ ઇતના છોટા નહીં હોગા.....બડા હોગા..જહાં લોગોં કી નઝર નહીં પહોંચ સકતી.’ અભિનો મહત્ત્વાકાંક્ષી મિજાજ બોલી ઉઠ્યો.

‘આઓ અંદર...યે હૈ કિચન...જહાં મૈં ખાના નહીં બનાતા.’ એ હસ્યો.

‘...તો ખાના બનાનેવાલી કા ઇન્તેજામ કર લો.’ શીલાએ હસીને કહ્યું.

‘શાદી તો કભી ભી હો સકતી હૈ....કરીઅર જલ્દી નહીં બનતી.’ અભિએ કહ્યું.

અભિ શીલાને લઇને અંદર ગયો.

‘યે હૈ.....માસ્ટર બેડરૂમ.’ અભિ અને શીલાની આંખો મળી. બંનેની આંખોમાં હળવો નશો હતો. શીલાએ મખમલી ચાદર પર હાથ ફેરવતા પૂછ્યું: ‘મૈં બૈઠ સકતી હું.’

‘તૂમ ચાહો તો..’ અભિએ વાક્યમાં ખાલી જગ્યા છોડી દીધી ને શીલાએ એ જગ્યા ભરી આપી. અને પછી શરૂ થયો અનસેન્સર્ડ સીન. જેમાં કોઇ લાઇટ્સ, કેમેરા, એક્શન કે કટ કટ બોલવાવાળું નહતું...પણ અચાનક વાગેલી ફોનની રીંગે ખલેલ પાડ્યો. શીલા ફ્રીઝ થઇ ગઇ, પણ અનુભવી અદાકાર અભિએ એને ફરી એક્શન મોડમાં લઇ લીધી. હીરો-હિરોઇન અભિનયમાં એટલાં ઓતપ્રોત હતાં કે થોડી થોડીવારે કટ કટ કહી રહેલી ફોનની રીંગની કોઇ અસર ન થઇ. (ક્રમશઃ)■

આકાશ મારી પાંખમાં

કલ્પના દવે
feedback@bombaysamachar.com

# દિવ્યાંગોની દુનિયા



દીકરી જો હોય વહાલનો દરિયો, તો દીકરો મારા વહાલનું આકાશ! જગતનો સૌથી શ્રેષ્ઠ સંબંધ એટલે માતા અને તેનું સંતાન, પણ આ જ શ્રેષ્ઠ સંબંધમાં જ્યારે અગનપરીક્ષા આપવી પડે ત્યારે?

અગિયાર મહિનાના દીકરા આકાશને લઈને મનિષા શાહ ડૉક્ટર અનુજ દેશપાંડેની ઓર્થોપેડિક હૉસ્પિટલમાં ત્રસ્ત મનોદશામાં બેઠી હતી. એક અઠવાડિયાથી આકાશ તાવમાં તપતો હતો. તે દિવસે સવારે એ ઊઠ્યો ત્યારે તેની ઊંડી ઊતરી ગયેલી આંખો અને અચાનક ઘૂંટણ પાસેથી અકડાઈ ગયેલા તથા સૂજી ગયેલા પગને જોઈ મનિષા ખૂબ ગભરાઈ ગઈ હતી.

આજે ડૉક્ટર અનુજે ચીલ્ડ્રન સ્પેશિયાલિસ્ટ ડૉ. રામ સિંઘાનિયા સાથે મનિષા અને તેના પતિ ભાવેશની ખાસ મિટિંગ રાખી હતી. ડૉ. સિંઘાનિયા અને ડૉ. અનુજે આકાશને તપાસ્યો અને મનિષાને તેની ગર્ભાવસ્થા અને પ્રસૂતિ અંગે કેટલાક પ્રશ્નો પૂછ્યા. બૅન્કમાં જોબ કરતાં મનિષા અને ભાવેશે ચિંતિત થતાં હકીકત જણાવી.

ફાઈલ પર નજર નાખતા ડૉ. સિંઘાનિયાએ કહ્યું:- તમારું બાળક સીરેબ્રલ પાલ્સીથી પીડાય છે, તેનો વિકાસ નોર્મલ બાળકની જેમ નહીં થઈ શકે. આઈ એમ સોરી ટુ સે બટ તમારે લાંબા ગાળા સુધી એની વિશેષ ટ્રીટમેન્ટ કરાવવી પડશે.

પણ મારું બાળક બરાબર ચાલી શકશે ને? અચાનક એના પગમાં આ સોજા કેમ થઈ ગયા? મનિષાએ ચિંતિત સ્વરે પૂછ્યું.

જુઓ, એક તો આ બાળકનો જન્મ પ્રીમેચ્યોર થયો, એના જાંઘ તથા ઘૂંટણનો પૂરો વિકાસ થયો નથી. એક અઠવાડિયાના સખત તાવને લીધે પગમાં પંગુતા જણાય છે. ડૉ. સિંઘાનિયાએ કહ્યું.

ડૉક્ટર, તમે જે કહેશો તે બધું જ કરીશું, પણ મારા દીકરાને - આટલું કહેતા ભાવેશનો અવાજ રૂંધાઈ ગયો.

ઑર્થોપેડિક ટ્રીટમેન્ટ અને ફીઝીયોથેરેપીથી ઘણું સારું થઈ શકે, પણ તમારે આ બાળકને સ્પેશિયલી ચેલેન્જ સમજીને વિશેષ ઉછેર કરવો પડે. તમારું બાળક બીજાં બાળકો જેવું નૉર્મલ જીવન નહીં જીવી શકે. એટલે તમારે જ એને મૉરલ, ઈમોશનલ દરેક રીતે સપોર્ટ આપવો પડે. જેથી તે આ સમાજમાં સ્વમાનપૂર્વક રહી શકે. ડૉ. અનુજે કહ્યું.

મનિષા અને ભાવેશ દિઃગ્મૂઢ બની ડૉ. અનુજ અને ડૉ.સિંઘાનિયા સામું જોઈ રહ્યા. સિંઘાનિયાએ મનિષાના ખોળામાં તાવમાં તપ્ત આકાશના માથે હાથ મૂકતાં કહ્યું - ગૉડ ઈઝ ગ્રેટ, હી કેન ડુ મિરેકલ. બટ લેટ અસ ડુ અવર બેસ્ટ. ડૉક્ટરે ટ્રીટમેન્ટ અંગે સૂચના આપી.

મનિષાનું મગજ ચકરાવે ચઢ્યું, તે મા હતી ને! આકાશને લઈને તે રિક્ષામાં બેઠી ત્યારે એના મનમાં તુમુલ યુદ્ધ શરૂ થયું. ભાવેશ પણ ગંભીર હતો. આંખો બંધ રાખીને બેઠેલી મનિષાનું મન બળવો પોકારતાં બોલી ઊઠ્યું- હે, પ્રભુ - શું મેં આવું બાળક માગ્યું હતું? આ બાળકને મેં ગર્ભમાં પોષ્યું, માતૃત્વનાં મીઠાં સ્વપ્નાં જોયાં તેનું આવું ફળ? આ અમારી કેવી કસોટી, આ શિશુ તો માત્ર અગિયાર મહિનાનું જ છે, તેને આવી વેદના કેમ?

આ બધી હકીકતથી અજાણ એ હાડકાના માળા જેવો નાનો અશક્ત આકાશ તેની માતાના ખોળામાં પડ્યો પડ્યો દયાદ્ર ભાવે માતાને જોઈ રહ્યો હતો. એને માથે હાથ ફેરવતાં મનિષાના નિર્ણાયક મનમાંથી અવાજ આવ્યોઃ- ના, ના, આ સમય ખોટાં આંસુ સારવાનો કે પડી ભાંગવાનો નથી. ડૉક્ટરે કહ્યું ને કે ગૉડ ઈઝ ગ્રેટ, હી કેન ડુ મિરેકલ. રસ્તો ભલે ને કઠિન હોય હું હિંમત હારીશ નહીં. મારા દીકરાને હું જીવની જેમ સાચવીશ. તેને કોઈની દયા પર ન જીવવું પડે એવો હોંશિયાર બનાવીશ. હું એની મા છું, મારે તો એને સક્ષમ બનાવવાનો છે. (ત્યાં જ એના મનમાં બીજો અવાજ પડઘાયો) પણ, ડૉક્ટરે કહ્યું કે એ બીજાં બાળકો જેવો નોર્મલ તો નહીં જ થાય. તરત મનિષાનું સશક્ત મન બોલી ઊઠ્યું - તો મારે પણ ક્યાં એને બીજાં બાળકો જેવો નૉર્મલ રાખવો છે, એ તો થશે વેરી સ્પેશિયલ વિથ વેરી ચેલેન્જ્ડ સ્પેશિયલ એબિલિટી.

મનિષા, આ આંખો બંધ રાખીને શો બબડાટ કરે છે, જો આપણો આકાશ કેવું મંદ સ્મિત કરતો સૂઈ ગયો છે. ભાવેશે મનિષાને તંદ્રામાંથી જગાડતાં કહ્યું. ભાવેશ, આપણે દીકરાને બેસ્ટ ટ્રીટમેન્ટ આપીશું. બધાને હું ખોટા પાડી દઈશ. મારો આકાશ, લૂલો કે પાંગળો નથી. આ બધાને હું ખોટા પાડીશ.

મનિષા, આકાશના ઉછેર માટે આપણે જીવનનું ગણિત નવેસરથી માંડીશું, પણ એની ટ્રીટમેન્ટમાં કે ઉછેરમાં કોઈ કસર નહીં રાખીએ.

હું બૅન્કની જૉબ છોડીને આપણા આકાશની જ ટ્રીટમેન્ટ પર ધ્યાન આપીશ. આગળ જતાં એને શિક્ષણ આપીને આપણે એને પગભર બનાવીશું. ભાવેશ, આવા સંઘર્ષો સામે તો બાથ ભીડવાની હોય!

ઉપરની ઘટનાને ત્રણ વર્ષ થયાં હશે ફીઝીયોથેરેપી પછી ઓક્યુપેશનલ થેરેપીને લીધે હવે આકાશના પગના સ્નાયુ મજબૂત થયા છે. હવે તે બેસી શકે છે, ઘૂંટણિયા તાણી મમ્મી પાસે ખસે છે. જોકે એમ કરતાં એ શ્રમિત થઈ જાય ત્યારે કોઈ સાથે વાત જ ન કરે. આકાશના શરીરના દરેક સાંધાઓ નબળા હોવાને કારણે આવું થાય છે એ જાણતી હોવા છતાં મનિષાથી ડૂસકું ભરાઈ જતું. જોકે હવે સ્પીચ થેરેપીને કારણે પણ એ સ્પષ્ટ બોલવા લાગ્યો હતો. એક રાતે ભાવેશ અને મનિષાએ એકમેકને વચન આપ્યું કે આકાશના શ્રેષ્ઠ ઉછેર માટે આપણે બીજું બાળક નહીં થવા દઈએ. દીકરાના સુખ ખાતર માતાપિતા કેટકેટલું જતું કરે છે.

આકાશની શારીરિક અક્ષમતા અને મર્યાદિત શક્તિઓને કારણે સંતાકૂકડીની રમત, પકડાપકડી કે આંધળાપાટા જેવી શિશુલીલાઓથી વંચિત મનિષાએ ઘરમાં જ પ્લેગ્રુપ શરૂ કર્યું, હવે આકાશ ખુશ રહેવા લાગ્યો. કૃત્રિમ પગ પહેરીને પણ મા અને પપ્પાને ખુશ કરવા નાચતો, પણ પાંચેક મિનિટમાં થાકી જતો. હવે પ્લેગ્રુપના છોકરાઓ સાથે નર્સરી રાઈમ્સ ગાતો, બ્લોકગેમ રમતો. એક વખત સાંભળેલી વાર્તા એ પોતે કહેતો. ટી.વીમાં આવતા પ્રોગ્રામ જોતો.

મનિષાને બરાબર યાદ છે, તે કહે છેઃ- એક વાર પહેલા માળની અમારી રૂમમાં અમે રમતા હતા, ત્યાં રસ્તા પરથી ગણેશોત્સવના ઉત્સવમાં નાચતું એક ટોળું પસાર થતું હતું, આકાશ સાથે રમતાં છ-સાત બાળકો તો અવાજ સંભળાતાં જ ગેલેરીમાં દોડી ગયાં, હું પણ ગેલેરીમાંજ ઊભી હતી. આકાશ અંદરથી મને બૂમ પાડતો હતો, પણ, મને સંભળાયુ નહીં. અચાનક મને આકાશ યાદ આવ્યો હું તરત દોડી. આકાશે રડતાં રડતાં કહ્યું - મમ્મી, તું પણ મને ભૂલી ગઈ? સૉરી બેટા, પણ બહારની દુનિયા તારા માટે ઘરમાં લાવીશ, તને દુનિયાનું બધું સુખ હું આપીશ.

મનિષાના આ મહાસંગ્રામનું બીજું ફળ એ છે કે કાખ ઘોડી લઈને ચાલતા આ નવ વર્ષના આકાશે દિવ્યાંગોની શાળામાં હવે પ્રવેશ લીધો છે. શાળામાં મૂકેલા મહાત્મા ગાંધીજીનો ફોટો જોઈને આકાશ કહે છે કે હું તો ગાંધીબાપુ જેવાં મહાન કામ કરીશ. દિવ્યાંગોની એ જ શાળામાં મનિષાએ શિક્ષિકા તરીકે કામ કરવાનું સ્વીકાર્યું છે. એ ખુશ થતાં કહે છે, મેં જેમ મારા દીકરા આકાશને સક્ષમ બનાવ્યો તેમ બીજાં દિવ્યાંગ બાળકોને સક્ષમ બનાવીશ. ભગવાને મને દિવ્યાંગ બાળકોની સેવા કરવા જ તો જન્મ આપ્યો છે.

કેટલી અદ્ભુત છે, આ સંતાનભક્તિ!■

વિશેષ

અંતરા પટેલ
feedback@bombaysamachar.com



# શા માટે દર ૧૦ મિનિટે બે વાર જૂઠું બોલે છે માણસ?

ઘણા સમય પહેલાં મેં ક્યાંક વાંચ્યું હતું કે વ્યક્તિ દર દસ મિનિટે ઓછામાં ઓછું બે વાર જૂઠું બોલે છે. મેં તેને નોનસેન્સ સમજી અવગણ્યું. મને લાગ્યું કે આ નિવેદન આપણા બધામાં અપરાધની ભાવના પેદા કરવા માટે કરવામાં આવ્યું છે.

હું આ વાત લગભગ ભૂલી ગઈ હતી કે અચાનક ગયા રવિવારે મને તે ફરી યાદ આવી. થયું એવું કે હું સવારે અખબાર વાંચતી વખતે કૉફી પી રહી હતી ત્યારે મારા ફોનમાં રિંગ વાગી. મારી એક મિત્રનો ફોન હતો. તે કલાક સુધી કંટાળો અપાવશે એમ વિચારીને મેં ફોન ન ઉપાડ્યો અને લગભગ ૧૫ મિનિટ પછી ફરી તેનો ફોન આવ્યો. મને લાગ્યું કે કદાચ કંઈક અગત્યનું હશે, તેથી આ વખતે મેં ફોન ઉપાડ્યો અને કહ્યું, ‘‘સોરી યાર! હું વોશરૂમમાં હતી, તેથી તારો કોલ પહેલાં ઉપાડી ન શકી. હમણાં તને જ કોલ બેક કરવા જઈ રહી હતી અને તારો ફોન આવ્યો.’’

ખેર, પછી તેની સાથે શું વાત થઈ તે અલગ વાત છે. પણ, હું વિચારવી લાગી કે મેં આ ખોટું કેમ બોલ્યું? શું આ મારી આદત બની ગઈ છે? કે પછી મેં વર્ષો પહેલાં જે વાંચ્યું હતું તે સાચું છે કે માણસ દર દસ મિનિટે ઓછામાં ઓછું બે વાર જૂઠું બોલે છે? આ પ્રશ્નના જવાબ માટે, હું છેલ્લા ઘણા દિવસોની મારી દિનચર્યા વિશે વિચાર કરવા લાગી. મેં ઘણી વાર જાણી જોઈને મારા ફોનની રિંગ વાગવા દીધી છે, જેથી કોલરને મેસેજ મળે કે હું વ્યસ્ત છું અથવા ફોન સાયલન્ટ પર છે અથવા હું ફોનની આસપાસ નથી? ઑફિસ મોડી પહોંચી ત્યારે મે ટ્રાફિક જામનું બહાનું કાઢ્યું, જોકે રસ્તાઓ ખાલી જ હતા, પણ હું ઘરેથી મોડી નીકળી હતી. એક મિત્રએ મને એક કામ કરવાનું કહ્યું, જે કરવાનો મારો કોઈ ઈરાદો નહોતો. તેથી જ્યારે તેણે મને કામ માટે પૂછ્યું, તો તેને સીધી ના પાડવાને બદલે કહ્યું, ‘બસ, હું ટૂંક સમયમાં તમારું કામ શરૂ કરવાની છું.’

આવાં જ કંઈક માસૂમ જૂઠાણાં ફિલ્મની રીલ્સની જેમ આંખોની સામે આવતાં રહ્યાં. મેં આ જૂઠાણાં અથવા બહાનાં માટે ‘માસૂમ’ વિશેષણનો ઉપયોગ કર્યો છે કારણ કે તેનાથી કોઈને નુકસાન પહોંચ્યું ન હતું અને તેનો વાસ્તવિક હેતુ શાંતિ જાળવવાનો અથવા અસ્વસ્થ પરિસ્થિતિઓને ટાળવાનો હતો.

યોગાનુયોગ, એ જ રવિવારની સાંજે, હું ટીવી પર ગોવિંદાની ફિલ્મ ‘ક્યૂંકી મૈં જૂઠ નહીં બોલતા’ જોઈ રહી હતી, જે જીમ કેરીની ફિલ્મ ‘લાયર લાયર’ની નકલ છે. આ ફિલ્મોમાં ગોવિંદા અને જીમ બંને વકીલોની ભૂમિકા ભજવી રહ્યા છે જે ખોટું બોલીને કેસ જીતી લે છે, પરંતુ કેટલાક સંજોગો એવા સર્જાય છે કે બંને હંમેશાં સાચું બોલવાનું વચન આપે છે, ત્યારે તેમને ખ્યાલ આવે છે કે હંમેશાં સત્ય બોલવું કેટલું મુશ્કેલ છે. કદાચ દુનિયાનું સૌથી મોટું જૂઠ એ છે કે - ‘હું જૂઠું બોલતો નથી.’

ફિલ્મ જોયા પછી, મેં નક્કી કર્યું કે હું એક અઠવાડિયા સુધી જૂઠું બોલ્યા વિના જીવવાનો પ્રયત્ન કરીશ - કોઈ માસૂમ જૂઠું કે બહાનું નહી, ફક્ત સત્ય અને પ્રામાણિકતા.

હું મારા નવા સંકલ્પ સાથે ઑફિસ પહોંચી. મારી એક સાથીદાર નવા ડ્રેસમાં આવી હતી. મને જોતાંની સાથે જ તેણે મને પૂછ્યું કે, ‘મને આ ડ્રેસ કેવો લાગે છે? સામાન્ય દિવસોમાં, મારો જવાબ હોય છે, ‘ખૂબ જ સરસ, તું સુંદર લાગે છે, તે ખૂબ મોંઘો દેખાય છે, બ્રાંડેડ. પણ મેં સાચું બોલવાની સોગંદ લીધી હતી, એટલે મારા મોઢામાંથી નીકળ્યું ‘બુઢ્ઢી ઘોડી પર લાલ લગામ કેવી રીતે સારી લાગે?’

પછી વાતને સંભાળવાના ઉદ્દેશ્યથી હું બોલી ‘તારી હિંમતની દાદ દેવી પડશે’ શું આ બીજી ભૂલ હતી? શું આમાં પ્રામાણિકતા હતી? મને હજી સુધી નથી ખબર, પરંતુ હું એટલું જાણું છું કે મેં સંબંધોનો એક હિસ્સો તોડી નાખ્યો હતો.’

મારા તરફથી સત્યનાં તીર આ રીતે જ વહેતાં રહ્યાં. મારા શપથના ત્રીજા દિવસે, મને સમજાયું કે સત્યની પણ મર્યાદા હોય છે. ટાલવાળી વ્યક્તિને તેના ચહેરા પર ટકલો ન કહેવાય, અંધ વ્યક્તિને સૂરદાસ અથવા લંગડા વ્યક્તિને તૈમૂર કહેવું એ અપમાનજનક છે.

છેલ્લા એક વર્ષમાં બિહારમાં જેટલા કોંક્રિટના પુલ તૂટી ગયા છે તેટલા સંબંધોના પુલ મારા સત્યએ તોડી નાખ્યા છે. આ બધાથી હું જે તણાવ અનુભવી રહી હતી તેણે મને ભાવનાત્મક રીતે થકાવી દીધી હતી. હરિશ્ચંદ્રની જેમ સત્યવાદી બનવું એ અકસ્માતનો ભોગ બનેલી વ્યક્તિના તમામ પાટાઓ એક જ ઝાટકે દૂર કરવા સમાન છે. વાસ્તવમાં લોકોને હંમેશાં સત્ય નથી જોઈતું.

તેઓ ઇચ્છે છે કે તેમની તરફ કોઈ નજર કરે, તેમને અનુભવે, સમજે અને ક્યારેક ખોટાં વખાણ પણ કરે. હવે હું વિચારવા મજબૂર હતી કે શું મેં સાચું બોલવાનું વચન લઈને ભૂલ તો નથી કરીને? શું સંપૂર્ણ સત્યનું અમૂર્ત મૂલ્ય મારી તંગ અસ્વસ્થતાને વળતર આપવા યોગ્ય છે? જ્યારે હું આ પ્રશ્ન પર વિચાર કરી રહી હતી, ત્યારે મને આ જૂની કહેવત યાદ આવી ગઈ - એક મૌન સો સુખ સમાન છે એટલે કે મૌન હજાર આશીર્વાદ સમાન છે.

આધુનિક ભાષામાં તેને પરફેક્ટ પોઝ કહેવામાં આવે છે. આ યુક્તિ ખૂબ જ સરળ છે, પરંતુ ખૂબ જ ઊંડી પણ છે. જ્યાં સત્ય બોલવાથી સંબંધો તૂટવાથી અને જૂઠું બોલવાથી દૂર રહેવું હોય, ત્યાં મૌન સિવાય બીજો કોઈ સારો વિકલ્પ નથી. ■

# એક નજર ઈધર ભી...

નિધિ ભટ્ટ
feedback@bombaysamachar.com

### જરૂરતમંદોને અગત્યની વસ્તુઓ ડોનેટ કરીને

## ક્રિસમસમાં તમે બનો એમના સિક્રેટ સાન્તા

આપણાં ઘરમાં એવી અનેક ચીજ-વસ્તુઓ હશે, જેની આપણને જરૂર નહીં હોય. જોકે એ વસ્તુઓ અન્યો માટે ખૂબ મહત્ત્વની હોય છે. આવી જ વસ્તુઓ કોઈ જરૂરતમંદને કામ આવે એવી પહેલ કરીને તેમનાં જીવનમાં આપણે ઉજાસ લાવી શકીએ છીએ. આપણાં ઘરમાં જૂનાં કપડા અને બાળકોનાં રમકડાં વાપર્યા વગરનાં એમ જ પડ્યાં હોય છે. એથી એ જ વસ્તુઓ કોઈને કામ આવી શકે એ માટે મુંબઈમાં રહેતી અનુષ્કા જૈને એક પહેલ શરૂ કરી છે. તેણે 'શેર એટ ડૉર સ્ટેપ' નામનું અભિયાન શરૂ કર્યું છે. એનાં માધ્યમથી લોકોને પોતાના ઘરમાં રહેલી જૂની વસ્તુઓ ડોનેટ કરવાનું પ્રોત્સાહન આપવામાં આવે છે. તેનું કહેવું છે કે તમારી જૂની વસ્તુઓ, કપડાં અને રમકડાંને ફેંકતા નહીં અમને આપો અમે એને જરૂરતમંદ લોકો સુધી પહોંચાડી દઈશું. લોકોના ચહેરા પર સ્માઇલ લાવવાની અને કોઈને મદદ કરવાનાં ગુણ તેનામાં બાળપણથી જ વિકસિત થયા હતા. એ વિશે અનુષ્કા કહે છે, 'મારી



મમ્મી મને એક એનજીઓમાં લઈ જતી, જ્યાં અમે સ્વીટ્સ અને સ્નેક્સ લઈને જતાં અને ત્યાં બાળકો સાથે ખૂબ ધમાલ કરતાં હતાં. એ જ પરંપરા અમે આજે પણ જાળવી રાખી છે.'

અનુષ્કાનું કહેવું છે કે તેમને જ્યારે પણ લાગે ત્યારે તેઓ વિવિધ સંસ્થાઓમાં ડોનેટ કરે છે. અનુષ્કા કહે છે, 'આવી રીતે અમે જ્યારે પણ અમને ઇચ્છા થાય અમે ડોનેટ કરીએ છીએ. અમને ખાતરી છે કે અમારી વસ્તુઓ યોગ્ય હાથોમાં પહોંચી જશે. દેશનાં બાર શહેરોની ૧૩૫ એનજીઓને અમે સપોર્ટ કરીએ છીએ.'

આપણી પાસે ઘરમાં એવી ઘણી વસ્તુઓ હોય છે જે તમને પ્રિય હોય છે, પરંતુ એને ફેંકવાનું મન થતું નથી. કેટલાંક કપડાં હોય છે જે તમને ફિટ નથી બેસતાં, તો બાળપણમાં વાંચેલી બુક્સ હોય છે, તો કેટલાંક જૂના ફર્નિચર પણ હોય છે. તો આ બધી વસ્તુઓ અન્ય લોકોને ઉપયોગી થઈ શકે છે એવું અનુષ્કાનું માનવું છે. જોકે એ બધી વસ્તુઓ આ ક્રિસમસમાં જરૂરતમંદને આપીને તમે તેમના સિક્રેટ સાન્તા બની શકો છો. થોડા સમય પહેલા અનુષ્કા એક અનાથાશ્રમની મુલાકાતે ગઈ હતી. ત્યાં તેણે જોયું કે ડોનેટ કરાયેલાં કપડાં અને રમકડાંનો બાળકો સારી રીતે ઉપયોગ કરી રહ્યાં છે. એ અનાથાશ્રમમાં એક ફ્રીજની જરૂર હતી તો તેમણે એ જરૂરત પણ પૂરી કરી. અનુષ્કાની સંસ્થા ઘરે આવીને સામાન જે-તે સંસ્થાઓ સુધી પહોંચાડી જાય છે. જો ઓછો સામાન હોય તો એ જ દિવસે વ્યવસ્થા કરવામાં આવે છે અને વધારે સામાન હોય તો સાત દિવસની અંદર તમારા ઘરે આવીને વસ્તુઓ લઈ જાય છે. આમ માનવતાની મહેંક પ્રસરાવવાનું કામ અનુષ્કાની સંસ્થા 'શેર એટ ડૉર સ્ટેપ' કરી રહી છે. ■

## ભારતીય વિદ્યાર્થીઓ માટે વિદેશમાં અભ્યાસની ઉજ્જવળ તક

નરેન્દ્ર કુમાર
feedback@bombaysamachar.com

ભારત અને કેનેડા વચ્ચે જ્યારથી ખાલિસ્તાની મુદ્દે રાજદ્વારી તણાવ વધી ગયો છે , ત્યારથી, કેનેડાએ ભારતીય વિદ્યાર્થીઓને ઘણી રીતે હેરાન કરવાનું શરૂ કર્યું છે, જેમ કે વિઝા પ્રક્રિયામાં જાણી જોઈને વિલંબ કરવો, જેના કારણે વિદ્યાર્થીઓને અભ્યાસ શરૂ કરવામાં મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. વર્ક પરમિટ અને પીઆર અંગે નિયમો કડક બનાવાયા છે.

ભારતના ઘણા વિદ્યાર્થીઓ અભ્યાસ પછી કેનેડામાં કામ કરવા અથવા કાયમી રહેવાસી બનવાનું વિચારતા હોવાથી, કેનેડાએ તાજેતરમાં વર્ક પરમિટ અને પીઆર માટેના નિયમો વધુ કડક બનાવ્યા છે. જેના કારણે વિદ્યાર્થીઓ માટે નોકરી શોધવી અને કાયમી ધોરણે સ્થાયી થવું મુશ્કેલ બની રહ્યું છે. આ ઉપરાંત કેટલાક નકલી એજન્ટોએ વિદ્યાર્થીઓને નકલી કોલેજોમાં એડમિશન અપાવવાની લાલચ આપી હેરાન કરવાનું શરૂ કર્યું છે.

આ તમામ કારણોને લીધે ભારતીય વિદ્યાર્થીઓ માટે કેનેડા જઈને ઉચ્ચ શિક્ષણ મેળવવું દિનપ્રતિદિન માથાનો દુખાવો બની રહ્યું છે.

આવી સ્થિતિમાં, ચર્ચા વધી છે કે કેનેડાના કાયમી વિકલ્પ તરીકે બીજે શા માટે ન જવાય અને કહેવાની જરૂર નથી કે ઘણા સારા વિકલ્પો મળી રહ્યા છે. ચાલો જોઈએ એ ક્યાં છે.



### આયર્લેન્ડ

ભારતીય વિદ્યાર્થીઓ માટે આયર્લેન્ડ પણ કેનેડાનો મહત્ત્વપૂર્ણ વિકલ્પ સાબિત થઈ શકે છે. ડિગ્રી પૂર્ણ કર્યા પછી આયર્લેન્ડમાં ગુણવત્તાયુક્ત શિક્ષણ અને નોકરીના ઘણા વિકલ્પો ઉપલબ્ધ છે. ખાસ કરીને ટેક્નોલોજી, બિઝનેસ અને હેલ્થકેરમાં ઉચ્ચ ડિગ્રી મેળવતા વિદ્યાર્થીઓ માટે. આઇરિશ સરકારના ૨૪-મહિનાના પોસ્ટ- સ્ટડી વિઝા સ્નાતકોને રોજગાર મેળવવાની મંજૂરી આપે છે. જ્યારે મોટી વૈશ્વિક કંપનીઓની હાજરી મજબૂત જોબ માર્કેટ પ્રદાન કરે છે.

આયર્લેન્ડ વિશે એક સારી બાબત એ છે કે તેનું અંગ્રેજી બોલતું વાતાવરણ અને તેની જીવંત સાંસ્કૃતિક વિવિધતા તેને ભારતીય વિદ્યાર્થીઓ માટે આકર્ષક સ્થળ બનાવે છે. કારણ કે ભારતીય વિદ્યાર્થીઓ પણ સાંસ્કૃતિક આદાનપ્રદાનને પ્રાથમિકતા આપે છે.

### ન્યુઝીલેન્ડ

ન્યુઝીલેન્ડે તેની ઉચ્ચ શિસ્તબદ્ધ શૈક્ષણિક પ્રણાલી અને ઉદાર જીવનશૈલી માટે તાજેતરના વર્ષોમાં વિશ્વભરના વિદ્યાર્થીઓને આકર્ષ્યા છે. તે ભારતીય વિદ્યાર્થીઓ માટે પસંદગીનો દેશ બની શકે છે, ખાસ કરીને જેઓ ઉચ્ચ સ્તરના સંશોધન પર ભાર મૂકે છે. અહીંના પર્યાવરણીય વિજ્ઞાન અને ટેક્નોલોજીનાં ક્ષેત્રો પણ વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક છે અને ન્યુઝીલેન્ડ વર્ક વિઝા અને અભ્યાસ કર્યા પછી રહેવા અને અભ્યાસ કરવા માટે સલામત વાતાવરણ પણ આપે છે. અહીં પર્યાવરણ વિજ્ઞાન અને ટેક્નોલોજી ક્ષેત્ર પણ વૈશ્વિક ટક્કરનાં છે અને ન્યુઝીલેન્ડમાં પણ અભ્યાસ પછી કાર્યવિઝા અને રહેવા માટે સલામત વાતાવરણ ઉપલબ્ધ છે. ન્યુઝીલેન્ડનું કુદરતી સૌંદર્ય અદભુત છે, ભારતીય વિદ્યાર્થીઓને પણ સુંદરતા અને આઉટડોર લાઈફસ્ટાઈલ ગમે છે. તેથી, ન્યુઝીલેન્ડ પણ કેનેડા માટે સક્ષમ વિકલ્પ બની શકે છે.

### સિંગાપોર

સિંગાપોર તેના ઉચ્ચ શૈક્ષણિક ધોરણો માટે સમગ્ર વિશ્વમાં જાણીતું છે. તે નેશનલ યુનિવર્સિટી ઓફ સિંગાપોર અને નાન્યાંગ ટેકનોલોજીકલ યુનિવર્સિટી જેવી વૈશ્વિક સ્તરે ક્રમાંકિત સંસ્થાઓ ધરાવે છે.

સિંગાપોરનો બહુસાંસ્કૃતિક સમાજ અને સ્વચ્છ અને સલામત વાતાવરણ ખાસ કરીને ભારતીય વિદ્યાર્થીઓને આકર્ષે છે. એટલું જ નહીં, અહીં અભ્યાસ કરવા માટે આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ માટે અનેક પ્રકારની શિષ્યવૃત્તિઓ ઉપલબ્ધ છે, જે અહીં અભ્યાસને વધુ સુલભ બનાવે છે. મોટા પાયે ભારતીયોની હાજરી પણ ભારતીય વિદ્યાર્થીઓને અનુકૂળ વાતાવરણ પૂરું પાડે છે. સૌથી મોટી વાત એ છે કે સિંગાપોર પાસે ખૂબ જ આકર્ષક જોબ માર્કેટ છે અને સિંગાપોરના ભારત સાથે પણ ગાઢ સંબંધો છે.

આ સિવાય સિંગાપોર પણ ભારતીય વિદ્યાર્થીઓ માટે મનપસંદ સ્થળ બની શકે છે કારણ કે તે ભૌગોલિક રીતે ભારતની નજીક છે.

### નેધરલેન્ડ

તાજેતરનાં વર્ષોમાં નેધરલેન્ડે વૈશ્વિક શિક્ષણ નકશા પર નોંધપાત્ર પ્રતિષ્ઠા મેળવી છે. ભારતીય વિદ્યાર્થીઓએ હંમેશાં નેધરલેન્ડમાં રસ દાખવ્યો છે. ત્યાં એક વ્યાપક શૈક્ષણિક વાતાવરણ છે, ખાસ કરીને એન્જિનિયરિંગ, પર્યાવરણીય વિજ્ઞાન અને લલિત કલા ક્ષેત્રોમાં.

નેધરલેન્ડની સંશોધન-સંચાલિત સંસ્થાઓ તેમના નવીન કાર્યક્રમો માટે જાણીતી છે. નેધરલેન્ડની વિઝા નીતિ પણ મૈત્રીપૂર્ણ છે અને બહુસાંસ્કૃતિકતાને સ્વીકારે છે.

તેથી, શૈક્ષણિક રીતે સમૃદ્ધ અને સાંસ્કૃતિક રીતે ઉદાર વાતાવરણની શોધમાં ભારતીય વિદ્યાર્થીઓ માટે નેધરલેન્ડ યોગ્ય સ્થળ બની શકે છે.

### જાપાન

જો કે, ભાષાને કારણે ઘણા લોકો જાપાનમાં અભ્યાસ કરવા જતા ડરે છે. પરંતુ જો તમે એન્જિનિયરિંગ અને રોબોટિક્સમાં નિપુણતા મેળવવા માગતા હો, તો થોડી ભાષાની કુશળતા પછી જાપાન તમારા માટે શ્રેષ્ઠ સ્થળ બની શકે છે.

જાપાનમાં પણ શિક્ષણના ખૂબ ઊંચાં ધોરણો છે અને ખાસ કરીને સંશોધનની ઉત્તમ સુવિધાઓ વિદ્યાર્થીઓ માટે છે.

જાપાન શૈક્ષણિક રીતે સમૃદ્ધ દેશ છે; આ ઉપરાંત, તેમના માટે અહીં મજબૂત જોબ માર્કેટ ઉપલબ્ધ છે. તે ભારતીય વિદ્યાર્થીઓ માટે ખૂબ જ યોગ્ય છે.

ભારતમાં ૫૦ ટકાથી વધુ વિદ્યાર્થીઓ શાકાહારી છે અને જાપાનમાં શાકાહારનું અદ્ભુત અને આકર્ષક વાતાવરણ છે.

તેથી, જો તમે જાપાનીઝ ભાષા શીખવા માટે સખત મહેનત કરો તો ખાસ કરીને રોબોટિક એન્જિનિયરિંગમાં ઉચ્ચ શિક્ષણ મેળવવા માગતા ભારતીય વિદ્યાર્થીઓ માટે જાપાન શ્રેષ્ઠ વિકલ્પ બની શકે છે. ■

પ્રથમેશ મહેતા
feedback@bombaysamachar.com

## શિયાળાનો તોડ છે કાશ્મીરી કાવો

જો કડકડતી ઠંડીને કારણે તમારું શરીર ધ્રૂજવા લાગ્યું હોય તો આજથી જ તમે આ કાશ્મીરી કાવો બનાવીને દરરોજ તેનું સેવન કરવાનું શરૂ કરી દો, તેનાથી શરદી પળવારમાં જ ઠીક થઈ જશે.

કાશ્મીરી કાવાના ફાયદાઃ ઘણીવાર આપણે વિચારીએ છીએ કે બરફીલા પહાડોની નજીક રહેતા લોકો ઠંડીથી પોતાને કેવી રીતે બચાવે છે? ખાસ કરીને કાશ્મીરની વાત કરીએ તો અહીંના લોકો આટલી ઠંડીમાં જીવન કેવી રીતે જીવે છે અને ઠંડીથી કેવી રીતે બચે છે? વાસ્તવમાં, કાશ્મીરી લોકો તેમના આહારમાં કેટલીક વસ્તુઓનો સમાવેશ કરે છે, જે તેમના શરીરને ગરમ રાખવામાં મદદ કરે છે. એટલું જ નહીં, આ ખાદ્યપદાર્થો અને પીણાંમાં એવા ગુણો જોવા મળે છે, જે શિયાળામાં થતી બીમારીઓ સામે પણ રક્ષણ આપે છે. આવી સ્થિતિમાં, જ્યારે કાશ્મીર સહિત સમગ્ર ભારતમાં કડકડતી ઠંડી શરૂ થઈ ગઈ છે અને જો તમે પણ આ કડકડતી ઠંડીથી પોતાને બચાવવા માંગતા હોય, તો પરંપરાગત કાશ્મીરી



કાવાની આ રેસિપી નોંધી લો અને દરરોજ સવારે આ કાવાનું સેવન શરૂ કરો.

**કાશ્મીરી કાવા રેસીપી**

સામગ્રીઃ પાણીઃ ૨ કપ

કાશ્મીરી ગ્રીન ટીઃ ૧ ટીસ્પૂન (અથવા ગ્રીન ટી બેગ)

તજની લાકડીઃ ૧ નાની

લીલી ઈલાયચી : ૨-૩ (બરછટ ગ્રાઈન્ડ)

કેસર. : ૫-૬

બદામઃ ૪-૫ (બારીક સમારેલી)

મધ અથવા ખાંડઃ સ્વાદ મુજબ

પદ્ધતિઃ એક પેનમાં ૨ કપ પાણી ઉકાળો, પછી પાણીમાં તજ, એલચી અને કેસર નાખો.

તેને ૨-૩ મિનિટ સુધી ઉકાળો, હવે તેમાં કાશ્મીરી ગ્રીન ટી ઉમેરો અને ૧-૨ મિનિટ ધીમી આંચ પર થવા દો. ચાને ગાળીને કપમાં નાખો. ઉપર ઝીણી સમારેલી બદામ ઉમેરો અને મધ/ખાંડ ઉમેરો અને ગરમાગરમ સર્વ કરો.

**કાશ્મીરી કાવાના ફાયદા**

કાશ્મીરી કાવામાં વોર્મિંગ અસર છે કારણ કે તેમાં વપરાતા ઘટકો શરીરને ગરમ રાખવામાં મદદ કરે છે. તે શરદી અને ઉધરસમાં રાહત આપે છે, આ સિવાય કાશ્મીરી કાવામાં હાજર કેસર અને મસાલા એન્ટિઓક્સિડેન્ટથી ભરપૂર હોય છે, જે રોગપ્રતિકારક શક્તિને મજબૂત બનાવે છે. એલચી અને તજ જેવા મસાલા પાચનતંત્રને મજબૂત કરવાનું કામ કરે છે.

તેમજ, કાવામાં ઉપયોગમાં લેવાતા સુગંધિત મસાલા માનસિક તણાવને દૂર કરવામાં પણ મદદ કરી શકે છે. જો તમે દરરોજ કાશ્મીરી કાવાનું સેવન કરો છો, તો તે ત્વચાને સુધારશે અને એન્ટિ એજિંગ પણ અટકાવશે, કારણ કે કેસરમાં એન્ટિઆક્સિડેન્ટ ગુણો જોવા મળે છે. ખાલી પેટે કાશ્મીરી કાવાનું સેવન કરવાથી શરીરમાંથી ઝેરી તત્ત્વોને બહાર કાઢવામાં મદદ મળે છે, જેનાથી વજન પણ ઘટે છે. ■



## સિંધુ નદી જેના કિનારે ભારતીય સંસ્કૃતિનો જન્મ થયો હતો

વીણા ગૌતમ
feedback@bombaysamachar.com

(નદીઓ જીવનદાતા છે. માનવીનો જન્મ નદીઓના કિનારે થયો છે અને વિશ્વની તમામ સભ્યતાઓ અને સંસ્કૃતિઓ નદીઓના કિનારે જ વિકસી છે. પૃથ્વી પર નદીઓ વિના જીવનની કલ્પના કરી શકાતી નથી. પરંતુ જળવાયુ પરિવર્તન, વધતી જતી વસ્તી અને નદીઓ પ્રત્યે સામાન્ય લોકોની ઉદાસીનતાના કારણે પૃથ્વી પર જળ સંકટ વધુ ઘેરૂં બન્યું છે. હવે તો નદીઓનું અસ્તિત્વ પણ જોખમમાં છે. તેથી, નદીઓનું માત્ર સંરક્ષણ જ જરૂરી નથી પરંતુ આપણી નવી પેઢીઓને તેમના પ્રત્યે સંવેદનશીલ બનાવવાની પણ જરૂર છે જેથી તેનું મહત્ત્વ જળવાઈ રહે અને માનવ સભ્યતા અને સંસ્કૃતિ પૃથ્વી પર હંમેશની જેમ ખીલતી રહે.

આ દૂરગામી માનવ ઉદ્દેશ્યોને પરિપૂર્ણ કરવા માટે, આ વખતે સિંધુ નદીનું ભૌગોલિક, ધાર્મિક, સાંસ્કૃતિક અને ઐતિહાસિક મહત્ત્વ નદી ગાથા માસિક કોલમ હેઠળ રજૂ કરવામાં આવ્યું છે.)

હિમાલયના તિબેટીયન ઉચ્ચપ્રદેશમાંથી નીકળતી સિંધુ એ એક મહત્ત્વપૂર્ણ નદી છે, જેના કિનારે સમગ્ર ભારતીય સંસ્કૃતિ (સિંધુ નદી ખીણની સંસ્કૃતિ) નો જન્મ ખ્રિસ્તના ત્રણ હજાર વર્ષ પહેલા થયો હતો.

કેટલીક નવી વિગતો અનુસાર, આ ૩૧૮૦ કિલોમીટર લાંબી નદી ૩૬૧૦ કિલોમીટરમાં વિશ્વની સાતમી સૌથી લાંબી નદી છે અને તેનું મહત્ત્વ નાઇલ અને ટાઇગ્રિસ- યુફેટિસ નદીઓ જેટલું જ છે.

સિંધુ નદી ભારતીય ઉપખંડની સૌથી જૂની નદીઓમાંની એક છે, તે ત્રણ દેશોમાંથી વહે છેઃ ચીન, ભારત અને પાકિસ્તાન અને અંતે પાકિસ્તાનના સિંધુ પ્રાંતમાં અરબી સમુદ્રમાં ભળે છે.

સિંધુ એક વિશાળ નદી પ્રણાલી બનાવે છે, જેમાં ઝેલમ, ચિનાબ, રાવી, બિયાસ અને સતલજ તેની મુખ્ય ઉપનદીઓ છે.

તે તિબેટમાં કૈલાશ પર્વત નજીક સિન- કાદરીબાબ પ્રવાહમાંથી નીકળે છે. તેનો કેચમેન્ટ વિસ્તાર ૧૧ લાખ ચોરસ કિલોમીટર સુધી વિસ્તરેલો છે, જેમાં હિમાલયથી થાર રણ સુધીના વિસ્તારનો સમાવેશ થાય છે. જેણે , પંજાબ અને હરિયાણાની ભવ્ય ખેતીને જીવન આપ્યું.

સિંધુ નદીના કિનારે હડપ્પા અને મોહેંજોદરો જેવાં શહેરોનો વિકાસ થયો, જે સિંધુ નદીની સંસ્કૃતિનાં કેન્દ્રો હતાં.

સિંધુ નદી ખીણની સંસ્કૃતિ એ વિશ્વની સૌથી પ્રાચીન સંસ્કૃતિઓમાંની એક છે. ઋગ્વેદમાં ૪૨ નદીઓનો ઉલ્લેખ છે, જેમાંથી સૌથી મહત્ત્વપૂર્ણ સિંધુ નદી છે. જેનું અનેકવાર વર્ણન કરવામાં આવ્યું છે. આ નદીને સપ્ત સાંઈધવ પ્રદેશ (સપ્ત સિંધવ પ્રદેશ અથવા સપ્ત સિંધુ) માનવામાં આવે છે.

ધાર્મિક દૃષ્ટિકોણથી, આ નદીનો ઉપયોગ હિંદુઓ, જૈનો અને બૌદ્ધો દ્વારા કરવામાં આવે છે.

સિંધુ નદીના કિનારે આવેલી, તે સૌથી લાંબી હિમાલયની નદી છે અને ઉત્તર- પશ્ચિમ દિશામાં વહે છે, જે પાકિસ્તાનને ૯૦ ટકા કૃષિ પાણી પ્રદાન કરે છે.

સિંધુ નદી ડોલ્ફિનની દુર્લભ પ્રજાતિઓનું ઘર છે અને તેના ડેલ્ટામાં મેન્ગ્રોવનાં જંગલો જોવા મળે છે.

તાજેતરના દાયકાઓમાં સિંધુ નદીની સૌથી મોટી કટોકટી ભારે જળ પ્રદૂષણની સાથે અતિશય જળ શોષણ છે. આબોહવા પરિવર્તનને કારણે તેની હિમનદીઓનું ઝડપથી પીગળવું એ પણ એક મોટું સંકટ છે.

૧૯૬૦માં ભારત અને પાકિસ્તાન વચ્ચે થયેલ સિંધુ જળ સંધિ એ એક મહત્ત્વપૂર્ણ નદી જળ કરાર છે, જેના કારણે સિંધુની ત્રણ ઉપનદીઓ, રાવી, બિયાસ અને સતલજ ભારતના નિયંત્રણ હેઠળ છે. જ્યારે સિંધુ, ઝેલમ અને ચિનાબ પાકિસ્તાન માટે આરક્ષિત છે. જો કે, આ દિવસોમાં સિંધુ નદી સીમા વિવાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે મોટો મુદ્દો છે. પરંતુ સિંધુ જળ સંધિને વિશ્વની સૌથી સફળ જળ વહેંચણી સમજૂતીઓમાંની એક ગણવામાં આવે છે.

ભારતમાં સિંધુનું પાણી માત્ર ખેતી માટે જ મહત્ત્વનું નથી પરંતુ તે બગલીહાર અને કિશનગંગા જેવી જળ યોજનાઓનું કેન્દ્ર પણ છે. ઐતિહાસિક રીતે સિંધુ નદીનો ઉપયોગ પરિવહન અને વેપાર માટે પણ થતો આવ્યો છે.

સિંધુ નદીનું પોતાનું જેટલું આર્થિક મહત્ત્વ છે, તેના કરતા સાંસ્કૃતિક મહત્ત્વ પણ ઓછું નથી. ભારતમાં ઉજવવામાં આવતો 'સિંધુ મહોત્સવ' સંપૂર્ણપણે એક સાંસ્કૃતિક ઉત્સવ છે, જે દર વર્ષે ઉજવવામાં આવે છે.

ભારતીય ઉપખંડની સિંધુ નદી સાંસ્કૃતિક અને ઐતિહાસિક વારસાનું પ્રતીક હોવા ઉપરાંત, આજે પણ આ નદીના કિનારે ઘણા મહત્ત્વપૂર્ણ શહેરો આવેલાં છે, જ્યાં મહત્ત્વપૂર્ણ આધુનિક આર્થિક પ્રવૃત્તિઓ થાય છે.

પ્રાચીન સમયમાં આ સિંધુ નદીના કિનારે મોહેંજોદડો અને હડપ્પા જેવાં શહેરો આવેલાં હતાં. આજે ભારતમાં લેહ અને કારગિલ જેવાં શહેરો તેના કિનારે આવેલાં છે.

પાકિસ્તાનમાં એટોક, સખાર, હૈદરાબાદ અને કરાચી જેવાં વિશ્વ પ્રસિદ્ધ શહેરો સિંધુ નદીના કિનારે આવેલાં છે.

તેની ઉપનદીઓના કિનારે વસેલાં શહેરો પર નજર કરીએ તો અમૃતસર અને લાહોર રાવી નદીના કિનારે વસેલા છે, જલંધર અને લુધિયાણા જેવાં ઔદ્યોગિક શહેરો બિયાસ નદીના કિનારે આવેલાં છે, જ્યારે ચંદીગઢ જેવા મોડર્ન શહેર સ્થિત છે.

સતલજના કાંઠે કોટડીજી અને ચુહુન્દરો જેવાં શહેરો એક સમયે સિંધુના કિનારે આવેલાં હતાં, જે સિંધુ ખીણની સંસ્કૃતિના દિવસોમાં વેપાર અને કલાનાં કેન્દ્રો હતાં. હવે એ સંપૂર્ણ નાશ પામ્યાં છે. આ રીતે જોવામાં આવે તો, સિંધુ નદી એ ભારતના ઉત્તર- પશ્ચિમમાં વહેતી સૌથી મહત્ત્વપૂર્ણ નદી છે. ■

# રૉબિન ઉથપ્પાએ ધરપકડનું વૉરન્ટ બહાર પડ્યા પછી મહત્ત્વનું નિવેદન બહાર પાડ્યું

બેન્ગલૂરુ: એમ્પ્લોઇઝ પ્રૉવિડન્ટ ફંડ (ઇપીએફ) સંબંધમાં થયેલી ૨૩.૩૬ લાખ રૂપિયાની છેતરપિંડીમાં ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર રૉબિન ઉથપ્પાની ભૂમિકા હોવાના આક્ષેપને પગલે ઉથપ્પાની ધરપકડનું વૉરન્ટ બહાર પડ્યું હોવાના સમાચાર બહાર આવ્યા બાદ ઉથપ્પાએ ખુલાસો બહાર પાડ્યો હતો જેમાં તેણે જણાવ્યું હતું કે તે તપાસ હેઠળની કંપનીઓમાં માત્ર ડિરેક્ટર હતો અને કંપની સાથેનો તેનો વ્યવહાર ખૂબ મર્યાદિત હતો.

ઉથપ્પાના જણાવ્યા મુજબ સ્ટ્રૉબેરી લેન્સરિયા પ્રા. લિ., સેન્ટૉરસ લાઇફસ્ટાઇલ બ્રૅન્ડ્સ પ્રા. લિ. તથા બેરીઝ ફૅશન હાઉસ નામની કંપનીઓના કામકાજમાં એક્ઝિક્યૂટિવ તરીકેનો પોતાનો રોલ નહોતો, પોતે એમાં લોન આપી હોવાથી ફક્ત ડિરેક્ટર તરીકેની જ તેની એ કંપનીઓમાં ભૂમિકા હતી અને આ કંપનીઓના રોજબરોજના કામકાજ સાથે પોતાને કંઈ જ લેવાદેવા નહોતું. પોતે પ્રોફેશનલ ક્રિકેટર હોવા ઉપરાંત ટીવી-પ્રેઝન્ટર પણ છે અને કૉમેન્ટરી પણ આપે છે એટલે કંપનીના કામકાજમાં પોતે સમય આપી શકશે નહીં એવું તેણે આ કંપનીઓને પહેલાં જ જણાવી દીધું હતું.



ઉથપ્પાએ એવી પણ ચોખવટ કરી છે કે ઊલટાનું આ કંપનીએ તેને લોન ભરપાઈ નથી કરી જેને કારણે તેણે કાનૂની પગલાં ભરવા પડ્યા છે.

ઉથપ્પાએ પીએફ વિભાગના અધિકારીઓને કંપનીઓ સાથેના પોતાના મર્યાદિત સંબંધોને લગતા દસ્તાવેજો પૂરા પાડ્યા છે.

ઉથપ્પાએ મીડિયાને વિનંતી કરી છે કે હકીકતો જાણ્યા વિના સનસનાટીભરી ખબર પ્રગટ કરવાનું ટાળજો. ઉથપ્પા ૩૯ વર્ષનો છે. તે ૨૦૦૬થી ૨૦૧૫ દરમ્યાન ભારત વતી ૪૬ વન-ડે અને ૧૩ ટી-૨૦ રમ્યો હતો જેમાં તેણે કુલ ૧,૧૦૦ જેટલા રન બનાવ્યા હતા. તેણે રણજી ટ્રોફી સહિતની ફર્સ્ટ-ક્લાસ ક્રિકેટમાં ૯,૪૪૬ રન અને આઇપીએલ સહિતની ટી-૨૦ મૅચોમાં ૭,૨૭૨ રન બનાવ્યા હતા. ■

# અશ્વિન સાથે હું આખો દિવસ હતો, પણ નિવૃત્તિ વિશે મને જરાય અણસાર નહોતો આપ્યોઃ જાડેજા

બ્રિસ્બેનઃ વર્ષોથી જોડીમાં હરીફ બૅટર્સ પર તૂટી પડનાર રવિચન્દ્રન અશ્વિન અને રવીન્દ્ર જાડેજાની જોડી અશ્વિનની ઓચિંતી નિવૃત્તિને કારણે તૂટી ગઈ છે. અશ્વિનને આડકતરી રીતે કે સીધી રીતે જાણ થઈ ચૂકી હશે કે (સ્ક્વૉડમાં રવીન્દ્ર જાડેજા તથા વૉશિંગ્ટન સુંદરની હાજરીમાં) પોતાને હવે ઑસ્ટ્રેલિયાની ટૂરમાં બાકી રહેલી બેમાંથી એક પણ ટેસ્ટમાં પોતાને રમવાનો મોકો નહીં એવું માનીને અશ્વિને પ્રવાસમાં અધવચ્ચે અચાનક જ રિટાયરમેન્ટ જાહેર કરી દીધું હશે. તેણે પોતાની નિવૃત્તિની વાત એટલી હદ સુધી ગુપ્ત રાખી કે તેના સાથી-સ્પિનર રવીન્દ્ર જાડેજાને પણ એનો જરાય અણસાર નહોતો.

જાડેજાએ એક જાણીતી વેબસાઇટને શનિવારે કહ્યું હતું કે ‘અશ્વિન નિવૃત્તિ લઈ રહ્યો છે એની મને છેલ્લી ઘડીએ જાણ થઈ હતી. અમે આખો દિવસ સાથે જ હતા, પણ તેણે જરાય અણસાર પણ નહોતો આપ્યો. હું તો તેના રિટાયરમેન્ટના સમાચાર જાણીને ચોંકી ગયો હતો. પત્રકાર પરિષદની માંડ પાંચ મિનિટ પહેલાં મને જાણવા મળ્યું કે અશ્વિન રિટાયરમેન્ટ જાહેર કરવા જઈ રહ્યો છે.’

જાડેજાએ એવું પણ કહ્યું હતું કે ‘અશ્વિન મેદાન પર મારા મેન્ટર જેવો હતો. અમે ઘણા વર્ષો સાથે રમ્યા હતા. મૅચની પરિસ્થિતિ વિશે તેમ જ હરીફ ટીમના બૅટર્સ શેનો પ્રયત્ન કરી રહ્યા છે અને કેવા પ્રકારના શૉટ રમી શકે એ વિશે અમે મેદાન પર એકમેકને સંદેશ પાસ કરતા રહેતા હતા.’ ■



## કુંબલે-હરભજન કરતાં અશ્વિન-જાડેજા ચડિયાતા

રવિચન્દ્રન અશ્વિન અને રવીન્દ્ર જાડેજા એકસાથે ૫૮ ટેસ્ટ રમ્યા હતા જેમાં તેમણે કુલ ૫૮૭ વિકેટ લીધી હતી. તેમની આ સ્પિન-બેલડી વિકેટોની સંખ્યાની દૃષ્ટિએ સ્પિન-લેજન્ડ અનિલ કુંબલે અને હરભજન સિંહથી ચડિયાતી છે. અશ્વિન-જાડેજાની સહિયારી ૫૮૭ વિકેટની સરખામણીમાં અનિલ કુંબલે અને હરભજન સિંહની સહિયારી વિકેટની સંખ્યા ૫૦૧ હતી. એ રીતે, લેગ સ્પિનર કુંબલે અને ઑફ-સ્પિનર ભજ્જીની તુલનામાં ઑફ-સ્પિનર અશ્વિન તથા લેફ્ટ-આર્મ સ્પિનર જાડેજાનો સહિયારો પર્ફોર્મન્સ ચડિયાતો સાબિત થયો છે. હવે આ ચારમાંથી ત્રણ સ્પિનર નિવૃત્ત થઈ ગયા છે અને માત્ર જાડેજા આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં હજી રમતો રહે છે. આવનારા સમયમાં ટેસ્ટમાં કદાચ જાડેજા અને વૉશિંગ્ટન સુંદર જોડીમાં રમતા જોવા મળી શકે. ■

# ૨૦ સિક્સર અને ૧૩ ફોર, ઉત્તર પ્રદેશના રિઝવીએ રેકૉર્ડ-બ્રેક ડબલ સેન્ચુરી ફટકારી

નવી દિલ્હીઃ આક્રમક બૅટર ગણાતા સમીર રિઝવીને આઇપીએલમાં ગઈ એક સીઝન રમવાના ૮.૪૦ કરોડ રૂપિયા મળ્યા હતા, પણ આ વખતે તેને ઑક્શનમાં દિલ્હી કૅપિટલ્સે માત્ર ૯૫ લાખ રૂપિયામાં મેળવી લીધો છે અને હવે તેણે ૨૦૨૫ની આઇપીએલમાં પોતાની તાકાત બતાવવાની છે. જોકે તેણે એ પહેલાં શનિવારે અન્ડર-૨૩ સ્ટેટ-એ ટ્રોફી મૅચમાં રેકૉર્ડ-બ્રેક ડબલ સેન્ચુરી ફટકારીને આઇપીએલના ફ્રૅન્ચાઇઝીઓના માલિકોને પોતાની આક્રમક બૅટિંગનો અણસાર આપ્યો હતો.



અગાઉ આઇપીએલમાં તે ચેન્નઈ વતી રમ્યો હતો અને હવે દિલ્હી વતી રમશે. સમીર રિઝવીએ ૯૭ બૉલમાં ૨૦ સિક્સર અને ૧૩ ફોરની મદદથી અણનમ ૨૦૧ રન બનાવ્યા હતા.

ઉત્તર પ્રદેશની ટીમનો આ કૅપ્ટન અસલ મિજાજમાં આવી ગયો હતો અને ત્રિપુરાના બોલર્સની બોલિંગ ઍનેલિસિસ બગાડી નાખી હતી. સમીરે મેદાનની ચારેય દિશામાં છગ્ગા-ચોક્કા ફટકાર્યા હતા.

મેન્સ અન્ડર-૨૩ સ્ટેટ-એ ટ્રોફીની આ ફાસ્ટેસ્ટ ડબલ સેન્ચુરી છે. જોકે તેની આ આતશબાજી લિસ્ટ-એ ફૉર્મેટને પાત્ર નથી.

લિસ્ટ-એ ક્રિકેટમાં ન્યૂ ઝીલૅન્ડના ચાડ બૉવેઝનો ૧૦૩ બૉલમાં ફાસ્ટેસ્ટ ડબલ સેન્ચુરીનો વિશ્વ વિક્રમ છે.

સમીર રિઝવીના અણનમ ૨૦૧ રનની મદદથી ઉત્તર પ્રદેશે ૪૦૫ રન બનાવ્યા હતા અને પછી ત્રિપુરા સામેની એ મૅચ ૧૫૨ રનથી જીતી લીધી હતી. ■

# તુમ લોગ મરવા દોગે મુઝે, વો દોનોં ઍક્ટિવ હૈ... રોહિતે પત્રકારોમાં રમૂજ ફેલાવી

## અશ્વિનની સાથે પુજારા અને રહાણેની પણ નિવૃત્તિ વિશે મૂંઝાયેલા કૅપ્ટને બોલ્યા પછી તરત વાળી લીધું

બ્રિસ્બેનઃ ભારતના સિલસિલાબંધ ક્રિકેટરો નિવૃત્તિની જાહેરાત કરે એવું કંઈ વારંવાર ન બને. જૂન મહિનામાં ભારતે ટી-૨૦નો વર્લ્ડ કપ જીતી લીધો ત્યાર બાદ અચાનક જ રોહિત શર્મા અને વિરાટ કોહલીએ ટી-૨૦ આંતરરાષ્ટ્રીયમાંથી રિટાયરમેન્ટ જાહેર કર્યું ત્યાર પછી રવીન્દ્ર જાડેજાએ પણ એમાંથી નિવૃત્તિની જાહેરાત કરી હતી. તાજેતરમાં સ્પિન-લેજન્ડ રવિચન્દ્રન અશ્વિને આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી ઓચિંતી નિવૃત્તિ લઈ લીધી એટલે સ્વાભાવિક છે કે ખુદ કૅપ્ટન રોહિત શર્મા અને વિરાટ કોહલીના નામ પર પણ ચર્ચા થાય. જોકે રોહિતને અશ્વિનની નિવૃત્તિવાળી પ્રેસ કૉન્ફરન્સ પછી પત્રકારો સમક્ષ જે અનુભવ થયો એ મજા પડી જાય એવો છે. એમાં તો ચેતેશ્વર પુજારા અને અજિંક્ય રહાણેના નામ પર બહુ સારી રમૂજ થઈ ગઈ.

બુધવારે બ્રિસ્બેનના ગૅબામાં વરસાદનાં વિઘ્નો બાદ છેવટે ત્રીજી ટેસ્ટ ડ્રૉ જાહેર થઈ ત્યાર બાદ કૅપ્ટન રોહિત પત્રકારો સમક્ષ જવાબ આપવા માટે પહોંચી ગયો હતો. અશ્વિનની નિવૃત્તિ વિશે પણ સવાલો પૂછવામાં આવ્યા હતા, પરંતુ એક પત્રકારે જે સવાલ પૂછ્યો એનાથી રોહિત મૂંઝાઈ ગયો હતો અને છેવટે તેના જવાબથી બધા હસી પડ્યા હતા.



આ જર્નલિસ્ટે અશ્વિનની નિવૃત્તિના મુદ્દે થતી ચર્ચામાં ચેતેશ્વર પુજારા અને અજિંક્ય રહાણેને પણ સાંકળી લીધા હતા. પત્રકારે રોહિતને પૂછ્યું, ‘શું પુજારા, રહાણે અને અશ્વિન હવે પછી અલગ-અલગ રોલમાં જોવા મળશે?’

આ પત્રકારનો ઇશારો પુજારા અને રહાણેની સંભવિત નિવૃત્તિ તરફ હતો, કારણકે ઘણા સમયથી તેમને બન્નેને ટીમમાં સ્થાન નથી મળતું એટલે તેઓ પણ રિટાયરમેન્ટ જાહેર કરી દેશે એવું માનવામાં આવે છે. પત્રકારનો આશય એ હશે કે નિવૃત્તિ જાહેર કર્યા પછી હવે અશ્વિન તેમ જ પુજારા અને રહાણે અલગ-અલગ ભૂમિકામાં જોવા મળશે? જેમ કે અશ્વિનની પોતાની ક્રિકેટ ઍકેડેમી છે, જ્યારે પુજારા કૉમેન્ટરી બૉક્સમાં પહોંચી ગયો છે અને રહાણે હમણાં તો ડોમેસ્ટિક ક્રિકેટમાં રમી રહ્યો છે, પરંતુ ભવિષ્યમાં કદાચ યુવા વર્ગનો મેન્ટર બનવાનો રોલ અપનાવી શકે.

પહેલાં તો રોહિતે ‘બિલકુલ’ એવું બોલીને જવાબમાં કહ્યું, ‘અશ્વિન, પુજારા, રહાણેમાં ક્રિકેટ વિશેની બહુ સારી સમજ છે. મેદાન પર બહુ સારી ચર્ચા થતી રહેતી હતી અને તેમની સારી મદદ મળી રહેતી હતી. હવે તેઓ આસપાસ નહીં હોય એટલે તેમની ખોટ તો વર્તાશે જ. ઇતના એક્સપિરિયન્સ હૈ ઉનકે પાસ, ઇતને મૅચિઝ ઉન્હોંને જિતાયે હૈ તો કહીં ના કહીં, અભી આપકો કિસી લેફ્ટ યા રાઇટ મેં દેખના હૈ તો યે લોગ નહીં રહેંગે.’

રોહિત બોલતા તો બોલી ગયો, પણ તેને તરત સમજાઈ ગયું કે પુજારા અને રહાણેએ હજી રિટાયરમેન્ટ નથી લીધું, માત્ર અશ્વિને જ લીધું છે.

રોહિતે તરત કહ્યું, ‘અરે ભાઈ, ખાલી અશ્વિનને અનાઉન્સ કિયા હૈ રિટાયરમેન્ટ. તુમ લોગ મરવા દોગે મુઝે, વો દોનોં (પુજારા, રહાણે) ઍક્ટિવ હૈ ઔર કભી ભી આ સકતે હૈ પર્ફોર્મ કરકે. આપ મેરે કો મરવાઓગે, યાર. રહાણેને ઔર પુજારાને ભી રિટાયરમેન્ટ અનાઉન્સ નહીં કિયા હૈ.

ભારતીય ટીમ હવે અશ્વિન વિના મેલબર્નમાં પહોંચીને પ્રૅક્ટિસ શરૂ કરશે. અશ્વિન ચેન્નઈ પાછો આવી ગયો છે. ■

# અશ્વિનને પત્ની પ્રીતિનો ઈમોશનલ ‘લવ લેટર’

## પરિવાર માટે સમય કાઢજો, બોલિંગમાં નવી તરકીબો વિશે વિચારજો... પ્રીતિએ બીજું ઘણું બધું લખ્યું છે

ચેન્નઈઃ રવિચન્દ્રન અશ્વિને આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધી એને પગલે તેના અસંખ્ય ચાહકો હતાશ હશે ત્યાં બીજી બાજુ અશ્વિનના પરિવારજનો એક રીતે ખુશ હશે, કારણકે અશ્વિન હવે તેમને ઘણો સમય આપી શકશે. અશ્વિનની શાનદાર કરીઅર વિશે અને હવે તેણે અંગત જીવનમાં શું કરવું એની પત્ની તરીકેની સલાહ આપતી પોસ્ટમાં પ્રીતિએ ઘણી બધી હૃદયસ્પર્શી વાતો લખી છે. પ્રીતિએ ખાસ તો અશ્વિન માટે એવું લખ્યું છે કે ‘હવે તમે પોતાની શરતે જિંદગી જીવજો, પરિવાર માટે સમય કાઢજો અને બોલિંગમાં નવા વૅરિએશન્સ વિશે વિચારજો...’.

૩૮ વર્ષના સ્પિન-લેજન્ડ અશ્વિને બ્રિસ્બેન ખાતેની ત્રીજી ટેસ્ટ પછી અચાનક જ નિવૃત્તિ જાહેર કરીને બધાને ચોંકાવી દીધા હતા. તેણે ટેસ્ટમાં ૫૩૭ વિકેટ, વન-ડેમાં ૧૫૬ વિકેટ અને ટી-૨૦માં ૭૨ વિકેટ લીધી હતી. તે આઇપીએલ સહિતની લીગ ટૂર્નામેન્ટોમાં રમવાનું ચાલુ રાખશે.

ઇન્સ્ટાગ્રામ પર પ્રીતિએ ‘એક ફૅન ગર્લનો લવ લેટર’ના રૂપમાં પતિ અશ્વિનને ભવ્ય કારકિર્દીને બિરદાવવાની સાથે અંજલિ આપી હતી. પ્રીતિએ લખ્યું, ‘ડિયર અશ્વિન, કિટ બૅગ કેવી રીતે તૈયાર કરવી એની અજ્ઞાનતાથી માંડીને વિશ્વભરમાં તારી સાથે સ્ટેડિયમોની સફર માણવી, તારી સફળતા માટે શુભેચ્છા આપવી, ટીવી પર તને રમતો જોવો અને તારી પાસેથી કંઈકને કંઈક નવું શીખવું. આ બધું મેં ખૂબ માણ્યું. તેં એવા વિશ્વ (ક્રિકેટજગત) સાથે મને જોડી દીધી જેને (મારી પ્રિય રમતને) નજીકથી માણવાનું મને સૌભાગ્ય મળ્યું.’

પ્રીતિએ પતિ અશ્વિનને એક ક્રિકેટલવર પત્ની તરીકે લેટરમાં એવું પણ લખ્યું છે કે ‘પોતાની જવાબદારી નિભાવવામાં કેવા પૅશન, કેવી મહેનત અને કેવી શિસ્તબદ્ધતાની જરૂર પડે એ પણ મને જોવા મળ્યું. મને યાદ છે, આપણી વચ્ચે ચર્ચા થતી હતી કે તમારે આવું બધું શા માટે કરવું પડતું હોય છે. તમે જો સતતપણે પોતાના કૌશલ્યને ધારદાર ન બનાવતા રહો અને જોઈએ એવું કામ ન કરો તો પ્રશંસા, પુરસ્કાર, રેકૉર્ડ્સનો કોઈ અર્થ નથી. ક્યારેક તમે ગમે એટલું કરો અને બધુ કરી છૂટો તો એ પણ પૂરતું નથી હોતું. મારે તમને એટલું જ કહેવું છે કે બધુ સારું થઈ જશે. પોતાના પર જે પ્રકારનો બોજ મહેસૂસ કરો છો એનાથી હવે પોતાને મુક્ત માનજો. તમે હવે પોતાની શરતે (પોતાને ઠીક લાગે એ રીતે) જિંદગી માણજો. વધારાની



અશ્વિન-પ્રીતિને બે પુત્રી છે

કૅલરી માટે જગ્યા બનાવજો. પરિવાર માટે વધુ સમય કાઢજો, કંઈ પણ ન કરવા માટેનો સમય પણ કાઢજો. દિનભર મીમ્સ શૅર કરતો, બોલિંગમાં નવી તરકીબો તૈયાર કરજો, બાળકોને પહેરાન’ નહીં કરતા...બસ આટલું કરજો.’

બેચરલ ઑફ ટેકનોલૉજી (બીટેક)માં ગ્રેજ્યુએશન કરનાર અશ્વિનની આંતરરાષ્ટ્રીય કારકિર્દી જૂન, ૨૦૧૦માં શરૂ થઈ હતી અને તેણે નાનપણની મિત્ર પ્રીતિ નારાયણન સાથે નવેમ્બર, ૨૦૧૧માં લગ્ન કર્યા હતા. એ રીતે, પ્રીતિ લગભગ આખી ક્રિકેટ-કરીઅર દરમ્યાન અશ્વિનની સાથે રહી છે. પ્રીતિએ લેટરમાં વધુમાં લખ્યું છે કે ‘૧૩-૧૪ વર્ષમાં ઘણી યાદગાર પળો માણી, ઘણા મોટા વિજય જોયા, તમને મૅન ઑફ ધ સિરીઝ અવૉર્ડ (૧૧ પુરસ્કાર, વર્લ્ડ રેકૉર્ડ) મેળવતા જોયા, સંઘર્ષપૂર્ણ મૅચ રમ્યા પછી આપણા રૂમમાં એકદમ શાંતિ સાથે ગંભીર વાતાવરણ જોયું, વીડિયોના એક પછી એક ફૂટેજ પર નજર કરતા તમને જોયા, કેટલાંક ગીતો વારંવાર વાગતાં સંભળાયાં, વગેરે. આ બધા ઉપરાંત આપણે અમુક બાબતોમાં ભેગા મળીને આનંદનો આવેશ પણ ખૂબ માણ્યો. ચૅમ્પિયન્સ ટ્રોફીની ફાઇનલ, મેલબર્નની જીત, સિડનીની ડ્રૉ, ગૅબા (બ્રિસ્બેન)નો વિજય, ટી-૨૦માં કરેલું કમબૅક. આ બધા આનંદની યાદગાર ક્ષણો આપણે માણી. ક્યારેક આપણે મૌન સેવીને બેઠા રહ્યા અને ક્યારેક દિલ તૂટ્યા પછીની ગંભીર ક્ષણો પણ વીતાવી.’ ■

# અનમોલપ્રીતની અણમોલ અને રેકૉર્ડ-બ્રેક ઈનિંગ્સ

## આઈપીએલમાં કોઈએ ન ખરીદ્યો, ફાસ્ટેસ્ટ સદી ફટકારીને ભારતની રેકૉર્ડ-બુકમાં આવી ગયો!

અમદાવાદઃ પંજાબના આક્રમક બૅટર અનમોલપ્રીત સિંહને તાજેતરમાં આઇપીએલના ઑક્શન દરમ્યાન કોઈ પણ ફ્રૅન્ચાઇઝીએ નહોતો ખરીદ્યો, પરંતુ તેણે બૅટિંગમાં તાકાત બતાવી દીધી છે. અનમોલપ્રીત લિસ્ટ-એ કૅટેગરીની ક્રિકેટમાં ફાસ્ટેસ્ટ સેન્ચુરી ફટકારનાર ભારતીય ખેલાડી બન્યો છે. તેણે વિજય હઝારે ટ્રોફી વન-ડે ટૂર્નામેન્ટમાં અરુણાચલ પ્રદેશ સામેની મૅચમાં ફક્ત ૩૫ બૉલમાં સદી પૂરી કરી હતી. હરાજીમાં અનમોલપ્રીત માત્ર ૩૦ લાખ રૂપિયાની બેઝ પ્રાઇસમાં મળે એમ હતો છતાં કોઈ પણ ટીમે તેને નહોતો ખરીદ્યો.



રાઇટ-હૅન્ડ બૅટર અનમોલપ્રીતે આ મૅચમાં કુલ ૪૫ બૉલમાં નવ સિક્સર અને બાર ફોરની મદદથી ૧૧૫ રન બનાવ્યા હતા. અરુણાચલ પ્રદેશે ૪૮.૪ ઓવરમાં ૧૬૪ રન બનાવ્યા બાદ પંજાબે ફક્ત ૧૨.૫ ઓવરમાં એક વિકેટે ૧૬૭ રન બનાવીને વિજય મેળવી લીધો હતો. કૅપ્ટન અભિષેક શર્મા ૧૦ રન બનાવીને આઉટ થયા બાદ પંજાબની ટીમ સામે કસોટી ઊભી થઈ હતી, પરંતુ અનમોલપ્રીત અને પ્રભસિમરન સિંહ (૩૫ અણનમ) વચ્ચે ૧૫૩ રનની અતૂટ ભાગીદારી થઈ હતી અને પંજાબે માત્ર ૧૨.૫ ઓવરમાં એક વિકેટે ૧૬૭ રન બનાવીને (૨૨૩ બૉલ બાકી રાખીને) નવ વિકેટના માર્જિનથી વિજય મેળવ્યો હતો.

અનમોલપ્રીતની ૩૫ બૉલની સેન્ચુરી લિસ્ટ-એ ક્રિકેટમાં (ડોમેસ્ટિક વન-ડે ક્રિકેટમાં) ત્રીજા નંબરે અને ભારતીયોમાં પહેલા નંબરે છે. અનમોલપ્રીતે યુસુફ પઠાણ (૨૦૧૦માં બરોડા વતી મહારાષ્ટ્ર સામે ૪૦ બૉલમાં સેન્ચુરી)નો વિક્રમ તોડ્યો છે. એકંદરે અનમોલપ્રીતની સદી ત્રીજા સ્થાને છે. પહેલા બે સ્થાને ઑસ્ટ્રેલિયાનો જેક-ફ્રેઝર મૅકગર્ક (૨૯ બૉલમાં સદી) અને બીજા સ્થાને સાઉથ આફ્રિકાનો એબી ડિવિલિયર્સ (૩૧ બૉલમાં સદી) છે. ■

# મૅન્ચેસ્ટર સિટી ફરી હાર્યું, છેક છઠ્ઠા સ્થાને ઊતર્યું

## ઇંગ્લિશ પ્રીમિયર લીગની ડિફેન્ડિંગ ચૅમ્પિયનની પાંચમા નંબરની ઍસ્ટન વિલા સામે ૧-૨થી હાર

લંડનઃ ઇંગ્લિશ પ્રીમિયર લીગ (ઇપીએલ) ફૂટબૉલ સ્પર્ધામાં કુલ આઠ ટાઇટલ અને છેલ્લા લાગલગાટ ચારેય ટાઇટલ જીતનાર મૅન્ચેસ્ટર સિટીની ટીમ આ વખતની સીઝનમાં ખૂબ ખરાબ પર્ફોર્મ કરી રહી છે અને શનિવારે ઍસ્ટન વિલા સામે ૧-૨થી પરાજય થતાં આ ટીમ છેક છઠ્ઠા સ્થાને ઊતરી ગઈ હતી.

મૅન્ચેસ્ટર સિટીની ટીમ ૨૦૧૧-’૧૨ની સીઝનમાં પહેલી વાર ઇપીએલનું ટાઇટલ જીતી હતી. ત્યાર બાદ બીજા ત્રણ ટાઇટલ જીત્યા બાદ ૨૦૨૦થી ૨૦૨૩ સુધીની સતત ચાર સીઝનમાં આ ટીમે ટાઇટલ જીતીને નવો ઇતિહાસ સર્જ્યો હતો.



જોકે ૨૦૨૩-’૨૪નું ટાઇટલ જીતનાર મૅન્ચેસ્ટર સિટીની ટીમે આ વખતે મોટી મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.

કાઇલ વૉકરના નેતૃત્વ હેઠળની મૅન્ચેસ્ટર સિટીની ટીમ છેલ્લી ૧૨માંથી નવ મૅચ હારી છે અને માત્ર એક મૅચ જીતી છે. બીજી બે મૅચ ડ્રૉમાં ગઈ છે.

મૅન્ચેસ્ટર સિટી વતી શનિવારની મૅચમાં ફિલ ફૉડેને અંતિમ પળોમાં એક ગોલ કર્યો હતો, પરંતુ એ પહેલાં જૉન ડુરૅન અને મૉર્ગન રૉજર્સે ઍસ્ટન વિલા વતી મૅચની અનુક્રમે ૧૬મી અને ૬૫મી મિનિટમાં જે ગોલ કર્યો એ ઍસ્ટન વિલાની જીત માટે પૂરતો પર્ફોર્મન્સ હતો.

પૉઇન્ટ્સ-ટેબલમાં મૅન્ચેસ્ટર સિટી અને લિવરપૂલ વચ્ચે હવે બહુ મોટું અંતર થઈ ગયું છે. લિવરપૂલ મોખરે છે, જ્યારે મૅન્ચેસ્ટર સિટીના એનાથી નવ પૉઇન્ટ ઓછા છે અને છઠ્ઠા નંબરે છે. ■

# અમદાવાદમાં શ્રેયસના અણનમ ૧૧૪ રનને શ્રીજીથના અણનમ ૧૫૦ રને ઝાંખા પાડ્યા

## ગુજરાત, બરોડા જીત્યા, પણ સૌરાષ્ટ્ર હાર્યું

અમદાવાદઃ અહીં મોટેરામાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ‘બી’ ગ્રાઉન્ડ પર વિજય હઝારે ટ્રોફીમાં મુંબઈના હાથમાંથી કર્ણાટકે વિજય આંચકી લીધો હતો. ખરેખર તો મુંબઈના કૅપ્ટન શ્રેયસ ઐયર (અણનમ ૧૧૪, પંચાવન બૉલ, દસ સિક્સર, પાંચ ફોર)ની સદી કર્ણાટકના ક્રિષ્નન શ્રીજીથ (અણનમ ૧૫૦, ૧૦૧ બૉલ, ચાર સિક્સર, વીસ ફોર)ની સેન્ચુરી સામે ઝાંખી પડી ગઈ હતી.

કર્ણાટકને આ વન-ડે ટૂર્નામેન્ટમાં જીતવા ૩૮૩ રનનો લક્ષ્યાંક મળ્યો હતો. કર્ણાટકનો કૅપ્ટન મયંક અગરવાલ ૪૭ રન બનાવી શક્યો હતો, પરંતુ શ્રીજીથ અને કે. વી. અનીશ (૮૨ રન) વચ્ચે ૯૪ રનની ભાગીદારી થઈ હતી જે મુંબઈને ભારે પડી હતી. પ્રવીણ દુબે ૬૬ રન બનાવીને અણનમ રહ્યો હતો. તેની અને શ્રીજીથ વચ્ચે ચોથી વિકેટ માટે ૧૮૩ રનની પાર્ટનરશિપ થતાં મુંબઈની હાર નિશ્ચિત થઈ હતી. કર્ણાટકે ૪૬.૨ ઓવરમાં (બાવીસ બૉલ બાકી રાખીને) ૩૮૩ રનનો લક્ષ્યાંક સાત વિકેટે મેળવી લીધો હતો.

મુંબઈ વતી આઠ બોલરે બોલિંગ કરી હતી જેમાં ફક્ત જુનેદ ખાનને બે વિકેટ અને શિવમ દુબેને એક વિકેટ મળી હતી. તનુશ કોટિયન, શાર્દુલ, સૂર્યાંશ શેડગે વગેરેને એક પણ વિકેટ નહોતી મળી. આ ટૂર્નામેન્ટની અન્ય મૅચોમાં હરિયાણા (૨૬૦)ને ગુજરાતે (૨૬૩/૩), રાજસ્થાન (૨૧૫)ને મહારાષ્ટ્ર (૨૧૬/૭)એ હરાવ્યું હતું. બરોડા (૩૦૨/૭)નો ત્રિપુરા (૨૧૦) સામે તેમ જ સૌરાષ્ટ્ર (૨૮૫/૮) સામે પોંડિચેરી (૨૮૯/૫)નો વિજય થયો હતો. ■



જયપુરમાં વિજય હઝારે ટ્રોફીમાં ઉર્વિલ પટેલે ચાર સિક્સર અને અગિયાર ફોરની મદદથી અણનમ ૧૧૫ રન બનાવી ગુજરાતને હરિયાણા સામે શાનદાર વિજય અપાવ્યો.

# બીડના સરપંચની હત્યાના આરોપીઓને નહીં જ બક્ષાયઃ અજિત પવાર

બીડઃ બીડ જિલ્લાના મસ્સાજોગના સરપંચ સંતોષ દેશમુખની હત્યાનો મામલો સમગ્ર જિલ્લા સહિત રાજ્યભરમાં ગરમાયો છે. આ મામલાની યોગ્ય તપાસ કરવામાં આવે અને આરોપીઓની તાત્કાલિક ધરપકડ કરવામાં આવે, એવી માંગ બીડના સાંસદ બજરંગ સોનવણે સંસદમાં અને શરદ પવારના એનસીપીના ધારાસભ્યો વિધાનસભામાં કરી રહ્યા છે. મંત્રી ધનંજય મુંડેના નજીકના વાલ્મિક કરાડ પર સંતોષ દેશમુખની હત્યાનો આરોપ મૂકવામાં આવી રહ્યો છે.

એનસીપીના પ્રમુખ શરદ પવાર ગઇ કાલે સંતોષ દેશમુખના પરિવારને મળ્યા હતા. બીજી બાજુ નાયબ મુખ્યપ્રધાન અજિત પવાર પણ મસ્સાજોગમાં દેશમુખના પરિવારને મળ્યા બાદ કહ્યું કે, સંતોષ દેશમુખની નિર્દયતાથી હત્યા કરવામાં આવી છે. અહીં કોઈ રાજકીય હસ્તક્ષેપ નહીં થાય. દોષિતોને મૃત્યુદંડની સજા થશે. જે આના માસ્ટર માઈન્ડને છોડવામાં નહીં આવે. જ્યાં સુધી મામલાની સંપૂર્ણ તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી કોઈને છોડવામાં આવશે નહીં. સરકાર વતી હું સંતોષ દેશમુખને હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ પાઠવું છું.

શરદ પવારે પણ મસ્સાજોગ ગામના લોકોને આશ્વાશન આપતાં સંતોષ દેશમુખ હત્યા કેસની ઊંડાણપૂર્વક તપાસની જરૂરિયાત વ્યક્ત કરી. તેમણે કહ્યું કે, રાજ્ય સરકારે સંતોષ દેશમુખના પરિવારને આર્થિક મદદ કરી છે, પરંતુ તેનાથી દુઃખ ઓછું થતું નથી. બીડ જિલ્લામાં જે બન્યું તે યોગ્ય નથી. દેશમુખ પરિવારને ન્યાય મળવો જોઈએ. ■

## નાગપુરમાં દુશ્મનાવટને લઇ પિતા-પુત્રની હત્યા

નાગપુરઃ નાગપુરના અજની વિસ્તારમાં દુશ્મનાવટને લઇ પિતા-પુત્રની હત્યા કરવામાં આવી હોવાનું પોલીસે જણાવ્યું હતું.

મૃતકોની ઓળખ વિજય બલરામ સાવરકર (૫૪) અને તેના પુત્ર મયૂર (૨૭) તરીકે થઇ હતી. સાવરકર પરિવાર ફર્નિચરની દુકાન ધરાવે છે અને મયૂર ક્રિમિનલ રેકોર્ડ ધરાવે છે. તેની વિરુદ્ધ હત્યા તથા અન્ય ગુના દાખલ હતા.

ગુરુવારે સાંજે મયૂરે જૂની અદાવતને લઇ શુભમ કુર્વેતી નામના શખસ પર હુમલો કર્યો હતો અને ફરાર થઇ ગયો હતો. શુક્રવારે શુભમના ભાઇ બાદલ પર મયૂરે લોખંડના સળિયાથી હુમલો કર્યો હતો, એમ પોલીસે જણાવ્યું હતું.

આ ઘટના બાદ શુભમ, તેના સાથીદાર સંદીપ નાડે, ૧૭ વર્ષના સગીર તથા અજાણ્યા શખસે મળી મયૂર અને તેના પિતા પર તીક્ષ્ણ હથિયારથી હુમલો કર્યો હતો. હુમલામાં ઘવાયેલા પિતા-પુત્રને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા હતા, જ્યાં તેમનું મૃત્યુ થયું હતું. અજની પોલીસ સ્ટેશનમાં આ પ્રકરણે હત્યાનો ગુનો દાખલ કર્યો હતો. (પીટીઆઇ)■

## બદલાતા સમયમાં શિક્ષણ પ્રણાલી આડે અવરોધ ન બનોઃ ભાગવત

પુણેઃ શિક્ષણ પ્રણાલીએ શિક્ષણમાં અવરોધક તરીકે નહીં પરંતુ સુવિધા આપનાર તરીકે કામ કરવું જોઈએ, એમ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડા મોહન ભાગવતે જણાવ્યું હતું. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે બદલાતા સમય સાથે અનુકૂળ થતી વખતે આપણા મૂળભૂત પાયાના મૂલ્યો ભૂલવા ન જોઈએ.

પુણેમાં એક ઇ-સ્કૂલનું ઉદ્દઘાટન દરમિયાન આરએસએસના વડાએ ભારપૂર્વક જણાવ્યું હતું કે શિક્ષણ એ વ્યવસાય નથી પણ ઉત્તમ મનુષ્યો બનાવવાનું ''વ્રત'' (સંકલ્પ) છે.

શિક્ષણ પ્રણાલીએ શિક્ષણમાં અવરોધ તરીકે નહીં, એક સુવિધા આપનાર તરીકે અને વિદ્યાર્થીઓને સશક્ત બનાવવાના સાધન તરીકે કામ કરવું જોઈએ. શિક્ષણમાં નિયમનની ભૂમિકાએ પ્રક્રિયાઓને સુવ્યવસ્થિત કરવા અને સરળ કામગીરીની ખાતરી કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ, તેમણે કહ્યું.

''આપણે સમય પ્રમાણે આપણી જાતને બદલવાની જરૂર છે, પરંતુ આમ કરતી વખતે, આપણે એ સુનિશ્ચિત કરવું જોઈએ કે આપણે આપણા મૂળભૂત પાયાના મૂલ્યો સાથે જકડાયેલા રહીએ. તે શાશ્વત પાયાના મૂલ્યોને વળગી રહીને, આપણે આગળ વધવાની અને ભવિષ્યનો સામનો કરવાની જરૂર છે,'' તેમણે અભિપ્રાય આપ્યો. ■

## ભાજપની મહિલા કાર્યકરનો વિનયભંગઃ કૉંગ્રેસના કાર્યકરો વિરુદ્ધ ગુનો દાખલ

મુંબઈઃ ભાજપની મહિલા કાર્યકરે વિનયભંગનો આક્ષેપ કર્યા બાદ કૉંગ્રેસના આઠથી દસ કાર્યકરો વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. ગુરુવારે મુંબઈ કૉંગ્રેસની ઓફિસમાં તોડફોડની ઘટના બાદ કૉંગ્રેસના કાર્યકરો સામે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

ફરિયાદી મહિલાનો વિનયભંગ કરવા, અભદ્ર ભાષાનો ઉપયોગ કરવા અને તેની મારપીટ કરવાનો કાર્યકરો પર આક્ષેપ કરવામાં આવ્યો હતો. ■


### ૭. ખુશખબર

**સીનીયર સીટીઝન**

મુંબઈમાં ૬૫ કે તેથી વધુ વયના વરિષ્ઠ નાગરિકોને નિઃશુલ્ક બપોરનું ટિફિન પહોંચાડશું. શ્રીમતી કુમુદ હિતેશ ચુનીલાલ પોપટલાલ ગુટકા પ્રભાદેવી 9819006404. (એસડીબી-૨૩૨૪)

### ૯. લગ્ન સંબંધી

**બ્રાહ્મણ સેવા સમાજ**

૪૯મું વર્ષ ૧૦૬મો પરિચય મેળો તા. 09/02/25 મલાડ ખાતે પ્રવેશ ફી યુવક Rs. 500/- યુવતી Rs. 300/-. સંપર્કઃ અલકેશભાઈ વ્યાસ- 8779177080, જય- 9870756615, દિપકભાઈ- 8828221010. (દહેજ નહીં). (૧૫૨૦૬-ડી)

■ ખુશહિત મેરેજબ્યુરો યોગ્ય જીવનસાથી માટે સંપર્ક ઉર્મિલાબેન-8879576963. (દહેજ નહીં.). (૧૫૨૯૮-એ)

■ બ્રાહ્મણ કન્યા ગ્રેજ્યુએટ 16-03-1992 ડૉક્ટર MD/25-08-1994ને યુવક- ''મહેતા મેરેજ'' 9821522195. (દહેજ નહીં.) (૧૫૪૦૪-સી)

**જુહુસ્કીમ સ્થિત**

સ્થાનકવાસી જૈન વિલેપારલા મુંબઈ વેલસેટલ્ડ સાધનસંપન્ન યુવક U.S.A. M.S (COMPUTER) જન્મ-1997, 5'5 મીડિયમબાધાને સુયોગ્ય કન્યાના વડીલો તરફથી લગ્ન સંબંધી બાયોડેટા વોટશોપ કરવા વિનંતી 9819201737. (દહેજ નહીં.). (૧૫૪૦૪-એ)

### ૧૦. મહિલાઓ માટે

**કાનનાં મોટાકાણાં**

દવાથી એક જ સીટીંગમાં પુરાવો તરત બુટ્ટી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલીઃ 9969388693/ 7506569229. (બી-૧૫૨૩૯)

**અડદીયા પાક**

ગુંદરપાક વસાણાથી ભરપૂર, ખીચીયા પાપડ, ખાખરા. સારી ક્વૉલીટી. 7303904945. (૧૫૨૪૦-એ)

**મહેમાનોનો ઉતારો**

બાપલી બંગલો રોજના ધોરણેથી બોરીવલી/કાંદિવલીમાં, બર્થડે, સગાઈ, પાર્ટી, એક્ઝિબિશન માટે 9821112796. (૧૫૨૭૬-એફ)

### ૧૨. યાત્રા સહેલગાહ

**નિઃશુલ્ક જાત્રા**

મુંબઈમાં ૬૫ વર્ષ ઉપરના માટે એક દિવસીય નેરુલ લોનાવાલામાં જૈન દેરાસર જાત્રા શ્રીમતી કુમુદ હિતેશ ચુનીલાલ પોપટલાલ ગુટકા ૭૩૦૪૪૭૨૫૮૧. (એસડીબી-૨૩૨૫)

### ૧૭. જગ્યા આપવી છે

**ખાર (વેસ્ટ)**

**3 / ૬ બેડરૂમનો વિશાળ ફ્લેટ - તદ્દન નવા બિલ્ડીંગમાં, પોશ એરિયામાં ફક્ત ગુજરાતી માટે, રેડી. ફોન :- ૯૮૬૭૧૫૩૩૭૭. (બી-૧૫૧૮૨)**

**સુરેન્દ્ર ગાલા**

સાંતાક્રુઝ (ઈસ્ટ/વેસ્ટ) 1/2/3 બેડરૂમ રેડી - બંધાતામાં, ભાડેથી/ વેચાણથી, લેવા-આપવા. 9870026887, Paras - 8879989196. (૧૫૨૦૬-એફ)

**''વિલેપાર્લે (વેસ્ટ)''**

''ઈર્લામાં 30 વર્ષના અનુભવી રેપ્યુટેડ બિલ્ડરના નવા બંધાતા RERA રજીસ્ટર્ડ પ્રોજેક્ટમાં સ્પેશીયસ 2 બેડરૂમના- 718' તથા 747' કાર્પેટ ફ્લેટ્સ (જોડીમાં પણ ઉપલબ્ધ)''. ''ટાર્ગેટેડ પઝેશનઃ ડિસેમ્બર, 2025 (વેચાણ ભાવઃ 35000+++ પ્રતિ કાર્પેટ)'' ''સેમ્પલ ફ્લેટ તૈયાર''. સાઈટ વિઝીટ તથા વધુ જાણકારી માટે. સંપર્કઃ 8591754120. (૧૫૨૦૬-એ)

**તારદેવ**

2 બેડરૂમ - 800' - કાર્પેટ - પાર્કિંગ - 3,50,00,000/= નેગોશીએબલ - શાહ - 9820068382. (૧૫૩૦૭-એ)

**ગ્રાન્ટરોડ**

3 બેડરૂમ- 1000' - કાર્પેટ-ફરનીસ્ટ- 5,25,00000/= નેગોશીએબલ- શાહ- 9820068382. (૧૫૩૦૭-બી)

**તારદેવ**

3 બેડરૂમ- 1600' - કાર્પેટ- પાર્કીંગ- 6,50,00000/= નેગોશીએબલ શાહ- 9820068382. (૧૫૩૦૭-સી)

**રાજસ્થાન એસ્ટેટ એજન્સી નેપયન્સી**

**પેડર વાલકેશ્વર બ્રીચ કેન્ડી અલ્ટમાઉન્ટ તારદેવ ગોવાલીયા ટેંક મરીન ડ્રાઈવ ચર્ચગેટ કફ પરેડ આકર્ષક ફ્લેટો કોમર્શીયલ જગ્યા સાથે લીવ લાઈસન્સથી લેવા વેચવા Contact ગોપાલભાઈ જયપુરવાલા 9322898994 મુકેશભાઈ મહેતા 9967502537. (૨૪૧)**

■ સેલ, 601, જેડ વેદાંત, બી એન રોડ, ૨ બીએચકે, ૭૪૧ કાર્પેટ, માટુંગા સેન્ટ્રલ માટુંગા અને કિંગ સર્કલ સ્ટેશનથી ૫ મિનિટ, ૩.૫૦ કરોડ નિગોશિએબલ સંપર્કઃ ૯૮૨૧૪૨૪૬૫૯. (બી-૧૫૨૭૭)

■ સાન્તાક્રુઝ/પાર્લા વેસ્ટ 2 બેડ ભાડેથી સ્ટેશન દેરાસર નજીક-7045622403. (બી-૧૫૨૭૯)

**માટુંગા**

ડોન બોસ્કો બે બેડરૂમ લીફ્ટ પાર્કિંગ નવા મકાન સાડા ત્રણ કરોડ ચોઈસમાં વિનોદઃ 9892980593. (બી-૧૫૨૩૩)

**માટુંગા**

જાયન્ટ સાઈઝ ત્રણ ચાર બેડરૂમ સાતથી દસ કરોડ વિનોદઃ 9892980593. (બી-૧૫૨૩૨)

### ૧૭. જગ્યા આપવી છે

**KHETHWADI**

For Sale / Rent 1 BHK (560'} 2 BHK (530'} Jodi Flat, 2nd Floor, Ownership, Lift available. Vijay Realtors 9224214227. (15411-C)

**TARDEO,**

Great Eastern Towers, Spacious 2 + Half Room, Cpt 1000, Cross Ventilation Podium, Gym, Pool, Play Turf, Steam, Low Maintenance Open Spaces, Owners No. 9152160026. (B-15133)

**VILEPARLE WEST**

**Near Railway Station, Jain Derasar. 2 BHK - 704, 3 BHK - 1015 / 1062 Carpet. 42K / PSF. Possession Aug 2025 (P51800055202) 9967791461. (15406/A)**

**DOSTI MEZZO SION,**

**Quiet Location All Amenities, Pool, Club, Gym, Possn in 6 months Group Booking Discounted Deals 2 Bed 3.20 Cr. ++ 3 Bed 4.45 Cr. ++ 8655929524. (B-15280)**

**VILEPARLE EAST**

0.50% brokerage. All outright Purchase, 1, 2, 3 BHK also Jodi Flat available. Contact Global Realtors 9867314771 / 8779732961. (B-15225)

**GHATKOPAR EAST**

Hingwala Lane, 2 & 3 BHK - Best & New Building with O.C., Ready Possession Flats, Near Jain Derasar / Apasray - Double Height Entrance Lobby - Jaquar Fittings & Designer Material Used - 2 Branded Elevators - Prime Location - 3 Side Open - Vastu Complaint.,Call: 8879390090. (15300-C)

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**''પેઈન્ટ ફેક્ટરી''**

**Goodwillથી આપવાની છે- 45 વર્ષથી ભાઈન્દરમાં ચાલતી NC PAINTS બનાવતી ફેક્ટરી નિવૃત્તિના કારણે આપવાની છે. દરેક license છેઃ 9892166900, 9773999421. (૧૫૩૦૯-એ)**

**વસઈ**

ઈન્ડસ્ટ્રીયલ ગાળા પ્લોટ લેવા/ વેચવા/ ભાડેથી રુષભ ઉપાધ્યાય 9049625073/ હિતેશ ઉપાધ્યાય 9326470109. (એસડીબી-૨૩૦૭)

**વસઈ**

**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા-ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

**SEWRI**

**Lease Gala 770, 900, 1600, 3200, 5000 sq. ft. 9867447391. (15274-A)**



(બી-૧૫૨૨૮)

**LONAVALA VILLA**

**Book Brand New Pure Veg 4+4 BHK Villa for New Year. Party Hall, Swimming Pools, Hill Views, Private Bar, Discotheque, Games Room. To book Zline D Villa, Contact Ms. Zil Shah 9769670155. (B-15273)**

### ૧૪. નોકરી ખાલી છે

જોઈએ છે મુંબઈના નામાંકિત જ્વેલરી શોરૂમ માટે
**અકાઉન્ટન્ટ**
(પાર્ટ ટાઈમ - age upto 55)
જ્વેલરી લાઈનનો મીનીમમ ૧૦ વર્ષનો અનુભવ જરૂરી
રેફરન્સ સહિત C.V. ઈમેલ કરો
sgaj1111@yahoo.com
(બી-૧૫૨૬૨)

**બોરીવલી વેસ્ટ**

અભિલાષા 2, પોશ, 3 B H K, 1150 ફુટ, સ્ટેશન, માર્કેટ, સ્કૂલ, હોટેલ્સ નજીકમાં, પાર્કિંગ સાથે, રેડી પઝેસન. 9920445444. (બી-૧૫૨૩૮)

**પરેલ/શિવરી**

અશોક ગાર્ડન્સ / ટાવર્સ ૨/૩/૪/૫ બેડરૂમ લેવા/વેચવા/ભાડેથી - ૯૬૧૯૦૧૪૫૫૫ / ૯૮૨૧૦૧૪૫૫૫. (બી-૧૫૧૮૦)

**ગોરાઈ - 2**

**કોર્નર ડી રૂમ 40, 3 બેડરૂમ હોલ કિચન, હાફ રુફ ટેરેસ, ઓલ RCC સીલીન્ગ્સ, બધા રૂમમાં વિન્ડો, ઈસ્ટ-વેસ્ટ ડાયરેક્સન સંપર્ક 8928598412. (૧૫૨૯૫-એ)**

**વલસાડ ઈસ્ટ- માંગલ્યમ મેડોઝ**

**ચાણવાઈ રાબડા રોડ, ૩ બેડરૂમ, ૪ બાથરૂમ, ૧૩૮૭ ફુટનું રોહાઉસ જે Lawn તેમજ ક્લબ હાઉસની સામે વેચવાનો છે. સંપર્કઃ 9892565909. (બી-૧૫૨૩૫)**

**FORJETT / TARDEO**

Residence / Commercial Properties available for Rent Sale Atul: 9820070445, 9920070445. (B-15213)

**SALE VILE PARLE (WEST)**

S. V. Road, Near Jain Mandir, 3 BHK, 1050 sq. ft., 2 Car Park, 4.30 Cr. Owner: 9820912133. (SDB-2318)

### ૨૦. ધંધાદારી જગ્યા

**દાદર (વેસ્ટ)**

સ્ટેશનની બાજુમાં, રોડ ફેસીંગ, 2500', પ્રિલીઝડ, કોમર્શિયલ, બીજે માળે, વેચાણથી. જેન્યુઇન પાર્ટી - દલાલ સંપર્કઃ 9324406269. (૧૫૨૮૧-એ)

**LOWER PAREL**

1200 sqft Office available for Leave & Licence. Only WhatsApp 7304472581 (Owner). (SDB-2323)

### ૨૩. મનોરંજન

**''બજેટ મુજબ''**

''દાંડિયા'', ''સંગીતસંધ્યા'', ''લગ્નગીત'', ''બર્થડે'', ''એનિવર્સરી'', ''પ્રાર્થના''. ''કમલેશ માંડલિયા'' - 9820889938. (૧૫૨૮૦-એ)

### ૩૧. નાણાંકીય

**એકાઉન્ટન્ટસ**

એકાઉન્ટસ, ઈન્કમટેક્ષ રિટર્ન, GST રિટર્ન, ટિડીએસ રિટર્ન વ્યાજબી દરે તમારે ત્યાં કરી આપીશું-7507797315 /7977866201. (બી-૧૫૧૮૫)

**ZERO MARGIN**

**Low Margin, Low Brokerage, Trade in Nifty, Bank Nifty, Stock, Commodity. Call 9833009385. (B-15264)**



(B-15283)

### ૩૨. જમીન-મિલકત

■ વેચવાનો છે પ્લોટ 1200 વારનો, અમદાવાદના પાલડી, વિસ્તારના પ્રાઈમ લોકેશનમાં સંપર્કઃ 9979728899, 9727241044. (બી-૧૫૨૯૧)

### ૩૩. ધંધાદારી

**ગોલ્ડ/ હીરા**

ગોલ્ડ શોપ પર સોનું, ચાંદી અને હીરા ખરીદો અને ખરીદીની રકમ પર દર અઠવાડિયે કેશબેક મેળવો... વધુ માહિતી માટે સંપર્ક કરો - 9223407006. (બી-૧૫૨૫૮)



(બી-૧૫૨૬૫)

DOMBIVLI EAST, PRIME Educational Property, Outright Sale, 14,000 plus sq. ft., designed to accommodate 2000 plus students, those seeking to Establish / Expand School / College Activity Contact 8356053485. (B-15290)

અમદાવાદ મધ્યે નવરંગપુરા વિજય ચાર રસ્તા પાસે
Pre Lease Ground Floor (New Complex) Given to KFC
FOR SALE
100% Cheque Payment Accepted
98250 28012
(બી-૧૫૨૯૨)

**PLOT FOR SALE GHATKOPAR (W)**

**Ghatkopar (West), Walking Distance 5 minutes from Metro. 1000 sq. meters Freehold Plot. Clear Title. Very good for Ownership Project with Parking. Contact: 81081-19801 / 85919-77078. (B-15223)**

### ૩૩. ધંધાદારી

**''પાણીની ટાંકીઓ''**

''મશીનથી કૂવા-સોસાયટીની- ઘરની ટાંકીઓની સફાઈ.'' ''યોગી એન્ટરપ્રાઈઝ'' 9820776583 / 9892298963. (૧૫૨૯૧-એ)

**દુનિયાભરમાં પાર્સલ**

નાસ્તો, મસાલા, કપડાં, બીજો સામાન હોલસેલમાં અમેરિકા, કેનેડા યુરોપ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુકે, દુબઈ, સિંગાપુર- 9769691025/ 26822572. (બી-૧૫૧૭૭)

**''પ્રતાપ પેકર્સ-મુવર્સ''**

50 વર્ષથી ઓફિસ/ઘરસામાન, ફેરવવા- ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૨૬૦૫-એ)

**EXPORT - IMPORT**

Singapore Shipping Professional, 30 years experience, willing to Join/Take-Over small running Export-Import business as working partner/profit-sharing/Any mutual terms in India/Abroad. 9923456635. (239)

**TAX COMPLIANCES**

We provide Professional Service for Income Tax, TDS, all GST Returns, along with Reconciliation and Audit in Western Suburbs. Contact: Mehul Mehta: 9870150010. Sonal Mehta 9869256974. (B-15272)

### ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**મહાલક્ષ્મી જ્યોતિષ**

**તાત્કાલિક સમાધાન લવ પ્રોબ્લેમ, છુટાછેડા, સાસ બહુ/પતિ-પત્ની અણબનાવ, લગ્નમાં રૂકાવટ, કામ ધંધામાં નુકસાન, પ્રેમમાં અસફળતા, છોકરા છોકરી કહેવામાં નથી. ફીસ કામ પછી. 9321554879. (૧૫૨૯૭-એ)**

### ૪૦. ઈન્ટીરીઅર ડેકોરેશન

**ઈન્ટિરિયર ડિઝાઈનર**

કમ્પ્લીટ- 2 બેડરૂમ 3D ડ્રોઈંગ 4,000/=, 3 બેડરૂમ 3D ડ્રોઈંગ 5,000/=, સ્પેશિયલાઈઝ બાથરૂમ, કિચન રીનોવેશન, કમ્પ્લીટ ઈન્ટિરિયર ડિઝાઈનિંગ, પ્લાનિંગ, રીનોવેશન. Whatsapp 8989282877. (૧૫૩૦૮-બી)

### ૫૨. કુરીઅર્સ

**મનસ્વી પાર્સલ**

યુરોપ, અમેરિકા, ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલીયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. 9820194719 / 7208019515. (૧૫૦૨૬-એ)



**મુંબઈ સમાચાર**

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com



## મુંબઈ સમાચાર ના ઓથોરાઈઝડ ક્લાસિફાઈડ ડેપો લીસ્ટ

MIRA ROAD
ASHANSHI ADVERTISING & PRESS RELATION
Tel: 28114235 / 28114295 / 28553722
DAHISAR
KENIA AD AGENCY
Tel: 28905993,28925993
BORIVALI
EXPRESS ADVTG. AG.
Tel. :9820401077/ 9820401099/ 28339977.
KOKISHA ADVERTISING
Tel.: 28950139 / 28932877
Mobile: 9820200500.
SHREE VERSATILE
Tel: 022-28993348 / 022-28993349
TENDER ADS.
Tel.: 28902057/28918881 / 28901049.
Mobile: 9821112796.
KANDIVALI
ARIHANT ADVERTISING
Tel: 28627468/28626679.
Fax: 28631357.
GAYATRI PUBLICITY CO.
Tel: 28055819/32508525.
NEW BOOM ADS.
Tel: 9821153364/9322232712
PRANAV PUBLICITY
Tel.: 28693300/9820295421/ 9820006816
Tele Fax: 28685505/28646115
JEET ADVERTISING AGENCY
Tel: 9820006816/ 28989990
Tele Fax: 55713747.
VIKSON ADVERTISING AGENCY
Tel: 28645005.
Fax: 28644004.
MALAD
SIGNATURE ADVERTISING
Mobile: 9820489442 / 9819454050
SHRADDHA PUBLICITY
Tel: 28880404.
Mobile: 9224674744
SYNERGY ADVERTISING
Tel.: 28891428/9869101801/ 9029101801
YASHI ADVERTISING
Mobile: 9820855578/ 9820877810/ 28898297.
Tel.: Fax: 2807 8255
NOBLE PUBLICITY SERVICE PVT. LTD.
Tel: 28881426/28897301.
Fax: 28897567.
GOREGAON
ASHUTOSH LEGEND MULTI-MEDIA P. LTD.
Tel: 28779143, 28742201
Tel. Fax: 28741360.
ADRESULT SERVICES
Tel: 28726291
Tel. Fax: 28762157.
SHARK ADVERTISING PVT.LTD
Tel: 26863587 / 26863597
Mobile: 9820223503
SHREE REKHA AGENCY
Tel: 29275033/ 9819099563
S. ARTS ADVERTISING
M: 8356803979/ 9867615899
JOGESHWARI
TECHNO-KRATS ENTERPRISES
Tel. Fax: 2679 5549.
ANDHERI
PRIME PUBLICITY SERVICE
Tel: 56771190/26839686.
Tel. Fax: 26830304
FAMS ADVERTISER
Tel: 26715389/64173276
SMART ADVERTISERS
Mobile: 9322006833
Tel. Fax: 26846833.
LOKHANDWALA ADVERTISING
Tel: (022) - 46732289
Tele. Fax: 26316960
VILE PARLE
MEHTA ADVERTISING AGENCY
Tel: 26711896, 9821522195
HINDUSTAN ADVERTISING & MARKETING
Tel. 26146229, Mob: 9869577941
SANTACRUZ
URS PUBLICITY
Tel: 26177838. Mobile: 9869088972.
KHAR
KIRTI AGENCIES
Tel: 26047542. Tel Fax: 26053675
MAHIM
CHARUDATTA ADVERTISING
Tel: 24221461. Fax: 24316482.
MATUNGA (C.R.)
PREVIEW ADS & DESIGNS
Tel: 24033462/32509565.
Fax: 24024313.
DADAR
B.Y. PADHYE PUBLICITY SERVICE
Tel: 24229241.
TARDEO
SARJAN ADVERTISING CO.
Tel: 66626983/66602032
OPERA HOUSE
Lemon Star Advertising Agency
Tel: 49711349, M-9323225769
GIRGAON
KAIRLEEN ARTS.
Tel: 23866072 / 23891317
Mobile: 9324945454 / 9892097470
BHULESHWAR
KHOOSHI CREATIONS
Mobile: 9869000624, 7977013553
Tel. 22425899.
BYCULLA
COLOR SPOT
Tel: 23748048/23714748
Tel. Fax:23732511.
TAJ PUBLICITY SERVICES
Tel: 23054894/23052149
Tel Fax: 23079854.
ABDUL REHMAN ST.
GANESH ADVERTISERS
Tel: 23429163/23414596.
MASJID BUNDER
GAUTAM ADVERTISING
Mobile: 09821054179/ 08080453839.
C. S. M. T.
JAYA ADVERTISING PVT. LTD.
Tel: 22070382/ 22072500
KALBADEVI
P. V. ADVERTISER
Tel: 26768888
Fax: 26790755
NARIMAN POINT
FCA COMMUNICATION
Tel: 22824213.
MARINE DRIVE
PARTH ADVERTISING & MARKETING
Tel: (022) 35948193
Mobile: 9820689070
THANE
HEM-HIRA PUBLICITY
Tel: 32935537
Tel. Fax: 25360269
Mobile: 9869489269
MULUND
MAHESH ADVERTISING AND DESIGNING
Tel: 25916735/2469.
Tel. Fax: 25682469.
PARESH ADVERTISING SERVICE
Tel: 25618851/25614505.
Mobile: 9820391544
SMITE PUBLICIZE
Tel: 022 - 25609674 - 25612007
Mobile: 9821364422 / 9324811105
GHATKOPAR
MARISHA COMMUNIQUE
Tel: 21022286
Tel.Fax: 21023498
ROYAL ADVERTISERS
Mobile: 9819995622/ 9819175581
Tel: 21026993
SMIT ADVERTISING
Mobile: 9821038260 / 9320038260
SINGHAL PUBLICITY
Tel: 55758001/25966504.
Fax: 25131327.
K PARTH PUBLICITY
Ph. 25010606/25103939
Mob.- 9819116116
CHEMBUR
AGARWAL ASSOCIATES
Tel: 25290741
Tel. Fax:25230002.
Mobile: 9004055773/4/6/2
BHAYANDER (EAST)
WHITE ADVERTISING
Tel: (0) - 28171216, 65229804
Mobile: 9324545986
NALLASOPARA (EAST)
RUTURAJ ADVERTISING AGENCY
Tel: 9082826024 / 9819760130, 9773082684
VIRAR (EAST)
AAKAR PUBLICITY
Mobile: 9768110020 / 9892780722

# વિશ્વ બજાર પાછળ સોનામાં સાપ્તાહિક ધોરણે ₹ ૧૫૪૫નું ગાબડું, પરંતુ વધુ ઘટાડાના આશાવાદે જ્વેલરોની નવી લેવાલી અટકી

કોમોડિટી

રમેશ ગોહિલ

અમેરિકી ફેડરલ રિઝર્વની ગત ૧૭-૧૮ ડિસેમ્બરની નીતિવિષયક બેઠકના અંતે બજારની અપેક્ષાનુસાર વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો કાપ મૂક્યો હતો, પરંતુ આગામી વર્ષ ૨૦૨૫માં ફુગાવો વધવાની શક્યતાને ધ્યાનમાં લેતા વ્યાજદરમાં ઓછી અર્થાત્ માત્ર બે વખત જ કપાત કરવાનો અવકાશ રહેશે, એમ જણાવતાં વૈશ્વિક સોનામાં ઊંચા મથાળેથી વેચવાલીનું દબાણ વધતાં ભાવમાં પીછેહઠ જોવા મળી હતી. જોકે, સપ્તાહના અંતે જાહેર થયેલા નવેમ્બર મહિનાના ફુગાવામાં સાધારણ વધારો થયો હોવાના નિર્દેશ સાથે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ ખાતે હાજરમાં સોનાના ભાવમાં ઘટ્યા મથાળેથી ૧.૨ ટકાનો સુધારો આવ્યો હતો. તેમ છતાં ભાવમાં સાપ્તાહિક ધોરણે ૦.૯ ટકા જેટલો ઘટાડો નોંધાયો હતો. આમ એકંદરે વૈશ્વિક બજારના નિરુત્સાહી અહેવાલે સ્થાનિક ઝવેરી બજારમાં પણ ગત સપ્તાહ દરમિયાન સોનના ભાવમાં બેતરફી વધઘટ જોવા મળી હતી. આ બેતરફી વધઘટમાં ખાસ કરીને જ્વેલરી ઉત્પાદકો નવી ખરીદી માટે અવઢવમાં મૂકાઈ ગયા હતા અને તેઓએ હવે થોભો અને રાહ જુઓની નીતિ અપનાવી હતી.

ઈન્ડિયા બુલિયન ઍન્ડ જ્વેલર્સ એસોસિયેશનની આંકડાકીય માહિતી અનુસાર ગત સપ્તાહના આરંભે હાજરમાં ૯૯૯ ટચ સોનાના વેરા રહિત ધોરણે ભાવ આગલા સપ્તાહના અંત અથવા તો ગત ૧૩મી ડિસેમ્બરના ૧૦ ગ્રામદીઠ રૂ. ૭૬,૯૨૨ના બંધ સામે સાધારણ નરમાઈના અન્ડરટોને ૭૬,૯૦૮ના મથાળે ખૂલ્યા બાદ સપ્તાહ દરમિયાન ઉપરમાં રૂ. ૭૬,૯૦૮ અને નીચામાં સપ્તાહના અંતે રૂ. ૭૫,૩૭૭ના મથાળે બંધ રહ્યા હતા. આમ ભાવમાં સાપ્તાહિક ધોરણે ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૫૪૫ અથવા તો બે ટકા જેટલો ઘટાડો આવ્યો હતો. જોકે, ગત સપ્તાહે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહ્યું હોવાથી સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં સાપ્તાહિક ધોરણે ૨૬ પૈસાનું ધોવાણ થયું હતું અને ૮૫.૦૪ની સપાટીએ બંધ રહ્યો હતો. એકંદરે ડૉલર સામે રૂપિયો નબળો પડવાથી સ્થાનિકમાં સોનાની આયાત પડતરોમાં વધારો થવાને કારણે સ્થાનિકમાં વિશ્વ બજારની સરખામણીમાં ભાવઘટાડો મર્યાદિત રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે આ પૂર્વેના સપ્તાહે સ્થાનિકમાં સોનાના ભાવ એક તબક્કે વધીને રૂ. ૭૯,૧૨૦ની સપાટી સુધી પહોંચ્યા હતા. અગાઉ વ્યાજદરમાં કપાતના આશાવાદને કારણે ભાવમાં તેજીનું વલણ જોવા મળ્યા બાદ ફેડરલે વ્યાજદરમાં કપાત કરવાની સાથે સાથે ભવિષ્યમાં હળવી નાણાનીતિને બદલે તંગ નાણાનીતિ અપનાવીને આગામી વર્ષ ૨૦૨૫માં માત્ર બે જ વખત કપાતની શક્યતા વ્યક્ત કરતાં ભાવમાં પીછેહઠ જોવા મળી હતી. જોકે, હવે જ્વેલરો હવે નવી ખરીદી અટકાવીને વધુ ઘટાડાની રાહ જોઈ રહ્યા છે અથવા તો થોભો અને રાહ જૂઓની નીતિ અપનાવી રહ્યા હોવાનું ચેન્નાઈ સ્થિત એક જ્વેલરે જણાવ્યું હતું. નોંધનીય બાબત એ છે કે તાજેતરમાં જ્વેલરોની ખરીદીમાં ઘટાડો થવાથી ડીલરો સોનાના ભાવ વૈશ્વિક ભાવની સરખામણીમાં ઔંસદીઠ આઠ ડૉલર ડિસ્કાઉન્ટમાં ઓફર કરી રહ્યા છે, જ્યારે ગત સપ્તાહે નવ ટકા ડિસ્કાઉન્ટ ઓફર થઈ રહ્યું હોવાના અહેવાલ હતા.

અન્ય એક ડીલરે જણાવ્યું હતું કે ગત સપ્તાહે વૈશ્વિક સોનામાં ભાવઘટાડો અને સ્થાનિક સ્તરે ડૉલર સામે રૂપિયો નબળો પડી રહ્યો હોવાથી જ્વેલરોની ખરીદી શાંત રહી હતી. એકંદરે ડિસેમ્બર મહિનાના પહેલા પખવાડિયા દરમિયાન સોનાની ભાવસપાટી ઊંચી હોવાથી ડિસેમ્બરમાં સોનાની આયાતમાં ઘટાડો જોવા મળે તેવી શક્યતા વ્યક્ત કરતા તેમણે ઉમેર્યું હતું કે સોનામાં ગ્રાહકલક્ષી માગ પણ ખાસ કરીને ઓછું વજન ધરાવતા અને ઓછા કેરેટ ધરાવતાં આભૂષણોમાં માગ વધુ જોવા મળી રહી છે. નોંધનીય બાબત એ છે કે ગત સપ્તાહે સોનાના વૈશ્વિક ભાવમાં ભારે ચંચળતા રહેવાને કારણે સોનાના વૈશ્વિક અગ્રણી વપરાશકાર દેશ ચીન ખાતે પણ માગ શુષ્ક રહેતાં ડીલરો સોનાના ભાવ વૈશ્વિક ભાવની સરખામણીમાં ઔંસદીઠ પાંચ ડૉલર ડિસ્કાઉન્ટમાં ઓફર કરી રહ્યાના અહેવાલ હતા.

આગામી વર્ષમાં તંગ નાણાનીતિ અંગેના ફેડરલના સંકેતને ધ્યાનમાં લેતા ગત સપ્તાહે સોનામાં વેચવાલીનું દબાણ જોવા મળ્યું હતું. વધુમાં ગત સપ્તાહે જાહેર થયેલા અમેરિકાના જીડીપીના ડેટા પણ પ્રોત્સાહક આવ્યા હોવાથી ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ અને અમેરિકી ટ્રેઝરીની યિલ્ડમાં પણ વધારો થવાથી સોનાના ભાવ વધુ દબાણ હેઠળ આવ્યા હોવાનું એસએમસી ઈન્વેસ્ટમેન્ટ્સ ઍન્ડ ઍડ્વાઈઝર્સના વિશ્લેષકે જણાવતા ઉમેર્યું હતું કે વર્તમાન સ્થિતિને ધ્યાનમાં લેતા હાલમાં સોનાના અગ્રણી વપરાશકાર દેશ ચીન અને ભારતની માગ નિરસ હોવાથી આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ભાવની સ્થિતિ પડકારજનક જણાઈ રહી છે. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે અમેરિકી ફેડરલ રિઝર્વ હળવી નાણાનીતિ અપનાવે તેવી શક્યતા, મધ્યપૂર્વના દેશોમાં રાજકીય-ભૌગોલિક અનિશ્ચિતતા અને કેન્દ્રવર્તી બૅન્કોની સોનામાં લેવાલીને ટેકે આ વર્ષમાં અત્યાર સુધીમાં સોનાના ભાવમાં ૨૫ ટકા જેટલો ઊછાળો આવ્યો છે. વધુમાં તેમણે ઉમેર્યું હતું કે છેલ્લી નીતિવિષયક બેઠકમાં ફેડરલ રિઝર્વે વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો કાપ મૂક્યો હોવાથી ડૉલર ઈન્ડેક્સ વધીને નવેમ્બર, ૨૦૨૨ પછીની સૌથી ઊંચી સપાટીએ પહોંચ્યો હતો. વધુમાં ગત સપ્તાહે અમેરિકા ખાતે બેરોજગારી ભથ્થું મેળવવા માટેની અરજી કરનારાઓની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો થયો હોવાને કારણે પણ ફેડરલ રિઝર્વ ભવિષ્યમાં વ્યાજદરમાં કપાત માટે સાવચેતીનો અભિગમ અપનાવે તેવી શક્યતા વધુ પ્રબળ બની છે. અમારા મતાનુસાર આગામી સપ્તાહ દરમિયાન સોનાના વૈશ્વિક ભાવ ઔંસદીઠ ૨૫૫૦થી ૨૬૪૦ ડૉલર આસપાસની રેન્જમાં રહે તેવી શક્યતા છે, જ્યારે સ્થાનિકમાં સોનાના ઓનલાઈન વાયદામાં ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૭૪,૦૦૦થી ૭૬,૮૦૦ની રેન્જમાં રહે તેવી શક્યતા તેમણે વ્યક્ત કરી હતી.

દરમિયાન ગત સપ્તાહના અંતે અમેરિકાના નવેમ્બર મહિનાના કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સમાં સાધારણ ૦.૧ ટકાની વૃદ્ધિ થઈ હોવાના અહેવાલ સાથે ડૉલર ઈન્ડેક્સમાં ૦.૬ ટકા જેટલો ઘટાડો થવાથી ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમૅક્સ વિભાગ પર હાજરમાં સોનાના ભાવ આગલા બંધ સામે ૧.૨ ટકા વધીને ઔંસદીઠ ૨૬૨૪.૧૫ ડૉલર અને વાયદામાં ભાવ ૧.૪ ટકા વધીને ૨૬૪૫.૧૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તાજેતરમાં પર્સનલ કન્ઝમ્પશન એક્સ્પેન્ડિચર ડેટા જ નહી, પરંતુ પર્સનલ ઈન્કમ અને પર્સનલ ખર્ચના ડેટા પણ અપેક્ષા કરતાં નબળાં આવ્યા હોવાથી સોનામાં રોકાણકારો પુનઃ નવી પોઝિશન લે તેવી શક્યતા બ્લ્યુ લાઈન ફ્યુચર્સનાં ચીફ માર્કેટ સ્ટ્રેટેજિસ્ટ ફિલિપ સ્ટ્રેબિલે વ્યક્ત કરી હતી. આમ વૈશ્વિક બજારમાં સપ્તાહના અંતમાં બાઉન્સબૅક જોવા મળ્યું હોવાથી સ્થાનિકમાં પણ સપ્તાહના આરંભે સોનામાં ઘટ્યા મથાળેથી સુધારો જોવા મળે તેવી શક્યતા સૂત્રો વ્યક્ત કરી રહ્યા છે.

## એફએસએસએઆઈએ એક્સપાયર્ડ/રિજેક્ટ થયેલાં ઉત્પાદનોની ત્રિમાસિક ધોરણે માહિતી આપવાનું ફરજિયાત બનાવ્યું

નવી દિલ્હીઃ ખાદ્ય ચીજોનાં લાઈસન્સધારક ઉત્પાદકો અને આયાતકારોએ એક્સપાયર્ડ થયેલી અને રિજેક્ટ થયેલી ચીજોની આંકડાકીય વિગતો ફૂડ સેફ્ટી ઍન્ડ સ્ટાન્ડર્ડ્સ ઑથૉરિટી ઑફ ઈન્ડિયા (એફએસએસએઆઈ)ની ઓનલાઈન ફોસ્કોસ (એફઓએસસીઓએસ) યંત્રણા મારફતે દર્શાવવાનું ફરજિયાત બનાવ્યું છે જેથી તેનું માનવ વપરાશ માટે થતું પુનઃ વેચાણ અટકાવી શકાય.

આ સંદર્ભે એફએસએસએઆઈ એ ગત ૧૬મી ડિસેમ્બરના રોજ નિર્દેશ બહાર પાડ્યો હતો. નોંધનીય બાબત એ છે કે આ નિર્દેશ રિપેકરો અને રિલેબલરોને પણ લાગુ પડે છે.

નવી રિપોર્ટિંગ આવશ્યકતાઓમાં મુખ્યત્વે ત્રણ બાબતો આવરી લેવામાં આવી છે. જેમાં આંતરિક સ્તરની ગુણવત્તા પરીક્ષણ અથવા તો નિરીક્ષણમાં નિષ્ફળ રહેલા ઉત્પાદનોનો જથ્થો, ઉત્પાદનોની પુરવઠા ચેઈન તરફથી એક્સપાયર્ડ અથવા તો પરત આવેલ ઉત્પાદનનો જથ્થો અને ત્રીજું આવાં ઉત્પાદનોના નિકાલ અંગેની વિનાશ, લિલામ, વૈકલ્પિક વપરાશ અંગેની ચોક્કસ ખરીદદારની અથવા તો વેસ્ટ ડિસ્પોઝલ એજન્સીની માહિતી આપવાનો સમાવેશ થાય છે.

આ પગલાંનો મુખ્ય હેતુ પશુ આહારની આડશ હેઠળ એક્સપાયર્ડ/રિજેક્ટ થયેલાં ઉત્પાદનોનું પુનઃવેચાણ અને રિબ્રાન્ડિંગ અટકાવવાનો છે. તેમ જ આ પગલાંથી એક્સપાયર્ડ કે રિજેક્ટ થયેલાં ઉત્પાદનોનો નિકાલ ક્યાં અને કેવી રીતે થયો તેની વિગત મળવાની સાથે તેનો નિકાલ અથવા તો તેનું લિલામ માનવ વપરાશ સિવાયના ઉપયોગ માટે થયો હોવાનું જણાશે.

જોકે, હજુ ફોસ્કોસ (ફૂડ સેફ્ટી ઍન્ડ કોમ્પ્લાયન્સ સિસ્ટમ)નું રિપોર્ટિંગ ફંક્શન વિકસાવવામાં આવી રહ્યું છે ત્યારે નિયમનકારે ખાદ્ય ઉત્પાદકોને સિસ્ટમ તૈયાર થાય ત્યારે વિગતોનું સબમિશન ત્વરિત થઈ જાય તે માટે ડેટા એકત્રિત કરવાનું શરૂ કરવા માટે જણાવ્યું છે.

## વિદેશી હૂંડિયામણની અનામતમાં બે અબજ ડૉલરનો ઘટાડો

મુંબઈઃ ગત ૧૩મી ડિસેમ્બરના રોજ પૂરા થયેલા સપ્તાહે દેશની વિદેશી હૂંડિયામણની અનામત ૧.૯૮૮ અબજ ડૉલર ઘટીને ૬૫૨.૮૬૯ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ સાપ્તાહિક આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે. નોંધનીય બાબત એ છે કે આ પૂર્વેના સપ્તાહે અનામત ૩.૨૩૫ અબજ ડૉલર ઘટીને ૬૫૪.૮૫૭ અબજ ડૉલરના સ્તરે રહી હતી.

નોંધનીય બાબત એ છે કે છેલ્લાં કેટલાંક સપ્તાહથી અનામતમાં ઘટાડો જોવા મળી રહ્યો છે, જેનું કારણ રિવેલ્યુએશન ઉપરાંત હાજર બજારમાં ડૉલર સામે રૂપિયામાં જોવા મળેલી ભારે ચંચળતાને મર્યાદિત રાખવા માટે રિઝર્વ બૅન્ક દ્વારા ડૉલરની થતી વેચવાલી જેવાં કારણોસર અનામતમાં ઘટાડો થઈ રહ્યો છે. જોકે, ગત સપ્ટેમ્બર મહિનામાં અનામત ૭૦૪.૮૮૫ અબજ ડૉલરની ઑલ ટાઈમ હાઈ સપાટીએ પહોંચી હતી.

દરમિયાન સમીક્ષા હેઠળના સપ્તાહમાં દેશની કુલ વિદેશી હૂંડિયામણની અનામતમાં મુખ્ય હિસ્સો ધરાવતી વિદેશી ચલણી અસ્ક્યામતો ૩.૦૪૭ અબજ ડૉલર ઘટીને ૫૬૨.૫૭૬ અબજ ડૉલરની સપાટીએ રહી હતી. જોકે, વિદેશી ચલણી અસ્ક્યામતોમાં ડૉલર સિવાય યુરો, પાઉન્ડ અને યેન જેવાં અન્ય ચલણો સામે સપ્તાહ દરમિયાન રૂપિયામાં સામે થયેલી વધઘટને પણ ધ્યાનમાં લેવામાં આવતી હોય છે. વધુમાં ગત સપ્તાહે ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેના સ્પેશિયલ ડ્રોઈંગ રાઈટ્સ ૩.૫ કરોડ ડૉલર ઘટીને ૧૭.૯૯૭ અબજ ડૉલર અને ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેની અનામત પણ ૨.૭ કરોડ ડૉલર ઘટીને ૪.૨૪ અબજ ડૉલરની સપાટીએ રહી હતી, જ્યારે એકમાત્ર સોનાની અનામત ૧.૧૨૧ અબજ ડૉલર વધીને ૬૮.૦૫૬ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્કે યાદીમાં ઉમેર્યું હતું.

## વર્ષ ૨૦30 સુધીમાં દેશમાં ઈલેક્ટ્રિક વાહનોની બજારનું કદ ₹ ૨૦ લાખ કરોડનું થશે અને પાંચ કરોડ રોજગારનું સર્જન થશેઃ ગડકરી

નવી દિલ્હીઃ આગામી વર્ષ ૨૦૩૦ સુધીમાં દેશમાં ઈલેક્ટ્રિક વાહનોની બજારનું કદ રૂ. ૨૦ લાખ કરોડના આંકને સ્પર્શશે અને સમગ્ર ઈલેક્ટ્રિક વાહનોની ઈકોસિસ્ટમમાં પાંચ કરોડ રોજગારનું સર્જન થશે, એમ કેન્દ્રિય પ્રધાન નીતિન ગડકરીએ આજે જણાવ્યું હતું.

અત્રે યોજાયેલી 'આઠમી કેટાલિસ્ટ કોન્ફરન્સ ઓન સસ્ટેઈનેબિલિટી ઑફ ઈ-વેહિકલ ઈન્ડસ્ટ્રી-ઈવીએક્સપો ૨૦૨૪'ને સંબોધિત કરતા તેમણે જણાવ્યું હતું કે વર્ષ ૨૦૩૦ સુધીમાં ઈલેક્ટ્રિક વેહિકલ્સની ફાઈનાન્સ માર્કેટનું કદ પણ વધીને અંદાજે રૂ. ચાર લાખ કરોડ સુધી પહોંચશે.

આગામી વર્ષ ૨૦૩૦ સુધીમાં ભારતીય ઈલેક્ટ્રિક વેહિકલ માર્કેટમાં રૂ. ૨૦ લાખ કરોડની બજારનું કદ પહોંચવાની તેમ જ પાંચ કરોડ રોજગારીનું સર્જન કરવાની ક્ષમતા હોવાનું રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે ખાતાના પ્રધાને જણાવતાં ઉમેર્યું હતું કે દેશમાં થતાં વાયુ પ્રદૂષણમાં ટ્રાન્સપોર્ટ ક્ષેત્રનો હિસ્સો ૪૦ ટકા જેટલો બહોળો છે. આપણે રૂ. ૨૨ લાખ કરોડનાં ઈંધણની આયાત કરીએ છીએ એ પણ એક પડકાર છે અને તેને કારણે દેશમાં ઘણી સમસ્યા પણ સર્જાતી હોય છે.

ગડકરીના મતાનુસાર સરકાર ગ્રીન એનર્જી પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે કારણ કે દેશનાં કુલ પાવર બાસ્કેટમાં સોલારનો હિસ્સો ૪૪ ટકા છે. અમે મુખ્યત્વે સૌપ્રથમ હાઈડ્રો પાવરને અગ્રતાક્રમ આપીએ છીએ ત્યાર બાદ સોલાર પાવર, ગ્રીન પાવર, ખાસ કરીને બાયોમાસમાંથી અને હવે આપણા તમામ માટે સોલાર પાવર ખૂબ મહત્ત્વનો છે.

જોકે, તેમણે દેશ ઈલેક્ટ્રિક બસની અછતનો સામનો કરી રહ્યો હોવાનું જણાવતા ઉમેર્યું હતું કે આપણા દેશમાં એક લાખ ઈલેક્ટ્રિક બસની આવશ્યકતા છે, પરંતુ તેની સામે આપણી ક્ષમતા ૫૦,૦૦૦ની છે. આથી હું તમને અરજ કરું છું કે તમારા એકમોનું વિસ્તરણ કરવાનો આ યોગ્ય સમય છે. જોકે, તેમણે ઈલક્ટ્રિક વાહનોના ઉત્પાદકોને ગુણવત્તા સાથે બાંધછોડ ન કરવાની પણ તાકીદ કરી હતી.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે મે જ્યારે વર્ષ ૨૦૧૪માં ટ્રાન્સપોર્ટ ખાતાના પ્રધાન તરીકે કારોબાર સંભાળ્યો ત્યારે ઑટોમોબાઈલ બજારનું કદ રૂ.સાત લાખ કરોડનું હતું, જ્યારે હવે તેનું કદ રૂ. ૨૨ લાખ કરોડનું થઈ ગયું છે અને ઓટોમોબાઈલની વૈશ્વિક બજારમાં તાજેતરમાં ભારત જાપાનથી આગળ નીકળીને ત્રીજો ક્રમાંક ધરાવે છે. હાલમાં અમેરિકાની ઑટોમોબાઈલ બજારનું કદ રૂ. ૭૮ લાખ કરોડ, ચીનનું કદ રૂ. ૪૭ લાખ કરોડ અને ભારતનું કદ રૂ. ૨૨ લાખ કરોડની સપાટીએ રહ્યું છે.

## વર્તમાન રૂ મોસમમાં ઓછું ઉત્પાદન થતાં નિકાસમાં ૩૬.૫ ટકા ઘટાડાની શક્યતાઃ સીએઆઈ

મુંબઈઃ ગત ઑક્ટોબર મહિનાથી શરૂ થયેલી વર્તમાન વર્ષ ૨૦૨૪-૨૫ની રૂ મોસમમાં ખાસ કરીને ઉત્તર ભારત અને ગુજરાતમાં વાવેતર વિસ્તારમાં ઘટાડો અને ઊપજ ઓછી રહેતાં ઉત્પાદનમાં ઘટાડો થતાં રૂની નિકાસ આગલી મોસમની ૨૮.૩૬ લાખ ગાંસડી (પ્રત્યેક ૧૭૦ કિલોગ્રામ) સામે ૩૬.૫૩ ટકાના ઘટાડા સાથે ૧૮ લાખ ગાંસડી આસપાસ રહેવાની શક્યતા કોટન એસોસિયેશન ઑફ ઈન્ડિયાએ એક આંકડાકીય માહિતીમાં વ્યક્ત કરી છે.

વર્તમાન રૂ મોસમમાં નિકાસમાં ઘટાડાનું મુખ્ય કારણ ઓછો વાવેતર વિસ્તાર હોવાનું એસોસિયેશનના પ્રમુખ અતુલ ગણાત્રાએ જણાવતાં ઉમેર્યું હતું કે આ વર્ષે ખાસ કરીને ઉત્તર ભારતમાં પંજાબ, હરિયાણા અને રાજસ્થાનમાં કપાસનો વાવેતર વિસ્તાર ૩૫ ટકા જેટલો ઘટ્યો છે, જ્યારે ગુજરાતમાં વાવેતર વિસ્તાર ૧૫ ટકા ઘટ્યો છે. જોકે, વાવેતર વિસ્તાર ઘટવાની સાથે ઉત્પાદનમાં પણ ઘટ થવાથી વૈશ્વિક બજારની સરખામણીમાં સ્થાનિકમાં રૂના ભાવમાં ટકેલાથી મક્કમ વલણ જોવા મળશે, એમ તેમણે ઉમેર્યું હતું.

વધુમાં એસોસિયેશનની આંકડાકીય માહિતી અનુસાર ગત વર્ષ ૨૦૨૩-૨૪ની મોસમમાં કુલ પ્રેસિંગ આગલી મોસમના ૩૨૭.૪૫ લાખ ગાંસડી સામે ઘટીને ૩૦૨.૨૫ લાખ ગાંસડીનું થયું હતું. દરમિયાન ગત નવેમ્બરના અંત સુધીમાં કુલ પુરવઠો ૧૦૮.૪૧ લાખ ગાંસડીનો રહ્યો હતો, જેમાં પ્રેસિંગ થયેલી ૬૯.૨૨ લાખ ગાંસડી, નવ લાખ ગાંસડીની આયાત અને ૩૦.૧૯ લાખ ગાંસડી ખૂલતી મોસમના સ્ટોકનો સમાવેશ થાય છે.

વધુમાં એસોસિયેશને ગત નવેમ્બર સુધીમાં ૫૪ લાખ ગાંસડી રૂના વપરાશનો અને ચાર લાખ ગાંસડીની નિકાસના અંદાજ સાથે ગત ૩૦ નવેમ્બરના અંતે ૫૦.૪૧ લાખ ગાંસડી રૂનો સ્ટોક રહ્યો હોવાનો અંદાજ મૂક્યો હોવાનું યાદીમાં ઉમેર્યું હતું.


મુંબઈ સમાચાર
કલાસિફાઇડ ધમાકા

આપના ઉત્તમ પ્રતિસાદને ધ્યાનમાં લઈ હવે ૩૧મી માર્ચ ૨૦૨૫ સુધી વિશેષ સ્કીમમાં ક્લાસિફાઇડ જાહેરાત નોંધાવો અને

વધારાની એક જાહેરાત મફત મેળવો

તેમજ ઉપરોક્ત મુદત દરમ્યાન બધી જ ક્લાસિફાઇડ ડિસ્પ્લે જાહેરાતો (કલર અથવા B/W) સ્કીમનાં સ્પેશિયલ ભાવ

રૂ. ૧૦૦/- પ્રતિ સ્કે. સે.મી. માં મેળવો

* ક્લાસિફાઇડ અને ક્લાસિફાઇડ ડિસ્પ્લે પર વધારાની મફત જાહેરાતની આ ઓફર લાગુ કરાશે.
* વધારાની મફત જાહેરાત કોઇપણ દિવસે છપાવી શકાશે.
* અન્ય બધા જ ભાવ અને નિયમો યથાવત રહેશે.

૧લી મે, ૨૦૧૩થી અમલમાં
ક્લાસિફાઈડ રેટ કાર્ડ
ડેઈલી અને વીકલી

ખાસ નોંધઃ તમામ જાહેરખબરો નીચે દર્શાવેલ ભાવ અને શરતો પર સ્વીકારાશે

| | | |
|---|---|---|
| ગુજરાતી અને અંગ્રેજીમાં | રૂા. ૧૫૦ મિનિમમ (મિનિમમ ૧૦ શબ્દ) (મેકસીમમ ૧૦૦ શબ્દ) | રૂા. ૧૫.૦૦ શબ્દ દીઠ |
| સંપૂર્ણ બોલ્ડ | રૂા. ૨૦૦ મિનિમમ | રૂા. ૨૦.૦૦ શબ્દ દીઠ |
| સબ હેડિંગ (બોલ્ડ) | (મેકસીમમ ૪ શબ્દ) | રૂા. ૨૦.૦૦ શબ્દ દીઠ |
| ક્લાસિફાઈડ ડિસ્પ્લે B/W | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. ૨૦૦.૦૦ દર સ્કે. સે. મી. |
| ક્લાસિફાઈડ ડિસ્પ્લે Colour | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. ૩૦૦.૦૦ દર સ્કે. સે.મી. |

ક્લાસિક બોનાન્ઝા સ્કીમ ક્લાસિફાઈડ અને ક્લાસિફાઈડ ડિસ્પ્લે માટે
૧લી મે, ૨૦૨૪ થી 30મી એપ્રિલ, ૨૦૨૫ સુધી

સ્કીમ*

| ચુકવણી થયેલ જા.ખ. | સમય મર્યાદા |
|---|---|
| ૪ | ૩૦ દિવસ |
| ૭ | ૪૫ દિવસ |
| ૧૫ | ૭૫ દિવસ |
| ૨૩ | ૯૦ દિવસ |
| ૩૯ | ૧૬૫ દિવસ |
| ૫૭ | ૨૦૦ દિવસ |
| ૮૩ | ૨૩૦ દિવસ |
| ૧૨૨ | ૨૮૦ દિવસ |
| ૧૮૦ | ૩૮૫ દિવસ |
| ૩૭૦ | ૪૭૫ દિવસ |

* શરતો લાગુ


## ટીનમાં સ્ટોકિસ્ટોની લેવાલીએ ₹ ૨૦નું બાઉન્સબૅક

મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં આજે વૈશ્વિક અહેવાલોની ગેરહાજરી અને સપ્તાહના અંતને કારણે અત્યંત પાંખા કામકાજો વચ્ચે ખાસ કરીને વિવિધ ધાતુઓના ભાવમાં મિશ્ર વલણ રહ્યું હતું. જોકે, આજે એકમાત્ર ટીનમાં સ્ટોકિસ્ટોની લેવાલીને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. ૧૪નું બાઉન્સબૅક જોવા મળ્યું હતું, જ્યારે વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે કોપર કેબલ સ્ક્રેપ, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ અને નિકલમાં કિલોદીઠ રૂ. એકથી બેનો સુધારો આવ્યો હતો, જ્યારે નિરસ માગે કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને ઝિન્ક સ્લેબમાં કિલોદીઠ રૂ. એકથી ત્રણનો ઘટાડો આવ્યો હતો અને અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ખાસ કરીને ટીનમાં નીચા મથાળેથી સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૧૪ના બાઉન્સબૅક સાથે રૂ. ૨૫૩૫ના મથાળે રહ્યા હતા.

આ સિવાય અન્ય ધાતુઓ જેમાં વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની લેવાલીને ટેકે ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં નિકલના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને રૂ. ૧૩૨૫, કોપર કેબલ સ્ક્રેપ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને અનુક્રમે રૂ. ૭૭૮ અને રૂ. ૨૪૭ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી અને નિરસ માગે બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ ઘટીને રૂ. ૫૦૫, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને રૂ. ૭૧૮ અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ તથા ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને અનુક્રમે રૂ. ૧૯૨ અને રૂ. ૨૮૩ના મથાળે રહ્યા હતા. આ સિવાયની અન્ય તમામ ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું.

## સ્મોલ ગ્રેડની ખાંડમાં ₹ ૨૦નો ઘટાડો

નવી મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે એકંદરે સ્ટોકિસ્ટોની લેવાલી પાંખી રહી હતી, જ્યારે રિટેલ સ્તરની જળવાઈ રહી હોવા છતાં ખાસ કરીને સ્મોલ ગ્રેડની ખાંડમાં અમુક અંશે નબળી માગ અને અમુક માલની ગુણવત્તા નબળી આવી હોવાથી હાજર ભાવમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૨૦નો ઘટાડો આવ્યો હતો, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં ટકેલું વલણ રહ્યું હતું. જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગ અનુસાર ભાવમાં મિશ્ર વલણ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૫નો સુધારો અને ઉપલા મથાળેથી રૂ. પાંચનો ઘટાડો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ રહ્યો હતો, પરંતુ રિટેલ સ્તરની માગ જળવાઈ રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો.

## ખાદ્યતેલમાં પાંખાં કામકાજો વચ્ચે ટકેલું વલણ

મુંબઈઃ શિકાગો ખાતે સોયાતેલના જાન્યુઆરી અને માર્ચ વાયદામાં ગઈકાલે અનુક્રમે ૫૩ અને ૫૪ સેન્ટનો ઘટાડો આવ્યો હોવાના અહેવાલ છતાં સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે કામકાજો પાંખાં રહેતાં દેશી-આયાતી તેલના ભાવ સાંકડી વધઘટે અથડાઈને ટકેલા રહ્યા હોવાનું બજારનાં સાધનોએ જણાવ્યું હતું.

સૂત્રોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ગોકુલના સોયા રિફાઈન્ડના ૧૦ કિલોદીઠ ભાવ રૂ. ૧૨૧૪ અને ઈમામીના આરબીડી પામોલિન અને રિફાઈન્ડ સોયાબીન તેલના ભાવ અનુક્રમે રૂ. ૧૩૧૦ અને રૂ. ૧૨૨૦ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારનો અભાવ હતો. તેમ જ આજે સેલરિસેલ ધોરણે પણ વેપાર છૂટાછવાયા રહ્યાના અહેવાલ હતા.

આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૩૫૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૩૦, સન રિફાઈન્ડના રૂ. ૧૩૫૦, સિંગતેલના રૂ. ૧૪૭૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૨૪૦ અને સરસવના રૂ. ૧૩૭૦ના મથાળે રહ્યા હતા, જ્યારે આજે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૨૮૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૪૨૫માં ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા. આજે રાજસ્થાનનાં મથકો પર અંદાજે ૭૫,૦૦૦ ગૂણી સરસવની આવક સામે જયપુરની મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૬૨૭૫થી ૬૩૦૦માં થયા હતા, જ્યારે સરસવ એક્સ્પેલરના વેપાર ૧૦ કિલોદીઠ રૂ. ૧૩૦૧માં, કચ્ચી ઘાણીના રૂ. ૧૩૧૨માં અને સરસવ ખોળના વેપાર ક્વિન્ટલે રૂ. ૨૩૨૦થી ૨૩૨૫માં થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.


પશ્ચિમ રેલવે શિયાળામાં બાન્દ્રા ટર્મિનસ ⇌ ભુજ વચ્ચે સુપરફાસ્ટ સ્પેશિયલ ટ્રેનો દોડાવશે

| ટ્રેન નં. | આ સ્ટેશનથી શરૂ થશે અને આ સ્ટેશને પહોંચાડશે | તારીખ | ઉપડવાનો સમય | પહોંચવાનો સમય |
|---|---|---|---|---|
| ૦૯૪૭૧ | બાન્દ્રા ટર્મિનસ - ભુજ | ૨૩/૧૨/૨૦૨૪ અને ૩૦/૧૨/૨૦૨૪ | ૧૨:૪૫ વાગે (સોમવાર) | ૦૩:૩૦ વાગે (બીજે દિવસે) |
| ૦૯૪૭૨ | ભુજ - બાન્દ્રા ટર્મિનસ | ૨૨/૧૨/૨૦૨૪ અને ૨૯/૧૨/૨૦૨૪ | ૧૭:૦૦ વાગે (રવિવાર) | ૦૯:૪૫ વાગે (બીજે દિવસે) |
| અહીં થોભશેઃ- બોરીવલી, વાપી, ઉધના, વડોદરા, અમદાવાદ, હળવદ, સામખિયાળી અને ગાંધીધામ સ્ટેશન (બંને દિશામાં). | | | | |
| કમ્પોઝિશનઃ- ફર્સ્ટ એસી, એસી ટૂ-ટીયર, સ્લિપર કલાસ અને જનરલ સેકન્ડ કલાસ કોચ. | | | | |
| ૦૯૪૭૩ | બાન્દ્રા ટર્મિનસ - ભુજ | ૨૬/૧૨/૨૦૨૪ | ૦૯:૫૫ વાગે (ગુરુવાર) | ૨૩:૩૦ વાગે (એ જ દિવસે) |
| ૦૯૪૭૪ | ભુજ - બાન્દ્રા ટર્મિનસ | ૨૫/૧૨/૨૦૨૪ | ૧૫:૩૦ વાગે (બુધવાર) | ૦૪:૫૫ વાગે (બીજે દિવસે) |
| અહીં થોભશેઃ- બોરીવલી, વાપી, ઉધના, સૂરત, વડોદરા, અમદાવાદ, હળવદ, સામખિયાળી અને આદિપુર સ્ટેશન (બંને દિશામાં). | | | | |
| કમ્પોઝિશનઃ- એસી ટૂ-ટીયર, એસી થ્રી-ટીયર, સ્લિપર કલાસ અને જનરલ સેકન્ડ કલાસ કોચ. | | | | |

ટાઈમિંગ, હૉલ્ટ અને કમ્પોઝિશન અંગેની વિગતવાર માહિતી માટે પ્રવાસીઓ www.enquiry.indianrail.gov.inની મુલાકાત લઈ શકે છે.

ટ્રેન નં. ૦૯૪૭૧, ૦૯૪૭૨, ૦૯૪૭૩ અને ૦૯૪૭૪નું બુકિંગ તમામ PRS કાઉન્ટર અને આઈઆરસીટીસીની વેબસાઈટ પર ખુલી ગયું છે. ઉપર જણાવેલી ટ્રેનો સ્પેશિયલ ટ્રેનો તરીકે દોડાવવામાં આવશે અને તેનું ભાડું પણ વિશેષ હશે.

પશ્ચિમ રેલવે
www.wr.indianrailways.gov.in
અમને અહીં લાઈક કરોઃ facebook.com/WesternRly
અમને અહીં ફોલો કરોઃ X.com/WesternRly

મહેરબાની કરીને તમામ રિઝર્વ ટિકિટ માટે ઓળખપત્રની મૂળ નકલ સાથે રાખો



## આ છે મુંબઈ પોલીસઃ

# ટૂ-વ્હિલર પર ટ્રિપલ સવારી એ પણ હેલ્મેટ વિના

મુંબઈના રસ્તાઓ પર એક યુનિફોર્મધારી પોલીસ કર્મચારી ટૂ-વ્હિલર પર ટ્રિપલ સીટ પર સવારી કરતો જોવા મળ્યો હતો. 'પોલીસ'ના સ્ટીકરવાળી ટૂ-વ્હીલર ચલાવી રહેલા વ્યક્તિએ હેલ્મેટ પણ પહેરી ન હતી.

હેલ્મેટ વિનાના બાઇકર સાથે ટ્રિપલ સીટમાં જઈ રહેલા પોલીસકર્મીનો ફોટો રેડિટ પર પોસ્ટ કરવામાં આવ્યો હતો. પ્રસાદ નામના યુઝરે આ તસવીર સાથે વાહનની નંબર પ્લેટનો ફોટો કેપ્ચર કરી ઓનલાઈન અપલોડ કર્યો હતો, જેમાં પોલીસને ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન કરતી દર્શાવાઇ હતી.

ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન કરનારા વાહનચાલકો માટેના ગુનાઓ અને દંડની યાદી આપતી મહારાષ્ટ્ર સરકારની અધિકૃત વેબસાઇટ અનુસાર, ''ટ્રિપલ રાઇડિંગમાં સામેલ ટૂ-વ્હીલરના ડ્રાઇવરને પ્રથમ ગુના માટે ૧૦૦ રૂપિયા અને બીજા ગુના માટે ૩૦૦ રૂપિયા ચૂકવવાના રહેશે. ઉપરાંત હેલ્મેટ ન પહેરવા બદ્દલ દંડરૂપે પ્રથમ વાર ૧૦૦ રૂપિયા બીજા કે પછીના ગુના માટે ૩૦૦ રૂપિયા ભરવાના રહેશે.'' ■

# ૪૬ કલાક ૨૬ મિનિટના કામકાજ સાથે વિધાનસભાના શિયાળુ સત્રનો અંત

## હવે બજેટસત્ર મુંબઈમાં ત્રીજી માર્ચથી



**હમ સાથ સાથ હૈઃ** મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ, નાયબ મુખ્ય પ્રધાનો એકનાથ શિંદે અને અજિત પવાર તથા વિધાન પરિષદના અધ્યક્ષ રામ શિંદે પૂર્ણાહુતિ સમયે.

નાગપુરઃ મહારાષ્ટ્ર વિધાનસભાનું શિયાળુ સત્ર પૂર્ણ થયું, જેમાં અમિત શાહ દ્વારા બાબાસાહેબ આંબેડકર અંગે કરાયેલી ટિપ્પણી પર થયેલો હોબાળો, બંધારણની પ્રતિકૃતિને અપવિત્ર કરવાને મુદ્દે થયેલી હિંસા અને સરપંચની હત્યા સહિતની મહત્વપૂર્ણ ઘટનાઓનો સમાવેશ થાય છે. વિધાનસભાનું આગામી અધિવેશન ત્રીજી માર્ચથી મુંબઈમાં બજેટ સત્ર તરીકે આયોજિત કરવામાં આવશે.

અધિકારીઓના જણાવ્યાનુસાર વિધાનસભામાં છ દિવસ કામ થયું તેમાં કુલ ૪૬ કલાક ૨૬ મિનિટનું કામ થયું હતું.

મહારાષ્ટ્ર વિધાનસભાએ તેનું શિયાળુ સત્ર શનિવારે ઔપચારિક રીતે સ્થગિત કર્યું હતું. સત્ર દરમિયાન થયેલી નોંધપાત્ર ઘટનાઓમાં કેટલાક વિવાદ ઉભો કરનારી ઘટના હતી, જેમાં કેન્દ્રીય (જુઓ પાનું ૪) ▶▶

## એમવીએમાં તિરાડ?

# ઉદ્ધવ-સેના મુંબઈ પાલિકા ચૂંટણી એકલી લડવા માગે છે

મુંબઈઃ શિવસેના (યુબીટી)ના નેતા સંજય રાઉતે શનિવારે એવો સંકેત આપ્યો હતો કે તેમનો પક્ષ મહા વિકાસ આઘાડીમાંથી બહાર નીકળ્યા વિના બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (બીએમસી)ની ચૂંટણીમાં એકલા લડી શકે છે.

પત્રકારો સાથે વાત કરતા, રાઉતે કહ્યું હતું કે પાર્ટીના કાર્યકરો સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીમાં એકલા ઉતરવાનો આગ્રહ રાખી રહ્યા છે, કારણ કે લોકસભા કે રાજ્ય વિધાનસભાની ચૂંટણી કરતાં વધુ ઈચ્છુક ઉમેદવારો છે.

બીએમસી ચૂંટણી માટે ઉદ્ધવ ઠાકરે અને અન્ય પાર્ટીના નેતાઓ વચ્ચે (એકલા ઊતરવું કે નહીં તે (જુઓ પાનું ૪) ▶▶

## જાન્યુઆરીની ૨૪-૨૫ અને ૨૫-૨૬ની મધરાતે

# સાડાનવ કલાક દાદરથી અંધેરી વચ્ચે ટ્રેનો બંધ

મુંબઈઃ ભારતીય રેલવેના 'સ્ક્રૂ પાયલિંગ' પર બનાવવામાં આવેલા અંતિમ એટલે કે બાન્દ્રાથી માહિમ દરમિયાન મીઠી નદી પર આવેલા પુલને મજબૂત બનાવવાનું કામ પશ્ચિમ રેલવે દ્વારા હાથમાં લેવામાં આવ્યું છે. આ કામને કારણે ૨૪-૨૫ અને ૨૫-૨૬ જાન્યુઆરીએ સાડાનઉ કલાકનો મધરાતનો બ્લોક રેલવે પ્રશાસન દ્વારા હાથ ધરવામાં આવશે. બ્લોક દરમિયાન દાદરથી અંધેરી દરમિયાન સ્લો અને ફાસ્ટ લાઇન પર લોકલ સેવા બંધ રહેશે.

બ્રિટિશકાળમાં નદી પર પુલ બનાવતી વખતે થાંભલાઓમાં કાર્બર-લોખંડનું મિશ્રણ મોટા પ્રમાણમાં વાપરવામાં આવતું હતું. આ પદ્ધતિને 'સ્ક્રૂ પાયલિંગ' કહેવામાં આવે છે. ૧૮૮૮માં મીઠી નદી પર પુલ બનાવવામાં આવ્યો હતો. તેના પુલ પર કુલ આઠ સ્ક્રૂ પાયલિંગ ઊભા છે. પાયલિંગમાં એક સ્ક્રૂની પહોળાઇ ૫૦ મિ.મી. અને વ્યાસ અંદાજે બે ફૂટ છે. પાંટાની નીચેના ગર્ડરને આધાર આપનારા સ્ક્રૂ નદીની અંદર ૧૮થી વીસ મીટર ઊંડાણમાં લગાવવામાં આવ્યા છે. એક સ્ક્રૂનું વજન આઠથી ૧૦ ટન જેટલું છે. કોરોનાકાળમાં કેટલાક પાયાને મજબૂત કરવામાં આવ્યા હતા. ફક્ત એક સ્ક્રૂ પાયલિંગ નદીમાં ધસી રહ્યો હોવાનું જણાયા બાદ તે દૂર (જુઓ પાનું ૪) ▶▶



**દોજખઃ** વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવેના ટ્રાફિકની સોશિયલ મીડિયા પર મુકાયેલી તસવીર.

# વેસ્ટર્ન એરપોર્ટ હાઈવે બન્યો નરક

## કલાકો સુધી જોગેશ્વરીથી સાંતાક્રુઝ વચ્ચે ભયંકર ટ્રાફિક જૅમ સર્જાયોઃ કલાકો વાહનો તસુભર આગળ ન ખસ્યાઃ ફ્લાઈટ ચૂકી ન જવાય એ માટે માથે સામાન મૂકીને પ્રવાસીઓને એરપોર્ટ તરફ જવાની ફરજ પડી

મુંબઈઃ વેસ્ટર્ન એક્સપ્રેસ હાઇવે પર શનિવારે મોડી સાંજે ભયંકર ટ્રાફિક જૅમ સર્જાયો હતો. ટ્રાફિક જૅમને કારણે વાહનચાલકો અને ખાસ કરીને એરપોર્ટ ફ્લાઇટ પકડવા માટે જઈ રહેલા લોકો ખરાબ રીતે ફસાઈ ગયા હતા. આમાંના કેટલાક તો ફ્લાઇટ ચૂકી ન જવાય એ ડરે રસ્તા પર ભારેખમ બેગ લઈને એરપોર્ટ તરફ ચાલતા જતા જોવાયા હતા. મુંબઈ ભાજપના નેતા અને હવે મહારાષ્ટ્રમાં પ્રધાન બનેલા આશિષ શેલાર નાગપુરથી મોડી સાંજે મુંબઈ એરપોર્ટ આવ્યા હતા અને તેમનું સ્વાગત કરવા માટે મોટી સંખ્યામાં તેમના ટેકેદારો એરપોર્ટ પરના રસ્તા પર જોઈ શકાતા હતા. મુંબઈ પોલીસના ટ્રાફિક કન્ટ્રોલરૂમે શેલાર આવ્યા હોવાની વાતને સમર્થન આપ્યું હતું પણ તેમના ટેકેદારોને લીધે ટ્રાફિક જૅમ થયો હોવાની વાતનો ફોડ નહોતો પાડ્યો. મુંબઈગરાને ઘણી હાલાકી ભોગવવી પડી હતી. જોગેશ્વરીથી સાંતાક્રુઝ દરમિયાન વાહનોની (જુઓ પાનું ૪) ▶▶

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in **CANADA, UK, USA & WORLD WIDE** including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with **SPECIAL rates.**
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"


## રાજકોટમાં પૂ. શ્રી ધીરગુરુદેવનો મંગલ પ્રવેશ કાર્યક્રમ
### તા. ૨૫-૧૨-૨૦૨૪, બુધવાર, સવારે : ૮-૦૦ થી ૯-૦૦ કલાકે

ગોંડલ સંપ્રદાયના પરમશ્રદ્ધેય પૂ. શ્રી ધીરગુરુદેવ તથા સાધ્વીજી પૂ. નયનાજી મ.સ. ઠાણા-3નું મંગલ આગમન કાર્યક્રમ
તા. ૨૫-૧૨-૨૦૨૪ બુધવાર, સવારે : ૭-૩૦ કલાકે
રૂપાબેન માંડણભાઈ કરણાભાઈ માલધારીના નિવાસેથી વિહાર સ્વાગત યાત્રા
સવારે : ૮-૦૦ થી ૯-૦૦ કલાકે : સ્વાગત સમારોહ
અને પૂ. બંસરીજી મહાસતીજીની ૭૬મી વર્ધમાન આયંબિલ તપ ઓળીના પારણા
'ડુંગર દરબાર', રાજપથ બિલ્ડિંગ, પંચવટી સોસાયટી મેઈન રોડ
સમારોહ પ્રમુખ : શ્રી મહેશભાઈ વાઘર - અમેરીકા
નવકારશીના લાભાર્થી : શ્રી જીતુભાઈ બેનાણી પરિવાર

અમદાવાદમાં ૨૧ કરોડના ખર્ચે નિર્માણાધિન કાઠિયાવાડ ભવનમાં પૂ. શ્રી ધીરગુરુદેવની પધરામણી : ઉદ્‌ઘાટન અને ચાતુર્માસ પ્રવેશ ૨૨ જૂન, ૨૦૨૫



શાસન પ્રગતિ - નિર્માણ અંક લોકાર્પણવિધિમાં ડાબેથી કાંતિભાઈ કપાસી, નિલેશ પાટડીવાળા, પ્રફુલ તલસાણીયા, નટુભાઈ સંઘવી, દિનેશ ખેતાણી, પ્રદિપ જોઈસર, રશ્મિન સંઘવી.




શ્રી કાઠિયાવાડ સ્થા. જૈન સંઘ - બોપલ, અ'વાદ પ્રેરિત લાભુબેન હિંમતલાલ કપાસી ધર્મસંકુલ અને વીણાબેન ભૂપતલાલ ખેતાણી હ. મનીષા દિનેશ ખેતાણી - ધર્મનાથ ઉપાશ્રયના આંગણે તા. ૧૯-૧૨-૨૦૨૪ના પૂ. શ્રી ધીરગુરુદેવની પધરામણી, પ્રવચન યોજાયેલ. સાતાકારી પાટનો દાતાઓએ લાભ લીધેલ.

પૂ. શ્રી ધીરગુરુદેવની નિશ્રામાં તા. ૨૨-૦૬-૨૫ને રવિવારે, ૨૧ કરોડના ખર્ચે નવનિર્મિત ધર્મસંકુલની ઉદ્‌ઘાટન વિધિ એવં ચાતુર્માસ પ્રવેશ સમારોહ.

તા. ૦૨-૦૨-૨૫ના કુમુદબેન ન્યાલચંદ વોરા - મેડીકલ સેન્ટરની દ્વારોદ્‌ઘાટન વિધિ.






All variants showcased are top models. Actual performance figures may differ in conditions other than test conditions. Vehicle body colour may differ due to the printing process. Images used in this ad are for representation purposes only. In view of our policy of continuously improving our products, we reserve the right to alter specifications, features and designs without prior notice and without liability. All variants are subject to availability. Please check details with your nearest MG dealer for the latest information. Accessories and features shown in the pictures may not be a part of standard equipment and will differ according to the variant. Available in select cities.**All prices are ex-showroom India. *Ex-showroom price India for base variant under BaaS unique ownership programme. For other disclaimers, visit the website - https://www.mgmotor.co.in/vehicles/windsor-ev-electric-car-in-india/terms-and-condition. ^T&C apply on all benefits and offers.

LANDMARK MG MUMBAI
45,46,46A, Runwal Green, Mulund-Goregaon Link Road, Mulund (W), Mumbai- 400078 91523 91524
SCAN TO GET DIRECTIONS


"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Weekly) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1689/1957.** ''મુંબઈ સમાચાર સાપ્તાહિક'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨, દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર) ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1689/1957.**